BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. અર્થશાસ્ત્ર**

**પેપર ૩ (મુખ્ય તથા ગૌણ)**

**ECOM 203/ ECOS 203**

**ECONMJ/MN 201**

**એકમલક્ષી અર્થશાસ્ત્ર**



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકાર શ્રી એ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વ વિદ્યાલય ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે.બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું પ્રદાન આપેએ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટી એ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વ અધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણપહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !

પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય

કુલપતિ

ડૉ.બાબાસાહેબઆંબેડકરઓપનયુનિવર્સિટી,

જ્યોતિર્મયપરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે

છારોડી, અમદાવાદ.

સંપાદકઃ

પ્રો. ડો. અમી ઉપાધ્યાય, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ

જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

વિષય સમિતિઃ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.

ડો. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

---

વિષય પરામર્શનઃ

ડૉ. હસમુખ દેસાઈ, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ડૉ. જી. ડી. ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી. એન આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી.

ડો.રોહિત દેસાઇ, ડી.ડી.ઠાકર આર્ટસ એન્ડ કે.જે.પટેલ કોમર્સ કોલેજ,ખેડબ્રહ્મા

ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.

ડૉ. કલ્પના સતીજા, એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, કે. એસ. કે. વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ

ડૉ. સંગીતા ઘાટે, પ્રિન્સિપાલ ઉમિયા આર્ટસ કોલેજ, સોલા, અમદાવાદ

ડૉ. મંજુલા લક્ષ્મણ, એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

---

લેખનઃ

રીના નાથાણી, આસિસ્ટન્ટ પ્રોફેસર, TMSD મહિલા કોલેજ, આદિપુર, કચ્છ

ડૉ. હરેશ મહેતા, શ્રીમતી પી. એન. આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાલીતાણા

ડૉ. સુરેશ પરડવા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

શ્રી જીવરાજ ઝાંપડીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડો. રાજુ ટાંચક, શ્રીમતી જે જે કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, રાજકોટ.

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. અમિતા આચાર્ય, મહેમદાબાદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મહેમદાબાદ, જી. ખેડા.

ડૉ. મમતા આચાર્ય, ડી. સી. એ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વિરમગામ.

ડૉ. શૈલેષ ચાવડા, શ્રી કે. એચ. માધવાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર

ડૉ. હિરેન રાવલ, એસ. ડી. આર. એચ. સાયન્સ એન્ડ શ્રીમતી જે. એમ. કુંડલિયા મહિલા આર્ટસ કોલેજ, રાજકોટ

---

ભાષા પરામર્શનઃ

ડો. લીના બેન સ્વાદિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર

ડૉ. જાગૃતિ મહેતા, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનીવર્સિટી, અમદાવાદ

ડૉ. અજય રાવલ, એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, શ્રી ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સોલા, અમદાવાદ

ડો.જીતેન્દ્ર મેકવાન, આસિસ્ટન્ટ પ્રોફેસર, મહેમદાવાદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

ડો.ધ્વનિલ પારેખ,મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા

---

પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કુલસચિવ (કાર્યકારી), ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

---

આવૃત્તિઃ પ્રથમ 2022

---

**ISBN: 978-93-92139-07-9**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# SYBA paper 3

## (મુખ્ય અને પ્રથમ ગૌણ)

## સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર ECONMJ/MN-201

| ક્રમ | એકમ શીર્ષક | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1 | એકમલક્ષી અર્થશાસ્ત્રનો પરિચય | અર્થ, કાર્યક્ષેત્ર, એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ, સ્વરૂપ, ઘટકો, મર્યાદાઓ, એકમલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્વ |
| 2 | ઉપભોક્તાનું વર્તન | તટસ્થરેખા વિશ્લેષણ |
| 3 | માંગની સ્થિતિસ્થાપકતા | માંગની સ્થિતિસ્થાપકતા (આવક, કિંમત, પ્રતિમુલ્યસાપેક્ષતા ) ગ્રાહકનો અધિકસંતોષ |
| 4 | ખર્ચ રેખાઓ તથા પુરવઠાનો નિયમ | ખર્ચનો સિદ્ધાંત, ખર્ચના પ્રકારો (અન્ય ખર્ચાઓ), ટૂંકા અને લાંબા ગાળાની ખર્ચ રેખાઓ, પુરવઠાનો નિયમ, પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા, સારાંશ, ચાવીરૂપ શબ્દો. |
| 5 | ઉત્પાદન અને ખર્ચના સિદ્ધાંતો | ઉત્પાદન વિધેય, સમખર્ચ રેખા, સમઉત્પાદનરેખા, સાધન અવેજીનો નિયમ |
| 6 | સાધન પરિમાણમાં ફેરફાર | કદવિકાસનાનો અર્થ, (Law of variable proportion), કદમાપની અસરો. |
| 7 | પેઢીની સમતુલા અને કિંમત નિર્ધારણ- I પૂર્ણ હરીફાઈ | પૂર્ણ હરીફાઈમાં પેઢીની સમતુલા અને કિંમત નિર્ધારણ |
| 8 | પેઢીની સમતુલા અને કિંમત નિર્ધારણ- II ઈજારો | ઈજારાનો અર્થ, લક્ષણો, પેઢીની સમતુલા અને કિંમત નિર્ધારણ કિંમત ભેદભાવનો અર્થ, લક્ષણો, પ્રકારો, પેઢીની સમતુલા કિંમત ભેદભાવ અને સામાજિક કલ્યાણ |
| 9 | પેઢીની સમતુલા અને કિંમત નિર્ધારણ- II | ઈજારાયુક્ત હરીફાઈનો અર્થ, લક્ષણો અને પેઢીની સમતુલા |
| 10 | પેઢીની સમતુલા અને કિંમત નિર્ધારણ- અલ્પ હસ્તક ઈજારો | અલ્પ હસ્તક ઈજારાનો અર્થ, લક્ષણો અને પેઢીનું ખાંચાવાળું માંગ વક્ર |
| 11 | સાધન કિંમતો –વેતન- I | વેતનનો અર્થ અને વહેંચણીનો સીમાંત ઉત્પદ્ક્તાનો નિયમ |
| 12 | સાધન કિંમતો –વેતન-II | વેતનનો અર્થ, નાણાંકીય વેતન અને વાસ્તવિક વેતન વચ્ચેનો તફાવત, મજૂર મંડળો અને વેતન નિર્ધારણ, સામુહિક સોદાશક્તિ |
| 13 | સાધન કિંમતો-વ્યાજ-I | વ્યાજનો અર્થ, કાચુ વ્યાજ અને ચોખ્ખું વ્યાજ ,ધિરાણ ભડોળનો સિદ્ધાંત, |
| 14 | સાધન કિંમતો-વ્યાજ-II | કેઈન્સનો રોકડ-પંસદગીનો સિદ્ધાંત, |
| 15 | સાધન કિંમતો-ભાડું | ભાડાનો અર્થ, ભાડુ ઉદભવાના કારણો, આભાસી ભાડું, તફાવતી ભાડું. |
| 16 | નફો | નફાનો અર્થ, કુલ નફો અને ચોખ્ખો નફો, નફો- Innovation, જોખમ, અનિશ્ચિતતા |
| 17 | કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર | કલ્યાણનો ખ્યાલ, કલ્યાણનો પ્રશિષ્ટ ખ્યાલ (classical welfare economics) (પીગુ), સામાજિક વળતરની કસોટી |

# SYBA paper 3
# (Main and Subsidiary)
# Micro economics ECONMJ/MN-201

| Srl No. | Title of the Unit | Included points |
|---|---|---|
| 1 | Introduction to Microeconomics | Meaning, Scope, Relation and Difference between Micro and Macro Economics, nature, components, limitations andimportance of microeconomics. |
| 2 | Consumer behaviour | Indifference curve analysis |
| 3 | Elasticity of Demand | Elasticity of Demand (Income, Demand, Cross elasticity of demand,) Consumer surplus |
| 4 | Cost Curves and Law of Supply | Types and theory of cost, short term, long run cost curves, Law of Supply, Price elasticity of supply. |
| 5 | Production and cost theories | Production function, Iso-cost curve, Isoquant curves, Law of factor substitution. |
| 6 | Variability in factor proportion | Meaning and effects of economies of scale, Law of variable proportion |
| 7 | Equilibrium of a firm and price determination –perfect competition | Perfect competition, meaning, features, equilibrium of firm and industry, price determination. |
| 8 | Equilibrium of a firm and price determination –Monopoly | Monopoly- meaning, features, equilibrium, price determination, price discrimination and social welfare |
| 9 | Equilibrium of a firm and price determination –Monopolistic competition | Monopolistic competition, meaning, features, equilibrium |
| 10 | Equilibrium of a firm and price determination –Oligopoly | Oligopoly- meaning, features, equilibrium kinked demand curve |
| 11 | Factor price- Wage- 1 | Wage- meaning, theory of marginal productivity |
| 12 | Factor price- Wage- 2 | Monetary and real wage, labour unions, collective bargaining power in wage determination |
| 13 | Factor price- Interest- 1 | Interest- Meaning, Gross and net interest, loanable fund theory |
| 14 | Factor price- Interest- 2 | Liquidity preference theory of Keynes |
| 15 | Factor Price- Rent | Rent- Meaning, causes of rent, Quasi rent, differential rent |
| 16 | Profit | Profit- meaning, Gross and Net profit, Innovation, Risk, Uncertainty theory of Profit |
| 17 | Welfare Economics | Meaning of Welfare, Classical concept of welfare, compensation theory for social welfare |

# વિભાગ

# 1

# એકમલક્ષી અર્થશાસ્ત્ર અને ઉપભોક્તાનું વર્તન


| | |
|---|---|
| એકમ-1 એકમલક્ષી અર્થશાસ્ત્રનો પરિચય | 7 |
| એકમ-2 ઉપભોક્તાનું વર્તન | 19 |
| એકમ-3 માંગની સ્થિતિસ્થાપકતા | 47 |

એકમ 1

# એકમલક્ષી અર્થશાસ્ત્રનો પરિચય

## રૂપરેખા

1.0 ઉદ્દેશ્યો
1.1 પ્રસ્તાવના
1.2 એકમલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ
1.3 એકમલક્ષી અર્થશાસ્ત્રનુ સ્વરૂપ અને કાર્યક્ષેત્ર તથા ઘટકો
1.4 એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચે સંબધ
1.5 એકમલક્ષી અર્થશાસ્ત્રનુ મહત્વ
1.6 એકમલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદા
1.7 સારાંશ
★ ચાવીરૂપ શબ્દો
★ તમારી પ્રગતિ ચકાસો
★ તમારી પ્રગતિ ચકાસોના ઉતરો (જવાબો)
★ સંદર્ભ

## 1.0 ઉદ્દેશ્યો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- એકમલક્ષી અર્થશાસ્ત્ર વિશેનો પ્રારંભિક પરિચય મેળવી શકશો.
- એકમલક્ષી અર્થશાસ્ત્રનુ સ્વરૂપ, કાર્યક્ષેત્ર તેમજ તેના ઘટકો વિશે માહિતી મેળવી શકશો.
- એકમલક્ષી અને સમગ્રલક્ષી વચ્ચેનો સંબધ સમજાવી શકશો.
- એકમલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસના મહત્વ વિશે પરિચય આપી શકશો.
- એકમલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદા વિશે જાણકારી મેળવશો.

## 1.1 પ્રસ્તાવના :

અર્થશાસ્ત્રના વિશ્લેષણાત્મક અભ્યાસ માટે સમયની દ્રષ્ટિએ જેમ સ્થિર અને ગતિશીલ અર્થશાસ્ત્રની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે, તેમ કોઈપણ આર્થિક ઘટકોનો વ્યક્તિગત રીતે અભ્યાસ કરવાની તથા બધા જ આર્થિક ઘટકોનો સમગ્રલક્ષી અભ્યાસ કરવાની પદ્ધતિ વિકસાવી છે. આ પદ્ધાતિના નામ નીચે મુજબ છે.

(1) એકમલક્ષી વિશ્લેષણ (એકમલક્ષી અર્થશાસ્ત્ર)

(2) સમગ્રલક્ષી વિશ્લેષણ (સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર) કહેવામાં આવે છે.

Micro (એકમલક્ષી) અને Macro (સમગ્રલક્ષી) બન્ને અંગ્રેજી શબ્દો મૂળભૂત રીતે ગ્રીક ભાષાના અનુક્રમે (Mikros) (નાનું) અને Makros (મોટુ) એ બંને શબ્દ પરથી લેવામાં આવ્યા છે. Micro Economics માં નાની બાબતોનુ વિશ્લેષણ કરવામાં આવે છે જ્યારે Macro Economics માં સમગ્ર અર્થવ્યવસ્થાનુ વિશ્લેષણ કરવામાં આવે છે.

આ બંને શબ્દોનો અર્થશાસ્ત્રમાં ઉપયોગ રેગ્નાર ફ્રિસ્ક અને ફિશરે કર્યો હતો, ત્યારબાદ વિશ્વભરના અર્થશાસ્ત્રીઓ તેનો પ્રયોગ કરી રહ્યા છે. એકમ અને સમગ્રનો પ્રયોગ શરૂ થયો તે પૂર્વે કિંમત અને આવકનું વિશ્લેષણ કરવાની પરંપરા ચાલી આવતી હતી ત્યારબાદ તે કિંમત વિશ્લેષણ (Price Analysis) અને આવક વિશ્લેષણ (Income Analysis) ક્રમશઃ એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની પદ્ધતિ બની ગઈ.

## 1.2 એકમલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ :

એકમલક્ષી અર્થશાસ્ત્રમાં અર્થવ્યવસ્થાના કોઈપણ આર્થિક ઘટકના એકમની આર્થિક વર્તણૂકનો અભ્યાસ કરવામાં આવે છે તેને વૈયક્તિક અર્થશાસ્ત્ર અને વ્યક્તિલક્ષી અર્થશાસ્ત્ર પણ કહેવામાં આવે છે.

જ્યારે અર્થકારણમાં થતી વિવિધ આર્થિક પ્રવૃતિઓના અર્થશાસ્ત્રીય અભ્યાસ માટે નાનામાં નાનુ એકમ પસંદ કરીને વિષયલક્ષી વિશ્લેષણ કરવામાં આવે છે, ત્યારે આવી વિષ્લેષણાત્મક પદ્ધતિને એકમલક્ષી વિષ્લેષણ પદ્ધતિકહેવામાં આવે છે.

એકમલક્ષી અર્થશાસ્ત્રની વ્યાખ્યાઓ :

''એકમલક્ષી અર્થશાસ્ત્ર સંપૂર્ણપણે વ્યક્તિગત વ્યાખ્યા પર આધારિત છે અને તેનો સંબધ આંતર વૈયક્તિક સંબધો સાથે પણ છે.''

**પ્રો. ચેમ્બરલીન**

''એકમલક્ષી અર્થશાસ્ત્રનો સંબધ વ્યક્તિગત નિર્ણાયક એકમો સાથે હોય છે.''

**પ્રો. વિલિયમ હેલનર**

''એકમલક્ષીઅર્થશાસ્ત્રમાં અર્થશાસ્ત્રને માઈક્રોસ્કોપની મદદથી જોવામાં આવે છે. જેથી ખ્યાલ આવે છે કે આર્થિક તેજીના લાખો કોષ વ્યક્તિ તથા કુંટુબ, ઉપભોક્તાના રૂપમાં તેમજ વ્યક્તિ તથા પેઢીઓ ઉત્પાદકોના રૂપમાં સંપૂર્ણ અર્થતંત્રના કાર્ય સંચાલનમાં પોતાનું યોગદાન કઈ રીતે આપે છે.'' **પ્રો. લર્નર**

## 1.3 એકમલક્ષી અર્થશાસ્ત્રનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર તથા ઘટકો :


દરેક શાસ્ત્રના, વિષયના કાર્યક્ષેત્રની નિશ્ચિત મર્યાદા હોય છે. તે અનુસાર તેની અંદર સમાવિષ્ટ થતા વિષયો કે બાબતોનું એક વર્તુળ બાંધી દેવામાં આવે છે. આમ, આ એકમલક્ષી અર્થશાસ્ત્રમાં જે જે વિષયોનો અભ્યાસ કરવામાં આવે છે તે બાબતોને એકમલક્ષી અર્થશાસ્તનુ કાર્યક્ષેત્ર કહેવામાં આવે છે.

એકલે નામના અર્થશાસ્ત્રી તેના કાર્યક્ષેત્ર પર પ્રકાશ ફેંકતા જણાવે છે કે, ''કિંમત અને મૂલ્યના સિદ્ધાંત, પેઢી તેમજ ઉદ્યોગના સિદ્ધાંત, મહત્તમ ઉત્પાદન અને કલ્યાણ

સિદ્ધાંત એકમલક્ષી અર્થશાસ્ત્રના અધ્યયનની વિવિધ સામગ્રી છે.'' જેને આપણે એકમલક્ષી અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્ર તરીકે ઓળખીએ છીએ.

હવે આપણે તેના કાર્યક્ષેત્રને વધુ સ્પષ્ટ રીતે સમજવા માટે ચાર્ટ નો ઉપયોગ કરીશું.

એકમલક્ષી અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતી વિવિધ બાબતોનું વર્ગીકરણ.




(I) **સાધનોની વહેંચણીની સમસ્યા :**

અર્થશાસ્ત્ર એ અછતનું શાસ્ત્ર છે. અર્થાત્ માનવીની જરૂરિયાતો અગણિત છે જ્યારે તેને સંતોષવા માટેના સાધનો અત્યંત મર્યાદિત છે. તેથી અગણિત જરૂરિયાતોમાંથી અગ્રતાક્રમ આવે તો મહત્તમ લાભ પ્રાપ્ત થઈ શકે તે આર્થિક જગતની એક સમસ્યા છે.

એકમલક્ષી અર્થશાસ્ત્ર ઉત્પાદનના મર્યાદિત સાધનોની વિવિધ વસ્તુઓના ઉત્પાદન વચ્ચે કઈ રીતે ફાળવણી કરવી તેની સમસ્યાનો અભ્યાસ કરનારું શાસ્ત્ર છે. સાધનોની ફાળવણી દ્વારા જ એ નક્કી થાય છે કે કઈ વસ્તુનું ઉત્પાદન કરવું? કેવી રીતે ઉત્પાદન કરવું ? કેટલુ ઉત્પાદન કરવું ? કોઈ એક મુક્ત બજાર અર્થતંત્રમાં વિવિધ ઉત્પાદનના સાધનોની ફાળવણી જુદી-જુદી વસ્તુઓ અને ઉત્પાદનના સાધનોની કિંમત પર આધાર રાખે છે.

**(i)** વસ્તુ કિંમત નિર્ધારણ સિદ્ધાંત(Theory of Product Pricing) અને (ii) સાધન કિંમત નિર્ધારણ(Theory of Factor Pricing)આ બંને ના અર્થઘટન અને તપાસ એકમલક્ષી અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં થાય છે. હવે બંનેના અર્થઘટનને તપાસીએ.

(i) **વસ્તુ કિંમત નિર્ધારણ સિદ્ધાંત :**

વસ્તુ કિંમત નિર્ધારણના સિદ્ધાંત દ્વારા આપણને ખબર પડે છે કે ચોખા, ચા, ખાંડ, દૂધ, ઘી, ટી.વી., ફ્રિઝ અને મોટરકાર જેવી અન્ય હજારો વસ્તુઓની સાપેક્ષ કિંમતો કેવી રીતે નક્કી થાય છે. આ વસ્તુ કિંમત નિર્ધારણ સિદ્ધાંતમાં (i) વસ્તુની માંગનો સિદ્ધાંત અને (ii) ઉત્પાદન ખર્ચના સિદ્ધાંતનો સમાવેશ થાય છે કારણ કે વસ્તુની કિંમત નક્કી કરવામાં માંગનો સિદ્ધાંત અને ઉત્પાદન ખર્ચ (પુરવઠા) નો સિદ્ધાંત નિર્ણાયક ભાગ ભજવે છે.

(ii) **સાધન કિંમત નિર્ધારણ સિદ્ધાંત :**

તેને વહેંચણીનો સિદ્ધાંત પણ કહે છે, તેના દ્વારા આપણને ખબર પડે છે કે જમીન, શ્રમ, મૂડી અને નિયોજકની કિંમત કેવી રીતે નક્કી થાય છે. આ માટે જમીનને મળતું વળતર એટલે કે ભાડુ કઈ રીતે નક્કી થાય છે, તે ભાડાનો સિદ્ધાંત સમજાવે છે. શ્રમને મળતું વળતર (કિંમત) વેતન કઈ રીતે નક્કી થાય છે, તે વેતનનો સિદ્ધાંત સમજાવે છે. મૂડીને મળતુ વળતર વ્યાજ કેવી રીતે નક્કી થાય છે તે વેતનનો સિદ્ધાંત સમજાવે છે અને નિયોજકને મળતો નફો કેવી રીતે નક્કી થાય છે તે નફાનો સિદ્ધાંત સમજાવે છે. આમ કિંમત નિર્ધારણ સિદ્ધાંતમાં (1) ભાડુ (2) વેતન (3) વ્યાજ (4) નફાનો અભ્યાસ કરવામાં આવે છે.

વસ્તુની કિંમત વસ્તુની માંગ અને પુરવઠાની શક્તિ પર આધાર રાખે છે અને માંગ કેટલી હશે તેનો આધાર લોકોના જીવનધોરણ અંગેની વર્તણૂકના ઢાંચા પર આધારિત છે. વસ્તુનો પુરવઠો કેટલો હશે તેનો આધાર ઉત્પાદન ખર્ચની દિશા તથા પેઢીઓ તથા ઉદ્યોગ સાહસિકના વર્તણૂકના ઢાંચા પર આધારિત છે. આમ માંગ અને પુરવઠાના સિદ્ધાંત એ કિંમત સિદ્ધાંતના બે પેટા વિભાગ છે.

(ii) **સાધનોની વહેંચણીની કાર્યક્ષમતા :**

સાધનોની ફાળવણીમાં કાર્યક્ષમતા ત્યારે પ્રાપ્ત થઈ શકે છે કે, જ્યારે જુદા-જુદા સાધનોની ફાળવણી એ રીતે કરવામાં આવી હોય કે જેથી વ્યક્તિને મહત્તમ સંતોષ પ્રાપ્ત થતો હોય છે. આ આર્થિક કાર્યક્ષમતામાં નીચેની ત્રણ કાર્યક્ષમતાનો સમાવેશ થાય છે.

(i) ઉત્પાદન કાર્યક્ષમતા

(ii) ઉપભોક્તા કાર્યક્ષમતા

(iii) ફાળવણી વિષયક કાર્યક્ષમતા

(i) ઉત્પાદન કાર્યક્ષમતા :

ઉત્પાદન કાર્યક્ષમતા એટલે નિશ્ચિત સાધનો વડે વિવિધ વસ્તુઓનું મહત્તમ ઉત્પાદન કરવામાં આવે તે. જ્યારે આ પ્રકારની ઉત્પાદન કાર્યક્ષમતાને પ્રાપ્ત કરી લેવામાં આવે છે, ત્યારે નિશ્ચિત સાધનોની વિવિધ વસ્તુઓ અને સેવાઓમાં પુનઃફાળવણી કરીને, બીજી કોઈ વસ્તુના ઉત્પાદનમાં ઘટાડો કર્યા વિના, બીજી અન્ય વસ્તુના ઉત્પાદનમાં વધારો કરવાનું શક્ય બનતુ નથી. આમ ઉત્પાદન કાર્યક્ષમતા નિયોજકની મહત્તમ ઉત્પાદન કરવાની કાર્યક્ષમતા બતાવે છે.

(ii) ઉપભોક્તા કાર્યક્ષમતા :

બધા જ ઉપભોક્તાઓમાં વસ્તુ અને સેવાઓની વહેંચણી એ રીતે કરવામાં આવે કે કુલ કલ્યાણ અથવા કુલ તૃષ્ટિકરણ મહત્તમ પ્રાપ્ત થઈ રહે તે. આ સ્થિતિ પ્રાપ્ત કરી લીધા પછી વસ્તુ અને સેવાના પુનઃ વિતરણ દ્વારા કેટલીક વ્યક્તિઓના સંતોષમાં ઘટાડો કર્યા વિના અન્ય વ્યક્તિઓના સંતોષમાં વધારો કરી શકાતો નથી.

(iii) ફાળવણી વિષયક કાર્યક્ષમતા :

તેને ઉત્પાદનના અનુકૂલન નિર્દેશન તરીકે પણ ઓળખવામાં આવે છે. આનો અર્થ એ થયો કે વસ્તુઓનું ઉત્પાદન કરવું અને એટલા પ્રમાણમાં કરવુ કે જે સમાજના

લોકોની ઈચ્છાઓને અનુરૂપ હોય. એટલે કે ફાળવણી એ રીતે થવી જોઈએ કે જેથી વ્યક્તિઓને મહત્તમ સંતોષ પ્રાપ્ત થઈ શકે.

(iii) આર્થિક કલ્યાણનો સિદ્ધાંત :

એકમલક્ષી અર્થશાસ્ત્રનું એક વિષયવસ્તુ આર્થિક કલ્યાણનો સિદ્ધાંત છે. કારણ કે તેમાં આર્થિક કલ્યાણનું પણ અધ્યયન કરવામાં આવે છે. સંભવ છે કે ઉપભોગ અને ઉત્પાદન ક્ષેત્રે કાર્યક્ષમતા પ્રાપ્ત થઈ ગઈ હોય તો પણ તે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન અને વિતરણ ન કરવામાં આવતું હોય કે જેની ઈચ્છા વ્યક્તિઓ રાખી રહી હોય તો તેને ફાળવણી વિષયક કાર્યક્ષતમતા ન કહી શકાય. આના પરથી એ હકીકત ફલિત થાય છે કે જ્યારે કાર્યક્ષમતા યુક્ત ફાળવણી કરવામાં આવે છે ત્યારે વ્યક્તિઓને મહત્તમ સંતોષ પ્રાપ્ત થતો હોય છે. એકવાર આ સ્થિતિને પ્રાપ્ત કરી લેવામાં આવે પછી જો સાધનોની પુનઃ ફાળવણી કરવામાં આવે અને કેટલીક વસ્તુઓ ઓછી અથવા વધુ ઉત્પાદન કરવામાં આવે તો તેનાથી સંતોષ તથા કાર્યક્ષમતા એ બંનેમાં ઘટાડો થાય છે. આમ એકમલક્ષી અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં સમ્રગ સમાજનો પણ વિચાર કરવામાં આવે છે. આ અંગે નો ખ્યાલ સૌ પ્રથમ અમેરિકન અર્થશાસ્ત્રી, એ. પી. લર્નરે રજૂ કરેલ છે તે કહે છે કે “એકમલક્ષી અર્થશાસ્ત્રમાં આપણે એ બિનકાર્યક્ષમતા અથવા દુર્વ્યયથી બચવાની બાબતોનો અભ્યાસ કરીએ છીએ કે જે ઉત્પાદનની મહત્તમ કાર્યપદ્ધતિ સાથે સુસંગત ન થવાને કારણે ઉત્પન્ન થાય છે.”

સામાન્ય રીતે એકમલક્ષી અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્ર વિશે એક એવી ગેરસમજ પ્રવર્તે છે કે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સંપૂર્ણ અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરવામાં આવે છે અને એકમલક્ષી અર્થશાસ્ત્રનો સંપૂર્ણ અર્થવ્યવસ્થા સાથે કોઈ સંબધ જ નથી. પરંતુ હકીકતમાં એકમલક્ષી અર્થશાસ્ત્રનો પણ સમગ્ર અર્થવ્યવસ્થા સાથે સંબધ છે. તેમાં સમાજના ઉત્પાદનના સાધનોની ફાળવણી અને તેની કાર્યક્ષમતા સાથે સંબધિત સમસ્યાઓનું અધ્યયન કરવામાં આવે છે. આમ એકમલક્ષી અને સમગ્રલક્ષી બંને સંપૂર્ણ અર્થવ્યવસ્થાનુ અધ્યયન કરે છે.

## 1.4 એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સબંધ :

એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું પરસ્પરાવલંબન

આપણે એકમલક્ષી તથા સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ તેની વ્યવહારમાં ઉપયોગિતા અને મર્યાદા જોઈએ છે આ સમગ્ર ચર્ચા પરથી ફલિત થાય છે કે બન્ને વિશ્લેષણ પદ્ધતિ એકબીજાથી સંપૂર્ણ સ્વતંત્ર નથી પરંતુ વાસ્તવમાં એકબીજા પર આધારિત છે એટલે કે બંને પદ્ધતિઓ એક બીજા પર આધાર રાખે છે પૂરક છે અને તેથી જ નાની સમસ્યાઓને સમજવા માટે કોઈ એક પદ્ધતિનો આધાર લેવાને બદલે બંને પદ્ધતિઓનો એક સાથે ઉપયોગ કરવામાં આવે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પ્રણેતા ખુદ કેન્સ પણ કહે છે કે માત્ર સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર જ એકમલક્ષી અર્થશાસ્ત્ર પર આધાર રાખતું નથી પરંતુ એકમલક્ષી અર્થશાસ્ત્ર પણ કેટલીક હદ સુધી સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પર આધાર રાખે છે તો હવે આપણે જોઈએ કે બંને અર્થશાસ્ત્રની અધ્યયન શાખાઓ એકબીજા પર કઈ રીતે આધારિત છે.

1. એકમલક્ષી આર્થિક વિશ્લેષણ માટે સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ જરૂરી છે.

એકમલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા વ્યક્તિગત ગ્રાહકો, ઉપભોક્તા, પેઢીઓ અને

ઉદ્યોગોના વર્તન અંગેના તારણો કાઢવામાં આવે છે. પરંતુ આ કાર્ય માત્ર એકમલક્ષી આર્થિક વિશ્લેષણ પદ્ધતિ દ્વારા જ પૂર્ણ કરી શકાતું નથી. વાસ્તવમાં એકમલક્ષી આર્થિક વિશ્લેષણ માટે સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ આધાર લેવામાં આવે છે. આમ એકમ લક્ષી અર્થશાસ્ત્ર સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પર આધારિત છે ઉદાહરણ તરીકે કોઈ પેઢીએ તેના શ્રમિકોને કેટલું વેતન ચૂકવવું એ પ્રશ્ન એકમલક્ષી અર્થશાસ્ત્રનો છે પરંતુ પેઢી જે વળતર ચૂકવશે તે તે જ વિસ્તારમાં આવેલી અન્ય પેઢીઓના વેતન સાથે સંકળાયેલ છે અને તેની સાથે સંબંધ ધરાવે છે. ખરેખર તો એક પેઢી જે વળતર ચૂકવશે તેનો આધાર ફક્ત તે પેઢી જે ઉદ્યોગની હોય, તે ઉદ્યોગની શ્રમની માંગ પર નહીં, પરંતુ સમગ્ર અર્થતંત્રમાં શ્રમિકોને જેમાં હશે તેના પર આધાર રાખે. બીજી રીતે જોઈએ તો જ્યારે કોઈ એક પેઢી પોતાના ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરે છે ત્યારે સમગ્ર સમાજની કુલ માંગ, કુલ પુરવઠો અને કુલ રોજગારીના પ્રમાણને ધ્યાનમાં લે છે જે નિશ્ચિતરૂપે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો વિષય છે.

2. સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ માટે એકમલક્ષી આર્થિક વિશ્લેષણની જરૂર પડે છે.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કુલ રાષ્ટ્રીય આવક, કુલ બચતો, કુલ મૂડીરોકાણ, કુલ ઉત્પાદન અને કુલ રોજગારીના વર્તનનો અને વર્ણન અભ્યાસ કરવામાં આવે છે અને તે અંગે તારણો કાઢવામાં આવે છે પરંતુ આ કાર્ય માત્ર સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ પદ્ધતિ દ્વારા જ પૂર્ણ થઈ શકતું નથી. વાસ્તવમાં સમગ્રલક્ષી આર્થિક વિશ્લેષણ માટે એકમલક્ષી આર્થિક વિશ્લેષણ પદ્ધતિ આધાર લેવામાં આવે છે ત્યારે તે કાર્ય પૂર્ણ થાય છે. આમ એકમલક્ષીની સમજૂતી માટે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પર આધાર રાખવો પડે છે તેવી જ રીતે સમગ્રલક્ષીની સમજૂતી માટે એકમલક્ષી પર આધાર રાખવો પડે છે. કોઈપણ વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓના સમૂહને ઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે અને આવા બધા જ ઉદ્યોગોનો સમૂહ સામૂહિક રીતે અર્થતંત્રની ઉત્પાદન વ્યવસ્થા રચે છે આથી અર્થતંત્રની કામગીરીનો યોગ્ય અને પુરતો અભ્યાસ કરવા માટે વ્યક્તિ, કુટુંબ, પેઢી અને ઉદ્યોગોનો એકમ સ્વરૂપે અભ્યાસ કરવો જરૂરી બને છે ઉદાહરણ તરીકે કોઈ દેશની રાષ્ટ્રીય આવક જાણવી હોય તો દરેક એ વ્યક્તિ અને પેઢીઓનું કુલ ઉત્પાદન જણવું પડે છે તેવી જ રીતે અર્થતંત્રમાં સમગ્ર આર્થિક પ્રવૃત્તિનો આધાર કુલ ઉપભોક્તા, કુલ બચતો, કુલ મૂડીરોકાણ વગેરે અંગેના નિર્ણયો પર રહેલો છે આ અંગે દરેક વ્યક્તિઓના નિર્ણયો સમાન હોતા નથી કેટલીક વ્યક્તિઓના નિર્ણય આશાવાદી હોય છે તો કેટલીક વ્યક્તિઓના નિર્ણય નિરાશાવાદી હોય છે. આમ વ્યક્તિગત નિર્ણય અર્થતંત્રમાં કુલ ઉત્પાદન અને ભાવ સપાટી પર અસર કરે છે. આથી સમગ્ર તંત્રની કામગીરી સમજવા માટે વ્યક્તિઓ, કુટુંબો, પેઢીઓ અને ઉદ્યોગો કયા હેતુ અને સિદ્ધાંત હેઠળ કામ કરે છે તે જાણવું જોઈએ.

આ હકીકત વિશે વધુ જાણકારી મેળવવા બીજું ઉદાહરણ લઈએ જ્યારે આપણે સંપૂર્ણ અર્થવ્યવસ્થાની આ બાબતમાં કોઈ યોજના બનાવવા ઈચ્છતા હોઈએ ત્યારે વ્યક્તિગત પેઢીઓ ઉદ્યોગો વ્યક્તિગત પ્રવૃત્તિ વગેરેની પેટા યોજનાઓ ધ્યાનમાં રાખવી પડે છે. જ્યારે આપણા દેશમાં આયોજન પંચ પંચવર્ષીય યોજનાઓ નિર્માણ કરે છે ત્યારે વિવિધ વિભાગો તથા સંસ્થાઓ પાસેથી વ્યક્તિગત સ્વરૂપે લક્ષ્યાંકોની યાદી મંગાવે છે અને તેના આધારે રાષ્ટ્રની યોજનાઓનું ઘડતર કરે છે. વ્યક્તિગત સમસ્યા ઉપર વિચાર કર્યા વિના સંપુર્ણ અર્થશાસ્ત્રની સમસ્યા જાણવાનું અકલ્પનીય છે. સેમ્યુઅલસન યોગ્ય જ કહે છે કે, એ ન સમજી બેસવું જોઈએ કે એકમલક્ષી અર્થશાસ્ત્ર મહત્વહીન છે મોટું ચિત્ર પોતાના નાના નાના ભાગો દ્વારા જ બનતું હોય છે.'' આમ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના પ્રશ્નો સમજવા માટે એકમલક્ષી અર્થશાસ્ત્રની વિશ્લેષણ પદ્ધતિ પર આધાર રાખવો પડે છે.

આમ અર્થશાસ્ત્રની બંને શાખાઓ પોતાને સ્થાને અજોડ કાર્ય કરે છે અને પોતાનું આગવું મહત્વ ધરાવે છે પરંતુ બંનેનો અભ્યાસ જરૂરી છે. એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચે કોઈ વિરોધાભાસ નથી. બંને સંપૂર્ણપણે વ્યાપક છે. જો તમે એકને સમજવાનો પ્રયત્ન કરો અને બીજાથી અજ્ઞાત રહો તો તમે અર્ધશિક્ષિત ગણાશો એવું પ્રોફેસર ચેમ્બરલીનનું માનવું છે. એકમલક્ષી અર્થશાસ્ત્ર મોડેલ પૂર્ણ રૂપમાં વ્યક્તિગત વ્યાખ્યા પર આધારિત છે અને આંતર વ્યક્તિ સંબંધોનું અભ્યાસ કરે છે

## 1.5 એકમલક્ષીઅર્થશાસ્ત્રનું મહત્વ :

1. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને પાયો પૂરો પાડે છે :

   એકમલક્ષી અર્થશાસ્ત્ર કોઈ પણ આર્થિક ઘટકનું એકમ કેમ વર્તે છે તેનો અભ્યાસ કરે છે ત્યારે એ સ્વીકારીને ચાલવામાં આવે છે કે બધા જ એકમ એ જ રીતે વરતતા હશે આથી અર્થતંત્રનું સમગ્ર વલણ આ વ્યક્તિગત વલણનું પરિણામ છે તેમ કહી શકાય પણ જો અર્થતંત્રમાં કુલ ઉત્પાદનમાં વધારો કરવો હોય તો દરેક પેઢી અને ઉદ્યોગોની કાર્યક્ષમતમાં વધારો કરવો પડે. આમ સમગ્ર અર્થતંત્રની ઉત્પાદનની કાર્યક્ષમતા સમજવા માટે આપણે બધી જ પેઢીઓ કે વ્યક્તિઓનો અભ્યાસ કરવો પડે છે એટલે કે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના પાયામાં વ્યક્તિગત વર્તન પડેલું છે.

2. વ્યવહારૂ આર્થિક નીતિના ઘડતરમાં સહાયક બને છે :

   અર્થશાસ્ત્રના કુલ વલણો વિવિધ આર્થિક વિભાગો પર સમાન અસર કરતા નથી જો આવા કુલ વર્ણનના આધારે આર્થિક નીતિ કરવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે તો પરિણામો વિપરીત આવી શકે છે. ધારો કે અર્થતંત્રમાં બધી જ વસ્તુઓના ભાવોની સામાન્ય સપાટી વધી રહી છે. આ વધતા ભાવોને અટકાવવાનો સામાન્ય ઉપાય નાણાના પુરવઠામાં ઘટાડો કરવાનો છે. આ માટે બેંકે ધિરાણ પર અંકુશ રાખવો પડશે તેથી કેટલાક આવશ્યક ઉદ્યોગોની જરૂરીયાતો ન સંતોષતા ઉત્પાદન પર માઠી અસર પડે છે. આથી સમગ્ર ધિરાણના માળખાને અસર કરે તેવી નીતિ ઘડવાથી વ્યવહારમાં તે નુકસાનકારક રહેવાની શક્યતા રહે છે. આ પરિસ્થિતિમાં આવશ્યક હોય ત્યાં ગુણાત્મક શાખ નિયંત્રણ નીતિ અપનાવવામાં આવે તો અર્થતંત્રને લાભ થાય છે.

3. આર્થિક કલ્યાણની શરતોનું નિરીક્ષણ કરે છે :

   એકમલક્ષી અર્થશાસ્ત્ર એ બાતાવે છે કે, અધિકતમ કલ્યાણ ત્યારે પ્રાપ્ત કરી શકાય છે જયારે વસ્તુ અને સાધનોના બજારમાં પૂર્ણ હરીફાઈ પ્રગટતી હોય પૂર્ણ હરીફાઈનો ત્યાગ કરી દેવાથી કલ્યાણની માત્રામાં ઘટાડો થાય છે અને આર્થિક કાર્યક્ષમતા ઓછી થઈ જાય છે. આમ એકમલક્ષી અર્થશાસ્ત્ર એ બતાવે છે કે જયારે ઈજારાની સ્થિતિ પેદા થાય છે ત્યારે ઉત્પાદનના સાધનોની ફાળવણી કાર્યક્ષમરૂપે થતી નથી પરિણામ સ્વરૂપે આર્થિક કાર્યક્ષમતા અને કલ્યાણમાં ઘટાડો થાય છે. પ્રોફેસર વિલાસના મતે "એકમલક્ષી અર્થશાસ્ત્રનો ઉપયોગ આર્થિક કલ્યાણની શરતોનું વિશ્લેષણ કરવા માટે થઈ શકે છે." અર્થાત વ્યક્તિગત સંતોષનું નિરીક્ષણ કરવા ઉપયોગી બની શકે છે. જે વ્યક્તિ, વસ્તુ અને સેવાઓ અને આરામનો આનંદ લઈને પ્રાપ્ત થાય છે. એકમલક્ષી અર્થશાસ્ત્રમાં કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો પણ સમાવેશ થાય છે તેથી તેનું મહત્વ અનેરૂ છે.

4. મુક્ત અર્થવ્યવસ્થાની કાર્યપદ્ધતિના મહત્વને સમજાવે છે :

એકમલક્ષી અર્થશાસ્ત્ર મુક્ત બજાર વ્યવસ્થાની કાર્ય પદ્ધતિને સમજવામાં ખૂબ જ ઉપયોગી બને છે. મુક્ત અર્થતંત્રમાં આર્થિક પદ્ધતિ નિયોજન અને સમન્વય કરવા માટે કોઈ સંસ્થા હોતી નથી. આમ છતાં તેમાં કઈ રીતે ઉત્પાદન કરવું, કઈ વસ્તુનું ઉત્પાદન કરવું, કોના માટે ઉત્પાદન કરવું અને વહેંચણી કઈ રીતે કરવી વગેરે બાબતોનો નિર્ણય લેવા માટે ઉપયોગી છે તેનો મુખ્ય અને મહત્વપૂર્ણ ઉપયોગ એ છે કે તેમાં આપણે મુક્ત ખાનગી ઉપયોગવાળી અર્થવ્યવસ્થાની કાર્ય પદ્ધતિને સારી રીતે સમજી શકીએ છીએ. એકમલક્ષી અર્થશાસ્ત્ર બતાવે છે કે વિકેન્દ્રિત વ્યવસ્થાવાળી ખાનગી પ્રવૃત્તિને વરેલી અર્થવ્યવસ્થા કઈ રીતે નિયંત્રણ વિના કાર્ય કરી શકે છે.

5. સંસાધનોની કાર્યક્ષમ નિયુક્તિમાં સહાયક :

કિંમત સિદ્ધાંતનો સંબંધ દુર્લભ સંસાધનોના કાર્યક્ષમ અને કરકસરભર્યા ઉપયોગ સાથે છે. આધુનિક સમયમાં સરકારને જે મુખ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે સમસ્યા એ છે કે અસંખ્ય પ્રતિસ્પર્ધા સાધવાથી કેટલાકની પસંદગી કરીને તેની વચ્ચે મર્યાદિત સાધનોની નિયુક્તિ કઈ રીતે કરવી આ બાબતમાં એકમલક્ષી અર્થશાસ્ત્ર સરકારને મદદ કરે છે.

6. ઉત્પાદકોને મહત્તમ નફો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે :

એકમલક્ષી અર્થશાસ્ત્ર ઉત્પાદકને પોતાના હાથ પર રહેલા સંસાધોનોનું અધિકતમ ઉત્પાદન કરવામાં મદદગાર બને છે. કારણ કે ઉત્પાદક એકમલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા ઉપભોક્તાની માંગ જાણી શકે છે અને પોતાની વસ્તુઓના ઉત્પાદન ખર્ચનું અનુમાન પણ લગાવી શકે છે તેના આધારે ઉત્પાદનના સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો શકય બને છે અને વધારે નફો પણ પ્રાપ્ત કરી શકે છે.

7. કરવેરાની સમસ્યાઓ સમજવામાં મદદરૂપ બને છે :

એકમલક્ષી અર્થશાસ્ત્ર કરવેરાની કેટલીક સમસ્યાઓ સમજવામાં પણ મદદ કરે છે. એકમલક્ષી અર્થશાસ્ત્ર એ સમજવામાં મદદ કરે છે કે સામાજિક કલ્યાણમાં વિશેષ ઘટાડો કોણ કરે છે. આવકવેરો, ઉત્પાદન શુલ્ક કે પછી વેચાણવેરો અર્થાત્ એકમલક્ષી અર્થશાસ્ત્રની મદદથી જાણી શકાય છે કે આવકવેરો ઉત્પાદન કે વેચાણવેરો સામાજિક કલ્યાણમાં શું વધારો ઘટાડો લાવી શકે છે. તેથી 'સામાજિક' કલ્યાણમાં વધારો કરવો હોય તો ઉત્પાદન કે વેચાણવેરા ને બદલે આવકવેરાને પ્રાધાન્ય આપવું જોઈએ એકમલક્ષી અર્થશાસ્ત્ર પરોક્ષ કરવેરાના કરસન પાસની મેચ ની વિક્રેતા અને ઉપભોક્તા વચ્ચે કઈ રીતે થાય છે તે પણ સમજાવે છે.

8. આંતરરાષ્ટ્રીય વ્યાપારની સમસ્યાઓ સમજવામાં મદદરૂપ બને છે :

એકમલક્ષી અર્થશાસ્ત્ર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય વ્યાપારથી પ્રાપ્ત થતા લાભ નક્કી કરવામાં તેમજ વિદેશી વિનિમય દર નિર્ધારણમાં મદદરૂપ થાય છે. જેમ કે બીજા દેશની વસ્તુઓની માંગની સાપેક્ષતાના તફાવતને આધારે આંતરરાષ્ટ્રીય વ્યાપ થી કેટલો લાભ થશે તે કોઈ પણ દેશ નક્કી કરી શકે છે. તે જ રીતે મુક્ત વ્યાપાર થી પ્રવાસમાં ચલણ દરનો વિનિમય દર વિદેશી નાણાની માંગ અને પુરવઠા દ્વારા કઈ રીતે થાય છે તે પણ સમજાવે છે.

## 1.6 એકમલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદાઓ :

1. અર્થતંત્રની કાર્ય કરવાની સામાન્ય પદ્ધતિ, ખરૂં ચિત્ર મળી શકતું નથી :

અર્થાત્ અર્થતંત્રના બધા જ એકમો જે સરેરાશ સામાન્ય નીતિ અનુસાર હોય તે નીતિ ઉદ્યોગની બધી જ પેઢીઓ વ્યક્તિગત નીતિઓના સરવાળા કરતા જુદી જોવા મળે છે. આથી સરેરાશ સામાન્ય નીતિ અને વ્યક્તિગત સામાન્ય નીતિના સરવાળા વડે જે પરિણામ આવે તે બંને જુદા જુદા હોય છે. ઉદાહરણ તરીકે જો બધી જ વ્યક્તિઓ તેમની બચતો વધારવાનું નક્કી કરે તો અર્થતંત્રની કુલ બચતનો વધારો બધી વ્યક્તિઓની બચતોના વધારા જેટલો થવો જોઈએ, પરંતુ વાસ્તવમાં આમ થવાને બદલે કુલ બચતનો સરેરાશ વધારો આ સરવાળા કરતા ઓછો હોય તેવું બને છે. આનું કારણ એ છે કે જો દરેક વ્યક્તિ બચતમાં વધારો કરે તો કુલ આવકમાં ઘટાડો થાય છે. આથી તેની અસર ઉત્પાદન, આવક અને રોજગારી પર પડે છે પરિણામે બચતો વધવાને બદલે ઘટશે.

2. પૂર્ણ રોજગારીનું અનુમાન વાસ્તવિક નથી :

એકમલક્ષી વિશ્લેષણમાં અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી છે તેવું માનવામાં આવે છે પરંતુ રોજગારીની ધારણા અવાસ્તવિક છે. અર્થતંત્રમાં ભાગ્યે જ પૂર્ણ રોજગારી જોવા મળે છે. પ્રોફેસર કેન્સના મત મુજબ "પૂર્ણ રોજગારીની કલ્પના કરી લેવી એ તો મુશ્કેલીઓ સામેથી મોઢું ફેરવી લેવા સમાન છે."

3. એકમલક્ષી અર્થશાસ્ત્ર ભૂતકાળની ઘટના બની ગઈ છે :

વર્તમાન સમયની જટિલ સમસ્યાઓ સમજવા માટે એકમલક્ષી અર્થશાસ્ત્ર ઉપયોગી બની શકતું નથી આજના યુગમાં બદલાતી પરિસ્થિતિ સાથે માનવીના અપેક્ષાઓ સમગ્રલક્ષી બનતી જાય છે. જેમકે રોજગારી, જકાત નીતિ, આયાત નિકાસની નીતિ તથા આર્થિક આયોજન સાથે સંબંધિત સમસ્યાઓ એકમલક્ષી અર્થશાસ્ત્ર દ્વારા સમજાવી શકાતી નથી આ તેની મર્યાદા છે.

4. એકમલક્ષી અર્થશાસ્ત્ર મુક્ત વ્યાપાર નીતિ પર આધારિત છે :

એકમલક્ષી અર્થશાસ્ત્રના પાયામાં મુક્ત વ્યાપારની નીતિ છે પરંતુ હવે તે ભૂતકાળની ઘટના બની ગઈ છે. કારણ કે વિશ્વવ્યાપી મંદી બાદ મુક્ત વ્યાપાર નીતિની પોકળતા ખુલી ચૂકી છે. મંદીમાંથી બહાર કાઢવા સરકારે હસ્તક્ષેપ કરવાની જરૂરત જણાઈ છે. બધું જ માર્કેટ પર ન છોડી શકાય. કલ્યાણલક્ષી રાજ્યના લક્ષ્યમાં સરકારનો હસ્તક્ષેપ જરૂરી છે બીજા વિશ્વયુદ્ધ બાદ સામ્રાજ્યમાંથી મુક્ત થયા બાદ સરકરનો હસ્તક્ષેપ વિશેષ બળ પુરૂ પાડે છે.

5. એકમલક્ષી અર્થશાસ્ત્ર સમગ્રલક્ષી બાબતોની ઉપેક્ષા કરે છે

એકમલક્ષી અર્થશાસ્ત્ર આર્થિક બાબતોનું અધ્યયન કરે છે તો ખરુ, પરંતુ તેમાં સમગ્રલક્ષી બાબતોની ઉપેક્ષા કરવામાં આવી છે જે ઉચિત નથી પ્રોફેસર બોડિંગ આ બાબતમાં યોગ્ય જ કહે છે કે, 'આર્થિક પદ્ધતિ ના તથ્યોના એક મોટી અને જટિલ વ્યવસ્થાતંત્રની વ્યાખ્યા વ્યક્તિગત એકમોના રૂપમાં કરવાનું અશક્ય છે', તેથી એકમલક્ષી અર્થશાસ્ત્રનોઅભ્યાસ અર્થવ્યવસ્થાનું એક અપૂર્ણ ચિત્ર રજૂ કરે છે.

6. એકમલક્ષી અર્થશાસ્ત્રની આર્થિક સમસ્યાઓના વિશ્લેષણની મર્યાદા :

કેટલીક આર્થિક સમસ્યાઓ એવી છે જ્યાં એકમલક્ષી વિશ્લેષણ અસમર્થ છે. જેમકે એ જરૂરી નથી કે જે નિયમ એક વિશેષ વ્યક્તિ, કુટુંબ, પેઢી અથવા ઉદ્યોગને માટે શક્ય હોય તે સમગ્રલક્ષી અર્થવ્યવસ્થાને સંપૂર્ણ લાગુ પાડી શકાય દાખલા તરીકે બચત કરવી તે વ્યક્તિગત રીતે આવકારદાયક છે પરંતુ બધા જ વ્યક્તિઓ બચત વધારે તો અર્થતંત્રની અસરકારકમાં ઘટાડો થવાથી લોકો બેકાર પણ બની શકે છે.

## 1.7 સારાંશ :

સમગ્ર એકમમાં આપણે એકમલક્ષી અર્થશાસ્ત્રના પાયાનું જ્ઞાન મેળવવ્યું. અર્થશાસ્ત્રની મુખ્ય બે શાખાઓ છે એક એકમલક્ષી અર્થશાસ્ત્ર અને બીજી સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર. બંને એક બીજાના પૂરક તેમજ સ્વાલંબન ધરાવે છે. પ્રકારણના અભ્યાસ પરથી તમે સમજી શક્યા હશો કે સમગ્ર અર્થતંત્રનું સ્વરૂપ જાણવા તેમજ સમગ્રલક્ષી બંને શાસ્ત્રોનો અભ્યાસ કરવા જરૂરી છે. જ્યારે સૂક્ષમ રીતે અભ્યાસ કરવાની જરૂર પડે છે ત્યારે એકમલક્ષી અર્થશાસ્ત્ર ઉપયોગી છે. જેમકે ઉત્પાદનના સાધનોની જાણકારી તેમજ તેના વળતર વિશેના સિદ્ધાંત પેઢી અને ઉદ્યોગનો અભ્યાસ, ઉત્પાદન અંગેના નિર્ણયો વગેરે માટે એકમલક્ષી અર્થશાસ્ત્રનો ઉપયોગ થાય છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

(1) કિંમત : કિંમત એટલે વસ્તુના વિનિમય મૂલ્યની નાણામાં રજૂઆત.

(2) ઉદ્યોગ : એક સમાન ઉત્પાદન કરતી પેઢીઓના સમૂહને ઉદ્યોગ કહેવાય છે.

(3) આર્થિક પ્રવૃત્તિ : આવક પ્રાપ્તિની પ્રવૃત્તિ તેમજ આજીવિકામાં મદદરૂપ થતી પ્રવૃત્તિને આર્થિક પ્રવૃત્તિ કહેવાય છે.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

**1. નીચે આપેલા વિકલ્પો માંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો :**

(1) એકમલક્ષી વિચારધારાને જન્મ આપવાનો યશ કયા અર્થશાસ્ત્રીઓને જાય છે.

1. નવ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી 2. આધુનિક અર્થશાસ્ત્રી

3. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી 4. ત્રણમાંથી એક પણ નહી

(2) આર્થિક સમસ્યાઓનું વિશ્લેષણ કરવા માટે નીચેના માંથી કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

1. નિગમન વિશ્લેષણ પદ્ધતિ 2. સ્થિર વિશ્લેષણ પદ્ધતિ

3. એકમલક્ષી વિશ્લેષણ પદ્ધતિ 4. ઉપરોક્ત ત્રણેય પદ્ધતિ

(3) સ્થિર વિશ્લેષણ પદ્ધતિ બીજા કયા નામે ઓળખાય છે.

1. ગતિશીલ અર્થશાસ્ત્ર 2. સ્થિર અર્થશાસ્ત્ર

3. પ્રગતિશીલ અર્થશાસ્ત્ર 4. અસ્થિર અર્થશાસ્ત્ર

(4) એકમલક્ષી અર્થશાસ્ત્રના કયા ખૂબ જ મહત્વના નિયમો કઈ વિશ્લેષણ પદ્ધતિ પરથી તારવવામાં આવે છે.

1. સરેરાશ વિશ્લેષણ પદ્ધતિ 2. નિગમન વિશ્લેષણ પદ્ધતિ

3. સીમાંત વિશ્લેષણ પદ્ધતિ 4. વ્યાપ્તિ વિશ્લેષણ પદ્ધતિ

(5) પ્રોફેસર માર્શલનું પુસ્તક 'પ્રિન્સિપલ ઓફ ઈકોનોમિક્સ' મહદંશે કેવું કહી શકાય.

1. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર 2. એકમલક્ષી અર્થશાસ્ત્ર

3. વાસ્તવિક અર્થશાસ્ત્ર 4. કાલ્પનિક અર્થશાસ્ત્ર

(6) એકમલક્ષી અર્થશાસ્ત્રના સાધન નિર્ધારણ સિદ્ધાંતમાં નીચેના માંથી કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

1. વ્યાજ 2. ભાડુ અને વેતન

3. નફો 4. ઉપરોક્ત બધી જ બાબતો.

(7) એકમલક્ષી અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં નીચેનામાંથી કયા સિદ્ધાંતનોસમાવેશ ન થઈ શકે.

1. વસ્તુ અને કિંમત સિદ્ધાંત 2. અસરકારક માંગ અને રોજગારીનો સિદ્ધાંત

3. ઉત્પાદનના સાધનો કિંમત સિદ્ધાંત 4. આર્થિક કલ્યાણનો સિદ્ધાંત

(8) એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચે કેવો સંબંધ રહેલો છે.

1. તે બંને એકબીજાથી સ્વતંત્ર છે 2. તે બંને પરસ્પર વિરોધી છે

3. તે બંને એકબીજાના પૂરક છે 4. ઉપરોક્ત ત્રણેમાંથી એક પણ નહી

**ક. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો :**

(1) એકમલક્ષી અર્થશાસ્ત્ર એટલે શું ? તેનાં ઘટકો અને સ્વરૂપ સમજાવો.

(2) એકમલક્ષી અર્થશાસ્ત્રનું સ્વરૂપ તથા કાર્યક્ષેત્ર સમજાવો.
એકમલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું શું મહત્વ છે ?

(3) એકમલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્વ અને તેની મર્યાદાઓનું વર્ણન કરો.

**ખ. નીચે આપેલા વિષયો ઉપર ટૂંકનોંધ લખો :**

(1) એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ.

(2) એકલમલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદા.

**2. નીચેના પ્રશ્નોના ત્રણ ચાર વાક્યમાં જવાબ આપો :**

(1) એકમલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ સ્પષ્ટ કરો.

(2) એકમલક્ષી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર ટૂંકમાં સમજાવો.

(3) એકમલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદા સમજાવો.

(4) એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

(5) એકમલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ સમજાવો.

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો :**

(1) માર્શલના પુસ્તકનું નામ આપો.

(2) અર્થશાસ્ત્રની મુખ્ય કેટલી શાખા છે ? કઈ કઈ જણાવો.

(3) ફુગાવા વિશે ના અભ્યાસનો સમાવેશ એકમલક્ષી અર્થશાસ્ત્રમાં થાય છે ?

(4) અંગ્રેજી Micro (એકમલક્ષી) શબ્દ કયા ગ્રીક શબ્દ પરથી આવ્યો છે.

(5) ઉત્પાદનના કેટલા સાધન છે ? કયા કયા ?

(6) કિંમત એટલે શું ?

(7) જનીનને શું મળે છે ?

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

પ્રશ્ન-1 : યોગ્ય વિકલ્પ પસંદ કરો ના જવાબ :

(1) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી

(2) ઉપરોક્ત ત્રણેય પદ્ધતિ

(3) સ્થિર અર્થશાસ્ત્ર

(4) સીમાંત વિશ્લેષણ પદ્ધતિ

(5) એકમલક્ષી અર્થશાસ્ત્ર

(6) ઉપરોક્ત બધી જ બાબતો

(7) અસકારક માંગ અને રોજગારીનો સિદ્ધાંત

(8) તે બંને એકબીજાના પુરક છે

પ્રશ્ન-2 : પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ :

(1) વાંચો એકમ 1.2

(2) વાંચો એકમ 1.3

(3) વાંચો એકમ 1.6

(4) વાંચો એકમ 1.4

(5) વાંચો એકમ 1.5

પ્રશ્ન-3 : પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ

(1) The Principle of Economics

(2) બે શાખા છે એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

(3) ના

(4) ગ્રીક

(5) ઉત્પાદનના ચાર સાધન છે જમીન, શ્રમ, મૂડી અને નિયોજક

(6) વસ્તુના વિનિમય મૂલ્યની નાણામા રજૂઆત

(7) જમીનને ભાડુ મળે છે.

## ★ સંદર્ભ :

(1) Advanced Economic Theory, S. Chand and co. Delhi
- Ahuja H. L

(2) Micro Economics Theory, Richard Irwin Home Wood
- Guvld J. P and Edward P. L

(3) Principles of Economics (9th Edition)
Oxford University Press, Oxford
Linsey – R. G and K. A. Chrysta

એકમ 2

# ઉપભોક્તાનું વર્તન

## રૂપરેખા


2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 તુષ્ટિગુણનો ખ્યાલ

- 2.2.1 ગ્રાહકના વર્તનનું વિશ્લેષણ
- 2.2.2 તુષ્ટિગુણનું અર્થઘટન
- 2.2.3 કુલ તુષ્ટિગુણ અને સીમાંત તુષ્ટિગુણ
- 2.2.4 તુષ્ટિગુણ વિશ્લેષણની ધારણાઓ
- 2.2.5 ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ
- 2.2.6 સમ-સીમાંત તુષ્ટિગુણનો નિયમ
- 2.2.7 તુષ્ટિગુણ વિશ્લેષણની મર્યાદાઓ

2.3 તટસ્થતા વક્ર વિશ્લેષણ અને ઉપભોક્તાનું વર્તન

- 2.3.1 તટસ્થતા વક્ર એટલે શું ?
- 2.3.2 તટસ્થતા વક્રોનો નકશો
- 2.3.3 તટસ્થતા વક્રના લક્ષણો
- 2.3.4 હિક્સ અને સ્લટ્સ્કીએ તટસ્થતા વક્ર વિશ્લેષણ દ્વારા પ્રસ્તુત કરેલ ગ્રાહકની સમતુલા
- 2.3.5 તટસ્થતા વક્ર વિશ્લેષણની સમીક્ષા

2.4 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

★ સંદર્ભ

## 2.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કરવાથી તમે નીચે જણાવેલ બાબતોને સમજી શકશો :

- તુષ્ટિગુણ એટલે શું ?
- સીમાંત  અને સમ-સીમાંત  તુષ્ટિગુણ એટલે શું ?
- ઘટતાં-સીમાંત  તુષ્ટિગુણનો ખ્યાલ
- તટસ્થતા વક્ર એટલે શું ?
- ઉપભોક્તાનું વર્તન

## 2.1 પ્રસ્તાવના :

એકમલક્ષી અર્થશાસ્ત્રનાં અભ્યાસમાં ગ્રાહકના વર્તનનું વિશ્લેષણ અત્યંત મહત્વનું છે. ઉપભોક્તા પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન જે આવક પ્રાપ્ત કરે છે તેને વિવિધ રીતે ખર્ચવાનો પ્રયત્ન કરે છે અને તે કઈ રીતે ખર્ચે છે તે સમજાવવાનો પ્રયત્ન પ્રો. માર્શલે તુષ્ટિગુણ વિશ્લેષણ દ્વારા કર્યો છે. તુષ્ટિગુણ એ વસ્તુમાં રહેલો માનવ જરૂરીયાતને સંતોષવાનો ગુણ છે. તુષ્ટિગુણનો ખ્યાલ આત્મલક્ષી હોવાથી ભિન્ન ભિન્ન વ્યક્તિઓને એક જ વસ્તુમાંથી મળતો સંતોષ જુદો જુદો હોઈ શકે છે. તુષ્ટિગુણ ભાવનાત્મક હોવાથી તેને માપી પણ શકાતો નથી, છતાં વ્યક્તિની વસ્તુ માટે કિંમત ચૂકવવાની તૈયારી કંઈક અંશે વસ્તુમાંથી મળતા તુષ્ટિગુણનો નિર્દેશ કરે છે. આ તુષ્ટિગુણ વિશ્લેષણના આધારે માંગનો નિયમ તારવવામાં આવ્યો છે. પરંતુ તુષ્ટિગુણ વિશ્લેષણની ખામીઓ તેને પણ લાગુ પડતી હોવાથી, હિકસ અને એલન નામના અર્થશાસ્ત્રીઓએ તટસ્થરેખાઓનાં વિશ્લેષણ દ્વારા માંગનો નિયમ સમજાવ્યો છે. ત્યાર પછી તો આર્થિકવિશ્લેષણનાં અનેકવિધ ક્ષેત્રોમાં તટસ્થ રેખા વિશ્લેષણનો ઉપયોગ થવા લાગ્યો.

આ યુનિટ અંતર્ગત આપણે તુષ્ટિગુણનો ખ્યાલ, ઘટતા સીમાંત  તુષ્ટિગુણનો નિયમ, સમસીમાંત  તુષ્ટિગુણનો નિયમ, તટસ્થતા વક્ર અને ઉપભોક્તાનું વર્તન જેવા વિવિધ મુદ્દાઓનો વિસ્તૃત અભ્યાસ કરીશું.

## 2.2 તુષ્ટિગુણનો ખ્યાલ :

### 2.2.1 ગ્રાહકનાં વર્તનનું વિષ્લેષણ :

કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન બજારનું અવલોકન કરીએ તો એક બાબત જણાઈ આવે છે કે, ગ્રાહકો દ્વારા અનેક વસ્તુઓ અને સેવાઓની માંગ થતી હોય છે. અહી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, તેઓ શા માટે વસ્તુઓ અને સેવાઓની માંગ કરતાં હશે ? જેનાં જવાબમાં એમ કહી શકાય કે, ગ્રાહકો અનેક પ્રકારની જરૂરીયાતો ધરાવે છે, જે સંતોષવા માટે, તેઓ વસ્તુઓ અને સેવાઓની માંગ કરતાં હોય છે. વસ્તુઓ અને સેવાઓમાં માનવીની જરૂરીયાતોને સંતોષવાનો ગુણ રહેલો છે જે તુષ્ટિગુણ તરીકે ઓળખાય છે. આથી એમ કહી શકાય કે, વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરી તેમાંથી મળતાં સંતોષ દ્વારા ગ્રાહકો પોતાની જરૂરીયાતો સંતોષતા હોય છે. પ્રસ્તુત મુદ્દામાં ગ્રાહકનાં વર્તનને સમજવા માટે સંખ્યાવાચક તુષ્ટિગુણનો અભિગમ અપનાવવાનો છે.

### 2.2.2 તુષ્ટિગુણનું અર્થઘટન :

તુષ્ટિગુણનો અર્થ સમજાવતાં હેન્સન જણાવે છે કે, તુષ્ટિગુણ એટલે વ્યક્તિને વસ્તુ કે સેવા દ્વારા મળતા સંતોષનું પ્રમાણ. બીજી રીતે કહીએ તો વસ્તુ કે સેવામાં રહેલ સંતોષ આપવાનાં ગુણને તુષ્ટિગુણ કહી શકાય.

માનવીની આર્થિક પ્રવૃત્તિનું અંતિમ ધ્યેય વસ્તુની વપરાશ દ્વારા સંતોષ પ્રાપ્ત કરવાનું છે. તેથી એમ પણ કહી શકાય કે, વસ્તુમાં જરૂરીયાતને સંતોષવાનો જે ગુણ રહેલો છે તેને તુષ્ટિગુણ કહેવાય. અનાજ, કપડા, મકાન જેવી વસ્તુઓ અને શિક્ષક, ડૉક્ટર તથા વકીલની સેવાઓ માનવીની જરૂરીયાતો સંતોષે છે. તેથી તે બધામાં તુષ્ટિગુણ રહેલો છે.

### 2.2.3 કુલ તુષ્ટિગુણ અને સીમાંત તુષ્ટિગુણ :

તુષ્ટિગુણનાં સંખ્યાત્મક માપનમાં કુલ તુષ્ટિગુણ અને સીમાંત તુષ્ટિગુણ એ પાયાનાં ખ્યાલો છે. આથી તેમનો અર્થ અને તેમની વચ્ચેનાં આંતરસંબંધો વિષે જાણકારી મેળવવી આવશ્યક છે. આ બન્ને ખ્યાલો સમજવા માટે કેટલીક ધારણાઓ કરવી જરૂરી છે –

- વપરાશમાં લેવામાં આવતી વસ્તુનાં બધાં એકમો સમાનગુણી છે.
- તુષ્ટિગુણને સંખ્યાત્મક રીતે માપી શકાય છે.
- ગ્રાહકોનો હેતુ મહત્તમ સંતોષ મેળવવાનો છે.

- **કુલ તુષ્ટિગુણ :**

કોઈ એક સમયે અમુક વસ્તુનાં જુદા જુદા એકમોમાંથી ઉપભોક્તાને મળેલા તુષ્ટિગુણનો સરવાળો એટલે કુલ તુષ્ટિગુણ.

- **સીમાંત તુષ્ટિગુણ :**

સીમાંત તુષ્ટિગુણ એટલે વસ્તુનાં ઉપભોગ/વપરાશમાં એક એકમનો વધારો કે ઘટાડો કરવાથી તુષ્ટિગુણમાં થતો ફેરફાર.

- **તુષ્ટિગુણની અનુસૂચિ :**

| વસ્તુનાં એકમો | કુલ તુષ્ટિગુણ (એકમોમાં) | સીમાંત તુષ્ટિગુણ (એકમોમાં) |
|---|---|---|
| 01 | 05 | 5 |
| 02 | 08 | 3 |
| 03 | 10 | 2 |
| 04 | 11 | 1 |
| 05 | 11 | 0 |
| 06 | 09 | -2 |

★ **તુષ્ટિગુણની ઉપરોક્ત અનુસૂચિનાં આધારે મહત્વનાં તારણો આ પ્રમાણે છે :**

(1) જેમા જેમ વસ્તુનાં વધુને વધ એકમોનો ઉપયોગ કરવામાં આવે તમે તે કુલ તુષ્ટિગુણમાં વધારો કરે છે.

(2) કુલ તુષ્ટિગુણમાં થતો વધારો ઘટતા જતા દરે થાય છે.

(3) કુલ તુષ્ટિગુણ હંમેશા ધન હોય છે, ઋણ લેતો નથી કારણે કે, ગ્રાહકનો હેતુ મહત્તમ સંતોષ મેળવવાનો હોય છે. તેથી વધારાનાં જે એકમે કુલ તુષ્ટિગુણ વધતો અટકી જાય ત્યાં ગ્રાહક વસ્તુનો ઉપયોગ અટકાવી દે છે.

(4) જેમ જેમ વસ્તુનાં વધુને વધુ એકમોનો ઉપયોગ કરવામાં આવે છે તેમ તેમ સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે.

(5) અનુસૂચિમાં વસ્તુનાં 5માં એકમે સીમાંત તુષ્ટિગુણ શૂન્ય થઈ જાય છે. ગ્રાહકનો હેતુ મહત્તમ સંતોષ મેળવવાનો હોવાથી તે અહીં સમતુલા પ્રાપ્ત કરશે.

(6) વસ્તુનાં 6ઠ્ઠા એકમનો ઉપભોગ કરવામાં આવે તો સીમાંત તુષ્ટિગુણ ઋણ થઈ જાય છે. જેની પહેલા જ ગ્રાહક ઉપભોગ અટકાવી દે છે.

### 2.2.4 તુષ્ટિગુણ વિશ્લેષણનીધારણાઓ :

1870 ની આસપાસ વિલિયમ સ્ટેન્લી જેવન્સ, કાર્લ મેન્જર અને લિયોન વોલરાસ જેવા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ ગ્રાહકનાં વર્તનને સમજાવવા માટે તુષ્ટિગુણનો ખ્યાલ રજૂ કરેલો. જેનાં આધારે આલ્ફ્રેડ માર્શલે ગ્રાહકનાં વર્તનની વૈજ્ઞાનિક સમજૂતી આપવા માટે તુષ્ટિગુણ વિશ્લેષણની પદ્ધતિ રજૂ કરી જેમાં નીચે મુજબની કેટલીક ધારણાઓ કરવામાં આવી છે. :

**(1) માનવી બુદ્ધિપૂર્વક વર્તે છે :** તુષ્ટિગુણ વિશ્લેષણમાં એવું ધારી લેવામાં આવે છે કે માનવી બુદ્ધિપૂર્વક વર્તે છે. પરિણામે ગ્રાહકતરીકે તે હંમેશા એવી રીતે વર્તે છે કે, જેથી તેને મહત્તમ સંતોષ મળે.

**(2) તુષ્ટિગુણ સંખ્યાત્મક રીતે માપી શકાય છે :** વસ્તુમાંથી કેટલો તુષ્ટિગુણ મળશે તે ગ્રાહક જાણી શકે તો જ કેટલી ખરીદી કરવાથી મહત્તમ સંતોષ મળશે તે જાણી શકાય છે. આથી, તુષ્ટિગુણને સંખ્યાત્મક રીતે માપી શકાય છે. એવી એક ધારણા કરવામાં આવી છે.

**(3) સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે :** વ્યક્તિ પાસે જેમ જેમ કોઈ એક વસ્તુનું પ્રમાણ વધતું જાય છે. તેમ તેમ તેમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઉત્તરોત્તર ઘટતો જાય છે. આ પ્રકારની ધારણા પણ તુષ્ટિગુણ વિશ્લેષણમાં રહેલી છે.

**(4) તુષ્ટિગુણ નાણા દ્વારા માપી શકાય છે :** તુષ્ટિગુણ વિશ્લેષણમાં એવું ધારી લેવામાં આવે છે કે, તુષ્ટિગુણને નાણા દ્વારા માપી શકાય છે. જે વસ્તુ માટે ગ્રાહક વધારે નાણા ચૂકવવા તૈયાર થાય તેમાંથી વધારે અને જેને માટે ઓછાં નાણા ચૂકવવા તૈયાર થાય તેમાંથી ઓછો તુષ્ટિગુણ મળે છે તેમ કહી શકાય.

**(5) નાણાનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર રહે છે :** માર્શલ એવું માનતાં હતાં કે, નાણાનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર રહે છે, જેની પાછળનું કારણ એ છે કે, નાણુ જુદા જુદા પ્રકારની અનેક વસ્તુઓની ખરીદીમાં ઉપયોગમાં આવે છે. આથી જ વ્યક્તિ પાસે ગમે તેટલું નાણુ હોય તો પણ તેનો સીમાંત તુષ્ટિગુણ કદી પણ શૂન્ય થતો નથી.

**(6) કોઈ એક વસ્તુની માંગ અન્ય વસ્તુઓની માંગથી સ્વતંત્ર હોય છે :** તુષ્ટિગુણ વિશ્લેષણમાં આવી પણ એક ધારણા કરવામાં આવી છે. કારણ કે, કોઈ એક વસ્તુમાંથી મળતો તુષ્ટિગુણ તે જ વસ્તુનાં પ્રમાણ પર આધાર રાખે છે. અન્ય વસ્તુમાંથી મળતા તુષ્ટિગુણ સાથે તેને કોઈ સંબંધ નથી. આથી જ તુષ્ટિગુણ વિશ્લેષણમાં કોઈ એક વસ્તુની માંગનો વિચાર કરતી વખતે તેની પૂરક અને અવેજી વસ્તુમાંથી મળતો તુષ્ટિગુણને લક્ષમાં લેવામાં આવતો નથી.

**(7) વસ્તુ વિભાજનક્ષમ છે :** તુષ્ટિગુણ વિશ્લેષણમાં એવું માની લેવામાં આવે છે કે વસ્તુનું નાનાં નાનાં એકમોમાં વિભાજન થઈ શકે છે આથી જ જુદા જુદા ભાવે તેમની માંગ જુદી જુદી હોઈ શકે છે.

**(8) અન્ય પરિબળો સ્થિર રહે છે :** તુષ્ટિગુણ વિશ્લેષણમાં એવી ધારણા પણ રહેલી છે કે માંગ પર અસર કરતાં અન્ય પરિબળો જેવા કે, વસ્તીનું પ્રમાણ, આવક, રૂચિ, ભવિષ્યની સ્થિતિ અંગેની માન્યતાઓ વગેરે સ્થિર રહે છે.

### 2.2.5 ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ :

પ્રો. માર્શલે ગોસેન, બેન્થામ અને જેવોન્સનાં લખાણોના આધારે આ નિયમની રજૂઆત કરી. માનવીની કોઈપણ એક જરૂરીયાત સંતોષી શકાય છે. વસ્તુનાં એકમો જેમ જેમ વધતા જાય છે તેમ તેમ ક્રમિક વધારાના એકમમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે, એ એક સામાન્ય અનુભવ છે.

#### ક. આ નિયમની કેટલીક વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

એચ. એચ. ગોસેન : 'કોઈ એક વસ્તુના ઉપભોગમાં જેમ જેમ વધારો કરતા જઈએ તેમ તેમ સંપૂર્ણ તૃપ્તિ ન થાય ત્યાં સુધી તેમાંથી મળતો સંતોષ ઘટતો જાય છે.

આલ્ફ્રેડ માર્શલ : 'કોઈ પણ વસ્તુનાં જથ્થામાં દરેક વધારાનાં એકમ દ્વારા વ્યક્તિને જે વધારાનો સંતોષ પ્રાપ્ત થાય છે, તે સંતોષ એ જથ્થામાં થતા પ્રત્યેક વધારા સાથે ઘટતો જાય છે.'

#### ખ. નિયમની ધારણાઓ (મર્યાદાઓ) :

આ નિયમ વ્યવહારમાં સાચો ઠરે એટલા માટે કેટલીક ધારણાઓ કરવામાં આવે છે. જો ધારણાઓ પ્રમાણેની પરિસ્થિતિ ન રહે તો ઘટતાં સીમાંત તુષ્ટિગુણનો નિયમ સાચો ન ઠરે એવું બને. આમ આ ધારણાઓ આ નિયમની મર્યાદાઓ સૂચવે છે.


**(1) વસ્તુના એકમો યોગ્ય અને એકસરખાં કદના :** ઉપભોગમાં લેવામાં આવતી વસ્તુના એકમો યોગ્ય કદના હોવા જોઈએ. જો શરૂઆતમાં નાના કદમાં વસ્તુ આપ

વામાં આવે તો સીમાંત તુષ્ટિગુણ ઘટવાને બદલે વધે તેવું બને.

| વસ્તુના એકમો | સીમાંત તુષ્ટિગુણ(એકમો) |
|---|---|
| 1 | 5 |
| 2 | 3 |
| 3 | 2 |
| 4 | 1 |
| 5 | 0 |
| 6 | -2 |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરીએ તો જણાશે કે વસ્તુનાં વધુ ને વધુ એકમોનો ઉપભોગ કરવાથી સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે. પાંચમાં એકમનો ઉપભોગ કરવાથી સીમાંત તુષ્ટિગુણ શૂન્ય થાય છે. આનો અર્થ એ થાય કે, ગ્રાહકની તે વસ્તુની જરૂરીયાત સંપૂર્ણ રીતે સંતોષાઈ ગઈ છે. છઠ્ઠા એકમનો ઉપભોગ ગ્રાહકને બિનતુષ્ટિગુણ કે અસંતોષ આપે છે.

**આકૃતિ દ્વારા રજૂઆત :**




**ઘટતા સીમાંત તુષ્ટિગુણનો વક્ર**

સમજૂતી : ઉપરોક્ત આકૃતિમાં OX ધરી પર વસ્તુના એકમો અને OY ધરી પર સીમાંત તુષ્ટિગુણ એકમોમાં આપેલ છે. MM રેખા સીમાંત તુષ્ટિગુણનો વક્ર છ. આકૃતિ જોતાં જણાય છે કે, (1) સીમાંત તુષ્ટિગુણ રેખાનો ઢાળ ઋણ છે જે એવું દર્શાવે છે કે, વસ્તુના જથ્થા અને સીમાંત તુષ્ટિગુણ વચ્ચે વ્યસ્ત સંબંધ છે. (2) સીમાંત

તુષ્ટિગુણ રેખા પાંચમાં એકમ આગળ પાયાની રેખાને છેદે છે જે એમ દર્શાવે છે કે પાંચમાં એકમના ઉપભોગે સીમાંત તૃષ્ટિગુણ શૂન્ય થાય છે (3) પાયાની રેખાના નીચેના ભાગમાં આવેલ સીમાંત તુષ્ટિગુણ રેખા ઋણ તુષ્ટિગુણ કે અસંતોષ દર્શાવે છે. આ સ્થિતિએ પહોંચતા પહેલાં જ ગ્રાહક વસ્તુનો ઉપભોગ અટકાવી દે છે.

**ગ. સીમાંત તુષ્ટિગુણ શા માટે ઘટે છે ? આ માટે બે કારણો જવાબદાર છે :**

**(1) વસ્તુઓ એકબીજાની સંપૂર્ણ અવેજી હોતી નથી :** કોઈ એક વસ્તુ અન્ય વસ્તુની સંપૂર્ણ અવેજી બની શકતી નથી. વસ્તુઓ એકબીજાની સપૂર્ણ અવેજી હોય છે. જો આમ ન હોત તો ઘટતાં સીમાંત તુષ્ટિગુણનો નિયમ અમલમાં આવત નહિ.

**(2) અમુક જરૂરીયાત કોઈ એક સમયે સંતોષી શકાય છે :** જો કોઈ એક સમયે અમુક ચોક્કસ જરૂરીયાત સંપૂર્ણપણે સંતોષી શકાય નહિ તો ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ અમલમાં આવી શકે નહિ.

**ઘ. નિયમના અપવાદો :**

આ નિયમના કેટલાક અપવાદો છે નીચે મુજબ રજૂ કરી શકાયઃ

**(1) દારૂનો ઉપયોગ :** દારૂડીયો જેમ જેમ વધુ ને વધુ દારૂ પીતો જાય તેમ તેમ દારૂ પીવા માટેની તેની ઈચ્છા વધતી જાય છે. આ પરથી એમ કહી શકાય કે દારૂના ઉપભોગમાં સીમાંત તુષ્ટિગુણ ઘટવાને બદલે વધે છે.

**(2) કંજૂસ માણસનું વર્તન :** કંજૂસ માણસ જેમ જેમ વધુ ને વધુ ધન એકઠું કરતો જાય છે તેમ તેમ તેની ધન એકઠું કરવાની ઈચ્છા વધતી જ જાય છે. આથી કંજૂસ માણસના વર્તન સંદર્ભે ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ અપવાદ છે.

**(3) પ્રાચીન વસ્તુનો સંગ્રહ :** પ્રાચીન વસ્તુઓ જેવી કે, પોસ્ટની જૂની ટિકિટો, જૂના ચલણી સિક્કાઓ, પ્રાચીન મૂર્તિઓ વગેરેનો સંગ્રહ આ નિયમનો અપવાદ ગણાય છે. કારણ કે આવી વસ્તુઓનો સંગ્રહ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તે વસ્તુઓ મેળવવાની વ્યક્તિની ઈચ્છા અધિક તીવ્ર થતી જાય છે. એટલે કે વસ્તુમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ વધતો જાય છે.

**(4) જ્ઞાન-જિજ્ઞાસા :** વ્યક્તિ જેમ જેમ વધુ જ્ઞાન મેળવતી જાય તેમ તેમ તેની જ્ઞાનજિજ્ઞાસા વધુ તીવ્ર બને છે. આથી સીમાંત તુષ્ટિગુણ ઘટવાને બદલે વધતો જાય છે.

**ચ. નિયમની ટીકા :**

(1) ઘટતા સીમાંત તુષ્ટિગુણનાં નિયમમાં એવી ધારણા રહેલી છે કે, તુષ્ટિગુણ સંખ્યાત્મક રીતે એકમોમાં માપી શકાય છે. પરંતુ તુષ્ટિગુણ આત્મલક્ષી અને મનોવૈજ્ઞાનિક બાબત હોવાથી તેને સંખ્યાત્મક રીતે એકમમાં શી રીતે માપી શકાય ?

(2) આ નિયમમાં વસ્તુનાં એકમોના કદ, ગુણવત્તા, કિંમત, ગ્રાહકની માનસિક

સ્થિતિ, ઉપભોગનું સાતત્ય, અન્ય પરિબળોની યથાવત્ સ્થિતિ વગેરે સંબંધી અવાસ્તવિક ધારણાઓ રહેલી છે. વ્યવહારમાં આ બધી ધારણાઓ કોઈ એક સમયે એકીસાથે ભાગ્યે જ સંતોષાય છે.

(3) નાણાનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર રહે છે એવી અવાસ્તવિક ધારણા પણ આ નિયમમાં રહેલી છે.

(4) ટકાઉ વપરાશી વસ્તુઓ જેવી કે, ટી.વી. સેટ, સ્કૂટર, મકાન વગેરે કોઈ એક સમયે સામાન્ય રીતે એક એકમમાં ખરીદાય છે. તેથી ગ્રાહક આવી વસ્તુની ખરીદી વધારે તો તેમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઘટે છે એવી રજૂઆત કરવી અવાસ્તવિક લાગે છે.

**છ. નિયમનું મહત્વ અને ઉપયોગિતા :**

આ નિયમ કરવેરા અને જાહેર ખર્ચની નીતિ ઘડવામાં માર્ગદર્શન રૂપ બને છે. વસ્તુની કિંમત ઘટાડી વેચાણ વધારવા અંગેની નીતિ ઘડવામાં આ નિયમ ઉત્પાદકોને માર્ગદર્શક બને છે. માંગ રેખાનો ઢાળ શા માટે ઋણ હોય છે તેની સમજૂતી આ નિયમ દ્વારા આપી શકાય છે. ઉપરાંત, ગ્રાહકનાં અધિક સંતોષનો ખ્યાલ પણ આ નિયમ દ્વારા સમજાવી શકાય છે.

(1) કોઈ એક વસ્તુના ઉપભોગ અને ખરીદી બાબતમાં બુધ્ધિપૂર્વક વર્તનાર ગ્રાહકના વર્તનને આ નિયમ યોગ્ય રીતે સમજાવે છે. તે ગ્રાહકની સમતુલાની શરતો તારવવામાં મદદરુપ થાય છે.

(2) દરેક પ્રકારની વસ્તુ અને સેવાના ઉપભોગમાં ઘટતો જતો તુષ્ટિગુણ એ એક સનાતન અને સાર્વત્રિક સત્ય છે. જો તેમ ન હોત તો કોઈ એક સમયે અમુક જરુરિયાત સંપુર્ણ રીતે સંતોષી શકાત નહીં. આ હકીકતને આ નિયમ દ્વારા વૈજ્ઞાનિક રીતે સમજાવવામાં આવે છે.

(3) ઘટતા સીમાંત તુષ્ટિગુણના નિયમ દ્વારા મૂલ્યોનો વિરોધાભાસ સમજાવી શકાય છે. હવા, પાણી, પ્રકાશ વગેરે ઉપયોગી હોવા છતા તેની કિંમત ઓછી છે અથવા બિલકુલ હોતી નથી. જ્યારે હીરા, મોતી, સોનું વગેરે બહુ ઉપયોગી ના હોવા છતાં તેની કિંમત ઘણી વધુ હોય છે. આને મૂલ્યોનો વિરોધાભાસ કહેવાય.

(4) આ નિયમ કરવેરા અને જાહેર ખર્ચની નીતિ ઘડવામાં માર્ગદર્શનરુપ બને છે. ગરીબો કરતાં ધનિકોને નાણામાંથી સીમાંત તુષ્ટિગુણ ઘણો ઓછો મળે છે. કારણ કે, તેમની પાસે નાણાનું પ્રમાણ વધુ હોય છે. આથી જ વ્યવહારમાં આપણે જોઇએ છીએ કે, ગરીબોની તુલનામાં ધનીકોને ઘણી છુટથી નાણાં ખર્ચતા હોય છે.આના આધારે કહી શકાયકે, ધનીકો પાસેથી ઊંચા દરે અને ગરીબો પાસેથી નીચા દરે કરવેરા વસૂલ કરવા જોઈએ.

એ જ રીતે જાહેર ખર્ચની નીતિ બાબતમાં એમ કહી શકાય કે, જે જાહેર ખર્ચથી ગરીબ વર્ગને વિશેષ લાભ થાય તેમાં વધારો કરવો જોઇએ, કારણ કે આ વર્ગને નાણામાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઘણો ઊંચો હોય છે. આમ, પ્રગતિશીલ કરવેરાની નીતિ અને જાહેર ખર્ચ અંગેની યોગ્ય નીતિ અમલમાં મૂકીને અને એ રીતે આવકની અસમાનતા ઘટાડીને આર્થિક અને સામાજિક ન્યાયની દિશામાં આગળ વધવાની બાબતમાં આ

નિયમ નાણાપ્રધાનને માર્ગદર્શન આપે છે.

(5) વસ્તુની કિંમત ઘટાડી વેચાણ વધારવા અંગેની નીતિ ઘટાડવામાં આ નિયમ ઉત્પાદકોને માર્ગદર્શન બને છે. જ્યારે વસ્તુની કિંમત ઘટે છે ત્યારે ગ્રાહકે સમતુલા પ્રાપ્ત કરવા માટે વસ્તુમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઘટાડવો પડે છે. સીમાંત તુષ્ટિગુણ ઘટાડવા માટે વસ્તુના વધુ એકમોની ખરીદી જરુરી બને છે. પરિણામે ઉત્પાદકે વસ્તુનું ઉત્પાદન વધારવું આવશ્યક બને છે. આ રીતે કિંમત ઘટાડો ઉત્પાદન વૃધ્ધિને પ્રોત્સાહન આપે છે.

(6) માંગ રેખાનો ઢાળ શા માટે ઋણ હોય છે તેની સમજૂતી આ નિયમ દ્વારા આપી શકાય છે. કોઈ એક વસ્તુ જ્યારે આપણે વધુને વધુ પ્રમાણમાં ખરીદીએ છીએ ત્યારે તેના વધારાના એકમમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે. વસ્તુમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ વસ્તુની કિંમત નક્કી કરે છે. સીમાંત તુષ્ટિગુણ ઘટતો જતો હોય ત્યારે વસ્તુની કિંમત ઘટાડવામાં આવે તો જ તેની ખરીદી કે માંગ વધુ પ્રમાણમાં થાય છે. આમ, કિંમત અને માંગ વચ્ચે અવળો સંબંધ જોવા મળે છે. તેથી માંગ રેખાનો ઢાળ ઋણ હોય છે.

(7) ગ્રાહકોના અધિક સંતોષનો ખ્યાલ આ નિયમ દ્વારા સમજાવી શકાય, કોઈ પણ વસ્તુની ખરીદી કરતી વખતે વસ્તુમાંથી મળતા સીમાંત તુષ્ટિગુણ જેટલી તેની કિંમત ચૂકવવામા આવે છે. હવે કેટલીકવાર એવું બને છે વસ્તુમાથી મળતા સીમાંત તુષ્ટિગુણ કરતાં તેના માટે વાસ્તવમાં ઓછી કિંમત ચૂકવવાની થાય છે. પરિણામે ગ્રાહકને તે વસ્તુના ઉપભોગથી કેટલોક વિશેષ આનંદ કે અધિક સંતોષ પ્રાપ્ત થાય છે.

### 2.2.6 સમ-સીમાંત તુષ્ટિગુણનો નિયમ :

મહત્તમ સંતોષની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઉપભોક્તા પોતાની મર્યાદિત આવકને વિવિધ વસ્તુઓ પર એવી રીતે વાપરવાનો પ્રયત્ન કરે છે કે જેથી દરેક વસ્તુ પર થતા ખર્ચનાં છેલ્લા એકમમાંથી મળતો તુષ્ટિગુણ (સીમાંત તુષ્ટિગુણ) સરખો થઈ રહે. જો જુદી જુદી વસ્તુઓ પર ખર્ચાતા નાણાના છેલ્લા એકમમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ સરખો ન હોય તો એક વસ્તુની ખરીદી ઘટાડી બીજી વસ્તુની ખરીદી વધારવાથી કુલ તુષ્ટિગુણમાં વધારો થઈ શકે છે. આમ, વસ્તુઓની અવેજી દ્વારા છેવટે ખરીદાયેલી બધી વસ્તુઓનો સીમાંત તુષ્ટિગુણ સરખો થઈ રહે છે. અને ત્યારે જ ઉપભોક્તાની સમતુલા પ્રાપ્ત થાય છે.

આ નિયમ અવેજીના નિયમ તરીકે પણ ઓળખાય છે, કારણ કે આ નિયમ અનુસાર ગ્રાહક મહત્તમ સંતોષ મેળવવા માટે ઓછા સીમાંત તુષ્ટિગુણ વાળી વસ્તુની અવેજીમાં વધુ સીમાંત તુષ્ટિગુણવાળી વસ્તુ ખરીદે છે. ગ્રાહક મહત્તમ સંતોષ કેવી રીતે મેળવે છે તે અંગે આ નિયમ માર્ગદર્શન આપતો હોવાથી તે મહત્તમ સંતોષ ના નિયમ તરીકે પણ જાણીતો છે.

સમસીમાંત તુષ્ટિગુણનો નિયમ ગોસેનનાં બીજા નિયમ તરીકે પણ ઓળખાય છે.

#### ક. નિયમની વ્યાખ્યા :

- **એચ. એચ. ગોસેન :** જ્યારે ખરીદવમાં આવતી જુદી જુદી વસ્તુઓ પાછળ ખર્ચવામાં આવતા નાણાના સીમાંત એકમમાંથી એકસરખો તુષ્ટિગુણ મળી રહે ત્યારે મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય છે.

- **આલ્ફ્રેડ માર્શલ :** જો વ્યક્તિ પાસે એવી વસ્તુ હોય કે જેના અનેક ઉપયોગો થઈ શકતા હોય તો તે એ વસ્તુના જુદા જુદા ઉપયોગ વચ્ચે એવી રીતે ફાળવણી કરશે કે જેથી તેના બધા ઉપયોગોમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ એકસરખો થઈ રહે.

**ખ. ધારણાઓ : આ નિયમમાં નીચે પ્રમાણે ધારણાઓ કરવામાં આવી છે.**

(1) ગ્રાહક બુદ્ધિપૂર્વક વર્તે છે, કારણે કે તેનો હેતુ મહત્તમ સંતોષ મેળવવાનો છે.

(2) ગ્રાહક એક કરતા વધારે વસ્તુઓ ખરીદે છે.

(3) દરેક વસ્તુમાંથી મળતા તુષ્ટિગુણ બાબતમાં ગ્રાહક સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે.

(4) ગ્રાહકનું વસ્તુઓની પસંદગીનું ધોરણ આપેલું છે.

(5) ખરીદવામાં આવતી વસ્તુઓ વિભાજન ક્ષમ છે.

(6) ગ્રાહકની આવક મર્યાદિત છે.

(7) વસ્તુઓની કિંમત સ્થિર છે એટલે કે કિંમતમાં ફેરફાર થતો નથી.

(8) નાણાનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર રહે છે.

**ગ. સમજૂતી :** મર્યાદિત આવક વડે એક કરતાં વધુ વસ્તુઓ ખરીદવાની હોય ત્યારે ગ્રાહક કેવી રીતે મહત્તમ સંતોષ મેળવશે એ બાબત હવે આપણે સમસીમાંત તુષ્ટિગુણના નિયમની મદદથી સમજીએ.

આ સ્થિતિમાં ગ્રાહક જુદી જુદી વસ્તુની ખરીદી તેટલા પ્રમાણમાં કરશે કે જેથી દરેક વસ્તુમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ અને દરેક વસ્તુ માટે ખર્ચવામાં આવતાં નાણાનો સીમાંત તુષ્ટિગુણ એક સરખો થઈ રહે. બીજી રીતે કહીએ તો દરેક વસ્તુનો સીમાંત તુષ્ટિગુણ અને દરેક વસ્તુની કિંમતનો ગુણોત્તર સમાન થઈ રહે તેટલા પ્રમાણમાં જુદી જુદી વસ્તુની ખરીદી કરવાથી ગ્રાહકને મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય છે. સૂત્રનાં રૂપમાં કહીએ તો ગ્રાહક નીચેની શરત સંતોષાય ત્યારે સમતુલા પ્રાપ્ત કરે છે.

$$\frac{(\text{A- વસ્તુનો સી. તુ. ગુ.})}{(\text{A- વસ્તુની કિંમત})} = \frac{(\text{B- વસ્તુનો સી. તુ. ગુ.})}{(\text{B- વસ્તુની કિંમત})}$$

હવે આપણે આ નિયમને એક ઉદાહરણની મદદ થી સમજીએ :

(1) ગ્રાહકની આવક રૂ.48 છે.

(2) તે પોતાની બધી જ આવક A, B અને C એવી અનેકવિધ વસ્તુની ખરીદી પાછળ ખર્ચવા માગે છે.

(3) A, B અને C વસ્તુની એકમદીઠ કિંમત અનુક્રમે રૂ. 4, 6 અને 10 છે.

(4) ગ્રાહક ચોક્કસ પ્રકારનું પસંદગીનું ધોરણ અપનાવે છે જે A, B અને C વસ્તુમાંથી મળતા સીમાંત તુષ્ટિગુણ દ્વારા વ્યક્ત થાય છે.

સીમાંત તુષ્ટિગુણની અનુસૂચિ

| વસ્તુનાં એકમો | A નો સી. તુ. ગુ. | B નો સી. તુ. ગુ. | C નો સી. તુ. ગુ. |
|---|---|---|---|
| 1 | 68 | 54 | 30 |
| 2 | 44 | 30 | 20 |
| 3 | 28 | 18 | 15 |
| 4 | 16 | 12 | 10 |
| 5 | 12 | 6 | 5 |

સીમાંત તુષ્ટિગુણના આંકડાનો તુલનાત્મક અભ્યાસ કરતાં જણાશે કે ગ્રાહક કરતાં B ને અને B કરતાં A વસ્તુને વધુ પસંદ કરે છે, કારણ કે તેને C કરતાં A ના દરેક એકમાંથી અને B કરતા A ના દરેક એકમમાં સીમાંત તુષ્ટિગુણ વધુ પ્રમાણમાં મળે છે.

હવે આપણે એ હકીકત તપાસીએ કે મહત્તમ સંતોષનો હેતુ ધરાવતો ગ્રાહક પોતાની રૂા.48 ની આવક દ્વારા જુદી જુદી કિંમતવાળી A, B અને C વસ્તુના કેટલા એકમો ખરીદશે. બીજી રીતે કહીએ તો A, B અને C ના કેટલાં કેટલાં એકમોની ખરીદી કરી તે સમતુલા પ્રાપ્ત કરશે.

**સીમાંત તુષ્ટિગુણ અને કિંમતના ગુણોત્તરની ગણતરી**

| વસ્તુનાં એકમો | A નો સી. તુ. ગુ. | B નો સી. તુ. ગુ. | C નો સી. તુ. ગુ. |
|---|---|---|---|
| | A ની કિંમત | B ની કિંમત | C ની કિંમત |
| 1 | 68/4=17 | 54/6=9 | 30/10=3 |
| 2 | 44/4=11 | 30/6=5 | 20/10=2 |
| 3 | 28/4=7 | 18/6=3 | 15/10=1.5 |
| 4 | 16/4=4 | 12/6=2 | 10/10=1 |
| 5 | 12/4=3 | 6/6=1 | 5/10=0.5 |

હવે સમસીમાંત તુષ્ટિગુણના નિયમ મુજબ નીચેની શરતોનું પાલન થાય ત્યારે ગ્રાહકને મહત્તમસંતોષ મળી શકે.

$$\frac{(\text{A નો સી. તુ. ગુ.})}{(\text{A ની કિંમત})} = \frac{(\text{B નો સી. તુ. ગુ.})}{(\text{B ની કિંમત})} = \frac{(\text{C નો સી. તુ. ગુ.})}{(\text{C ની કિંમત})}$$

આ ગણતરીનાં આધારે કહી શકાય કે ગ્રાહકઃ

(1) A વસ્તુ પાછળ રૂા.20 ખર્ચીને તેનાં 5 એકમો ખરીદશે.

(2) B વસ્તુ પાછળ રૂા.18 ખર્ચીને તેનાં 3 એકમો ખરીદશે.


(3) C વસ્તુ પાછળ રૂા.10 ખર્ચીને તેનાં 1 એકમ ખરીદશે.

આ રીતે ગ્રાહક આપેલી આવક રૂા.48/- A, B અને C પાછળ ખર્ચશે.
(20+18+10 = 48)


A, B અને C એ ત્રણેય વસ્તુના અનુક્રમે 5, 3 અને 1 એકમ જેટલી ખરીદી કરવામાં આવશે. પરિણામે ત્રણેય વસ્તુનાં તેટલાં એકમોની ખરીદી દ્વારા જે કુલ તુષ્ટિકરણ પ્રાપ્ત થાય છે તે મહત્તમ બને છે.

A ના 5 એકમોની ખરીદીમાંથી મળતો કુલ તુષ્ટિગુણ 168+B નાં 3 એકમોની ખરીદીમાંથી મળતો કુલ તુષ્ટિગુણ 102+C નાં 1 એકમની ખરીદીમાંથી મળતો કુલ તુષ્ટિગુણ 30 = 300 જે આપેલી સ્થિતિમાં સૌથી વધુ કુલ તુષ્ટિગુણ છે.


આકૃતિ દ્વારા રજૂઆત :




આકૃતિ ૧




આકૃતિ ૨




આકૃતિ ૩

**સમસીમાંત તુષ્ટિગુણનાં વક્રો**

**સમજૂતી :**

(1) ઉપરોક્ત આકૃતિ (1) માં OX ધરી પર A વસ્તુનાં એકમો અને OY ધરી પર A વસ્તુનો સીમાંત તુષ્ટિગુણ અને કિંમત ગુણોત્તર લેવામાં આવ્યો છે.

(2) ઉપરોક્ત આકૃતિ (2) માં OX ધરી પર B વસ્તુનાં એકમો અને OY ધરી પર B વસ્તુનો સીમાંત તુષ્ટિગુણ અને કિંમત ગુણોત્તર લેવામાં આવ્યો છે.

(3) ઉપરોક્ત આકૃતિ (૩) માં OX ધરી પર C વસ્તુનાં એકમો અને OY ધરી પર C વસ્તુનો સીમાંત તુષ્ટિગુણ અને કિંમત ગુણોત્તર લેવામાં આવ્યો છે.

(4) ત્રણેય આકૃતિમાં $MM_1$, વક્ર, $MM_2$ અને $MM_3$ વક્ર એ અનુક્રમે A, B અને C વસ્તુના સીમાંત તુષ્ટિગુણ અને કિંમતનો ગુણોત્તર દર્શાવતા વક્રો છે.

**ઉપરોક્ત આકૃતિમાં તપાસતાં જણાય છે કે,**

(1) ગ્રાહક પોતાની પાસેની રૂા.48 ની આવક A, B અને C વસ્તુની ખરીદી પાછળ એવી રીતે ખર્ચે છે કે જેથી તે દરેક વસ્તુની આપેલી કિંમતે A ના 5 એકમ, B ના 3 એકમ અને C નું 1 એકમ ખરીદે છે.

(2) આ રીતે ખરીદી કરવાથી A, B અને C વસ્તુનો સીમાંત તુષ્ટિગુણ અને કિંમતનો ગુણોત્તર એક સરખો થાય છે. આકૃતિમાં જોતાં જણાશે કે તે ત્રણેય વસ્તુની બાબતમાં 3 જેટલો છે.

(3) ઉપર આકૃતિમાં આપેલી રીતે જ ત્રણેય વસ્તુની ખરીદી કરવાથી ગ્રાહકને મહત્તમ સંતોષ મળે છે અને તેથી સ્વાભાવિક રીતે જ ગ્રાહક એ સ્થિતિમાં સમતુલા પ્રાપ્ત કરે છે.

**ઘ. મર્યાદાઓ :**

(1) સમસીમાંત તુષ્ટિગુણનો નિયમ બુદ્ધિપૂર્વકના વર્તનની અવાસ્તવિક ધારણા પર રચાયેલી છે.

(2) વસ્તુની કિંમત, ગ્રાહકની પસંદગીનું ધોરણ વગેરેને સ્થિર માની લેવામાં આવ્યા છે. હકીકતમાં આ પરીબળો બદલાયા કરે છે.

(3) તુષ્ટિગુણ સંખ્યાત્મક રીતે માપી શકાય છે તથા નાણાનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર રહે છે એવી અવાસ્તવિક ધારણાઓ આ નિયમમાં રહેલી છે.

(4) અવિભાજય વસ્તુઓને આ નિયમ લાગુ પાડી શકાય નહિં.

(5) વસ્તુઓની કિંમત અને જુદી જુદી વસ્તુમાંથી મળતા સીમાંત તુષ્ટિગુણ વિષે ગ્રાહક સંપૂર્ણ જાણકારી ધરાવે છે. એવી માન્યતા આ નિયમમાં રહેલી છે. વાસ્તવમાં દરેક ગ્રાહક બજાર વિષેનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતો હોતો નથી.

**ચ. નિયમનું મહત્વ :**

સમસીમાંત તુષ્ટિગુણના નિયમની કેટલીક મર્યાદાઓ હોવા છતાં તે કેટલીક બાબતોમાં માર્ગદર્શકરૂપ બને છે. બુદ્ધિપૂર્વક વર્તતા ગ્રાહકનાં વર્તનનું વિશ્લેષણ કરવા માટે તે એક સૈદ્ધાંતિક ભૂમિકા પૂરી પાડે છે. તે ગ્રાહકની સમતુલાની શરત તારવવા માટે તાર્કિક પાયો રજૂ કરે છે. પ્રણાલિગત એવા મૂલ્યના સિદ્ધાંત માટે તે પૂર્વભૂમિકા તૈયાર કરી આપે છે. જુદી જુદી વસ્તુઓની ખરીદીમાંથી કઈ રીતે મહત્તમ સંતોષ પ્રાપ્ત કરી શકાય તે અંગેનું માર્ગદર્શન ગ્રાહકને મળે છે. જુદા જુદા ઉપયોગો વચ્ચે ઉત્પાદનનાંસાધનની ઈષ્ટતમ ફાળવણી કરવા બાબતમાં આ નિયમ માર્ગદર્શક બને છે. વગેરે.

## 2.2.7 : તુષ્ટિગુણ વિશ્લેષણની મર્યાદાઓ

તુષ્ટિગુણ વિશ્લેષણમાં રહેલી મર્યાદાઓ નીચે મુજબ છે.

1. તુષ્ટિગુણ વિશ્લેષણમાં એવી ધારણા રહેલી છે કે, તુષ્ટિગુણ સંખ્યાત્મક રીતે એક્મોમાં માપી શકાય છે. તુષ્ટિગુણના સરવાળા અને બાદબાકી થઈ શકે છે. પરંતુ તુષ્ટિગુણ આત્મલક્ષી અને મનોવૈજ્ઞાનિક બાબત છે. તેથી તેને સંખ્યાત્મક રીતે માપી શકાય?

2. તુષ્ટિગુણ વિશ્લેષણમાં વસ્તુના એકમોના કદ, ગુણવતા, કિંમત, ગ્રાહકની માનસિક સ્થિતિ, ઉપભોગનું સાતત્ય, અન્ય પરિબળોની યથાવત સ્થિતિ વગેરે સંબધી અવા-સ્તવિક ધારણાઓ રહેલી છે.

3. તુષ્ટિગુણ વિશ્લેષણમાં નાણાના સીમાંત તુષ્ટિગુણને સ્થિર ધારી લેવામાં આવ્યો છે. જે અવાસ્તિક છે.

4. ટકાઉ વસ્તુઓની બાબતમાં સીમાંત તુષ્ટિગુણના ઘટાડાની અવાસ્તવિક ધારણા કરવામાં આવી છે.

5. વસ્તુઓની કિંમત અને જુદી જુદી વસ્તુમાંથી મળતા સીમાંત તુષ્ટિગુણ વિષે ગ્રાહક

સંપૂર્ણ જાણકારી ધરાવે છે, તેવી માન્યતા તુષ્ટિગુણ વિશ્લેસણમાં કરવામાં આવી છે. પણ ઘણી વાર ગ્રાહકોને અજ્ઞાન હોય એવું જોવા મળ્યું છે.

## 2.3 તટસ્થતા વક્ર વિશ્લેષણ અને ઉપભોક્તાનું વર્તન :

તટસ્થતા વક્ર વિશ્લેષણ તુષ્ટિગુણ વિશ્લેષણનાં વિકલ્પ તરીકે અસ્તિત્વમાં આવ્યું. માંગનો નિયમ તુષ્ટિગણ વિશ્લેષણનાં આધારે તારવવામાં આવ્યો હોવાથી તે તુષ્ટિગુણ વિશ્લેષણની ખામીઓનો ભોગ બન્યો. માંગના નિયમને તુષ્ટિગુણનાખ્યાલની મદદ વિના સમજાવવાનો પ્રથમ પ્રયત્ન એજ વર્ષે 1881 માં કર્યો. ત્યાર પછી ફિશર, પેરેટો અને સ્લ્ટ્સ્કીએ એજ વર્ષના અસ્પષ્ટ ખ્યાલોને વિશ્લેષણક્ષમ બનાવ્યા. છેલ્લે, હિકસ અને એલને તટસ્થ રેખાઓના વિશ્લેષણ દ્વારા માંગનો નિયમ, તુષ્ટિગુણના ખ્યાલની સહાય વગર પણ સમજાવી શક્ય છે એ સિદ્ધ કર્યુ. તટસ્થ રેખાઓની નવી પદ્ધતિ હવે માત્ર માંગના સિદ્ધાંતો પૂરતી મર્યાદિત ન રહી, પણ આર્થિક વિશ્લેષણનાં અનેકવિધ ક્ષેત્રોમાં તેનો ઉપયોગ શરૂ થયો. આંતર રાષ્ટ્રીય વ્યાપારના લાભો સમજાવવામાં, વ્યાપારની શરતો નક્કી કરવામાં, ઉત્પાદન એકમની સમતુલા શોધવમાં કે પ્રત્યક્ષ અને પરોક્ષ કરોની સાપેક્ષ અસરોનો અભ્યાસ કરવામાં પણ આ પદ્ધતિનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થયો છે. અહીં આપણે ઉપભોક્તાની માંગને તટસ્થરેખા પદ્ધતિની સહાયથી સમજાવાનો પ્રયત્ન કરીશું.

**તટસ્થતા વક્રવિશ્લેષણની ધારણાઓ :**

(1) કોઈ એક વસ્તુમાંથી મળતો તુષ્ટિગુણ માપી શકાતો નથી, પરંતુ વ્યક્તિ જુદી જુદી વસ્તુઓ વચ્ચે પસંદગી કરે તેના આધારે વ્યક્તિને શેમાંથી વધારે સંતોષ મળે છે તે કહી શકાય છે.

(2) તટસ્થરેખા વિશ્લેષણમાં અમુક સમયે વ્યક્તિને કોઈ એક વસ્તુના ઉપભોગમાંથી મળતા સંતોષનો વિચાર કરવામાં આવતો નથી, પણ એક થી વધુ વસ્તુઓનાં સંયોજનોમાંથી મળતા સંતોષનો વિચાર કરવામાં આવે છે.

### 2.3.1 તટસ્થ વક્ર એટલે શું ?


તટસ્થ વક્રનો અર્થ સમજવા માટે તટસ્થ અનુસૂચિ તૈયાર કરવી જરૂરી છે. ઉપભોક્તાની પસંદગીના ધોરણોને આધારે તટસ્થતાની અનુસૂચિ તૈયાર કરી શકાય. કોઈપણ બે વસ્તુઓનાં ભિન્ન ભિન્ન સંયોજનો ઉપભોક્તાને સરખો સંતોષ આપતાં હોય ત્યારે તેવાં સંયોજનોની અનુસૂચિને તટસ્થતા અનુસૂચિ કહે છે. આવા સંયોજનો વચ્ચે ઉપભોક્તા તટસ્થ છે, કારણ કે તેને આવા પ્રત્યેક સંયોજનમાંથી મળતો કુલ સંતોષ સરખો છે અને આવા પ્રત્યેક સંયોજનો પ્રત્યે તે તટસ્થ છે. ગમે તે સંયોજન મળે તો પણ તેને વાંધો નથી. આથી તે તટસ્થ વક્ર સમતૃપ્તિ વક્ર તરીકે પણ ઓળખાય છે.

ધારો કે બે વસ્તુઓ – નારંગી અને સફરજન – નાં નીચે દર્શાવેલા ભિન્ન ભિન્ન સંયોજનોમાંથી ઉપભોક્તાને સરખો સંતોષ મળે છે. આથી આ સંયોજનોની અનુસૂચિને તટસ્થતા અનુસૂચિ કહી શકાય.

**તટસ્થતા અનુસૂચિ**

| સરખો સંતોષ આપતા સંયોજનો | નારંગી + સફરજન |
|---|---|
| P | 20 + 1 |
| Q | 16 + 2 |
| R | 13 + 3 |
| S | 11 + 4 |
| T | 10 + 5 |

ઉપરોક્ત અનુસૂચિમાંથી એ ફલિત થાય છે કે, ઉપભોક્તાને 20 નારંગી + 1 સફરજનમાંથી મળતો સંતોષ 16 નારંગી + 2 સફરજનમાંથી મળતા સંતોષ જેટલો છે. એજ રીતે ત્રીજા, ચોથા કે પાંચમાં સંયોજનમાંથી પણ તેને એટલો જ સંતોષ મળે છે. સફરજનને X ધરી પર અને નારંગીને Y ધરી પર લઈને આ પ્રમાણેનો તટસ્થ વક્ર દોરી શકાય.




અનુસૂચિ અને આકૃતિ પરથી તટસ્થ વક્રની વ્યાખ્યા આ રીતે આપી શકાય :


"ગ્રાહકને સરખા સંતોષ આપતા બે વસ્તુઓનાં જુદાં જુદાં સંયોજનોને દર્શાવતા બિંદુઓને જોડતો વક્ર એટલે તટસ્થ વક્ર"

## 2.3.2 તટસ્થ વક્રોનો નકશો :

બે વસ્તુઓ માટેની ગ્રાહકની રૂચિનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરવું હોય તો તટસ્થ વક્રોના નકશા દ્વારા રજૂ કરી શકાય. જુદા જુદા એકમોના સંયોજનોનાં બિંદુઓને જોડવામાં આવે તો તટસ્થ વક્રોનો નકશો મળી શકે. આ માટે તટસ્થ વક્રની જુદી જુદી અનુસૂચિ આ તૈયાર કરવી જોઈએ. જે આ પ્રમાણે છે :

| પહેલી અનુસૂચિ નારંગી + સફરજન | બીજી અનુસૂચિ નારંગી + સફરજ | ત્રીજી અનુસૂચિ નારંગી + સફરજ | ચોથી અનુસૂચિ નારંગી + સફરજ |
|---|---|---|---|
| 20 + 1 | 21 + 1 | 22 + 1 | 23 + 1 |
| 16 + 2 | 15 + 2 | 16 + 2 | 17 + 2 |
| 13 + 3 | 10 + 3 | 11 + 3 | 12 + 3 |
| 11 + 4 | 6 + 4 | 7 + 4 | 8 + 4 |
| 10 + 5 | 3 + 5 | 4 + 5 | 5 + 5 |

ઉપરોક્ત ચારેય અનુસૂચિને આધારે તટસ્થ વક્રોનો નકશો નીચે પ્રમાણે દોરી શકાય.




(1) આકૃતિમાં IC1, IC2, IC3, IC4 એમ ચાર તટસ્થ વક્રો આવેલા છે. જે ઉપરોક્ત ચારેય અનુસુચિઓને આધારે દોરેલા છે.

(2) IC1 વક્ર પર આવેલા M અને N બિંદુઓ સરખો સંતોષ આપે છે, પરંતુ IC2 વક્ર પર આવેલું R બિંદુ તેના કરતાં વધુ સંતોષ આપે છે. એજ રીતે IC3 પરનું G બિંદુ તેનાંથી વધારે અને IC4 પરનું V બિંદુ સૌથી વધારે સંતોષ આપે છે.

આ રીતે જોતા એમ કહી શકાય કે, જેમ તટસ્થ વક્ર જમણી તરફ ઉપર જાય તેમ તેના પરનાં બિંદુઓ દ્વારા રજૂ થતાં સંયોજનો વધારે સંતોષ આપે છે. તેથી વિરૂદ્ધ તે જેમ ડાબી બાજુ નીચે જાય તેમ તેના પરનાં બિંદુઓ દ્વારા રજૂ થતાં સંયોજનો ઓછો સંતોષ આપે છે.


### 2.3.3 તટસ્થ વક્રનાં લક્ષણો :


તટસ્થ વક્રનાં લક્ષણો આ પ્રમાણે છે.


**(1) તટસ્થ વક્ર ડાબી બાજુથી જમણી બાજુ નીચે તરફ ઢળતો હોય છે.**

અર્થાત્ તેનો ઢાળ ઋણ હોય છે. આ માટે અગાઉ આપેલી તટસ્થ વક્રની આકૃતિ જુઓ. જો તટસ્થરેખા નીચે ઢળતી રેખા ન હોય, તો ત્રણ વિકલ્પો છે : તે

પાયાને સમાંતર હોય, પાયાને લંબ હોય અથવા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર જતી રેખા હોય. આ વિકલ્પો નીચે ની આકૃતિઓમાં રજૂ કરવામાં આવ્યા છે.





ઉપરોક્ત આકૃતિની ત્રણેય રેખાઓ પર કોઈપણ બે બિંદુઓ લઈને સહેલાઈથી પુરવાર કરી શકાય કે તે બે બિંદુઓ સંતોષની સરખી સપાટી દર્શાવતા નથી. તટસ્થરેખા પરના તમામ બિંદુઓ સંતોષની સરખી સપાટી દર્શાવે છે તે પૂર્વશરત હોવાથી ઉપરની ત્રણ રેખાઓ પૈકી કોઈ પણ રેખા તટસ્થ રેખા બની શકે નહિ. પ્રથમ બે આકૃતિઓ બે વસ્તુઓનું અમુક સંયોજન A બિંદુએ મળે છે, પરંતુ B બિંદુએ બે વસ્તુઓ પૈકી એક વસ્તુનું પ્રમાણ અગાઉ જેટલું જ છે અને બીજી વસ્તુનું પ્રમાણ વધારે છે. આ સંજોગોમાં B બિંદુએ મળતો સંતોષ A બિંદુએ મળતા સંતોષ કરતાં વધારે હોવાનો. ત્રીજી આકૃતિમાં A બિંદુએ બે વસ્તુઓનું જે સંયોજન છે તેના કરતા B બિંદુએ બન્ને વસ્તુઓ વધારે પ્રમાણમાં છે. તેથી B બિંદુએ A બિંદુ કરતાં વધારે સંતોષ મળે છે. આમ, A અને B બિંદુઓ સંતોષની સરખી સપાટી દર્શાવતા ન હોવાથી તે એક તટસ્થ વક્ર પર હોઈ શકે નહિં. તેથી તટસ્થ વક્ર સમાંતર ન હોઈ શકે, લંબ ન હોઈ શકે અને ડાબી

બાજુથી જમણી બાજુ તરફ ઉપર જતી પણ ન હોઈ શકે તે ડાબી બાજુથી જમણી બાજુ તરફ નીચે ઢળતી હોય છે.

**(2) તટસ્થ વક્ર મૂળથી જોતા બાહ્ય ગોળ હોય છે.**

તટસ્થ વક્રનું આ લક્ષણ અવેજીના સીમાંત દર સાથે સંબંધ ધરાવે છે. સામાન્ય રીતે અવેજીનો સીમાંત દર ઘટતો હોય છે, એટલે કે સફરજનનો પ્રત્યેક વધારાનો એકમ મેળવવા માટે વ્યક્તિ અનુક્રમે નારંગીનાં ઓછા ને ઓછા એકમ આપવા માટે – જતા કરવા માટે – તૈયાર થાય છે. આનું કારણ એ છે કે જેમ જેમ તેની પાસે નારંગીનું સીમાંત પ્રમાણ ઘટતું જાય છે તેમ તેમ તેની દ્રષ્ટિએ નારંગીનું સીમાંત મહત્વ વધે છે અને તેથી તે નારંગીના ઓછા એકમો જતા કરવા તૈયાર હોય છે.


આથી ઊલટું, જો અવેજીનો સીમાંત દર વધતો હોય તો તટસ્થ વક્ર મૂળથી જોતા બાહ્યગોળ દેખાવાને બદલે અંતર્ગોળ દેખાશે; જે કે આ સ્થિતિ અનુભવ સાથે સુસંગત નથી. સીમાંત અવેજીનો દર વધતો હોય અને તે વધતો જ રહે તો વ્યક્તિની પાસે છેવટે એક જ વસ્તુ રહે, બે વસ્તુઓનાં સંયોજનનો પ્રશ્નઉપસ્થિત જ ન થાય.




ઉપરોક્ત આકૃતિમાં તટસ્થ વક્રનો IA ભાગ બહિર્ગોળ AB અંતર્ગોળ અને BC બહિર્ગોળ છે પહેલા અને છેલ્લા ભાગમાં અવેજીનો સીમાંત દર ઘટતો જાય છે, જ્યારે AB ભાગમાં તે વધતો જાય છે. તટસ્થરેખા આ રીતે ધરીથી જોતાં અંતર્ગોળ અપવાદરૂપ જ હોઈ શકે અને આવા આકારની તટસ્થરેખા હોય ત્યાર ઉપભોક્તા સમતુલા પ્રાપ્ત કરી શકે નહીં. અમુક સમય પછી અવેજીનો સીમાંત દર ઘટવાનો જ.


**(3) જમણી તરફ ઉપર આવેલો તટસ્થવક્ર નીચે વક્ર કરતાં સંતોષની ઊંચી સપાટી દર્શાવે છે.**

કોઈપણ બે તટસ્થ વક્રો લઈએ તો ઉપરના તટસ્થવક્રનું કોઈપણ બિંદુ નીચેના તટસ્થવક્ર પરના કોઈપણ બિંદુ કરતાં વધારે સંતોષ દર્શાવશે, કારણ કે બન્ને વસ્તુઓ પૈકી એક વસ્તુ કે બન્ને વસ્તુઓનું તે બિંદુએ વધારે પ્રમાણ પ્રાપ્ત થતું હશે.




આકૃતિમાં A બિંદુએ મળતા સંતોષ કરતા B અથવા E બિંદુએ મળતો સંતોષ વધારે છે. B અને E બિંદુઓ ઉપરનાં તટસ્થવક્ર પર આવેલા છે. A બિંદુએ વસ્તુઓનું સંયોજન AC + OC છે, જ્યારે B બિંદુએ તે BD + OD છે. દેખીતી રીતે જ, બીજુ સંયોજન વધારે સંતોષ આપે છે, કારણ કે તેમાં એક વસ્તુનું પ્રમાણ વિશેષ છે. આવું જ E બિંદુ માટે પણ કહી શકાય. આમ, ઉપરનો તટસ્થવક્ર સંતોષની વધુ ઊંચી સપાટી દર્શાવે છે, તે સાબિત કરી શકાય છે.

**(4) બે તટસ્થવક્રો એકબીજાને છેદતા નથી.**




પ્રસ્તુત આકૃતિમાં બે તટસ્થવક્રો છ બિંદુએ એકબીજાને છેદતા દર્શાવવામાં આવ્યા છે. હવે IC1, રેખા પર A બિંદુ આવેલું છે, જે સંતોષની અમુક નિશ્ચિત સપાટી દર્શાવે છે. સંતોષ કેટલો છે તે કહી શકાતું નથી, કારણ કે તે માપી શકાતો નથી. IC2 રેખા પર પણ અ બિંદુ આવેલું છે અને IC2 રેખા ઉપલો તટસ્થવક્ર હોવાથી ત્યાં મળતો સંતોષ IC1 રેખા પર મળતા સંતોષ કરતાં વધારે હોવાનો. પરંતુ છ બિંદુ તો એક જ બિંદુ છે. તે બિંદુએ પ્રાપ્ત થતો સંતોષ જુદો જુદો કેવી રીતે હોઈ શકે ? આનો અર્થ એ થયો કે છ બિંદુ IC1 અને IC2 રેખાઓ પરનું સામાન્ય બિંદુ હોઈ શકે નહી. એટલે કે આ બે તટસ્થવક્રો પરસ્પર છેદી શકે નહીં. એટલે કે આ બે તટસ્થવક્રો પરસ્પર છેદી શકે નહીં. આથી તટસ્થવક્રો એકબીજાથી અલગ દોરવામાં આવે છે.

## 2.3.4 હિક્સ અને સ્લટસ્કી એ તટસ્થ વક્ર વિશ્લેષણ દ્વારા પ્રસ્તુત કરેલ ગ્રાહકની સમતુલા.

સૌ પ્રથમ પ્રો. માર્શલે તુષ્ટિગુણ પ્રદ્ધતિનો આધાર લઈને ગ્રાહકની સમતુલાનો ખ્યાલ સમજાવવા માટે પ્રયત્ન કરેલ, પરંતુ તુષ્ટિગુણ પદ્ધતિની કેટલીક પાયાની ધારણાઓ અવ્યવહારું પુરવાર થતા તેણે પ્રસ્તુત કરેલ ગ્રાહકની સમતુલાનો ખ્યાલ પણ અવ્યવહારું પુરવાર થયો. આથી ગ્રાહકની સમતુલાને યોગ્ય રીતે સમજાવવા માટે તુષ્ટિગુણ પદ્ધતિના વિકલ્પ રૂપે એક વધુ સારી નવી પદ્ધતિની જરૂરીયાત પેદા થઈ અને તેમાંથી ગ્રાહકની સમતુલાને વૈજ્ઞાનિક રીતે સમજાવવા માટે સમતૃપ્તિના વક્રોનો નવી પદ્ધતિનો જન્મ થયો. આ સમતૃપ્તિના વક્રોની પદ્ધતિને વિકસાવવામાં જુદા જુદા ઘણા અર્થશાસ્ત્રીઓએ યોગદાન આપ્યું છે, પરંતુ તેમાં સૌથી વધુ મૂલ્યવાન યોગદાન પ્રો.સ્લટસ્કી અને પ્રો. જે. આર. હિક્સનું છે. સ્લટસ્કી એ 1915 માં પોતાના એક લેખમાં સમતૃપ્તિ રેખાની પદ્ધતિને વિકસાવી અને વધુ વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું. ત્યારબાદ પ્રો. જે. આર. હિક્સે 1934 માં પોતાના પ્રખ્યાત પુસ્તક 'Value and Capital' માં સમતૃપ્તિ વક્ર અભિગમની પદ્ધતિની મદદથી ગ્રાહકનીસમતુલાનાં ખ્યાલને સમજાવેલ છે.

### ક. તટસ્થ વક્ર વિશ્લેષણ દ્વારા ગ્રાહકની સમતુલાની સમજૂતી :

પ્રો. હિક્સ અને સ્લટસ્કી એ તટસ્થ વક્ર વિશ્લેષણ દ્વારા ગ્રાહકની સમતુલા સમજાવવા માટે તટસ્થ વક્ર રેખાના બે સાધનોનો ઉપયોગ કર્યો છે. (1) ગ્રાહકનો તટસ્થ વક્રનો નકશો અને (2) કિંમત રેખા કે જેના દ્વારા ગ્રાહક સામે રહેલી ખરીદીની જુદી જુદી તકોનો ખ્યાલ આવે છે તે આ બન્ને સાધનોની મદદથી ગ્રાહકની સમતુલાને સમજીએ તે પૂર્વે સૌ પ્રથમ ગ્રાહકની સમતુલાના અર્થને સ્પષ્ટ કરીએ.

### ખ. ગ્રાહકની સમતુલાનો અર્થ :

'ગ્રાહકની સમતુલા એટલે એવી સ્થિતિ કે જે પ્રાપ્ત કર્યા પછી ગ્રાહક પોતાની ખરીદીમાં વધઘટ કરતો નથી. સમતુલાની સ્થિતિએ તે મહત્તમ સંતોષ મેળવે છે.' આ સ્થિતિએ પહોંચ્યા પછી અન્ય બાબતો બદલાય નહી તો ખરીદીમાં ફેરફાર કરી કુલ સંતોષમાં વધારો કરી શકાતો નથી.

### ગ. ધારણાઓ :

(1) ગ્રાહક બુદ્ધિપૂર્વક વર્તે છે. આને પરિણામે પોતાને મહત્તમ સંતોષ મળે તે રીતે જ ખરીદી કરે છે.

(2) ગ્રાહકની આવક રૂા.10 છે. આવકમાં ફેરફાર થતો નથી.

(3) ગ્રાહક સફરજન અને મોસંબી એમ બે વસ્તુઓ ખરીદવા માંગે છે.

(4) સફરજનની કિંમત એકમ દીઠ રૂા.૨ અને મોસંબીની કિંમત એકમ દીઠ રૂા.૧ છે. આ કિંમતોમાં પણ ફેરફાર થતો નથી.


(5) બન્ને વસ્તુઓ વિભાજન છે. અર્થાત્ બન્ને નાના નાના ભાગોમાં પણ ખરીદી શકાય છે. આ ધારણા કિંમત રેખા અને સમતૃપ્તિ રેખા ખાંચા વગરની રહે તે માટે આવશ્યક છે.

(6) આ રીતે ગ્રાહકની આવક અને બન્ને વસ્તુઓની કિંમતો આપેલી છે.

(7) ગ્રાહકની પસંદગી આપેલી છે. જેમાં ફેરફાર થતો નથી.

(8) ગ્રાહક બચત કરતો નથી - તે તેની સંપૂર્ણ આવક ખર્ચે છે.

ઉપરની ધારણાઓ એવું દર્શાવે છે કે, તટસ્થ વક્રનો નકશો આપેલો છે અને કિંમત રેખા પણ આપેલી છે તો હવે આ સંજોગોમાં ગ્રાહક અને વસ્તુઓની કેટકેટલી ખરીદી કરશે ? કેટકેટલી ખરીદી કર્યા પછી તે તેમાં વધઘટ કરશે નહિ ? અર્થાત્ ક્યારે સમતુલા પ્રાપ્ત કરશે ? આ હકીક્ત તપાસવા માટે એક આકૃતિની મદદ લઈએ.




**ઘ. આકૃતિ દ્વારા સમજૂતી :**

ઉપરોક્ત આકૃતિમાં (1) TK રેખા કિંમત રેખા છે. (2) તટસ્થ વક્રોનો નકશામાં IC1, IC2, અને IC3 એમ ત્રણ આઈસી રેખાઓ આપેલી છે.

ગ્રાહકની આવક રૂા.10 છે અને સફરજન અને મોસંબીની કિંમતો અનુક્રમે એકમ દીઠ રૂપિયા ૨ અને રૂપિયા 1 છે. આથી ગ્રાહક પોતાની આવકમાંથી વધારેમાં વધારે ૫ સફરજન અથવા 10 મોસંબી ખરીદી શકે. આથી કિંમત રેખા 5 અને 10 ને જોડે છે. અને ગ્રાહક સામે ખરીદીની કઈ કઈ તકો રહેલી છે તે દર્શાવે છે. તટસ્થ વક્રનાં લક્ષણોમાં આપણે જોઈ ગયા કે જેમ તટસ્થ વક્ર ઊંચો તેમ તેના પર આવેલાં બિંદુઓ દ્વારા વ્યક્ત થતાં સંયોજનો વધારે સંતોષ આપે છે આથી એમ કહી શકાય કે, IC1, કરતાં IC2 વક્રપર વધુ સંતોષ મળે અને IC2 કરતાં IC3 વક્ર પર વધુ સંતોષ મળે.

કિંમત રેખા TK પર N, S અને એમ બિંદુઓ આવેલ છે, જ્યારે તટસ્થ વક્ર IC1 પર N અને M બિંદુઓ, IC2 પર V અને S બિંદુ અને IC3 પર W બિંદુ આવેલ છે.

W બિંદુ IC3 રેખા પર આવેલું છે. તેથી તે આકૃતિમાં દર્શાવેલ બીજા તટસ્થ વક્રો કરતાં ચોક્કસ પણે વધુ સંતોષ આપે, પરંતુ તે કિંમત રેખાની બહાર આવેલું છે. ગ્રાહક હંમેશા કિંમત રેખા પર આવેલાં બિંદુઓએ જ ખરીદી કરી શકે છે. આમ, W બિંદુ પસંદ કરવા યોગ્ય હોવા છતાં પણ ગ્રાહકની ખરીદ શક્તિની બહારનું બિંદુ છે. આથી, ગ્રાહક તે બિંદુએ સમતુલા પ્રાપ્ત કરી શકતો નથી. N અને M બિંદુઓ કિંમત રેખા પર આવેલાં છે. ગ્રાહક આ બે માંથી ગમે તે બિંદુએ જરૂર ખરીદી કરી શકે છે. પરંતુ આ બિંદુઓ એક સાથે તટસ્થ વક્ર પર આવેલાં છે. IC1 વક્ર કરતાં ગ્રાહકને IC2 વક્ર પરનાં કોઈપણ બિંદુએ વધારે સંતોષ મળી શકે. વળી, ગ્રાહક IC2 વક્ર પર જઈ શકે તેવી શક્યતા પણ તેની સામે પડેલી છે. જ્યાં સુધી ગ્રાહક ઊંચા તટસ્થ વક્ર પર થઈ શકે

તેમ હોય ત્યાં સુધી નીચેના તટસ્થ વક્ર પર રહેવાનું શા માટે પસંદ કરે ? આ રીતે N અને M બિંદુઓ કિંમત રેખા પર આવેલાં હોવા છતાં પણ તે IC1 વક્ર પર આવેલાં છે અને જો તેમાંથી કોઈ એક બિંદુ એ સમતુલા પ્રાપ્ત કરે તો તેને મહત્તમ સંતોષ મળી શકે નહી. માટે તે N અને M માંથી કોઈપણ બિંદુએ સમતુલા પ્રાપ્ત કરતો નથી.


V બિંદુ IC2 રેખા પર આવેલું છે. આથી તે N અને M બિંદુઓ કરતાં ગ્રાહકને ચોક્કસ વધારે સંતોષ આપે, પરંતુ V બિંદુ કિંમત રેખાની બહાર આવેલું છે તેથી તે ગ્રાહકની ખરીદ શક્તિથી બહારનું બિંદુ બની જાય છે. આથી જ બિંદુએ ગ્રાહક સમતુલા પ્રાપ્ત કરી શકે નહિ.

S બિંદુ એ એક જ એવું બિંદુ છે કે જે સમતૃપ્તિ રેખા IC2 પર આવેલું છે અને સાથે સાથે કિંમત રેખા પર આવેલું છે. આ બિંદુ ગ્રાહકની સમતુલાનું બિંદુ બને છે. આ બિંદુએ ખરીદી કરવાથી ગ્રાહકને મહત્તમ સંતોષ મળે છે. ઉપરોક્ત આકૃતિમાં S બિંદુએ 3 સફરજન + 4 મોસંબીનું સંયોજન મળે છે. આ રીતે ખરીદી કરવાથી તેની પાસેનાં રૂપિયા 10 પૂરેપૂરા ખર્ચાઈ જાય છે. અને ગ્રાહક મહત્તમ સંતોષ પ્રાપ્ત કરે છે.

**ડ. સમતુલાની શરતો :**

S બિંદુ કિંમત રેખા અને IC2 વક્ર પર આવેલું છે. આથી એમ કહી શકાય કે, કિંમત રેખા અને તટસ્થ વક્ર જે બિંદુએ એકબીજાને સ્પર્શે તે બિંદુએ ગ્રાહક સમતુલા પ્રાપ્ત કરે છે. S બિંદુએ કિંમત રેખા અને તટસ્થ વક્રનો ઢાળ પણ સરખો થાય છે. તટસ્થ વક્રનો ઢાળ એ સીમાંત અવેજીનો દર રજૂ કરે છે અને કિંમત રેખાનો ઢાળ બે વસ્તુઓની કિંમતોનું ગુણોત્તર પ્રમાણ રજૂ કરે છે. આથી એમ કહી શકાય કે, 'સીમાંત અવેજીનો દર અને બન્ને વસ્તુઓની કિંમતોનું ગુણોત્તર પ્રમાણ એ બન્ને સરખાં થાય ત્યારે ગ્રાહક સમતુલા પ્રાપ્ત કરે છે.'

હવે, નીચેની આકૃતિ તપાસીએ.




આકૃતિમાં S1 બિંદુએ કિંમત રેખા TK અને તટસ્થ વક્ર આઈસી એકબીજાને સ્પર્શે છે. વળી S1 બિંદુએ સીમાંત અવેજીનો દર અને બન્ને વસ્તુઓની કિંમતોનું ગુણોત્તર પ્રમાણ એ બન્ને સરખા થાય છે. તો શું S1 બિંદુએ ગ્રાહક સમતુલા પ્રાપ્ત કરે

છે? આનો જવાબ એ છે કે, ગ્રાહક S બિંદુએ સ્થિર સમતુલા પ્રાપ્ત કરશે નહીં, કારણ કે અહીં તટસ્થ વક્ર અંગર્ગોળ છે. જેનો અર્થ એ થાય કે સીમાંત અવેજીનો દર વધતો જાય છે. અર્થાતT ગ્રાહક મોસંબીનાં વધુ ને વધુ એકમો મેળવવા માટે ઉત્તરોત્તર વધુ ને વધુ સફરજનનો ત્યાગ કરે છે. ગ્રાહકનું આ પ્રકારનું વર્તન બુદ્ધિપૂર્વકનું કહેવાય નહિં. આપણે તટસ્થ વક્રનાં લક્ષણોમાં પણ સાબિત કર્યુ છે કે તટસ્થવક્ર બાહ્યગોળ હોય છે, જેનો અર્થ એ થાય છે કે, સીમાંત અવેજીનો દર ઘટતો જાય છે. આ પ્રકારની સ્થિતિ S બિંદુએ જ જોવા મળે છે. માટે S બિંદુએ જ સ્થિર સમતુલા પ્રાપ્ત થશે.

ટૂંકમાં, ગ્રાહકની સમતુલાની શરતો બે છે, જે નીચે પ્રમાણેદર્શાવી શકાય.

(1) કિંમત રેખા અને તટસ્થ વક્ર એકબીજાને સ્પર્શતી હોવી જોઈએ.

(2) તટસ્થ વક્ર બાહ્યગોળ હોવો જોઈએ, એટલે કે સીમાંત અવેજીનો દર ઘટતો જતો હોવો જોઈએ.

### 2.3.5 તટસ્થ વક્ર વિશ્લેષણની સમીક્ષા :

તટસ્થ વક્ર વિશ્લેષણ દ્વારા આપણે માંગ અને તેની સાથે સંબંધિત પાસાઓની ચર્ચા કરી. તટસ્થ વક્ર વિશ્લેષણમાં તુષ્ટિગુણ વિશ્લેષણની ખામીઓ દૂર કરવામાં આવી છે. તેની તરફેણમાં નીચેના મુદ્દાઓ રજૂ કરી શકાય :

(1) તટસ્થ વક્ર વિશ્લેષણ તુષ્ટિગુણ જેવા આત્મલક્ષી ખ્યાલને ત્યજી દે છે. તે ગ્રાહકની પસંદગી કે જે પરલક્ષી અથવા વસ્તુનિષ્ઠ છે. તેના પાયા પર માંગના નિયમની રચના કરે છે.

(2) તુષ્ટિગુણને માપવાનો કોઈ પ્રશ્ન આ વિશ્લેષણમાં ઊભો થતો નથી. માત્ર એક વસ્તુ કરતાં બીજી વસ્તુ પસંદ કરવા યોગ્ય છે એટલી જ જાણકારીને આધારે તે આગળ ચાલે છે.

(3) નાણાનો સીમાંત તુષ્ટિગુણ સ્થિર રહે છે તેવી અવાસ્તવિક ધારણા અહીં કરવી પડતી નથી.

(4) તે વસ્તુની માંગને સમજાવાઅમાં અવેજી અસર ઉપરાંત આવક અસરને પણ ધ્યાનમાં લે છે, જે વધારે વાસ્તવિક છે.

(5) તટસ્થ વક્ર વિશ્લેષણ હલકા પ્રકારની વસ્તુની માંગમાં થતો ફેરફાર સમજાવી શકે છે.

(6) આ વિશ્લેષણમાં વસ્તુની સામસામી અસરો ધ્યાનમાં લેવામાં આવે છે.

તટસ્થ વક્ર વિશ્લેષણની ઉપરોક્ત ખૂબીઓ હોવા છતાં તેની કેટલીક ખામીઓ પણ છે. આથી તેની ટીકા કરવામાં આવે છે :

(1) તટસ્થ વક્ર વિશ્લેષણ કાંઈ નવું આપતું નથી : જોસેફ શુમ્પિટરનાં મતે તટ-સ્થ વક્ર વિશ્લેષણ એ માત્ર નવી બોટલમાં જૂના દારૂ જેવું છે. 'તુષ્ટિગુણ' ને બદલે 'પસંદગી' અને 'સીમાંત તુષ્ટિગુણ' ને બદલે 'સીમાંત અવેજીનો દર' એ શબ્દો પ્રયોજવા છે. ઘટતા સીમાંત તુષ્ટિગુણના નિયમને બદલે ઘટતા સીમાંત અવેજીના દરનો નિયમ આપ્યો છે.

(2) તટસ્થ અનુસૂચિથી ગ્રાહક જાણકાર છે તેવી ધારણા આ વિશ્લેષણમાં રહેલી છે. આ પ્રકારની ધારણા અવાસ્તવિક છે. સમાન સંતોષ આપતાં કદાચ એકાદ-બે

સંયોજનોથી ગ્રાહક માહિતગાર હોઈ શકે, પરંતુ પોતાના તટસ્થ વક્રોના નકશાથી તે સંપૂણ રીતે વાકેફ છે તેમ કહી શકાય નહિ.

(3) આ વિશ્લેષણમાં એવી પણ ધારણા છે કે, ગ્રાહક પોતાના પૈસા માત્ર બે વસ્તુ પર જ ખર્ચે છે. આ પ્રકારની ધારણા અવાસ્તવિક છે.

(4) તુષ્ટિગુણ વિશ્લેષણની જેમ અહી પણ ગ્રાહક તર્કબધ્ધ રીતે વર્તી છે તેવું માની લેવામાં આવે છે. વાસ્તવિક જગતમાં આથી ઉલટુ પણ જોવા મળે છે.

(5) સમતૃપ્તિ રેખા એક જ ગ્રાહકની સમતુલા અને માંગની સમજૂતી આપે છે. આથી તેનું સ્વરૂપ એકમલક્ષી અર્થશાસ્ત્રનું છે તેમ કહી શકાય. કોઈ એક વ્યક્તિની તટસ્થ વક્ર દોરી શકાય છે, પરંતુ આખા દેશના લોકો માટે તટસ્થવક્ર દોરી શકાય નહિ.

(6) જ્યારે બે કરતાં વધારે વસ્તુનું વિશ્લેષણ કરવું હોય ત્યારે આ પ્રકારનું વિશ્લેષણ ઘણું જટિલ અથવા ગૂંચવણ ભરેલું બની રહે છે.

(7) પ્રયોગો પર આધારિત સંશોધન કરવા માટે આ વિશ્લેષણ અનુકૂળ નથી.

## 2.4 સારાંશ :

આ એકમમાં આપણે તુષ્ટિગુણનો ખ્યાલ અને તે અંતર્ગત ગ્રાહકના વર્તનનું વિશ્લેષણ, તુષ્ટિગુણ વિશ્લેષણ, તટસ્થ વક્ર વિશ્લેષણ અંગે ચર્ચા કરી.

આ તમામ મુદ્દાઓ એકમલક્ષી અર્થશાસ્ત્રનો એક મહત્વનો હિસ્સો ગણાય છે. ઘટતા સીમાંત તુષ્ટિગુ ના નિયમ દ્વારા સમજી શકીએ કે, ગ્રાહકનું અંતિમ ધ્યેયવસ્તુના વપરાશ દ્વારા સંતોષ પ્રાપ્ત કરવાનું હોવાથી તે ચોક્કસ વપરાશ કરીને અટકી જશે. સમસીમાંત તુષ્ટિગુણનાં નિયમની મદદથી આપણે કિંમત અને માંગ વચ્ચેનો સંબંધ સમજાવી શકીએ છીએ.

## ★ ચાવીરૂપ શબ્દો :

- **આવક-અસર (Income Effect) :**

વસ્તુની કિંમતમાં થતાં ફેરફારથી ગ્રાહકની વાસ્તવિક આવકમાં ફેરફાર થાય છે; વાસ્તવિક આવકમાં થતા આ ફેરફારને કારણે જે વસ્તુની કિંમતમાં ફેરફાર થયો હોય તેની ખરીદીમાં થતાં ફેરફારને આવક-અસર કહેવામાં આવે છે.

- **આવક-ઉપભોગ રેખા (Income-consumption Curve) :**

વસ્તુઓના સાપેક્ષ મૂલ્યો યથાવત્ રહે તો આવકની જુદી જુદી સપાટીએ ગ્રાહક બે વસ્તુઓનાં કેટલા એકમો ખરીદશે તે દર્શાવતી રેખા.

- **આવકનો સીમાંત તુષ્ટિગુણ (Marginal Utility of Income) :**

વ્યક્તિની આવકમાં એક એકમનો વધારો થવાથી વ્યક્તિને મળતા તુષ્ટિગુણમાં વધારો થવાનો દર.

- **કિંમત-ઉપભોગ રેખા (Price Consumption Curve) :**

તટસ્થ રેખાના વિશ્લેષણમાં કોઈ એક વસ્તુની વિભિન્ન કિંમતોએ ગ્રાહકની સમતુલાનાં બિંદુઓને જોડતી રેખા.

- **ઘટતો જતો સીમાંત તુષ્ટિગુણ (Diminishing Marginal Utility) :**

કોઈ વસ્તુનાં જેમ જેમ વધુ એકમો ખરીદવામાં કે વાપરવામાં આવે તેમ તેમ પ્રત્યેક વધારાના એકમમાંથી મળતો તુષ્ટિગુણ ઘટતો જાય છે.

- **તટસ્થ રેખા (Indifference Curve) :**

બે વસ્તુઓના એવાં વિવિધ સંયોજનો દર્શાવતી રેખા જેમાંથી ગ્રાહકને એકસરખો સંતોષ મળે.

- **તુષ્ટિગુણ (Utility) :**

સંતોષ, કલ્યાણ, આર્થિક કલ્યાણ સુખ

- **તુષ્ટિગુણ વિધેય (Utility Function) :**

આ વિધેય દ્વારા એમ દર્શાવવામાં આવે છે કે વ્યક્તિને મળતો તુષ્ટિગુણ તે જે વસ્તુઓની વપરાશ કરે છે તેના પર અને તે વસ્તુઓના જથ્થા પર આધાર રાખે છે.

- **સમ-ઉત્પાદન રેખા (Iso-Product Curve/Isoquant) :**

કોઈ એક વસ્તુનું એક સરખું ઉત્પાદન આપતા બે સાધનોનાં વિવિધ સંયોજનો દર્શાવતી રેખા.

- **સમખર્ચ રેખા (Iso-Cost Curve) :**

ચોક્કસ નાણા ખર્ચીને બે સાધનોનાં જે સંયોજનો ખરીદી શકાય તે દર્શાવતી રેખા.

- **સીમાવર્તી (સીમાંત) (Marginal) :**

કોઈ વસ્તુ, સેવા કે સાધનનો એક વધારાનો એકમ, જેની સાથે ખર્ચ, આવક, તુષ્ટિગુણ વગેરે ખ્યાલો સંકળાયેલા છે.

- **સીમાવર્તી (સીમાંત) અવેજીનો દર (Marginal Rate of Substitution):**

ગ્રાહકને મળતો સંતોષ યથાવત્ રહે એ રીતે કોઈ એક વસ્તુ ના એક વધારાના એકમના બદલામાં અન્ય વસ્તુ વાય ના જેટલા એકમો ગ્રાહક જતા કરવા તૈયાર હોય તે.

- **સીમાંત આવક (Marginal Revenue) :**

વસ્તુનો એક વધારાનો એકમ વેચવાથી કુલ આવકમાં થતો ફેરફાર.

★ **તમારી પ્રગતિ ચકાસો :**

**(ક)નિબંધ પ્રકારના પ્રશ્નો -**

1. ઘટતા સીમાંત તુષ્ટિગુણની વ્યાખ્યા આપો. સીમાંત તુષ્ટિગુણ શા માટે ઘટે છે? ઘટતા સીમાંત તુષ્ટિગુણના નિયમની ટીકાત્મક ચર્ચા કરો.

2. સમસીમાંત તુષ્ટિગુણનો નિયમ સમજાવી તેની મર્યાદાઓ ચર્ચો.

3. તુષ્ટિગુણ વિશ્લેષણ દ્વારા ગ્રાહકોની સમતુલા સમજાવો.

4. તટસ્થ રેખાનો અર્થ સમજાવી, તટસ્થ રેખા વિશ્લેષણ દ્વારા ગ્રાહકોની સમતુલા સમજાવો.

**(ખ) સાચો વિકલ્પ પસંદ કરો:**

(1) તુષ્ટિગુણનો ખ્યાલ ક્યા અર્થશાસ્ત્રીએ રજૂ કર્યો હતો ?

(ક) ડબલ્યુ. એસ. જેવન્સ (ખ) માર્શલ

(ગ) કેઈન્સ (ઘ) પીગુ

(2) પ્રસ્તુત એકમમાં ગ્રાહકના વર્તનને સમજવા માટે કયા પ્રકરના તુષ્ટિગુણ અભિગમનો ઉપયોગ કરવામાં આવ્યો છે ?

(ક) ક્રમવાચક તુષ્ટિગુણ અભિગમ

(ખ) સંખ્યાવાચક તુષ્ટિગુણ અભિગમ

(ગ) સરળતાવાચક તુષ્ટિગુણ અભિગમ

(ઘ) સમાનતાવાચક તુષ્ટિગુણ અભિગમ

(3) ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ કોણે રજૂ કર્યો ?

(ક) રોબિન્સન

(ખ) સેમ્યુઅલ સન

(ગ) એચ. એચ. ગોસને

(ઘ) કે. ઈ. બોલ્ડિંગ

(4) સમસીમાંત તુષ્ટિગુણનો નિયમ બીજા કયા નામે ઓળખાય છે ?

(ક) અવેજીનો નિયમ

(ખ) ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ

(ગ) નકરાત્મક વળતરનો નિયમ

(ઘ) ઉપરમાંથી એકેય નહિ

(5) જ્યારે સીમાંત તુષ્ટિગુણમાં શૂન્ય થાય છે ત્યારે કુલ તુષ્ટિગુણમાં ....

(ક) ઘટાડો થાય છે

(ખ) વધારો થાય છે

(ગ) મહત્તમ થાય

(ઘ) ઘટતા જતા દરે વધારો થાય છે

(6) તટસ્થતા વક્ર વિશ્લેષણ નીચેના માંથી કયા વિશ્લેષણનાં વિકલ્પ તરીકે અસ્તિત્વમાં આવ્યું ?

(ક) તુષ્ટિગુણ વિશ્લેષણ

(ખ) માંગ વિશ્લેષણ

(ગ) ઉત્પાદન વિષ્લેષણ

(ઘ) આવક વિશ્લેષણ

(7) તટસ્થ વક્ર બીજા કયા નામે ઓળખાય છે ?

(ક) અતૃપ્તિ વક્ર

(ખ) સમતૃપ્તિ વક્ર

(ગ) ક્રમતૃપ્તિ વક્ર

(ઘ) એકેય નહિ

(8) એક જ તટસ્થ વક્ર પર આવેલાં બિંદુઓ ગ્રાહકને કેવો સંતોષ આપે છે ?

(ક) વધારે (ખ) ઓછો

(ગ) એક સરખો (ઘ) બિલકુલ નહિ

(9) તટસ્થ વક્ર જમણી તરફ ઉપર જાય તેમ તેના પરનાં બિંદુઓ દ્વારા રજૂ થતાં સંયોજનો કેવો સંતોષ આપે છે ?

(ક) વધારે

(ખ) ઓછો

(ગ) બિલકુલ નહિ

(ઘ) સરખો જ

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. (ખ)માર્શલ
2. (ખ)સંખ્યાવાચક તુષ્ટિગુણ અભિગમ
3. (ગ)એચ. એચ. ગોસને
4. (ક)અવેજીનો નિયમ
5. (ગ)મહત્તમ થાય
6. (ક) તુષ્ટિગુણ વિશ્લેષણ
7. (ખ)સમતૃપ્તિ વક્ર
8. (ગ)એક સરખો
9. (ક)વધારે

## ★ સંદર્ભ

(1) A. P. Lerner, Micro Economic Theroy – 1968.

(2) H. L. Ahuja, Modern Micro Economics Economics, S. Chand Publication.

(3) K. K. Dewett, Micro Economics, S. Chand Publication.

(4) M. C. Vaish, Micro Economics.

(5) Paul Samuelson : Economics.

(6) M. L. Sheth : Micro Economics.

(7) Mishra and Puri : Principles of Micro Economic, Himalaya Publication House. 2009.

(8) D. M. Mithani : Modern Micro Economic, Himalaya Publication House, 2006.

(9) John Canedy : Micro Economics, Himalaya Publication House, 2010.

(10) Jhingan : Micro Economics, Vrinda Publication.

(11) Mari Mutha and D. Bose : An Introduction Micro Economics, Himalaya Publication House, 2011.

(12) K. K. Dewett : An Introduction to Economics, S. Chand Publication.

(13) Robert S. Pindyck, Daniel L. Rubinfeld : Micro Econmics (6th Edition) Prentice Hall Series in Economics.

(14) R. A. Vilas, Micro Economic Theroy.

(15) Stonier & Hague, A Text Book of Economics Theroy.

(16) અર્થશાસ્ત્રનાં સિદ્ધાંતો, શ્રી એચ. કે. ત્રિવેદી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

એકમ 3

# માંગની સ્થિતિસ્થાપકતા

## રૂપરેખા


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 માંગની સ્થિતિસ્થાપકતા

- 3.2.1 અર્થ-પ્રસ્તાવના
- 3.2.2 માંગની મૂલ્યસાપેક્ષતા-અર્થ
- 3.2.3 માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો
- 3.2.4 માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની રીતો
- 3.2.5 માંગની મૂલ્યસાપેક્ષતા નક્કી કરતાં પરિબળો
- 3.2.6 માંગની આવક સાપેક્ષતા-ખ્યાલ
- 3.2.7 માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા-ખ્યાલ
- 3.2.8 મૂલ્યસાપેક્ષતાના ખ્યાલનું મહત્ત્વ

3.3 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

★ સંદર્ભ

## 3.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કરવાથી તમે નીચે જણાવેલ બાબતોને સમજી શકશો.

- માંગની સ્થિતિસ્થાપક્તા એટલે શું ?
- માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો.
- માંગની મૂલ્યસાપેક્ષતાને અસર કરતાં પરિબળો અને તેને માપવાની વિવિધ રીતો.
- માંગની આવક-સાપેક્ષતા તથા સામસામી સાપેક્ષતાનાં ખ્યાલો.
- ઉપરોક્ત ખ્યાલોની ઉપયોગિતા.

## 3.1 પ્રસ્તાવના :

માંગ વિધેયનો અભ્યાસ કરવાથી આપણને એ બાબતની પ્રતીતિ થાય છે કે, વસ્તુની માંગ અનેક પરિબળો પર આધારિત છે. જેને માંગના નિર્ણાયક પરિબળો કહેવામાં આવે છે. આ નિર્ણાયકો પૈકી કોઈ પણ પરિબળ કે પરિબળોનાં ફેરફાર થવાથી તેની અસર રૂપે વસ્તુની માંગ ફેરફાર પામે છે. આમ, વસ્તુની માંગ સાપેક્ષ કે અવલંબિત પરિબળ કહી શકાય.

પ્રસ્તુત એકમનાં અભ્યાસથી આપણે માંગની સ્થિતિસ્થાપક્તા, મૂલ્યસાપેક્ષતા, તેના પ્રકારો, તેને અસરકરતાં પરિબળો અને માંગની આવક-સાપેક્ષતા તથા સામસામી સાપેક્ષતા વિશે વિગતવાર ચર્ચા કરીશું તથા અંતમાં તેની ઉપયોગિતા વિશે પણ સમજ મેળવવાનો પ્રયત્ન કરીશું.

## 3.2 માંગની સ્થિતિસ્થાપક્તા :

### 3.2.1 અર્થ – પ્રસ્તાવના :

વસ્તુની માંગમાં આવતાં પરિવર્તનો ત્રણ બાબતો પર આધાર રાખે છે : વસ્તુની કિંમત, વ્યક્તિની આવક અને અવેજી કે પૂરક વસ્તુની કિંમત.

વસ્તુની કિંમતમાં આવતાં પરિવર્તનોને કારણે માંગમાં જે પરિવર્તન આવે છે તેને માંગની મૂલ્યસાપેક્ષતા(Price-Elasticity of Demand)કહેવામાં આવે છે.

વ્યક્તિની આવકમાં થતાં પરિવર્તનને કારણે માંગમાં જે પરિવર્તન આવે છે તેને માંગની આવકસાપેક્ષતા કહેવામાં આવે છે.

અવેજી કે પૂરક વસ્તુઓની કિંમતમાં આવતાં પરિવર્તનોને કારણે માંગમાં જે પરિવર્તન આવે છે તેને માંગની સામસામી કે પ્રતિમૂલ્ય સાપેક્ષતા કહેવામાં આવે છે.

કિંમતમાં થતા ફેરફારને કારણે માંગમાં ફેરફાર થાય છે તે માંગના નિયમ વડે જાણી શકાય છે પરંતુ માંગના નિયમની મર્યાદા એ છે કે, કિંમતમાં ચોક્કસ પ્રમાણમાં ફેરફાર કરવાથી માંગમાં ચોક્કસ કેટલા પ્રમાણમાં ફેરફાર થશે તે માંગના નિયમ દ્વારા જાણી શકાતું નથી. આ જાણકારી પૂરી પાડવાનું કાર્ય માંગની મૂલ્યસાપેક્ષતાનો ખ્યાલ ખૂબ જ મહત્ત્વનો બની રહે છે. તેથી અહીં આપણે માંગની મૂલ્ય સાપેક્ષતાના વિવિધ પાસાંઓ તેમ જ માંગની મૂલ્યસાપેક્ષતાને અસર કરતાં પરિબળો વિગેરે વિશે અભ્યાસ કરીશું.

### 3.2.2 માંગની મૂલ્યસાપેક્ષતાનો અર્થ :

કિંમતમાં થતા ફેરફારને લીધે માંગમાં જે ફેરફાર થાય છે તે ફેરફારનું માપ એટલે

માંગની મૂલ્યસાપેક્ષતા

આલ્ફ્રેડ માર્શલ : ''માંગની મૂલ્યસાપેક્ષતા એટલે કિંમતના સાપેક્ષ ફેરફાર અને માંગના સાપેક્ષ ફેરફારનું ગુણોત્તર – પ્રમાણ''

શ્રીમતી જોન રોબિન્સન : ''કિંમતમાં થયેલા થોડા ફેરને પરિણામે માંગમાં જેટલા પ્રમાણમાં ફેરફાર વડે ભાગવાથી જે આંક આવે તેને માંગની મૂલ્યસાપેક્ષતા કહે છે.''

સ્ટોનિયર અને હેગ : ''વસ્તુની કિંમતમાં ઘટાડો થતાં તેને માટે માંગમાં જેટલા પ્રમાણમાં ફેરફાર થાય છે તે દર્શાવવા માટે માંગની મૂલ્યસાપેક્ષતા એવો ટેક્નિકલ શબ્દ થાય છે.''

ટૂંકમાં, કિંમતમાં વધઘટ થવાને લીધે માંગમાં જે ઘટાડો કે વધારો નોંધાય છે, તેનું માપ એટલે માંગની મૂલ્યસાપેક્ષતા એમ કહી શકાય.

### 3.2.3 માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો :

વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી માંગમાં જુદા જુદા પ્રમાણમાં જે ફેરફારો થાય છે તેને ધ્યાનમાં રાખીને માંગની મૂલ્યસાપેક્ષતાના પાંચ પ્રકારો પાડવામાં આવે છે.

#### (1) સપ્રમાણ મૂલ્યસાપેક્ષતાથી માંગ અથવા એકમ મૂલ્યસાપેક્ષ માંગ :

જ્યારે વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર અને માંગમાં થતો ટકાવારી ફેરફાર બંને સરખા હોય ત્યારે માંગ સપ્રમાણ મૂલ્યસાપેક્ષ કે એકમ મૂલ્યસાપેક્ષ કહેવાય છે. દા.ત. વસ્તુની કિંમતમાં 25 ટકા વધારો કે ઘટાડો થાય અને તેને લીધે માંગમાં પણ 25 ટકા ઘટાડો કે વધારો થાય તો માંગ સપ્રમાણ કે એકમ મૂલ્યસાપેક્ષ કહેવાય છે.

#### (2) મૂલ્યસાપેક્ષ માંગ અથવા એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ માંગ :

જ્યારે વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર કરતાં માંગમાં થતો ટકાવારી ફેરફાર વધારે હોય ત્યારે માંગ મૂલ્યસાપેક્ષ અથવા એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ કહેવાય છે. દા.ત. વસ્તુની કિંમતમાં 25 ટકા વધારો કે ઘટાડો થાય અને તેને લીધે માંગમાં 50 ટકા જેટલો ઘડાડો કે વધારો થાય તો માંગ એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ કહેવાય છે.

#### (3) મૂલ્યઅનપેક્ષ અથવા એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ માંગ :

જ્યારે વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફાર કરતાં માંગમાં થતો ટકાવારી ફેરફાર ઓછો હોય ત્યારે માંગ મૂલ્યઅનપેક્ષ અથવા એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ કહેવાય દા.ત. વસ્તુની કિંમતમાં 30 ટકા વધારો કે ઘટાડો થાય અને તેને લીધે માંગમાં 25 ટકા ઘટાડો કે વધારો થાય તો માંગ મૂલ્યસાપેક્ષ અથવા એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ કહેવાય છે.

#### (4) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ :

જો કિંમતમાં નજીવો ટકાવારી ફેરફાર થાય અને તેને લીધે માંગમાં અમાપ ટકાવારી ફેરફાર થાય તો માંગ સંપૂર્ણ : મૂલ્યસાપેક્ષ કહેવાય છે. આવી માંગ રેખાનો ઢાળ શૂન્ય હોય છે. આ પ્રકારની માંગ રેખા પાયાની રેખાને સમાંતર હોય છે. સામાન્ય રીતે સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ ઘરાવતી વસ્તુઓ વ્યવહારમાં જોવા મળતી નથી.

**(5) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ :**

વસ્તુની કિંમતમાં ગમે તેટલો ટકાવારી ફેરફાર થાય, પરંતુ માંગમાં બિલકુલ ફેરફાર ન થાય એટલે કે માંગ સ્થિર રહે તો માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ કહેવાય છે. અહીં કિંમતમાં થતા ફેરફારની માંગ પર કોઈ અસર થતી નથી. આ પ્રકારની માંગ રેખા ઊભી ધરીને સમાંતર હોય છે.

### 3.2.4 માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની રીતો :

માંગની મૂલ્યસાપેક્ષતાને માપવા માટે ત્રણ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે :

(1) વસ્તુ માટે થતા કુલ ખર્ચની રીત.

(2) કિંમત તથા માંગમાં થતી ટકાવારી ફેરફારની રીત.

(3) ભૌમિતિક રીત : બિંદુ પદ્ધતિ અને માપ પદ્ધતિ.

હવે આ દરેક રીત વિશે ઉદાહરણ સહિત સમજૂતી મેળવીએ.

**I વસ્તુ માટે થતા કુલ ખર્ચની રીત :**

આ રીતમાં વસ્તુની કિંમતમાં ફેરફાર થયા પહેલાનાં કુલ ખર્ચ અને કિંમતમાં ફેરફાર થયા પછીનાં કુલ ખર્ચની સરખામણી દ્વારા માંગની મૂલ્યસાપેક્ષતા જાણી શકાય છે.

**(I) સપ્રમાણ કે એકમ મૂલ્યસાપેક્ષ :**

કિંમતમાં ફેરફાર થવા છતાં વસ્તુ માટે થતું કુલ ખર્ચ સ્થિર રહે તો માંગ સપ્રમાણ કે એકમ મૂલ્યસાપેક્ષ કહેવાય. દા.ત.

| કિંમત (રૂ.) | માંગ (એકમો) | કુલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| 1 | 300 | 300 |
| 2 | 150 | 300 |
| 3 | 100 | 300 |

ઉપરોક્ત ઉદાહરણમાં જોઈ શકાય છે કે કિંમત વધે કે ઘટે કુલ ખર્ચ એકસરખું રહે છે. આથી અહીં માંગ સપ્રમાણ કે એકમ-મૂલ્યસાપેક્ષ છે.

**(II) એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ માંગ :**

વસ્તુની કિંમત વધવાથી માંગ એટલી ઘટે કે જેથી કુલ ખર્ચ ઘટે અથવા તો કિંમત ઘટવાથી માંગ એટલી વધે કે જેથી કુલ ખર્ચ વધે તો માંગ એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ કહેવાય. દા.ત.

| કિંમત (રૂ.) | માંગ (એકમો) | કુલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| 1 | 300 | 300 |
| 2 | 100 | 200 |
| 3 | 50 | 150 |

ઉપરોક્ત ઉદાહરણમાં જોઈ શકાય છે કે કિંમત વધતાં કુલ ખર્ચ ઘટે છે અને કિંમત ઘટતાં કુલ ખર્ચ વધે છે. આથી અહીં માંગ એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ છે.

**(III) એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ માંગ :**

વસ્તુની કિંમત વધવાથી માંગ એટલી ઘટે કે જેથી કુલ ખર્ચ વધે અથવા તો કિંમત ઘટવાથી માંગ એટલી વધે કે જેથી કુલ ખર્ચ ઘટે તો માંગ એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ કહેવાય. દા.ત.

| કિંમત (રૂ.) | માંગ (એકમો) | કુલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| 1 | 300 | 300 |
| 2 | 150 | 500 |
| 3 | 200 | 600 |

ઉદાહરણમાં જોઈ શકાય છે કે કિંમત વધતા કુલ ખર્ચ વધે છે અને કિંમત ઘટતાં કુલ ખર્ચ ઘટે છે. આથી અહીં માંગ એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ છે.

માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની આ રીત ઘણી સરળ છે, પરંતુ તેમાં એકમ મૂલ્યસાપેક્ષતા, એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષતા અને એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષતા એ ત્રણ પ્રકારો વિશે જ સમજૂતી મેળવી શકાય છે. આથી આ પદ્ધતિની ઉપયોગિતા મર્યાદિત બની જાય છે.

**II કિંમત તથા માંગમાં થતી ટકાવારી ફેરફારની રીત :**

આ માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે.

$$\textbf{માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{\textbf{માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\textbf{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

ઉપરોક્ત સૂત્રની મદદથી પાંચેય પ્રકારની માંગની મૂલ્યસાપેક્ષતાનું ચોક્કસ માપ કાઢી શકાય છે. જો જવાબ 1 આવે તો માંગની મૂલ્યસાપેક્ષતા એકમ બરાબર કહેવાય. જવાબ 1 કરતાં વધારે આવે તો એકમ કરતાં વધારે મૂલ્યસાપેક્ષતા અને 1 કરતાં ઓછો આવે તો એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષતા કહેવાય. જવાબ અમાપ કે અનંત આવે તો માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ અને શૂન્ય આવે તો માંગ સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ કહેવાય.

**(I) એકમ મૂલ્ય સાપેક્ષ માંગ :**

જ્યારે કિંમતમાં થતો ટકાવારી ફેરફાર અને તેના પરિણામ સ્વરૂપ માંગમાં થતો ટકાવારી ફેરફાર સપ્રમાણ હોય ત્યારે માંગની મૂલ્યસાપેક્ષતા સપ્રમાણ કે એકમ મૂલ્ય - સાપેક્ષ માંગ છે તેમ કહેવાય. દા.ત. જો કિંમતમાં 25 ટકાનો ફેરફાર થાય અને તેના પરિણામ સ્વરૂપ માંગમાં પણ 25 ટકાનો ફેરફાર થાય તો ઉપરોક્ત સૂત્ર પ્રમાણે –

$$\text{માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{25}{25} = 1$$

અર્થાત્ અહીં માંગ એકમ મૂલ્યસાપેક્ષ છે. બીજી રીતે કહીએ તો અહીં કિંમતના 1 ફેરફાર = માંગનો 1 ફેરફાર થાય છે. તેથી તે એકમ મૂલ્ય થાય.

### (II) એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ માંગ :

જ્યારે કિંમતમાં થતા ટકાવારી ફેરફાર કરતાં માંગમાં થતો ટકાવારી ફેરફાર વધુ હોય ત્યારે માંગની મૂલ્યસાપેક્ષતા એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ છે તેમ કહેવાય. દા.ત. જો કિંમતમાં 25 ટકાનો ફેરફાર થાય અને તેના પરિણામે માંગમાં 50 ટકાનો ફેરફાર થાય તો સૂત્ર પ્રમાણે –

$$\text{માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{50}{25} = 2$$

જવાબ આવે તેનો અર્થ એ થયો કે અહીં કિંમતના 1 ના ફેરફાર સાથે માંગમાં 2 ફેરફાર થાય છે.

### (III) એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ માંગ :

જ્યારે કિંમતમાં થતા ટકાવારી ફેરફાર કરતા માંગમાં થતો ટકાવારે ફેરફાર ઓછો હોય ત્યારે માંગની મૂલ્યસાપેક્ષતા એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ છે તેમ કહેવાય. દા.ત. જો કિંમતમાં 50 ટકાનો ફેરફાર થાય અને તેના પરિણામ સ્વરૂપ માંગમાં 25 ટકાનો ફેરફાર થાય તો સૂત્ર પ્રમાણે –

$$\text{માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{25}{50} = \frac{1}{2}$$

જવાબ આવે છે.

તેનો અર્થ એ થયો કે અહીં કિંમતમાં 1 ના ફેરફાર સામે 1/2 માંગમાં ફેરફાર થાય છે.

### (IV) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ :

જ્યારે કિંમતમાં થતો ટકાવારી ફેરફાર નજીવો હોય, પરંતુ માંગમાં થતો ટકાવારી ફેરફાર અમાપ કે અનંત હોય ત્યારે માંગની મૂલ્યસાપેક્ષતા સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ છે તેમ કહેવાય. દા.ત. જો કિંમતમાં ૨૫ ટકા જેવો નાનો ફેરફાર થાય અને તેના પરિણામ સ્વરૂપ માંગમાં અમાપ કે અનંત ($\alpha$) ફેરફાર થાય તો સૂત્ર પ્રમાણે માંગની મૂલ્યસાપેક્ષતા $=\alpha/25 = \alpha$ (અનંત) જવાબ આવે છે. તેનો અર્થ એ થયો કે, અહીં કિંમતના 1 ના ફેરફાર સામે માંગમાં અમાપ ફેરફાર થાય છે.

**(V) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ :**

જ્યારે કિંમતમાં થતો ટકાવારી ફેરફાર ગમે તેટલો મોટો હોય, પરંતુ તેના માંગમાં થતો ટકાવારી ફેરફાર શૂન્ય બરાબર હોય ત્યારે માંગની મૂલ્યસાપેક્ષતા સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ છે તેમ કહેવાય. દા.ત. જો કિંમતમાં 25 ટકાનો ફેરફાર થાય અને તેના પરિણામ સ્વરૂપ માંગમાં બિલકુલ ફેરફાર ન થાય એટલે કે માંગમાં ફેરફાર શૂન્ય બરાબર હોય તો સૂત્ર પ્રમાણે –

$$\text{માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{0}{25} = 0$$

જવાબ આવે છે.


તેનો અર્થ એ થયો કે, અહીં કિંમતના ગમે તેવા ટકાવારી ફેરફાર સામે માંગમાં શૂન્ય ફેરફાર થાય છે.

**III-(A) ભૌમિતિક રીત :**

ભૌમિતિક રીતમાં જુદી જુદી મૂલ્યસાપેક્ષતા દર્શાવવા આકૃતિઓ દોરવામાં આવે છે.

**(I) સપ્રમાણ કે એકમ મૂલ્યસાપેક્ષ માંગ :**


જ્યારે માંગ રેખા રેક્ટેન્ગ્યુલર હાયપરબોલાનો આકાર ધરાવતી હોય ત્યારે માંગ એકમ મૂલ્યસાપેક્ષ છે એમ કહેવાય. અહીં કિંમત અને માંગમાં થતા ફેરફારો એકસરખા હોય છે. આ માટે નીચેની આકૃતિ જૂઓ :




એકમ મૂલ્યસાપેક્ષ માંગ રેખા

**(II) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ :**


જ્યારે માંગ રેખા પાયાની રેખાને અમુક ઊંચાઈએ સમાંતર હોય ત્યારે માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ છે એમ કહેવાય. અહીં કિંમતમાં થોડોક પણ વધારો થાય તો માંગ શૂન્ય થઈ જાય છે અને કિંમતમાં થોડો ઘટાડો થાય તો માંગમાં અનંત કે અમાપ વધારો થાય છે અને કિંમતમાં થોડો ઘટાડો થાય તો માંગમાં અનંત કે અમાપ વધારો થાય છે. આ માટે નીચે પ્રમાણે આકૃતિ દોરી શકાય :




સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ રેખા

**(III) સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ :**


પાયાની રેખા પર લંબસ્વરૂપે હોય અર્થાત્ ઊભી ધરીને સમાંતર હોય ત્યારે માંગ સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ છે તેમ કહેવાય. અહીં કિંમતમાં ફેરફાર થવા છતાં માંગમાં બિલકુલ ફેરફાર થતો નથી. માંગ સ્થિર જ રહે છે. આ માટે નીચેની આકૃતિ જુઓ. આકૃતિમાં DD રેખા સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગરેખા છે.




સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ રેખા

જ્યારે માંગ એકમ મૂલ્યસાપેક્ષ, સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ અને સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ હોય ત્યારે માંગ રેખાના સમગ્ર ભાગ પર મૂલ્યસાપેક્ષતા એકસરખી હોય છે. પરંતુ તે સિવાયના કિસ્સાઓમાં માંગરેખા પરના જુદા જુદા બિંદુઓ અને જુદા જુદા ભાગો પર મૂલ્યસાપેક્ષતા જુદી જુદી હોય છે. આથી હવે આપણે માંગ રેખા પરના કોઈ એક બિંદુએ તેમ જ માંગ રેખના અમુક ભાગ પર માંગની મૂલ્યસાપેક્ષતા કેવી રીતે માપી શકાય તે વિષે જોઈએ. માંગ રેખા પરના કોઈ એક બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની રીત બિંદુ પદ્ધતિ અને માંગ રેખાના અમુક ભાગ પર માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની રીત ચાપ પદ્ધતિ તરીકે ઓળખાય છે. હવે આ બંને રીતો વિષે જોઈએ.

**બિંદુ પદ્ધતિ :**




બિંદુ પદ્ધતિ દ્વારા માંગની મૂલ્યસાપેક્ષતા

માંગ રેખાનાં અમુક બિંદુએ મૂલ્યસાપેક્ષતા કેટલી છે તે જાણવા માટે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. આ રીતમાં બિંદુની જમણી બાજુના પ્રમાણને તે બિંદુના ડાબી બાજુના પ્રમાણ વડે ભાગવામાં આવે છે. સૂત્રના રૂપમાં લખીએ તો,

$$\text{બિંદુ મૂલ્યસાપેક્ષતા} = \frac{\text{બિંદુની જમણી બાજુનું પ્રમાણ}}{\text{બિંદુની ડાબી બાજુનું પ્રમાણ}}$$

ઉપરની આકૃતિમાં $DD_1$ રેખા એ માંગ રેખા છે. ધારો કે તે 4 CM લંબાઈ ધરાવે છે. હવે તેના B બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા કેટલી છે તે જાણવું હોય તો આ રીતે સૂત્ર લખીને શોધી શકાય.

(I) B બિંદુએ માંગની મૂ.સા. = $\frac{BD_1}{DD_1} = \frac{2}{2} = 1$

આમ, B બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા એકમ બરાબર છે.

(II) C બિંદુએ માંગની મૂ.સા. = $\frac{CD_1}{CD} = \frac{1}{3}$

આમ, C બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા એકમ કરતાં ઓછી છે.

(III) $D_1$ બિંદુએ માંગની મૂ.સા. = $\frac{D_1}{DD_1} = \frac{0}{4} = 0$

આ રીતે D1 બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા શૂન્ય છે.

(IV) A બિંદુએ માંગની મૂ.સા.= $\frac{AD_1}{AD} = \frac{3}{1} = 3$

આ રીતે A બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા એકમ કરતાં વધારે છે.

(V) D બિંદુએ માંગની મૂ.સા. = $\frac{DD_1}{DD} = \frac{4}{0} = \infty$ (અનંત)

આમ, D બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા અનંત કે અમાપ છે.

આ પરથી એમ કહી શકાય કે જ્યારે માંગ રેખા સીધી રેખા હોય ત્યારે તેના મધ્યબિંદુએ એકમ બરાબર મૂલ્યસાપેક્ષતા હોય છે. મધ્યબિંદુની જમણી બાજુએ એકમ કરતાં ઓછી અને ડાબી બાજુએ એકમ કરતાં વધારે મૂલ્યસાપેક્ષતા હોય છે. માંગ રેખા જે બિંદુએ OX ધરીને મળે છે તે બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા શૂન્ય બરાબર હોય છે અને જે બિંદુએ OY ધરીને મળે છે તે બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા અનંત હોય છે.


**B: ચાપ પદ્ધતિ :**

**(I) માંગ રેખા સીધી હોય ત્યારે :**

માંગ રેખા સીધી રેખા હોય તો તેના અમુક ભાગ પર મૂલ્યસાપેક્ષતા કેટલી છે તે જાણવા માટે ચાપ પદ્ધતિનો ઉપયોગ થાય છે. આ પદ્ધતિમાં નીચેનાં સૂત્રનો ઉપયોગ કરવામં આવે છે.

$$\text{માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{\text{મૂળ માંગ - ફેરફારવાળી માંગ}}{\text{મૂળ માંગ + ફેરફાર પામેલી માંગ}} \div \frac{\text{મૂળ કિંમત - ફેરફારવાળી કિંમત}}{\text{મૂળ કિંમત + ફેરફાર પામેલી કિંમત}}$$

વિશેષ સમજૂતી માટે એક આકૃતિ જોઈએ –




આકૃતિમાં $DD_1$ માંગ રેખા છે તેના RS ભાગ પર મૂલ્યસાપેક્ષતા કેટલી છે તે જાણવા માટે આ રીતે સૂત્ર લખી શકાય :

$$\text{RS ભાગ પર માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{ON-ON_1}{ON+ON_1} \div \frac{OP-OP_1}{OP+OP_1}$$

ધારો કે OP (મૂળ કિંમત) રૂા.10 છે અને ON (મૂળ માંગ) 500 એકમો છે. ત્યારબાદ $OP_1$ (ફેરફાર પામેલી કિંમત) રૂા.8 છે અને $ON_1$ (ફેરફાર પામેલી માંગ) 700 એકમો છે, તો અહીં RS ભાગ પરની માંગની મૂલ્યસાપેક્ષતા કેટલી થશે?

ઉપરોક્ત સૂત્રના આધારે ગણતરી કરીએ તો –

$$\text{RS ભાગ પર માંગની મૂલ્યસાપેક્ષતા} = \frac{500-700}{500+700} \div \frac{10-8}{10+8}$$

$$= \frac{-200}{1200} \div \frac{2}{18}$$

$$= \frac{-200}{1200} \times \frac{18}{2}$$

$$= \frac{-3}{2} = 1\frac{1}{2} = 1.5$$

આમ, માંગ રેખાના RS ભાગ પર માંગની મૂલ્યસાપેક્ષતા 1.5 છે, જે એકમ કરતાં વધારે છે.

### (II) માંગ રેખા વક્ર રેખા હોય ત્યારે :

જો માંગ રેખા સીધી રેખા ન હોય, પરંતુ વક્ર રેખા હોય તો તેના કોઈ એક બિંદુએ માંગની મૂલ્યસાપેક્ષતા માપવા માટે તે બિંદુને સ્પર્શે એવા સ્પર્શક દોરવામાં આવે છે. આથી વક્ર રેખાનું બિંદુ સ્પર્શક બિંદુ પણ બને છે. સ્પર્શક એટલે સુધી લંબાવવામાં આવે છે કે, જેથી તે પાયાની રેખા અને ઊભી ધરીને મળે. ત્યારપછી સીધી રેખા પરના કોઈ એક બિંદુએ મૂલ્યસાપેક્ષતા માપવાની રીત અપનાવવામાં આવે છે.

## 3.2.5 માંગની મૂલ્યસાપેક્ષતા નક્કી કરતાં પરિબળો :

નીચેના પરિબળો વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતાને નક્કી કરે છે કે અસર કરે છે –

### (I) પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ :

જે વસ્તુઓ જીવન ટકાવી રાખવા માટે જરૂરી હોય તેમના ભાવ વધે કે ઘટે તોપણ તેમની માંગમાં પ્રમાણમાં ઓછો ફેરફાર થશે. દા.ત. અનાજ, મીઠું વિગેરે. આવી વસ્તુઓની માંગ સ્થિર અથવા મૂલ્ય-અનપેક્ષ હશે.

### (II) મોજશોખની વસ્તુઓ :

જે વસ્તુઓ લોકો સુખસગવડ કે એશઆરામ માટે વાપરતા હોય તેમની માંગમાં કિંમત ઘટતા વિશેષ વધારો અને કિંમત ઘટતા વિશેષ વધારો અને કિંમત વધતા વિશેષ ઘટાડો થશે. કિંમત થોડી ઘટે તો જે લોકો અગાઉ ખરીદી શકતા ન હોતા તેવા લોકો પણ આવી વસ્તુઓ વાપરવા પ્રેરાય. અહીંએ યાદ રાખવું ઘટે કે મોજશોખની વસ્તુઓનો ખ્યાલ સાપેક્ષ છે. રેફ્રીજરેટર કે મોટરકાર અમુક વ્યક્તિઓ માટે મોજશોખની વસ્તુઓ ગણાય અને અન્ય વ્યક્તિઓ તેને જરૂરિયાતની વસ્તુઓ માનતી હોય છતાં આવી મોજશોખની વસ્તુઓ માટેની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે.

### (III) અવેજી વસ્તુઓ :

જે વસ્તુઓ અન્ય વસ્તુઓને બદલે અવેજીમાં વાપરી શકાતી હોય તેમની માંગ સામાન્ય રીતે મૂલ્યસાપેક્ષ હોય છે. દા.ત. ચા અને કોફી, રિક્ષા અને ટેક્ષી, કોલસા અને લાકડા, આ વસ્તુઓનાં જોડકાં પૈકી જો એકમનો ભાવ વધે તો લોકો તેની માંગ ઘટાડી અન્ય વસ્તુની માંગ વધારવા પ્રેરાય છે. જેમ અવેજીની કક્ષા વધારે તેમ માંગની મૂલ્યસાપેક્ષતા વધારે.

### (IV) અનેક ઉપયોગ થઈ શકે તેવી વસ્તુઓ :

કેટલીક વસ્તુઓનાં અનેક ઉપયોગ શક્ય હોય છે. દા.ત. વીજળીનો ઉપયોગ

પ્રકાશ માટે, પંખા માટે, પાણી ગરમ કરવા કે ઈસ્ત્રી કરવા માટે કે રસોઈ બનાવવા માટે થઈ શકે. હવે, જો વીજળીની કિંમત ઘટે તો લોકો અગાઉ જે ઉપયોગમાં વીજળીનો વપરાશ કરતા ન હોય તેમાં પણ તેનો વપરાશ શરૂ કરે. આથી આવી વસ્તુઓની માંગની મૂલ્યસાપેક્ષતા વધુ હશે.

### (V) ટકાઉ વસ્તુઓઅથવા વપરાશ મુલતવી રાખી શકાય તેવી વસ્તુઓ :

કેટલીક વસ્તુઓ લાંબા સમય માટે કામ આપી શકે એ પ્રકારની હોય છે. આવી વસ્તુઓની કિંમત વધે તો થોડોક સમય જૂની વસ્તુથી ચલાવી લેવાનું વલણ બહુધા જોવા મળે છે. દા.ત. પંખા, બૂટ, ફાઉન્ટન પેન વગેરે. આ વસ્તુઓના ભાવ ઘટે તો જૂનીને બદલે નવી વસ્તુ લેવાનું વલણ રહે છે અને ભાવ વધે તો મરામત કરીને થોડોક વધારે વખત ચલાવવા લોકો પ્રેરાય છે. આથી આવી વસ્તુઓની માંગની મૂલ્યસાપેક્ષતા વધારે હોય છે અથવા માંગ મૂલ્યસાપેક્ષ હોય છે.

### (VI) અત્યંત મોંઘી કે અત્યંત સસ્તી વસ્તુઓ :

જે વસ્તુઓના ભાવો બહુ ઊંચા હોય તે ખરીદનાર વર્ગ સામાન્ય રીતે શ્રીમંત હોય છે અને તેથી ભાવના ફેરફારની અસર માંગ પર પ્રમાણમાં ઓછી થાય છે. તેવી જ રીતે, પોષ્ટકાર્ડ, મીઠું, ટાંકણી જેવી અત્યંતસસ્તી વસ્તુઓના ભાવમાં ફેરફાર થવાથી તેમની માંગ બદલાતી નથી. આવી વસ્તુઓ ઘણીવાર જીવન જરૂરિયાતની હોય છે. અથવા તેમના ભાવના ફેરફારથી વ્યક્તિની વાસ્તવિક આવકમાં મોટો ફેરફાર થતો નથી. આથી આવી વસ્તુઓની માંગ સ્થિર અથવા મૂલ્યઅનપેક્ષ હોય છે. આવી વસ્તુઓ પાછળ કુલ આવકનો બહુ નજીવો ભાગ ખર્ચા તો હોવાથી પણ તેમની માંગની મૂલ્યસાપેક્ષા ઓછી હોય છે.

### (VII) ગ્રાહકના બજેટમાં વસ્તુનું સ્થાન :

બજેટમાં વસ્તુનું સ્થાન એટલે ગ્રાહક દ્વારા થતા કુલ ખર્ચમાં વસ્તુ પાછળ થતું ખર્ચ. જો કુલ ખર્ચમાં વસ્તુ પાછળ થતું ખર્ચ બહુ નજીવું હોય તો તેની માંગ મૂલ્યસાપેક્ષ હોય છે. દા.ત. મીઠું, દિવાસળી વિગેરે.

### (VIII) ટકાઉ વસ્તુ :

ટકાઉ વસ્તુના ભાવ ઘટે તો પણ તે વસ્તુ સંપૂર્ણ રીતે ઘસાઈને નકામી ન બની જાય ત્યાં સુધી નવી ખરીદવામાં આવતી નથી. આથી ટૂંકા ગાળામાં તેની માંગ મૂલ્યાઅનપેક્ષ હોય છે, પરંતુ લાંબા ગાળે તેની માંગ મૂલ્યસાપેક્ષ બને છે.

### (IX) ટેવનો સમય :

વ્યક્તિ અમુક વસ્તુનાં વપરાશથી ટેવાઈ જાય છે. આથી તેવી વસ્તુના ભાવ વધે તો પણ એકાએક ટેવ બદલી શકાતી નથી. પરિણામે ઊંચા ભાવે પણ માંગ પૂર્વવત્ રહે છે. તેથી જે વ્યક્તિને ટેવ પડી જાય છે તેની માંગ ટૂંકા ગાળામાં મૂલ્યઅનપેક્ષ હોય છે, જ્યારે લાંબા ગાળે તેની માંગ મૂલ્યસાપેક્ષ બને ખરી.

**(X) ગ્રાહકોની અજ્ઞાનતા :**

વસ્તુની કિંમતમાં ફેરફાર થાય ત્યારે તેની માહિતિ તરત જ ગ્રાહકો સુધી પહોંચી શકતી નથી. આથી કિંમતમાં થતા ફેરફારની અસર તરત માંગ પર થતી નથી. આમ, વસ્તુના ભાવ વિષેની ગ્રાહકોની અજ્ઞાનતાન લીધે ટૂંકા ગાળામાં માંગ મૂલ્યસાપેક્ષ અને લાંબા ગાળે માંગ મૂલ્યસાપેક્ષ હોય છે.

### 3.2.6 માંગની આવકસાપેક્ષતા – ખ્યાલ :

વસ્તુની માંગને તેની કિંમત ઉપરાંત અન્યપરિબળો પણ અસર કરે છે. વ્યકિતઓ કે કુટુંબોની આવકોમાં થતાં પરિવર્તનોને લીધે વસ્તુઓની માંગ પર સારા પ્રમાણમાં અસર થતી જોવા મળે છે. વસ્તુની માંગની આવક સપેક્ષતા એટલે –

" વ્યક્તિની આવકમાં થતાં ફેરફાર અને વસ્તુની માંગમાં થતા ફેરફાર વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધ."

સૂત્રાત્મક રીતે કહેવું હોય તો –

$$\text{માંગની આવક સાપેક્ષતા} = \frac{(\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર})}{(\text{વ્યક્તિની આવકમાં થતો ટકાવારી ફેરફાર})}$$

ઘણી ખરી વસ્તુઓ માટે એમ કહી શકાય કે, આવક વધતાં તે વસ્તુઓ માટેની માંગ વધશે. તેથી આવક સાપેક્ષતા ધન (+) હોવાની. પરંતુ 'હલકી' વસ્તુઓની બાબતમાં એવું પણ બને કે આવક વધવાને લીધે આવી વસ્તુઓનો વપરાશ વધારવાને બદલે ઘટાડે છે અને અન્ય વસ્તુઓ, જે તેમની દ્રષ્ટિએ સારી હોય તે વસ્તુનો વપરાશ વધારે છે. અહીં, આપણે વસ્તુના ભાવને સ્થિર માનીએ છીએ અને માત્ર વ્યક્તિની આવકમાં ફેરફાર થાય તો વસ્તુની માંગ પર શી અસર થાય તેને ધ્યાનમાં લઈએ છીએ. આવક સાપેક્ષતાનાં 5 પ્રકારો જોવા મળે છે.

**(I) એકમ કરતાં વધારે :**

આવકના ફેરફાર કરતાં વસ્તુની માંગમાં વધુ પ્રમાણમાં ફેરફાર.

**(II) એકમ કરતાં ઓછી :**

આવકનાં ફેરફાર કરતાં વસ્તુની માંગમાં ઓછા પ્રમાણમાં ફેરફાર.

**(III) સપ્રમાણ કે એકમ જેટલી :**

આવકમાં ફેરફાર જેટલા જ પ્રમાણમાંવસ્તુની માંગમાં ફેરફાર.

**(IV) શૂન્ય :**

આવકમાં ફેરફાર થાય છતાં વસ્તુની માંગમાં કોઈ જ ફેરફાર ન થાય.

**(V) નકારાત્મક કે ઋણ :**

આવકમાં વધે તો વસ્તુની માંગ ઘટે અને આવક ઘટે તો વસ્તુની માંગ વધે.

### 3.2.7 માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતા કે સામસામી સાપેક્ષતા – ખ્યાલ :

કોઈ એક વસ્તુની માંગ પર અન્ય વસ્તુની કિંમતમાં થતાં ફેરફારની પણ અસર હોય છે. દા.ત. ચા ના ભાવ વધે તેથી કોફીની માંગ વધે છે અને લોકો મોટરનો વપરાશ વધારે તો પેટ્રોલની માંગ પણ વધતી માલૂમ પડે છે. આમ, વસ્તુઓ એકબીજાની સાથે કાં તો અવેજીનાકે પૂરકતાના સંબંધોથી જોડાયેલી હોય છે. ચા અને કોફી અવેજી વસ્તુઓ છે, જ્યારે કાર અને પેટ્રોલ પૂરક વસ્તુઓ છે.

માંગની સામસામી સાપેક્ષતાને નીચેના સૂત્ર દ્વારા રજૂ કરે શકાય :

$$\text{માંગની સામસામી સાપેક્ષતા} = \frac{(X \text{ વસ્તુની માંગમાં ટકાવારી ફેરફાર})}{(Y \text{ વસ્તુની કિંમતમાં ટકાવારી ફેરફાર})}$$

પ્રતિમૂલ્યસાપેક્ષતા ધન, શૂન્ય કે નકારાત્મક હોઈ શકે. જો X અને Y એકબીજાની નજીકની અવેજી વસ્તુઓ હોય તો પ્રતિમૂલ્યસાપેક્ષતા ઘન હશે. આથી ઉલટૂ X અને Y જો પૂરક હશે તો એકની કિંમતમાં ઘટાડો થતાં તેની માંગ વધશે અને તેથી બીજાની માંગ પણ વધશે. આમ, પ્રતિમૂલ્યસાપેક્ષતા ઋણ કે નકારાત્મક આવશે.

જો X અને Y વસ્તુઓ એકબીજા સાથે પૂરકતા કે અવેજીના સંબંધથી જોડાયેલી ન હોય એટલે કે તદ્દન સ્વતંત્ર હોય, તો એકની કિંમતમાં થતાં ફેરફારની અસર અન્ય વસ્તુની માંગ પર થશે નહીં. આ સંજોગોમાં માંગની પ્રતિમૂલ્યસાપેક્ષતા શૂન્ય હશે.

### 3.2.8 માંગની મૂલ્યસાપેક્ષતાના ખ્યાલનું મહત્ત્વ :

આર્થિક વિશ્લેષણ અને વ્યવહારમાં આ ખ્યાલ અત્યંત મહત્ત્વનો છે. ઉત્પાદન એકમ કે વેચનાર પોતાની વસ્તુની કિંમત નક્કી કરતી વખતે આ ખ્યાલનો ઉપયોગ કરી શકે. જો વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા ઓછી હોય એટલે કે માંગ લગભગ સ્થિર હોય તો વસ્તુનો ઊંચો ભાવ લેવામાં તેને હરક્ત રહેશે નહીં. ઈજારાદાર પણ આ રીતે ભાવ-નીતિના ઘડતરમાં આ ખ્યાલનો સ્વહિત માટે ઉપયોગ કરતો હોય છે. સરકારને કરનીતિના ઘડતરમાં આ ખ્યાલ ઉપયોગી થઈ શકે. વસ્તુ પરના કર તેની માંગ પર કેવી અસર પાડશે તે ભણ્યા વિના સરકાર પોતાને જોઈતા નાણાંકીય સાધનો કેવી રીતે મેળવી શકે ? આ જ રીતે, અંકુશો કે માપબંધી દાખલ કરતી વખતે, વિનિમય દર નક્કી કરતી વખતે કે ન્યુનતમ પાગર ધોરણો અંગે નિર્ણય લેવાનો હોય ત્યારે કિંમતમાં થતાં ફેરફારોની માંગ પર કેવી અને કેટલી અસરો થશે તે જાણવું અત્યંત જરૂરી છે. આમ, આ ખ્યાલનું વ્યવહારમાં પણ ઘણું મહત્ત્વ છે.

## 3.3 સારાંશ :

આ એકમમાં આપણે માંગની સ્થિતિ સ્થાપક્તા, માંગની મૂલ્યસાપેક્ષતા, આવક સાપેક્ષતા, પ્રતિમૂલ્યસાપેક્ષતા, અસરકર્તા પરિબળો તથા માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની વિવિધ રીતો વિશે વિસ્તૃત ચર્ચા કરી.

માંગની મૂલ્યસાપેક્ષતા અને જુદા જુદા પ્રકારની આવક વચ્ચે ચોક્કસ પ્રકારનો સંબંધ હોવાથી આવકના ખ્યાલોને આધારે પેઢી તેની વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા જાણી શકે છે અને માંગની મૂલ્યસાપેક્ષતાની જાણકારી ના આધારે કિંમતોમાં કેવા પ્રકારના ફેરફારો કરવા તે અંગેના નિર્ણયો તે લઈ શકે છે. આથી, નિર્ણયીકરણની પ્રક્રિયામાં જુદા જુદા પ્રકારની આવક અને માંગની મૂલ્યસાપેક્ષતા વચ્ચેના સંબંધનો અભ્યાસ ઉપયોગી પુરવાર થાય છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

★ માંગની મૂલ્યસાપેક્ષતા (Price Elasticity of Demand) :

વસ્તુ માટેની માંગ તેની કિંમત પર કેટલા પ્રમાણમાં આધાર રાખે છે તેનું માપ.

★ માંગની આવક સાપેક્ષતા (Income Elasticity of Demand) :

વસ્તુ માટેની માંગ તેના ગ્રાહકોની આવકમાં થતા ફેરફાર પર કેટલા પ્રમાણમાં અવલંબે છે તેનું માપ.

★ માંગની અવેજી-સાપેક્ષતા (Cross Elasticity of Demand) :

કોઈ એક વસ્તુ (Y) ની કિંમતમાં થતા ફેરફારથી અન્ય વસ્તુ (X) ના ખરીદવામાં આવતા જથ્થામાં થતા ફેરફારનો ગુણોત્તર.

★ માંગની બિંદુસાપેક્ષતા (Point Elasticity of Demand) :

માંગની રેખા પરના કોઈ એક ચોક્કસ બિંદુ પરની માંગની મૂલ્યસાપેક્ષતાનું મૂલ્ય.

★ માંગની સાપેક્ષતા (Elasticity of Demand) :

નિર્ણાયક પરિબળોના ફેરફારના પરિણામે વસ્તુની માંગમાં થતાં ફેરફારના માપને માંગની સાપેક્ષતા કહેવામાં આવે છે.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

**નિબંધ પ્રકારના પ્રશ્નોઃ**

1. માંગની મૂલ્યસાપેક્ષતા એટલે શુ? માંગની મૂલ્યસાપેક્ષતાને અસર કરતા પરિબળો સમજાવો.
2. માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની રીતે વિષે સમજૂતી આપો.
3. માંગની મૂલ્યસાપેક્ષતા એટલે શુ? માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો સમજાવો.

**સાચો વિકલ્પ પસંદ કરોઃ**

1. જો વસ્તુની માંગ મૂલ્યઅનપેક્ષ હોય તો, વસ્તુની કિંમતમાં વધારો થવાને કારણે ગ્રાહકનાં તે વસ્તુ પાછળના કુલ ખર્ચમાં –
   (ક) વધારો થશે
   (ખ) ઘટાડો થશે
   (ગ) એકસરખો જ રહેશે
   (ઘ) શૂન્ય થઈ જશે
2. X અક્ષને સમાંતર-સમક્ષીતિજ-માંગરેખા એવું સૂચવે છે કે માંગની મૂલ્યસાપેક્ષતા –
   (ક) શૂન્ય છે
   (ખ) અનંત છે
   (ગ) એકમ બરાબર છે
   (ઘ) શૂન્ય કરતાં વધારે પણ અનંત કરતાં ઓછી છે

3. કિંમતમાં ફેરફાર થવા છતાં વસ્તુનીમાંગમાં બિલકુલ ફેરફાર ન થાય તો માંગ –
   (ક) એકમ મૂલ્યસાપેક્ષ કહેવાય
   (ખ) એકમ કરતાં ઓછી મૂલ્યસાપેક્ષ કહેવાય
   (ગ) એકમ કરતાં વધારે મૂલ્યસાપેક્ષ કહેવાય
   (ઘ) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ કહેવાય
4. જે વસ્તુ વધારે અવેજી ધરાવે છે તેવી વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા કેવી હશે?
   (ક) વધારે
   (ખ) ઓછી
   (ગ) શૂન્ય
   (ઘ) એકમ બરાબર
5. જો કિંમતમાં 10 ટકા નો ઘટાડો થાય અને પરિણામ સ્વરૂપે માંગમાં 30 ટકાનો વધારો થાય તો માંગની મૂલ્યસાપેક્ષતા કેટલી હશે ?
   (ક) 10 ટકા (ખ) 30 ટકા
   (ગ) 3 (ઘ) 1/3
6. જો માંગની મૂલ્યસાપેક્ષતા ખૂબ જ ઓછી હોય તો તે એવું દર્શાવે છે કે વસ્તુ –
   (ક) ખૂબ જરૂરિયાતવાળી છે
   (ખ) કુલ બજેટમાં તેનું બહુ ઓછું મહત્ત્વ છે
   (ગ) લક્ઝુરીયસ વસ્તુ છે
   (ઘ) (અ) અને (ગ)
7. જો માંગ સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ હોય તો, કિંમતમાં વધારો થવાને કારણે –
   (ક) કુલ આવકમાં ઘટાડો થશે
   (ખ) કુલ આવકમાં વધારો થશે
   (ગ) કુલ આવકમાં કોઈ જ ફેરફાર નહિ થાય
   (ઘ) માંગના કુલ જથ્થામાં ઘટાડો થશે
8. જો માંગની મૂલ્યસાપેક્ષતા એકમ બરાબર હોય તો, કિંમતમાં 25 ટકા વધારો થવાને કારણે –
   (ક) કુલ આવકમાં ૨૫ ટકા જેટલો ફેરફાર થશે
   (ખ) માંગમાં કોઈ ફેરફાર નહિ થાય
   (ગ) માંગમાં 1 ટકા નો ફેરફાર થશે
   (ઘ) માંગમાં 25 ટકાનો ઘટાડો થશે
9. જો માંગની સામસામી સાપેક્ષતા ખૂબ વધારે હોય તો, એમ કહી શકાય કે,
   (ક) વસ્તુ સામાન્ય છે
   (ખ) વસ્તુ અસામાન્ય છે
   (ગ) વસ્તુ અવેજી છે
   (ઘ) વસ્તુ પૂરક છે

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. (ક)વધારો થશે
2. (ખ)અનંત છે
3. (ઘ)સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ કહેવાય
4. (ક)વધારે
5. (ગ)3
6. (ક)ખૂબ જરૂરિયાતવાળી છે
7. (ખ)કુલ આવકમાં વધારો થશે
8. (ઘ)માંગમાં 25 ટકાનો ઘટાડો થશે
9. (ગ)વસ્તુ અવેજી છે

## ★ સંદર્ભ


(1) A. P. Lerner, Micro Economic Theory – 1968.

(2) H. L. Ahuja, Modern Micro Economics Economics, S. Chand Publication.

(3) K. K. Dewett, Micro Economics, S. Chand Publication.

(4) M. C. Vaish, Micro Economics.

(5) Paul Samuelson : Economics.

(6) M. L. Sheth : Micro Economics.

(7) Mishra and Puri : Principles of Micro Economic, Himalaya Publication House. 2009.

(8) D. M. Mithani : Modern Micro Economic, Himalaya Publication House, 2006.

(9) John Canedy : Micro Economics, Himalaya Publication House, 2010.

(10) Jhingan : Micro Economics, Vrinda Publication.

(11) Mari Mutha and D. Bose : An Introduction Micro Economics, Himalaya Publication House, 2011.

(12) K. K. Dewett : An Introduction to Economics, S. Chand Publication.

(13) Robert S. Pindyck, Daniel L. Rubinfeld : Micro Econmics (6th Edition) Prentice Hall Series in Economics.

(14) R. A. Vilas, Micro Economic Theory.

(15) Stonier & Hague, A Text Book of Economics Theory.

(16) અર્થશાસ્ત્રનાં સિદ્ધાંતો, શ્રી એચ. કે. ત્રિવેદી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

# વિભાગ

# 2

# ઉત્પાદન અને ખર્ચના સિદ્ધાંતો


| | |
|---|---|
| એકમ-4 ખર્ચ રેખાઓ તથા પુરવઠાનો નિયમ | 65 |
| એકમ-5 ઉત્પાદન અને ખર્ચનો સિધ્ધાંત | 87 |
| એકમ-6 સાધન પરિમાણમાં ફેરફાર | 101 |

એકમ 4

# ખર્ચ રેખાઓ તથા પુરવઠાનો નિયમ

## રૂપરેખા


4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 ખર્ચનો સિદ્ધાંત

4.3 ખર્ચના પ્રકારો

  4.3.1 ઉત્પાદન ખર્ચ

  4.3.2 ટુંકાગાળાની ખર્ચ રેખાઓ

4.4 પુરવઠાનો અર્થ

4.5 જથ્થો અને પુરવઠો

4.6 પુરવઠાનો નિયમ

4.7 પુરવઠાના નિયમમાંથી ફલિત થતા મહત્વના મુદ્દાઓ

4.8 પુરવઠાને અસર કરતાં પરિબળો

4.9 પુરવઠામાં ફેરફાર

  4.9.1 કિંમત પ્રેરિત પુરવઠા ફેરફારો

  4.9.2 અન્ય પરિબળો પ્રેરિત પુરવઠા ફેરફારો

4.10 પુરવઠાની મૂલ્યસાપેક્ષતા

4.11 પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો

4.12 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના ઉતરો (જવાબો)

★ સંદર્ભ


## 4.0 ઉદ્દેશો :

આ એકમ અર્થશાસ્ત્રના મૂલ્યના સિદ્ધાંતોમાં વિવિધ પ્રકારના ખર્ચની સમજ આપે છે. તથા પુરવઠો અને પુરવઠાની મૂલ્યસાપેક્ષતા વિશે પરિચય આપે છે. આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોની સ્પષ્ટસમજૂતી આપી શકશો.

- ખર્ચનો સિદ્ધાંત અને ખર્ચના વિવિધ ખ્યાલો.
- ટૂંકા અને લાંબાગાળાની ખર્ચ રેખાઓ.
- પુરવઠાનો નિયમ અને પુરવઠાની મૂલ્યસાપેક્ષતા

## 4.1 પ્રસ્તાવના :

આગળના પ્રકરણમાં આપણે ચીજવસ્તુ અને સેવાના ઉત્પાદન પ્રક્રિયા વિશે સમજી ગયા. પેઢી જે ચીજવસ્તુ અને સેવાનું ઉત્પાદન કરે છે તેના ઉત્પાદનનું પ્રમાણ કેટલું રાખવું ? વળી, જેટલાં પ્રમાણમાં ઉત્પાદન કરે તેમાં વધારો કરશે કે ઘટાડો ? અને વધારો અથવા ઘટાડો કરવો હોય તો કેટલા પ્રમાણમાં? વગેરે પ્રશ્નો ઉત્પાદનઅંગેના પ્રકરણમાં કેન્દ્ર સ્થાને રહેલા છે. પરંતુ આ પ્રકરણમાં આપણે ચીજવસ્તુ અથવા સેવાના ઉત્પાદન માટે જે ખર્ચ ભોગવવો પડે છે તેની ચર્ચા કરવાના છીએ. ખર્ચમાં થતી વધઘટ પેઢીની સમતુલાનું એક નિર્ણાયક પરિબળ હોવાથી આપણે ખર્ચ વિશે સમજૂતી મેળવવી જરૂરી છે.

## 4.2 ખર્ચનો સિદ્ધાંત :

ખર્ચનો સિદ્ધાંત એ ઉત્પાદનની સપાટી અથવા કદ અને કુલ ખર્ચ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. ઉત્પાદનની જુદી જુદી સપાટીએ ખર્ચનું પ્રમાણ બદલાતું રહે છે. વળી કુલ ખર્ચ એ વિવિધ પરીબળો દ્વારા નિર્ધારીત થતું હોય છે જે નીચે મુજબ છે.

(ક) ઉત્પાદનનું પ્રમાણ

(ખ) ઉત્પાદનના સાધનોની કિંમત

(ગ) ઉત્પાદનના સાધનોની ઉત્પાદક્તા

(ઘ) ટેકનોલોજી

ઉપરોક્ત પરિબળો અને કુલ ખર્ચ વચ્ચેના f સંબંધને ગાણિતિક સ્વરૂપે (વિધેયના સ્વરૂપમાં) નીચે મુજબ રજૂ કરી શકાય. જે ખર્ચ વિધેય તરીકે ઓળખાય છે.

$TCx = f(X, P, E, T)$

જ્યાં $TCx$ = x વસ્તુનું કુલ ઉત્પાદન ખર્ચ

X = x વસ્તુનું ઉત્પાદન

P = ઉત્પાદનના સાધનોની કિંમત

E = ઉત્પાદનના સાધનોની કાર્યક્ષમતા અથવા ઉત્પાદક્તા

T = ટેકનોલોજી

ઉપર્યુક્ત કોઈપણ એક પરિબળ કે તમામ પરિબળોમાં ફેરફાર થાય તો તેના પરિણામ સ્વરૂપ કુલ ખર્ચમાં ફેરફાર થાય છે.

## 4.3 ખર્ચના પ્રકારો :

ખર્ચ વિવિધ પ્રકારના હોય છે. ચાલો આપણે આ વિવિધ પ્રકારના ખર્ચના અર્થ, સ્વરૂપ અને અગત્યના ખર્ચ વચ્ચેનો આંતરસંબંધ તપાસીએ.

### 4.3.1 ઉત્પાદન ખર્ચ :

વસ્તુના ઉત્પાદન માંટે પેઢી દ્વારા કરવામાં આવતું ખર્ચ એટલે ઉત્પાદન ખર્ચ. ઉત્પાદન ખર્ચનું અર્થઘટન ત્રણ રીતે કરવામાં આવે છે. એ દ્રષ્ટિએ પેઢીના ખર્ચનાખ્યાલોના ત્રણ પ્રકારો પાડી શકાય. (1) વાસ્તવિક ખર્ચ (2) નાણાંકિય ખર્ચ (3) વૈકલ્પિક ખર્ચ.

## 1. વાસ્તવિક ખર્ચ :

વાસ્તવિક ખર્ચ એ નાણાંમાં રજૂ કરવામાં આવતું ન હોવાથી તેને બિનનાણાકીય ખર્ચ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલા નિયોજકો, મજૂરો અને મૂડીપતિઓએ કરવો પડતો શારીરિક માનસિક પરિશ્રમ, કષ્ટ, ત્યાગ, કંટાળો વગેરેને ઉત્પાદનનું વાસ્તવિક ખર્ચ કહેવાય.

આ ખ્યાલ માનસશાસ્ત્રીય શબ્દો દ્વારા સમજાવવામાં આવતો હોવાથી આત્મલક્ષી અને સાપેક્ષ બની જાય છે, જેથી કરીને વાસ્તવિક ખર્ચ ચોક્કસપણે માપી શકાતું નથી. પરિણામે આ ખ્યાલ દ્વારા વસ્તુની કિંમત નક્કિ કરી શકાતી નથી.

## 2. નાણાકીય ખર્ચ :

વસ્તુના ઉત્પાદન માટે નાણાંના રૂપમાં કરવામાં આવતા ખર્ચને નાણાકીય ખર્ચ કહે છે. જ્યારે કોઈ ઉત્પાદનના સાધનો ઉત્પાદન પ્રક્રિયામાં રોકાયેલા હોય અને તેના વળતર સ્વરૂપ નાણાંની ચૂકવણી કરવામાં આવે તો તેનો સમાવેશ નાણાકીય ખર્ચમાં કરવામાં આવે છે. કોઈ વસ્તુનાઅમુક એકમો ઉત્પાદિત કરવાથી તેનું કેટલું નાણાંકિય ખર્ચ થયું તે જાણવું હોય તો તે વસ્તુના ઉત્પાદન માટે ઉત્પાદનના સાધનોને કેટલું વળતર ચુકવવામાં આવ્યું છે તે જાણવાથી નાણાકીય ખર્ચ મેળવી શકાય.

## 3. વૈકલ્પિક ખર્ચ :

અર્થશાસ્ત્રમાં ખર્ચની ગણતરી વૈકલ્પિક ખર્ચના ખ્યાલ દ્વારા કરવામાં આવે છે. વૈકલ્પિક ખર્ચ એટલે કોઈ એક ચીજવસ્તુ અથવા સેવાનું ઉત્પાદન કરવા માટે જતો કરવામાં આવેલો બીજો શ્રેષ્ઠ વિકલ્પ. અમુક વસ્તુનું ઉત્પાદન કરવા બીજી કોઈ વૈકલ્પિક વસ્તુનું ઉત્પાદન જતુ કરવામાં આવ્યું હોવાથી જે વસ્તુનું ઉત્પાદન જતુ કરવામાં આવ્યું હોય તેના મૂલ્ય બરાબર વૈકલ્પિક ખર્ચ થયો એમ કહેવાય. દા.ત. મગફળીનું ઉત્પાદન કરવા માટે બીજો શ્રેષ્ઠ વિકલ્પ, જેમ કે ઘઉં જતો કરવામાં આવ્યો હોય તો ઘઉંનું ઉત્પાદન શક્ય બન્યુ હોત તેના મૂલ્ય બરાબર વૈકલ્પિક ખર્ચ થયો એમ કહેવાય.

ઉત્પાદનના સાધનોના વૈકલ્પિક ઉપયોગની શક્યતાના સંદર્ભમાં જ વૈકલ્પિક ખર્ચનો પ્રશ્ન ઉદ્દભવે છે. આ સાધનો સામાન્યતઃ ત્રણ સ્વરૂપના હોઈ શકે : ભૌતિક સાધનો અથવા તેમની સેવા, નાણું અને સમય. વીજળીનો ઉપયોગ ખેતીક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રે કે ઘર વપરાશ માટે થઈ શકે છે. તેવી જ રીતે નાણાંનો ઉપયોગ મકાન ખરીદવા, મોટરકાર ખરીદવા કે દાનમાં આપવા થઈ શકે છે. અહિં પ્રત્યેક સાધનના શક્ય ઉપયોગોમાંથી એક વિકલ્પ પસંદ કરવામાં આવે છે ત્યારે બીજો જે શ્રેષ્ઠ વિકલ્પ જતો કરવામાં આવે છે ત્યારે બીજો જે શ્રેષ્ઠ વિકલ્પ જતો કરવામાં આવ્યો હોય તેમાંથી જે વળતર મળી શક્યું હોત, તેનાં મૂલ્ય બરાબર વૈકલ્પિકખર્ચનું પ્રમાણ અંદાજી શકાય.

વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ જે ઉત્પાદન સાધનનો એક કરતા વધુ ઉપયોગ શક્ય હોય તેને લાગુ પાડી શકાય છે. પરંતુ કોઈ સાધન એવુ હોય કે જેનો માત્ર એક જ ઉપયોગ શક્ય હોય તેને લાગુ પાડી શકાય નહીં. વળી, જ્યાં સુધી ઉત્પાદનના સાધનો બેકાર કે અર્ધબેકાર હોય ત્યાં સુધી વૈકલ્પિક ખર્ચનો પ્રશ્ન ઉદ્દભવતો નથી. આમ, આ ખ્યાલની થોડી મર્યાદાઓ હોવાં છતાં પણ એકદંરે જોતા તેનું મહત્વ ઘણું છે. ઉત્પાદન ખર્ચની ગણતરીમાં વૈકલ્પિક ખર્ચ પાયાનો ખ્યાલ છે. નાણાંના એકમ દ્વારા તે અભિવ્યક્ત થતો હોવાથી ઉત્પાદન ખર્ચની ગણતરી નાણાંકિય સ્વરૂપમાં થાય છે.

### 4.3.2 સમયનાગાળાની દ્રષ્ટિએ ખર્ચના પ્રકારો :

પેઢીના સિદ્ધાંતની ચર્ચામાં ઉત્પાદન ખર્ચનો ખ્યાલ નીચે મુજબ બે પ્રકારના સમયગાળાના સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે.

#### (I) ટુંકાગાળો (Short Period) :

આ સમયનો એવો ગાળો છે કે જેમાં માંગમાં થતા ફેરફારોને અનુરૂપ ઉત્પાદનમાં મર્યાદિત પ્રમાણમાં વધારો કે ઘટાડો થાય છે. પેઢી પોતાનું કદ બદલી શકતી નથી. એટલે કે પેઢીનું કદ નક્કિ કરનારા પરીબળો જેવાં કે જમીન, મકાન, યંત્રસામગ્રી વગેરે સાધનોમાં ફેરફાર થઈ શકતો નથી. પરંતુ પેઢી પોતાના કદની મર્યાદામાં રહીને કાચોમાલ, શ્રમિકો વગેરેમાં ફેરફાર કરીને ઉત્પાદનમાં વધઘટ કરી શકે છે. આમ, ટુંકાગાળામાં પેઢી માટે અમુક સાધનો સ્થિર અને અમુક ઉત્પાદન સાધનો અસ્થિર હોય છે.

#### (II) લાંબો ગાળો (Long Period) :


આ એવો સમયગાળો છે કે તે દરમિયાન પેઢી પોતાની પેદાશની માંગ અનુસાર પોતાના કદમાં વધઘટ કરી શકે છે. એટલે કે પેઢી પોતાના બધાં જ ઉત્પાદન સાધનોમાં આ સમયગાળા દરમિયાન વધારો કે ઘટાડો કરી શકે છે. મતલબ કે પેઢી માટે બધાં જ ઉત્પાદનના સાધનો અસ્થિર છે.

#### (A) ટુંકાગાળાની ખર્ચ રેખાઓ :

ટુંકાગાળામાં ઉત્પાદન ખર્ચમાં થતી વધઘટનું વિશ્લેષણ નીચે દર્શાવેલાખર્ચ વિધેયો દ્વારા આપવામાં આવે છે.


#### (I) સ્થિર ખર્ચ અથવા કુલ સ્થિર ખર્ચ (Fixed Cost or Total Fixed Cost) :

ઉત્પાદનમાં ફેરફાર થવા છતાં કુલ સ્થિર ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી. કુલ સ્થિર ખર્ચમાં જમીનનું ભાડુ, મુડીનું વ્યાજ, કાયમી સ્ટાફનું વેતન, યંત્રોનો ઘસારા ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે. કોષ્ટકમાં નંબર 1માં જોઈ શકાય છે કે ઉત્પાદન શૂન્ય હોય, પાંચ એકમ હોય કે દસ એકમ હોય પરંતુ કુલ સ્થિર ખર્ચ યથાવત જ રહે છે તેમાં કોઈ ફેરફાર થતો નથી જે નીચે મુજબ આકૃતિમાં રજૂ કરી શકાય.



### (2) અસ્થિર ખર્ચ અથવા કુલ અસ્થિર ખર્ચ (Variable Cost or Total Variable Cost) :

કુલ અસ્થિર ખર્ચ એટલે કે ખર્ચ કે જે, ઉત્પાદનમાં વધઘટ થવા સાથે બદલાતો રહે છે. ઉત્પાદન શૂન્ય હોય ત્યારે આ કુલ અસ્થિર ખર્ચ શૂન્ય હોય છે અને જેમ જેમ ઉત્પાદન વધતુ જાય તેમ તેમ શરૂઆતમાં મંદ ગતિએ તથા ત્યારબાદ ઝડપભેર વધતુ જાય છે. કોઈપણ વસ્તુના ઉત્પાદનમાં કાચોમાલ, બળતણ, છૂટક રોજના ધોરણે કામ કરતા શ્રમિકોના પગાર વગેરે ખર્ચ અસ્થિર સ્વરૂપના હોય છે. કારખાનુ કોઈપણ કારણોસર બંધ રહે તો, આવા અસ્થિરખર્ચ સંપૂર્ણપણે બંધ કરી શકાય છે, અને જો ઉત્પાદન વધારવુ-ઘટાડવુ હોય તો, આ અસ્થિર ખર્ચમાં પણ વધઘટ થઈ શકે છે. જે નીચે મુજબ આકૃતિમાં દર્શાવી શકાય.





### (3) કુલ ખર્ચ (Total Cost) :

કુલ ખર્ચ = કુલ સ્થિર ખર્ચ + કુલ અસ્થિર ખર્ચ

TC = TFC + TVC

કુલ ખર્ચ એ કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચનો સરવાળો છે. ઉત્પાદન વધતા કુલ ખર્ચમાં વધારો થાય છે. શરૂઆતમાં તે ધીમા દરે વધે છે પરંતુ પછી તેમાં ઝડપથી વધારો થાય છે. આનુ કારણ એ છે કે કુલ અસ્થિર ખર્ચ શરૂઆતમાં ધીમા દરે અને ત્યાર બાદ ઝડપથી વધતુ હોય છે. કુલ ખર્ચ એ કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચ કરતાં વધુ હોય છે. જે નીચે મુજબ આકૃતિમાં દર્શાવી શકાય.




**(4) સરેરાશ સ્થિર ખર્ચ (Average Fixed Cost - AFC) :**

$$\text{સરેરાશ સ્થિર ખર્ચ (AFC)} = \frac{\text{(કુલ સ્થિર ખર્ચ )}}{\text{(કુલ ઉત્પાદન-એકમો )}}$$

$$= \frac{(TFC)}{(TQ)}$$

જેમ જેમ ઉત્પાદન વધે છે તેમ તેમ કુલ સ્થિરખર્ચ વધુને વધુ એકમો વચ્ચે વહેંચાઈ જાય છે, તેથી સરેરાશ સ્થિર ખર્ચઉત્તરોત્તર ઘટતું જાય છે. સરેરાશ સ્થિર ખર્ચ શરૂઆતમાં ધીમા દરે ઘટે છે. પરંતુ ત્યાર બાદ તે ઝડપથી ઘટવા માંડે છે. જે નીચેની આકૃતિમાં જોઈ શકાય છે.





**(5) સરેરાશ અસ્થિર ખર્ચ (Average Variable Cost - AVC) :**

$$\text{સરેરાશ અસ્થિર ખર્ચ (AVC)} = \frac{\text{(કુલ અસ્થિર ખર્ચ )}}{\text{(કુલ ઉત્પાદન-એકમો )}}$$

$$= \frac{(TVC)}{(TQ)}$$

સરેરાશ અસ્થિર ખર્ચ ઉત્પાદન વધતા શરૂઆતમાં ઘટે છે, ત્યાર પછી તે ન્યૂનતમ થાય છે, પછી ઉત્પાદન વધતા તેમાં વધારો થાય છે. સરેરાશ સ્થિર ખર્ચ કરતાં સરેરાશ અસ્થિર ખર્ચએ રીતે જુદુ પડે છે કે સરેરાશ સ્થિર ખર્ચતો ઉત્પાદન વધતા ઘટે જ છે પરંતુ સરેરાશ અસ્થિર ખર્ચ શરૂઆતમાં ઘટે છે અને પછી તે વધવા માંડે છે. જે નીચે મુજબ આકૃતિમાં દર્શાવી શકાય.




**(6) સરેરાશ ખર્ચ (Average Cost) :**

$$\text{સરેરાશ ખર્ચ(AC)} = \frac{\text{(કુલ ઉત્પાદન ખર્ચ )}}{\text{(કુલ ઉત્પાદન એકમો )}} = \frac{TC}{TQ}$$

અથવા સરેરાશ ખર્ચ = સરેરાશ સ્થિર ખર્ચ + સરેરાશ અસ્થિર ખર્ચ

$$AC = AFC + AVC$$

સરેરાશ ખર્ચ રેખાની સ્વરૂપ અંગ્રેજી મુળાક્ષર U જેવું હોય છે. ઉત્પાદન વધતાં શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઘટે છે, પછી તે સ્થિર (ન્યુનતમ) રેહ છે અને ત્યાર બાદ ઉત્પાદન વધતા તેમાં વધારો થાય છે જે નીચે મુજબ આકૃતિમાં દર્શાવી શકાય.





**(7) સીમાંત ખર્ચ (Marginal Cost) :**

સીમાંત ખર્ચ એ ઉત્પાદનમાં એક એકમનો વધારો થતાં કુલ ખર્ચમાં થયેલો ફેરફાર દર્શાવે છે. દા.ત. અ વસ્તુના 5 એકમો ઉત્પાદન કરવાનો કુલ ખર્ચ રૂા.60 હોય અને છઠ્ઠ એકમ ઉમેરતા કુલ ખર્ચ રૂા.75 થયો હોય તો સીમાંત ખર્ચ રૂા.15 થશે.

ઉત્પાદનમાં વધારો થતાં સીમાંત ખર્ચ ઘટે છે, પછી તે ન્યુનતમ રહે છે અને ત્યારબાદ ઉત્પાદન વધતાં સીમાંત ખર્ચ વધવા પામે છે. જે નીચે મુજબ આકૃતિમાં રજૂ કરી શકાય.

$$MC = (\Delta C)/(\Delta Q)$$




ટુંકાગાળાના ઉત્પાદન ખર્ચના સાતેય પ્રકારો નીચે મુજબ કોષ્ટકમાં રજૂ કરી શકાય.

કોષ્ટક નં 1


| ઉત્પાદન એકમો (Q) | કુલ સ્થિર ખર્ચ TFC | કુલ અસ્થિર ખર્ચ TVC= TC -TFC | કુલ ખર્ચ TC=TFC + TVC | સરેરાશ સ્થિર ખર્ચ AFC =TFC /Q | સરેરાશ અસ્થિર ખર્ચ AVC =TVC /Q | સરેરાશ ખર્ચ AC = TC /Q | સીમાંત ખર્ચ MC = (△C) /(△Q) |
|---|---|---|---|---|---|---|---|
| 0 | 30 | 0 | 30 | - | - | - | - |
| 1 | 30 | 30 | 60 | 30.0 | 30.0 | 60.0 | 30 |
| 2 | 30 | 40 | 70 | 15.0 | 20.0 | 35.0 | 10 |
| 3 | 30 | 45 | 75 | 10.0 | 15.0 | 25.0 | 5 |
| 4 | 30 | 50 | 80 | 7.5 | 12.5 | 20.0 | 5 |
| 5 | 30 | 60 | 90 | 6.0 | 12.0 | 18.0 | 10 |
| 6 | 30 | 72 | 102 | 5.0 | 12.0 | 17.0 | 12 |
| 7 | 30 | 89 | 119 | 4.3 | 12.7 | 17.0 | 17 |
| 8 | 30 | 110 | 140 | 3.7 | 13.8 | 17.5 | 21 |
| 9 | 30 | 135 | 165 | 3.3 | 15.0 | 18.3 | 25 |

## (8) સરેરાશ ખર્ચના વક્રો અને સીમાંત ખર્ચના વક્ર વચ્ચેનો આંતરસંબંધઃ

## (The Relation between the Average and Marginal Cost Curves)

સરેરાશ સ્થિર ખર્ચ, સરેરાશ અસ્થિર ખર્ચ, સરેરાશ કુલ ખર્ચ તથા સીમાંત ખર્ચ વચ્ચેનો આંતરસંબંધ ભૌમિતિક પદ્ધતિ દ્વારા આલેખમાં વ્યક્ત કરવામાં આવ્યો છે.

ઉપર આપેલ કોષ્ટક મુજબ ત્રણ પ્રકારના સરેરાશ ખર્ચના વક્રો તથા સીમાંત ખર્ચનો વક્ર આલેખમાં દોરવામાં આવ્યો છે. સરેરાશ સ્થિર ખર્ચનો વક્ર ડાબી બાજુ ઉપરથી જમણી તરફ નીચે જાય છે. પણ X ધરીને સ્પર્શતો નથી. કારણ કે જેમ જેમ ઉત્પાદન વધતુ જાય છે તેમ તેમ એકમ દીઠ સ્થિર ખર્ચ ઘટતુ જાય છે, પરંતુ કદી શૂન્ય થતુ નથી. સરેરાશ અસ્થિર ખર્ચનો વક્ર ડાબી બાજુ નીચેથી જમણી તરફ ઊંચે જાય છે. કારણ કે ઉત્પાદનમાં વધારો થતાં અસ્થિર ખર્ચ પણ વધવા પામે છે. સરેરાશ કુલ ખર્ચમાં સરેરાશ સ્થિર ખર્ચ અને સરેરાશ અસ્થિર ખર્ચનો સમાવેશ થાય છે. આથી સરેરાશ ખર્ચ શરૂઆતમાં વધતી પેદાશના તબક્કા દરમિયાન ઘટે છે અને ન્યુનતમ કક્ષાએ પહોચ્યા પછી ઘટતી પેદાશનો તબક્કો શરૂ થતાં વધવા પામે છે.



આ કારણથી સરેરાશ ખર્ચનો વક્ર U આકારનો જોવા મળે છે ઉપરની આકૃતિને ત્રણ તબ્બકા પ્રમાણે સમજાવી શકાય.

(1) જ્યારે સરેરાશ ખર્ચ ઘટે છે ત્યારે સીમાંત ખર્ચ પણ ઘટે છે. આ તબક્કામાં ઉત્પાદનનાં દરેક એકમે સરેરાશ ખર્ચ કરતાં સીમાંત ખર્ચ ઓછું હોય છે. કોષ્ટકમાં જોતા જણાય છે કે ઉત્પાદનના ૬ એકમ સુધી સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ બન્ને ઘટે છે. અહિં સીમાંત ખર્ચ, સરેરાશ કરતાં ઓછું જોવા મળે છે.

(2) ઉત્પાદનના સાતમા એકમે સરેરાશ ખર્ચ સ્થિર રહે છે, ત્યારે સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ બન્ને સરખા (રૂા.17) જોવા મળે છે.

(3) જ્યારે સરેરાશ ખર્ચ વધે છે ત્યારે સીમાંત ખર્ચ પણ વધે છે. આ તબ્બકામાં ઉત્પાદનના દરેક એકમે સરેરાશ ખર્ચ કરતાં સીમાંત ખર્ચ વધુ હોય છે. 8 માં એકમથી સરેરાશ ખર્ચ વધે છે ત્યારે સીમાંત ખર્ચ તેના કરતાં વધુ છે.

**(બ) લાંબાગાળાની ખર્ચ રેખાઓ :**

પેઢીના ટુંકા અને લાંબાગાળા વચ્ચે મહત્વનો તફાવત એ છે કે ટુંકાગાળાની જેમ લાંબાગાળામાં સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચ વચ્ચે ભેદરેખા હોતી નથી. પેઢી માંગમાં થતા ફેરફારને અનુરૂપ પોતાના કદમાં વધારો-ઘટાડો કરી શકે છે. તેથી બધાં જ ખર્ચ અસ્થિર બની જાય છે. લાંબાગાળે પેઢી એવા પ્રકારનું ઉત્પાદન સાધન સંયોજન પસંદ કરશે કે જે મહતમ નફો આપનારૂ હોઈ શકે. તેથી લાંબાગાળાનું ઉત્પાદન ખર્ચનું વિશ્લેષણ સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચને લગતા બે ખર્ચ વિધેયો દ્વારા આપવામાં આવે છે.

**લાંબાગાળાનું સરેરાશ ખર્ચ (Long Period Average Cost) :**

પેઢીના લાંબાગાળા દરમિયાન થતાં કુલ ખર્ચ (LTC) ને ઉત્પાદનના કુલ એકમો (Q) વડે ભાગવાથી જે મૂલ્ય પ્રાપ્ત થાય તેને લાંબાગાળાનો સરેરાશ ખર્ચ કહે છે. જે નીચે મુજબ વ્યક્ત કરવામાં આવે છે.


$$LAC = \frac{LTC}{Q}$$

**(1) લાંબાગાળાનુ સીમાંત ખર્ચ (Long Period Marginal Cast) :**

પેઢી દ્વારા ઉત્પાદીત કરવામાં આવતા વધારાના પ્રત્યેક એકમદીઠ લાંબાગાળાના કુલ ખર્ચમાં જે વધારો થાય તેને લાંબાગાળાનુ સીમાંત ખર્ચ કહે છે જે નીચે મુજબ વ્યક્ત કરવામાં આવે છે.

$$LMC = \frac{(\Delta LTC)}{(\Delta Q)}$$


**(2) લાંબાગાળાનો સરેરાશ ખર્ચનો વક્ર :**




ઉત્પાદનના એકમો

ઉપરોક્ત આકૃતિમાં જોઈ શકાય છે કે લાંબાગાળાના સરેરાશ ખર્ચનો વક્ર LAC એ વિવિધ ટુંકાગાળાના સરેરાશ ખર્ચના વક્રો ($SAC_1$, $SAC_2$, $SAC_3$, $SAC_4$ અને $SAC_5$) પરના એક બિંદુને સ્પર્શક બનીને રચાય છે. માટે ટુંકાગાળાના સરેરાશ ખર્ચના વક્રોના ન્યુનતમ બિંદુઓ લાંગાગાળાના સરેરાશ ખર્ચના વક્રની નીચે હોતા નથી. આથી જ લાંબાગાળાના સરેરાશ ખર્ચના વક્રને Envelope Curve એટલે કે પરબીડિયા વક્ર કહે છે. કારણ કે પેઢીને લાંબાગાળા દરમિયાન પોતાના ઉત્પાદન અંગે સૌથી વધુ નફો આપનાર પ્લાન્ટ પસંદ કરવાની તક રહેલી હોય છે. અહિં પેઢી માટે આ પ્રકારનો પ્લાન્ટ 3 છે. કે જ્યાં પહોંચ્યા પછી પેઢી ઉત્પાદન ઘટાડતી કે વધારતી નથી. a અને b બિંદુ પેઢી માટે ઊંચા ખર્ચે ઓછું ઉત્પાદન દર્શાવે છે જ્યારે d અને e બિંદુ ઉત્પાદનમાં થતા વધારા સાથે ખર્ચમાં પણ વધારો દર્શાવે છે. માટે પેઢી c બિંદુ એ સમતુલા પ્રાપ્ત કરે છે કે જ્યાં ન્યુનતમ ખર્ચ મહતમ ઉત્પાદન હાથ ધરી શકે છે.


ક્યારેક કદ વિકાસથી કુલ પેદાશમાં (1) સ્થિર દરે વૃદ્ધિ થવાની અને (2) શરૂઆતમાં વધતા દરે તથા ન્યુનતમ બિંદુએ પહોંચ્યા પછી સ્થિર દરે વૃદ્ધિ થવાની સંભાવના રહેલી છે. જો સ્થિર દરે પેદાશ વૃદ્ધિ થતી હોય તો ટુંકાગાળાના સરેરાશ ખર્ચના વક્રનો આકાર અને લાંબાગાળાના સરેરાશ ખર્ચના વક્રનો આકાર નીચે આકૃતિમાં દર્શાવ્યા મુજબનો હોય છે.




ઉત્પાદન એકમો

આકૃતિમાં દર્શાવ્યા મુજબ પેઢી સમક્ષ દરેક નવો પ્લાન્ટ એક જ પ્રકારના સાધન સંયોજનવાળો અને એકસરખી કાર્યક્ષમતાવાળો મળતા આવી સ્થિતિ ઉભી થાય છે. જ્યાં પ્રત્યેક ટુંકાગાળાના સરેરાશ ખર્ચનું ન્યુનતમ બિંદુ એક જ કક્ષાએ આવે છે. એટલે કે, ઉત્પાદનના તમામ પ્લાન્ટનું સરેરાશ ખર્ચ સરખુ જ છે. આમ કદવિકાસના લાભમાં સ્થિર દરે વધારો થતો હોય ત્યારે લાંબાગાળાના સરેરાશ ખર્ચનો વક્ર ટુંકાગાળાના સરેરાશ ખર્ચના વક્રોના ન્યુનતમ બિંદુઓને સ્પર્શક બને છે.

કેટલીકવાર કદવિકાસના લાભ એવી રીતે પણ પ્રાપ્ત થતા હોય કે શરૂઆતમાં વધતા દરે અને ત્યાર બાદ સ્થિર દરે પેદાશવૃદ્ધિ થતી હોય. શરૂઆતના તબ્બકમાં પેઢીને કદવિકાસના લાભો પ્રાપ્ત થવાથી વધતા દરે પેદાશવૃદ્ધિ થાય છે ત્યાર બાદ લાંબાગાળાના સરેરાશ ખર્ચની ન્યુનતમ સ્થિતિએ પહોંચ્યા બાદ પેઢી પોતાના પાછલા અનુભવને ધ્યાને રાખી લાંબાગાળાના સરેરાશ ખર્ચમાં વધારો ન થાય તે રીતે નવો પ્લાન્ટ ઉભો કરી શકે છે. જે આકૃતિમાં નીચે મુજબ દર્શાવી શકાય.




ઉત્પાદન

આકૃતિમાં દર્શાવ્યા મુજબ પેઢીનાં શરૂઆતનો ટુંકાગાળાનો પ્લાન્ટ-1 ઊંચા ન્યુનતમ ખર્ચવાળો હોવાથી તે નીચા ન્યુનતમ ખર્ચવાળો પ્લાન્ટ-2 પસંદ કરી ઉત્પાદન હાથ ધરે છે. ત્યાર બાદ ઉત્પાદનમાં હજુ વધારો કરવા માટે પ્લાન્ટ-2 જેવાં જ કરકસરયુક્ત નવા પ્લાન્ટ-3 અને 4 ઉભા કરશે. આથી પેઢી તેના લાંબાગાળાના સરેરાશ ન્યુનતમ ખર્ચને પ્લાન્ટ-2 ની કક્ષાએ જ જાળવી રાખવામાં સફળ થાય છે. આમ લાંબાગાળાના સરેરાશ વક્રનોઆકાર અહિં ‘L’ જેવો થાય છે. જો કે આ પરિસ્થિતિમાં પેઢીનું કદ અનિર્ણીત રહે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો (ક) :**

**(1) સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેનો આંતરસંબંધ તપાસો.(50 શબ્દોમાં)**

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

**(2) ખાલી જગ્યા પુરો.**

(ક) ............................ ખર્ચ એ નાણાંમા રજૂ કરવામાં આવતું નથી.
(વાસ્તવિક, વૈકલ્પિક)

(ખ) લાંબાગાળે બધાં જ ખર્ચ ............................ હોય છે.
(સ્થિર, અસ્થિર)

(ગ) ............................ એટલે ઉત્પાદનમાં એક એકમનો વધારો થતાં કુલ ખર્ચમાં થયેલો ફેરફાર.
(સરેરાશ ખર્ચ, સીમાંત ખર્ચ)

**(3) નીચેના વિધાનો ખરા (✓) છે કે ખોટા (✗) જણાવો.**

(ક) ઉત્પાદનમાં ફેરફાર થવાથી કુલ સ્થિર ખર્ચમાં ફેરફાર થાય છે.

(ખ) લાંબાગાળાનો સરેરાશ ખર્ચના વક્રને **Envelope Curve** કહે છે.

(ગ) સરેરાશ ખર્ચ = સરેરાશ સ્થિર ખર્ચ + સરેરાશ અસ્થિર ખર્ચ.

## 4.4 પુરવઠાનો અર્થ :

પ્રો. માર્શલના શબ્દો મુજબ ‘મંગ અને પુરવઠો એ એક કાતરના બે પાંખિયા જેવા છે. કારતના એક પાંખિયા વડે કપડું કાપી શકાતું નથી, પરંતુ બન્ને પાંખિયાની એક સાથે જરૂર પડે છે તેમ માત્ર માંગ કે માત્ર પુરવઠો વસ્તુની કિંમત નક્કિ કરી શકતા નથી, પરંતુ માંગ અને પુરવઠો સાથે મળીને જ કિંમત નક્કિ કરી શકે છે.’

અર્થશાસ્ત્રીય પરિભાષામાં અને સામાન્ય વ્યવહારમાં વપરાતા પુરવઠા શબ્દનો અર્થ જુદો જુદો છે. સામાન્ય વ્યવહારમાં વસ્તુના પુરવઠા, જથ્થા કે ઉત્પાદન વચ્ચે કોઈ તફાવત પાડવામાં આવતો નથી, પરંતુ અર્થશાસ્ત્રીય પરિભાષામાં દરેક શબ્દોના ચોક્કસ અર્થ છે અને તેમની વચ્ચે તફાવત છે.

‘પુરવઠો એટલે કોઈ એક નિશ્ચિત કિંમતે અને નિશ્ચિત સમયે કોઈ એક વસ્તુના ઉત્પાદક કે વેચનાર તે વસ્તુનો કુલ કેટલો જથ્થો બજારમાં વેચવા તૈયાર છે તે.’

જુદા જુદા સમયે કિંમતમાં ફેરફાર થતાં પુરવઠામાં ફેરફાર થાય છે. જો કિંમત વધતી હોય તો વેચનાર ઊંચી કિંમતે વધુ વેચશે અને કિંમત ઘટતી હોય તો તે ઓછું વેચાણ કરશે. આ પરથી સાબિત થાય છે કે પુરવઠાનો વિચાર હંમેશા કિંમત અને સમયના સંદર્ભમાં કરવો જોઈએ. કિંમત અને સમયનાં સંદર્ભ વગર પુરવઠા વિશે વિધાન કરવુ નિરર્થક છે.

## 4.5 જથ્થો અને પુરવઠો :

પુરવઠાના અર્થની ઉપર્યુક્ત ચર્ચામાં આપણે નોંધ્યુ કે, કોઈ વસ્તુનો જથ્થો અને તે વસ્તુનો પુરવઠો બન્ને જુદા જુદા ખ્યાલો છે. વસ્તુનો જથ્થો એટલે કુલ ઉત્પાદન. બધું જ ઉત્પાદન જથ્થા તરીકે ઓળખાય છે, પરંતુ આ ઉત્પાદનમાંથી જેટલો જથ્થો અમુક સમયે ચાલુ કિંમતે વેચવામાં આવે તેને જ પુરવઠો કહેવાય છે. દા.ત. ઓરિએન્ટ

કંપનીમાં એક દિવસે 50,000 પંખાનુ ઉત્પાદન થાય છે. તો અહિં 50,000 પંખા જથ્થો કહેવાય. જો ચાલુ કિંમતે બધાં જ પંખા વેચી નાખવામાં આવે તો પુરવઠો પણ 50,000 પંખા થશે. આમ, જથ્થો અને પુરવઠો બન્ને સરખા હોઈ શકે, પરંતુ એવું પણ બને કે ચાલુ કિંમતે તેમાંથી 40,000 પંખાનુ જ વેચાણ કરવામાં આવે તો જથ્થો 50,000 પંખાનો છે પરંતુ પુરવઠો 40,000 પંખા જ કહેવાય. આમ પુરવઠો જથ્થા કરતા ઓછો પણ હોઈ શકે, પરંતુ જથ્થા કરતા ક્યારેય વધુ ન હોઈ શકે.

## 4.6 પુરવઠાનો નિયમ :

પુરવાઠાનો વિચાર હંમેશા કિંમત અને સમયના સંદર્ભમાં જ કરવામાં આવે છે. જો ચોક્કસ સમયે કિંમતે વધતી હોય તો પુરવઠો વધે છે અને કિંમત ઘટતી હોય તો પુરવઠો ઘટે છે. વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચેના આ સંબંધને નિયમના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યો છે, જે પુરવાઠાના નિયમ તરીકે ઓળખાય છે.

''જો અન્ય પરિબળ યથાવત (સ્થિર) રહે તો વસ્તુની કિંમત વધતાં તે વસ્તુના પુરવઠાનું વિસ્તરણ થાય છે અને વસ્તુની કિંમત ઘટતાં તે વસ્તુના પુરવઠાનું સંકોચન થાય છે.''

## 4.7 પુરવઠાના નિયમમાંથી ફલિત થતા મહત્વના મુદ્દાઓ :

પુરવઠાના નિયમમાંથી નીચે દર્શાવેલ ત્રણ મુદ્દાઓ ફલિત થાય છે.

(1) કિંમતમાં ફેરફાર થવાથી પુરવઠામાં ફેરફાર થાય છે. આમ, કિંમત એ કારણ છે અને પુરવઠો એ પરિણામ છે.

(2) વસ્તુની કિંમત અને પુરવઠાના ફેરફારો સમાન દિશામાં થાય છે. એટલે કે કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે. કિંમત વધે તો પુરવઠો વિસ્તરણ પામે અને કિંમત ઘટે તો પુરવઠો સંકોચન પામે છે.


(3) કિંમત અને પુરવઠાના ફેરફારોના સંબંધ શરતી છે. એટલે કે જો અન્ય પરિબળો યથાવત (સ્થિર) રહે તો જ કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ સ્થપાય છે.

**પુરવઠાની અનુસૂચિ :**

પુરવઠાના નિયમને સરળ રીતે સમજવા નીચેનુ ઉદાહરણ ઉપયોગી થશે.

| સીંગતેલની કિંમત (15 લીટરના ડબ્બા દીઠ રૂપિયામાં) | સીંગતેલનો બજાર પુરવઠો (15લીટરના ડબ્બાઓમાં) |
|---|---|
| 1500 | 1000 |
| 1550 | 1150 |
| 1600 | 1400 |
| 1700 | 1800 |
| 1850 | 2500 |

ઉપરોક્ત અનુસૂચિ દર્શાવે છે કે કિંમત અને પુરવઠામાં સમાન દિશામાં ફેરફારો થાય છે. જે નીચે મુજબ આકૃતિમાં રજૂ કરી શકાય.




આકૃતિમાં OX ધરી પર સીંગતેલનો બજાર પુરવઠો અને OY ધરી પર સીંગતેલની કિંમત આપેલી છે. કિંમતમાં જેમ વધારો થતો જાય છે તેમ પુરવઠો પણ ક્રમશઃ વધતો જાય છે એટલે કે પુરવઠાનું વિસ્તરણ થાય છે. તેથી ઊલટુ કિંમત જેમ જેમ ઘટતી જાય છે તેમ તેમ પુરવઠાનું સંકોચન થાય છે. a, b, c, d, e બિંદુઓ સીંગતેલની જુદી જુદી કિંમતોએ તેના પુરવઠાનુ પ્રમાણ કેટલુ છે તે દર્શાવે છે. આ બિંદુઓને જોડવાથી SS પુરવઠા રેખા પ્રાપ્ત થાય છે. પુરવઠા રેખા ધન ઢાળવાળી છે, એટલે કે ડાબી બાજુ થી જમણી બાજુ નીચેથી ઉપર ચઢે છે. પુરવઠા રેખાનો આ ઢાળ કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ વ્યક્ત કરે છે.

## 4.8 પુરવઠાને અસર કરતાં પરિબળો :

પુરવઠાને અસર કરતાં પરિબળો નીચે મુજબ છે.

### 4.8.1 કિંમત :

કિંમત એ પુરવઠાને અસર કરતું સૌથી અગત્યનું પરિબળ છે. પુરવઠાના નિયમમાં દર્શાવ્યા મુજબ. કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે. એટલે કે કિંમત વધે ત્યારે પુરવઠો વિસ્તરણ પામે છે અને કિંમત ઘટે ત્યારે પુરવઠો સંકોચન પામે છે.

કિંમત સિવાયના પરિબળો પણ પુરવઠાને અસર પહોંચાડે છે જે નીચે મુજબ છે.

### 4.8.2 રાજકિય સ્થિરતા – અસ્થિરતા :

રાજકિય સ્થિરતાની સ્થિતિમાં ઉત્પાદન અને પુરવઠો સરળતાથી પણ બન્ને કે ચાલુ ઉત્પાદન તુલનાએ ઉત્પાદન વધી શકે છે પરંતુ રાજકિય અરાજક્તા હોય ત્યારે ઉત્પાદન અને પુરવઠો ઘટે છે.

### 4.8.3 સરકારની નીતિ :

જો સરકાર વિકાસ પ્રેરક અને હળવા કરવેરાવાળી આર્થિક નીતિઓ અપનાવે તો કિંમત વધાર્યા વિના પુરવઠો વધારી શકાય છે. પરંતુ જો વિકાસને રુંધનાર, અંકુશોવાળી અને ભારે કરબોજાવાળી આર્થિક નીતિઓ કિંમત વધારવા છતાં પુરવઠો વધારી શકતી નથી.

### 4.8.4 ધિરાણની સગવડો :

બેંકો અને અન્ય નાણાંકિય સંસ્થાઓ પાસેથી જો વધુ ઉદાર શરતોએ ધિરાણ મળી રહેતુ હોય તો ઉત્પાદન અને પુરવઠો વધવા પામે છે. તેનાથી ઊલટું જો ધિરાણની અપૂરતી સગવડો ઉત્પાદન અને પુરવઠો ઘટાડે છે.

### 4.8.5 વાહન વ્યવહારની સગવડો :

ઓછા ખર્ચે માલસામનની હેરફેરી થઈ શકે તેવી ઝડપી અને અત્યાધુનિક વાહન વ્યવહારની સગવડો પુરવઠો વધારવામાં મદદરૂપ થાય છે. અને જો વાહન વ્યવહારની સગવડો અપૂરતી હોય તો પુરવઠો વધવામાં મુશ્કેલી ઊભી થાય છે.

### 4.8.6 કુદરતી પરિબળો :

જો અનુકુળ કુદરતી સંજોગો હોય તો ઉત્પાદન અને પુરવઠો વધવા પામે છે પરંતુ ભૂંકપ, પૂર, વાવાઝોડુ, દુષ્કાળ, તોફાનો જેવાં પરિબળો પુરવઠો ઘટાડે છે.

### 4.8.7 ભવિષ્યના ભાવો અંગેની અટકળો :

જો કોઈ વસ્તુના ભાવ ભવિષ્યમાં વધુ વધવાના અંદાજ હોય તો વર્તમાનમાં ભાવ ઉંચા હોવા છતાં ઉત્પાદકો ઉત્પાદિત જથ્થો બજારમાં વેચવા માટે મૂકશે નહીં અને જો ભવિષ્યમાં ભાવ ઘટવાની શક્યતા હોય તો વર્તમાનમાં ઘટતા ભાવે પણ વેપારીઓ વધુ જથ્થો બજારમાં વેચવા માટે મૂકશે.

### 4.8.8 અન્ય વસ્તુઓની કિંમત :

જો કોઈ વ્યક્તિ ઘઉં અને ચોખા બે વસ્તુઓનુ ઉત્પાદન કરે છે. હવે જો ઘઉંની કિંમત ઘટે છે તો ઉત્પાદક (ખેડૂત) ચોખાના બદલે ઘઉંનુ ઉત્પાદન હાથ ધરશે મતલબ ઘઉંનો પુરવઠો વધે છે અને ચોખાનો પુરવઠો ઘટે છે. અહિં ચોખાની કિંમત ઘટી ન હોવા છતાં પણ ચોખાનો પુરવઠો ઘટે છે. એટલે કે ચોખાનો પુરવઠો એ ઘઉંની કિંમત ઉપર આધારિત છે.

પુરવઠાને અસર કરતાં પરિબળોને બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે (1) કિંમતનું પરિબળ (2) કિંમત સિવાયના પરિબળો. આ અંગેની સમજુતીને નીચે મુજબ પુરવઠામાં ફેરફારના રૂપમાં સમજીશું.

★ તમારી પ્રગતિ ચકાસો : (ખ)

(1)'જથ્થો' અને 'પુરવઠો' વચ્ચેનો તફાવત એક ઉદાહરણ આપી સમજાવો. (50 શબ્દોમાં)

-----------------------------------------------------------

-----------------------------------------------------------

-----------------------------------------------------------

-----------------------------------------------------------

-----------------------------------------------------------

(2)સરકારની નીતિ પુરવઠાને કેવી રીતે અસર કરે છે ? બે વાક્યમાં જવાબ આપો.

-----------------------------------------------------------

-----------------------------------------------------------

-----------------------------------------------------------

(3) નીચેના વિધાનો ખરા (✓) છે કે ખોટા (✗) તે જણાવો.

(ક) વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે શરતી સંબંધ છે.


(ખ) પુરવઠામાં ડાબી બાજુથી જમણી બાજુ ઉપરથી નીચે તરફ ગતિ કરે છે.

## 4.9 પુરવઠામાં ફેરફાર (પુરવઠાનુ વિસ્તરણ-સંકોચન અને પુરવઠામાં વધારો-ઘટાડો) :

પુરવઠાના ફેરફારોને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે (1) કિંમત-પ્રેરિત પુરવઠા ફેરફારોઅને (2) અન્ય પરિબળો પ્રેરિત પુરવઠા ફેરફારો. જે નીચે મુજબ વિગતે સમજાવી શકાય.

### 4.9.1 કિંમત પ્રેરિત પુરવઠા ફેરફારો :


આ પ્રકારના ફેરફારો માત્ર વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી જ અસ્તિત્વમાં આવે છે. પુરવઠાના નિયમમાં નોંધ્યુ તેમ કિંમત વધે ત્યારે પુરવઠાનુ વિસ્તરણ થાય છે અને કિંમત ઘટે ત્યારે પુરવઠાનું સંકોચન થાય છે જેને પુરવઠાનું વિસ્તરણ – સંકોચન કહે છે. નીચે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે પુરવઠાનુ વિસ્તરણ – સંકોચન માત્ર એક જ પુરવઠા રેખા પર વ્યક્ત થાય છે. પુરવઠાનુ વિસ્તરણ થાય ત્યારે તે એસએસ રેખા ઉપર જ ઉપર તરફ ખસે છે અને સંકોચન થાય ત્યારે તે નીચે તરફ ખસે છે.




### 4.9.2 અન્ય પરિબળો પ્રેરિત પુરવઠા ફેરફારો :

વસ્તુની કિંમત સ્થિર રહે અને અન્ય પરિબળોમાં ફેરફાર થવાથી પુરવઠામાં ફેરફાર થાય તેને અન્ય પરિબળો પ્રેરિત પુરવઠા ફેરફાર કહે છે. અગાઉ દર્શાવ્યા મુજબના કોઈપણ પરિબળો જેવાં કે સરકારની નીતિ, ધિરાણની સગવડો, કુદરતી સંજોગો, વાહન વ્યવહારની સગવડો, ભવિષ્યના ભાવો અંગેની અટકળો વગેરે પરિબળો (કિંમત સિવાયના પરિબળો) માં ફેરફાર થવાથી પુરવઠામાં વધઘટ થાય તો તેને

પુરવઠામાં વધારો – ઘટાડો કહેવાય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ પુરવઠાનો વધારો – ઘટાડો એક કરતાં વધુ પુરવઠા રેખા પર દર્શાવી શકાય છે. જો નવી પુરવઠા રેખા $S_1S_1$ અસ્તિત્વમાં આવે, એટલે કે પુરવઠા દર્શક બિંદુ a થી b તરફ ખસે તો તેને પુરવઠામાં વધારો થયો કહેવાય. અને ઓ $S_2S_2$ ડાબી બાજુ નવી પુરવઠા રેખા અસ્તિત્વમાં આવે એટલે કે પુરવઠા દર્શક બિંદુ a થી c તરફ ખસે તો તેને પુરવઠામાં ઘટાડો થયો કહેવાય.




## 4.10 પુરવઠાની મૂલ્યસાપેક્ષતા :

પુરવઠાનો નિયમ જણાવે છે કે કિંમતમાં ફેરફાર થતાં પુરવઠામાં ફેરફાર થાય છે. પરંતુ કિંમતમાં ફેરફાર થવાથી પુરવઠામાં કેટલા પ્રમાણમાંફેરફાર થાય છે તેના વિશે આ નિયમ કશુ જણાવતો નથી. આથી પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના ખ્યાલનો વિચાર કરવો જરૂરી છે.

'પુરવઠાની મૂલ્યસાપેક્ષતા એટલે કિંમતના સાપેક્ષ ફેરફાર અને પુરવઠાના સાપેક્ષ ફેરફારનું ગુણોત્તર-પ્રમાણ.' બીજા શબ્દોમાં કહીએ તો કિંમતમાં વધારો-ઘટાડો થવાથી પુરવઠામાં જે વધારો કે ઘટાડો થાય તેનુ માપ એટલે પુરવઠાની મૂલ્યસાપેક્ષતા. જેને સંજ્ઞાના સ્વરૂપમાં નીચે મુજબ દર્શાવવામાં આવે છે.

પુરવઠાની મૂલ્યસાપેક્ષતા = $\frac{\text{(પુરવઠામાં ટકાવારી ફેરફાર )}}{\text{(કિંમતમાં ટકાવારી ફેરફાર)}}$

અથવા

= $\frac{\text{(પુરવઠામાં ફેરફાર )/(મૂળ પુરવઠો )}}{\text{(કિંમતમાં ફેરફાર )/(મૂળ કિંમત)}}$ $\frac{(\Delta S)/(S)}{(\Delta P)/P}$

=(પુરવઠામાં ફેરફાર )/(મૂળ પુરવઠો ) X (મૂળ કિંમત )/(કિંમતમાં ફેરફાર)

$=(\Delta S)/(S) = (P)/(\Delta P)$

=(પુરવઠામાં ફેરફાર )/(કિંમતમાં ફેરફાર ) X (મૂળ કિંમત )/(મૂળ પુરવઠો)

$=(\Delta S)/(\Delta P) = (P)/(S)$


(અહિં S=પુરવઠો, P=કિંમત અને Δ(ડેલ્ટા)=ફેરફાર)

## 4.11 પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો :

કિંમતમાં ફેરફાર થવાથી પુરવઠામાં જે જુદા જુદા પ્રમાણમાં ફેરફાર થાય છે તેને આધારે પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના પાંચ પ્રકારો પાડવામાં આવે છે.


### 4.11.1 **સંપૂર્ણ મૂલ્યસાપેક્ષતા પુરવઠો :** (Es=∞)

જો કિંમતમાં થોડોક ફેરફાર થાય અને તેને પરિણામે પુરવઠામાં અમર્યાદિત પ્રમાણમાં ફેરફાર થાય તો તેને સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ પુરવઠો કહે છે. દા.ત. કિંમતમાં 5 ટકા નો ફેરફાર થાય પરંતુ પુરવઠામાં અમાપ કે અનંત (∞) ફરેફાર થાય તો સૂત્ર અનુસાર $(\infty)/(5) = \infty$ (અનંત) જવાબ આવે. જ્યારે મૂલ્ય અનંત આવે ત્યારે પુરવઠો સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ ગણાય છે.





### 4.11.2 **સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ પુરવઠો :** (Es=0)

કિંમતમાં વધારો થાય કે ઘટાડો થાય. પરંતુ પુરવઠામાં બિલકુલ ફેરફાર ન થાય તો તેને સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ પુરવઠો કહે છે. દા.ત. કિંમતમાં ૨૫ ટકા નો ફેરફાર થાય પરંતુ પુરવઠામાં બિલકુલ ફેરફાર ન થાય એટલે ફેરફાર શૂન્ય હોય તો સૂત્ર પ્રમાણે $0/(25) = 0$ થાય. જ્યારે મૂલ્ય 0 આવે ત્યારે પુરવઠો સંપૂર્ણમૂલ્યઅનપેક્ષ ગણાય છે.





### 4.11.3 **એમક મૂલ્યસાપેક્ષ પુરવઠો :** (Es=1)

કિંમતમાં થતા ફેરફારના પ્રમાણમાં જ પુરવઠામાં ફેરફાર થાય તો તેને એકમ મૂલ્યસાપેક્ષ પુરવઠો કહે છે. દા.ત. કિંમતમાં 25 ટકા ફેરફાર થાય અને તેના પરિણામે પુરવઠામાં પણ 25 ટકા જ ફેરફાર થાય તો સૂત્ર પ્રમાણે $25/(25) = 1$ થાય. જ્યારે મૂલ્ય 1 આવે ત્યારે પુરવઠો એકમ (એક બરાબર) મૂલ્યસાપેક્ષ છે તેમ કહેવાય.





**4.11.4 એકમ કરતાં વધુ મૂલ્યસાપેક્ષ પુરવઠો : (Es>1)**

કિંમતમાં જેટલા પ્રમાણમાં ફેરફાર થાય તેના કરતા પુરવઠામાં વિશેષ પ્રમાણમાં ફેરફાર થાય તેના કરતા પુરવઠામાં વિશેષ પ્રમાણમાં ફેરફાર થાય તો તેને એકમ કરતા વધુ મૂલ્યસાપેક્ષ પુરવઠો કહે છે. દા.ત. જો કિંમતમાં જો ૨૫ ટકા નો ફેરફાર થાય પરંતુ પુરવઠામાં 50 ટકા નો ફેરફાર થાય તો સૂત્ર મુજબ 50/25 = 2 થાય. જ્યારે મૂલ્ય 2 (એક થી વધુ)




**4.11.5 એકમ કરતાં ઓછો મૂલ્યસાપેક્ષ પુરવઠો : (Es<1)**

કિંમતમાં જેટલા પ્રમાણમાં ફેરફાર થાય તેના કરતાં પુરવઠામાં થતો ફેરફાર ઓછો હોય તો તેને એકમ કરતાં ઓછો મૂલ્યસાપેક્ષ પુરવઠો કહે છે. દા.ત. જો કિંમતમાં 50 ટકા નો ફેરફાર થાય પરંતુ પુરવઠામાં ૨૫ ટકા નો જ ફેરફાર થાય તો સૂત્ર મુજબ 25/50 = 1/2 = 0.5 થાય. પુરવઠાની મૂલ્યસાપેક્ષતાનું મૂલ્ય 0.5 (એક થી ઓછું) હોય તો તેને એકમ કરતાં ઓછો મૂલ્યસાપેક્ષ પુરવઠો કહે છે.




★ **તમારી પ્રગતિ ચકાસો : (ગ)**

(1) પુરવઠાની મૂલ્યસાપેક્ષતા એટલે શું. સમજાવો. (50-શબ્દોમાં)

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

(2) કિંમત પ્રેરિતપુરવઠા ફેરફાર સમમજાવો. (ત્રણ વાક્યમાં)

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

(3) ખાલી જગ્યા પૂરો :

(ક) પુરવઠામાં વધારો-ઘટાડો .................... પુરવઠા રેખા દ્વારા સમજાવી શકાય. (એકજ, એક થી વધુ)

(ખ) કિંમતમાં થતાં ફેરફારના પ્રમાણમાં જ પુરવઠામાં ફેરફાર થાય તો તેને .................... મૂલ્યસાપેક્ષ પુરવઠો કહે છે. (સંપૂર્ણ, એકમ)

## 4.12 સારાંશ :

ખર્ચનો સિદ્ધાંત એ કુલ ખર્ચ અને ઉત્પાદનની સપાટી વચ્ચેનો સંબંધ રજૂ કરે છે. ઉત્પાદનનું પ્રમાણ, ઉત્પાદનના સાધનોની કિંમત, સાધનોની ઉત્પાદક્તા અને ટેકનોલોજી જેવા પરિબળો ઉત્પાદન ખર્ચને નિર્ધારિત કરે છે ખર્ચના ખ્યાલોને બે વિભાગમાં વિભાજીત કરી શકાય છે ઉત્પાદન ખર્ચ અને સમયના ગાળાની દ્રષ્ટિએ ખર્ચ.

ઉત્પાદન ખર્ચમાં વાસ્તવિક ખર્ચ, વૈકલ્પિક ખર્ચ અને નાણાકીય ખર્ચ જેવા વિવિધ ખ્યાલોનો સમાવેશ થાય છે.

સમયના ગાળાની દ્રષ્ટિએ ખર્ચને બે વિભાગમાં વિભાજીત કરી શકાય. ટુંકાગાળાનુ ખર્ચ અને લાંબાગાળાનુ ખર્ચ.

ટુંકાગાળાનુ ખર્ચ સ્થિર અને અસ્થિર ખર્ચ એવા બે વિભાગમાં વહેચી શકાય.

ઉત્પાદનમાં ફેરફાર થવા છતાં જે ખર્ચમાં કોઈ પ્રકારનો ફેરફાર ન થતો હોય તેને સ્થિર ખર્ચ કહે છે. ઉત્પાદન વધઘટ થવા સાથે ખર્ચમાં ફેરફાર થાય તેને અસ્થિર ખર્ચ કહે છે.

કુલ સ્થિર ખર્ચને ઉત્પાદન એકમો વડે ભાગવાથી સરેરાશ સ્થિર ખર્ચ જાણી શકાય છે અને કુલ કુલ અસ્થિર ખર્ચને ઉત્પાદનના એકમો વડે ભાગવાથી સરેરાશ અસ્થિર ખર્ચ જાણી શકાય છે.

કુલ ખર્ચ = કુલ સ્થિર ખર્ચ + કુલ અસ્થિર ખર્ચ સરેરાશ કુલ ખર્ચ = સરેરાશ સ્થિર ખર્ચ + સરેરાશ અસ્થિર ખર્ચ સીમાંત ખર્ચ એ ઉત્પાદનના એક એકમમાં વધારો થવાથી કુલ ખર્ચમાં જે ફેરફાર થાય છે તે દર્શાવે છે.

ઉત્પાદન વધવાની સાથે સરેરાશ સ્થિર ખર્ચમાં ઘટાડો થાય છે પરંતુ તે શૂન્ય થતુ નથી. જ્યારે સરેરાશ અસ્થિર ખર્ચ શરૂઆતમાં ઘટે છે ત્યારબાદ ન્યુનતમ થાય છે અને ત્યારબાદ તેમાં વધારો થાય છે.

લાંબાગાળાની સરેરાશ ખર્ચની રેખા ટુંકાગાળાની સરેરાશ ખર્ચની રેખાઓના આધારે પ્રાપ્ત થાય છે. લાંબાગાળાની સરેરાશ ખર્ચની રેખાને પરબિડીયા વક્ર કહે છે કારણ કે પેઢીને લાંબાગાળાના દરમિયાન પોતાના ઉત્પાદન અંગે સૌથી વધુ નફો આપનાર પ્લાન્ટ પસંદ કરવાની તક રહેલી હોય છે.

લાંબાગાળાની ખર્ચ રેખા પણ ટુંકાગાળાની ખર્ચરેખા જેમેં આકારની હોય છે જો કે લાંબાગાળાની ખર્ચ રેખા ટુંકાગાળાની ખર્ચ રેખા કરતા વધુ ફ્લેટ હોય છે. એટલે કે વધુ પહોળાઈ ધરાવે છે.

પુરવઠાનો વિચાર હંમેશા કિંમત અને સમયના સંદર્ભમાં જ કરવામાં આવે છે. વળી પુરવઠો અને જથ્થો આ બન્ને અલગ-અલગ ખ્યાલો છે.

પુરવઠાનો નિયમ એ વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ રજૂ કરે છે. કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે. જે પુરવઠા રેખા દ્વારા વ્યક્ત થાય છે પુરવઠા રેખા ડાબી બાજુથી જમણી બાજુ નીચેથી ઉપર તરફ જાય છે.

કિંમત, રાજકીય-સ્થિરતા-અસ્થિરતા, સરકારની નીતિ, ધિરાણની સગવડો, વાહન વ્યવહારની સગવડો, કુદરતી પરીબળો, ભવિષ્યના ભાવો અંગેની અટકળો અને અન્ય વસ્તુઓની કિંમત એ પુરવઠાને અસર કરતા પરીબળો છે.

પુરવઠાનું વિસ્તરણ – સંકોચન, કિંમતમાં ફેરફાર થવાથી થાય છે જ્યારે પુરવઠામાં વધારો – ઘટાડો કિંમત સિવાયના પરિબળોનું પરિણામ છે.

પુરવઠાની મૂલ્યસાપેક્ષતા એ કિંમતમાં થતા ફેરફાર અને પુરવઠામાં થતા ફેરફારનું ગુણોત્તર માપ છે.

પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના પાંચ પ્રકારોછે. સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ પુરવઠો ($Es=\infty$), સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ પુરવઠો ($Es=0$), એકમ મૂલ્યસાપેક્ષ પુરવઠો ($Es=1$), એકમ કરતા વધુ મૂલ્યસાપેક્ષ પુરવઠો ($Es>1$) અને એકમ કરતા ઓછો મૂલ્યસાપેક્ષ પુરવઠો ($Es<1$).

## ★ ચાવીરૂપ શબ્દો :

- ઉત્પાદનનુ કદ : પેઢી દ્વારા હાથ ધરવામાં આવતુ ઉત્પાદનનું પ્રમાણ.
- ઉત્પાદન ખર્ચ : પેઢી દ્વારા વસ્તુના ઉત્પાદન માટે કરવુ પડતુ ખર્ચ.
- વાસ્તવિક ખર્ચ : નિયોજક કે શ્રમિક દ્વારા ઉત્પાદન પ્રક્રિયામાં જોડવાથી જે થક, કંટાળો, ત્યાગ, પરિશ્રમ કરવો પડે તે ઉત્પાદનનુ વાસ્તવિક ખર્ચ છે.

- નાણાકીય ખર્ચ : વસ્તુના ઉત્પાદન માટે નાણાના રૂપમાં કરવુ પડતુ ખર્ચ.
- વૈકલ્પિક ખર્ચ : કોઈ એક ચીજવસ્તુ કે સેવાનુ ઉત્પાદન કરવા માટે જતો કરવો પડતો બીજો શ્રેષ્ઠ વિકલ્પ.
- સ્થિર ખર્ચ : ઉત્પાદનમાં ફેરફાર થવા છતાં જે ખર્ચમાં ફેરફાર ન થાય તે.
- અસ્થિર ખર્ચ : ઉત્પાદનમાં ફેરફાર થવા છતાં જે ખર્ચમાં ફેરફાર થાય તે.
- સરેરાશ ખર્ચ : કુલ ઉત્પાદનને કુલ ઉત્પાદીત એકમો વડે ભાંગતાં જે ખર્ચ મળે તે.
- સીમાંત ખર્ચ : ઉત્પાદનમાં એક એકમનો વધારો થતાં કુલ ખર્ચમાં થયેલો ફેરફાર.
- પુરવઠો : ચોક્કસ સમયે અને કિંમતે ઉત્પાદકો વસ્તુનો જે જથ્થો બજારમાં વેચવાની જે તૈયારી દર્શાવે તે.
- પુરવઠાનુ સંકોચન : વસ્તુની કિંમત ઘટતાં પુરવઠામાં થતો ઘટાડો.
- પુરવઠાનુ વિસ્તરણ : વસ્તુની કિંમત વધતા પુરવઠામાં થતો વધારો.
- પુરવઠામાં ફેરફાર : કિંમત અને કિંમત સિવાયના પરિબળો દ્વારા પુરવઠાના કદમાં થતો ફેરફાર.
- પુરવઠાની મૂલ્યસાપેક્ષતા : કિંમતમાં થતાં ફેરફારના પરિણામે પુરવઠામાં થતા ફેરફારનું માપ.
- પુરવઠાનો નિયમ : અન્ય પરિબળો યથાવત રહે તો કિંમત અને પુરવઠા વચ્ચેનો રજૂ થયેલો સંબંધ.

## ★ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો.

★ તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) પેટા વિભાગ-4.3.2 નું (8) વાંચો.

(2) (ક) વાસ્તવિક (ખ) અસ્થિર (ગ) સીમાંત ખર્ચ

(3) (ક) ✗ (ખ) ✓ ગ) ✓

★ તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) વિભાગ-4.5 વાંચો.

(2) પેટા વિભાગ-4.8.3 (3) વાંચો

(3) (ક) ✓ (ખ) ✗

★ તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) વિભાગ-4.10 વાંચો.

(2) પેટા વિભાગ-4.9.1 વાંચો.

(3) (ક) એક થી વધુ (ખ) એકમ

## ★ સંદર્ભઃ

★ D. Bose, A. Marimuthu. An Introduction to MICRO ECONOMICS, Himalaya Publishing House, Second Revised Edition. 2016

★ H. L. Ahuja. Principles of Micro Economics. S. Chand & Co. Ltd.

★ K. C. Roychowdhury, Micro Economics, Tata Mc Graw Hill Co.Ltd.

એકમ 5

# ઉત્પાદન અને ખર્ચનો સિધ્ધાંત
# Production and Cost Theory

## રૂપરેખા

5.0 ઉદ્દેશો
5.1 પ્રસ્તાવના
5.2 ઉત્પાદન વિધેય
5.2.1 ટૂંકા ગાળાનું ઉત્પાદન વિધેય
5.2.2 લાંબા ગાળાનું ઉત્પાદન વિધેય
5.3 સમખર્ચ રેખા
5.4 સમઉત્પાદન રેખા
5.5 સમખર્ચ રેખા અને સમઉત્પાદન રેખાના આધારે ન્યૂનતમ ખર્ચનું સાધન સંયોજન
5.6 સાધન સંયોજનો નિયમ
5.6.1 સાધન સંયોજિતા નિયમની સમજૂતી
5.6.2 સાધન સંયોજનના નિયમની સમીક્ષા (ઉપયોગિતા, મર્યાદાઓ)
5.7 સારાંશ
★ ચાવીરૂપ શબ્દો
★ તમારી પ્રગતિ ચકાસો
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો
★ સંદર્ભ

## 5.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ઉત્પાદન પ્રક્રિયામાં જુદાં-જુદાં ઉત્પાદન સાધનોનું કેટલું-કેટલું પ્રમાણ જરૂરી છે. તે દર્શાવતા ઉત્પાદન વિધેય વિશે સમજી શકશો.
- સમખર્ચ રેખા, અને સમઉત્પાદન રેખાને આધારે ન્યૂનતમ ખર્ચે મહત્તમ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તે સમજાવી શકશો.
- લઘુતમ ખર્ચે ઉત્પાદન કરવા માટે એકની અવેજીમાં બીજું ઉત્પાદન સાધન ઉપયોગમાં લઇ શકાય કે કેમ ? તે વિશે નિર્ણય લઇ શકશો.

## 5.1 પ્રસ્તાવના ( Introduction)

કોઈપણ ઉત્પાદક કે વેપારી જયારે ઉત્પાદન કે વેપારની પ્રક્રિયા કરે છે, ત્યારે તેનો હેતુ મહત્તમ નફો કમાવવાનો હોય છે. પરંતુ કયારેક કોઇ એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે જયારે ઉત્પાદક નફો મેળવી શકતા નથી. જેમ કે કુદરતી આપત્તિ, રાજકીય નીતિ વગેરે, જેમાં ઉત્પાદક તેની ધારણા પ્રમાણે નિર્ણય લઇ શકતા નથી, કે ફેરફાર કરી શકતા નથી.

આવી પરિસ્થિતિમાં મહત્તમ નફો ન મળી શકે તો ખોટ પણ થઇ શકે છે. આ ખોટ ઓછામાં ઓછી થાય તેવો ઉત્પાદકોનો પ્રયત્ન હોય છે.

આપણે જાણીએ છીએ કે, સામાન્ય ભાવોમાં નફો = વેચાણ આવક - ઉત્પાદિત ખર્ચ - જયારે વેચાણ આવક > ઉત્પાદિત ખર્ચ થાય એટલે કે વેચાણ આવક ઉત્પાદિત ખર્ચ કરતાં વધારે હોય ત્યારે નફો થાય છે. આમ છતાં, જયારે ઉત્પાદક વેચાણ આવકમાં વધારો કરી શકે તેમ ન હોય ત્યારે ઉત્પાદન ખર્ચ ઓછામાં ઓછો થાય તેવા પ્રયત્ન કરે છે. ઉત્પાદન ખર્ચ વધે તો તેની અસર વસ્તુની કિંમત ઉપર પણ થાય છે, પરિણામે ગ્રાહકો માંગ ઘટાડે છે. આમ, કિંમત ન વધે તે માટે પણ ઉત્પાદન ખર્ચ નીચો રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

ઉત્પાદન ખર્ચનો આધાર ઉત્પાદનની પ્રક્રિયામાં રોકેલાં સાધનોની કિંમત કે સાધનો મેળવવાના ખર્ચ ઉપર છે જેમ કે ઉત્પાદકે શ્રમિકોને આપવાનાં થતાં વેતનનો ખર્ચ વધારે હોઇ શકે અથવા મૂડી ઉપર ઊંચું વ્યાજ ચૂકવવું પડતું હોઇ શકે કે વીજળીના દર ઊંચા હોય તેવી સ્થિતિમાં ઉત્પાદન ખર્ચ વધારે આવે છે. આવી સ્થિતિમાં ઓછા ખર્ચે ઉત્પાદન થઇ શકે તે રીતે ઉત્પાદક સાધનોની પસંદગી કરે છે અને લઘુતમ ખર્ચે ઉત્પાદન થાય તેવા પ્રયત્નો કરે છે. જો શ્રમિકો પાછળનો ખર્ચ વધી જતો હોય તો તેને બદલે વધારે યંત્રો અને ઓછા શ્રમિકોથી ઉત્પાદન કરવાનું પસંદ કરે છે. તેનાથી ઊલટું જો મશીનો અને અન્ય મૂડી સાધનો મોંઘા હોય તો યંત્રોને બદલે શ્રમિકોનું પ્રમાણ વધારે રાખે છે.

પણ આ રીતે હંમેશા શ્રમને બદલે યંત્રો કે યંત્રોને બદલે શ્રમિકોની સતત અને અનંત અવેજી કરી શકાતી નથી. જેમ કે કોઇ કારખાનામાં માત્ર યંત્રો જ હોય અને શ્રમિકો ન હોય તેમ બની શકે નહિ. યંત્રો ચલાવવા માટે, યંત્રોની જાળવણી કરવા માટે એમ શ્રમિકોની જરૂર પડે જ છે. આમ, માત્ર શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ અપનાવી શકાય નહિ, પરંતુ અમુક પ્રમાણમાં શ્રમ અને અમુક પ્રમાણમાં યંત્રોનું સંયોજન કરીને જ ઉત્પાદન થઇ શકે તેવી જ રીતે ખેતી ક્ષેત્રે અનાજનું ઉત્પાદન વધારાયું હોય તો ટ્રેકટર કે ખાતરની જેમ જમીનનું પ્રમાણ સતત અને જોઇએ તેટલા પ્રમાણમાં વધારી શકાય નહિ.

આમ, ઉત્પાદનની પ્રક્રિયામાં કયાં ઉત્પાદન સાધનનું કેટલું પ્રમાણ અનિવાર્ય છે તેના આધારે વિવિધ ઉત્પાદન સાધનોનું સંયોજન શકય બને છે.

આ એકમમાં આપણે વિવિધ ઉત્પાદન સાધનોનાં જુદાં-જુદાં સંયોજનો બતાવતાં ઉત્પાદન વિધેય તેના આધારે સમાન ખર્ચની અને સમાન ઉત્પાદન પ્રમાણની રેખાઓ વિશે અભ્યાસ કરવાનાં છીએ. ત્યારબાદ ઓછા ખર્ચે ઉત્પાદન કરવા માટે એકની અવેજીમાં બીજું ઉત્પાદન સાધન ઉપયોગમાં લઇ શકાય કે કેમ ? તે સમજવા માટે સાધન અવેજીમાં નિયમની સમજૂતી મેળવીશું.

## 5.2 ઉત્પાદન વિધેય ( Production Function ) :

ઉત્પાદન વિધેય એ ઉત્પાદન સાધનો અને તેના કારણે થતાં કુલ ઉત્પાદન વચ્ચેનો સંબંધ દર્શાવતું સમીકરણ છે. એટલે કે, અમુક નિશ્ચિત પ્રમાણમાં ઉત્પાદન મેળવવા માટે કેટલા પ્રમાણમાં જુદાં-જુદાં સાધનોની જરૂર છે તે બતાવે છે. જેમ કે, કિલોગ્રામ આઇસક્રીમ બનાવવા માટે કેટલું દૂધ, કેટલી ખાંડ, કેટલાં મશીન અને કેટલો સમય જોઇશે તે નકકી હોય છે. આ બાબતને ગાણિતીક સ્વરૂપમાં નીચે પ્રમાણે લખી શકાય

5 કિલોગ્રામ આઇસક્રીમ = f

(10 લિટર દૂધ   7 કિ.ગ્રા ખાંડ   1 મશીન   3 કલાક)

આ બાબતને સંયોજનથી રજૂ કરીએ, તો

P= f (10 Milk   7 K.G  Sugar    1 Machine   3 Hrs)

P = Ice cream  ઉત્પાદનનું ઇચ્છિત પ્રમાણ

F = Function = વિધેય

P = f  (M S m H) આ સુત્રમાં

M=Milk

S = Sugar

m = machine

H = Hours

આમ, ઉત્પાદનની પ્રક્રિયામાં ઘણાં બધાં સાધનોની જરૂર પડે છે. પરંતુ અહી આપણે નિયમને સરળતાથી સમજી શકીએ તે માટે ઉત્પાદનમાં માત્ર બે સાધનો શ્રમ અને મૂડી લઇને સમજૂતી મેળવીશું. વળી, અહીં આપણે માત્ર ૫ કિલોગ્રામ આઇસક્રીમ બનાવવાનું ઉદાહરણ લીધું છે. પરંતુ વાસ્તવિક જીવનમાં પેઢીઓએ મોટા પાયા પર ઉત્પાદન કરવા અંગેના નિર્ણયો લેવાના હોય છે. મોટા/ઘણા પ્રમાણમાં ઉત્પાદન સાધનોની જરૂર પડે છે. આથી મોટા પ્રમાણમાં ઉત્પાદન સાધનો જોઇએ ત્યારે અને તેટલા પ્રમાણમાં તરત જ ન પણ મળે તેથી તેનું પૂર્વ આયોજન કરવાનું રહે છે. નાનો પરિવાર, ઉત્પાદન કરતા કોઇ કંપની કે સરકારે ઉત્પાદન માટે કેટલાં સાધનો જોઇશે તેનું આયોજન કરવાનું થાય છે. જેમ કે સિમેન્ટનું ઉત્પાદન કરતી કોઇ મોટી પેઢીએ અંદાજ લગાવવો પડે છે કે 1000 ટન સિમેન્ટનું ઉત્પાદન કરવા માટે કેટલો કાચો માલ જોઇએ ? કેટલા શ્રમિકો જોઇએ ? કેટલાં યંત્રો અને કેટલો સમય જોઇએ ? તેવી જ રીતે સરકારે પાકા રસ્તાઓ બનાવવા માટે સાધનોનું સંયોજન કરવાનું થાય છે.

જયારે આ રીતે ઉત્પાદન સાધનોનો અંદાજ લગાવવામાં આવે છે ત્યારે તે મેળવવા માટે થતો ખર્ચ પણ ખાસ ધ્યાને લેવામાં આવે છે, કારણકે જો ઉત્પાદન ખર્ચ વધી જાય તો વસ્તુની કિંમત ઊંચી રાખવી પડે, તેમ થતાં માંગ ઘટે અને ઉત્પાદકને મળતો નફો પણ ઘટે. આમ, ઓછા ખર્ચે ઉત્પાદન થાય તે બાબત ખાસ ધ્યાને રાખવામાં આવે છે. એટલા માટે જે ઉત્પાદન સાધનો ઓછા ખર્ચે મળી શકે તેમ હોય તે લઇને ઉત્પાદન કરવામાં આવે છે. જો શ્રમ ઓછા વેતન ખર્ચે મળે તેમ હોય તો શ્રમ સાધન વધારે ઉપયોગમાં લેવામાં આવે છે, જો મૂડી ઓછા વ્યાજે મળી શકે તેમ હોય તો મૂડી સાધનનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. આમ, ઉત્પાદન ખર્ચને ગણતરીમાં લેતાં સાધનોનું સંયોજન નકકી કરવામાં આવે છે.

જો કે, બધાં જ સાધનો જયારે જોઇએ ત્યારે અને તેટલા પ્રમાણમાં મળી શકતાં નથી. કેટલાક સાધનોનું પ્રમાણ ટૂંકા ગાળામાં વધારી કે ઘટાડી શકાતું નથી. આ બાબતને

આધારે ઉત્પાદન વિધેયનો પણ બે પ્રકારે અભ્યાસ કરવામાં આવે છે.

★ ટૂંકા ગાળાનું ઉત્પાદન વિધેય અને લાંબા ગાળાનું ઉત્પાદન વિધેય

### 5.2.1 ટૂંકા ગાળાનું ઉત્પાદન વિધેય ( Short Run Production Function ) :

P = f ( K,L )

અહી આપેલા સમીકરણમાં P નિશ્ચિત ઉત્પાદન માટે K અને L સાધનોની જરૂર પડે છે. તમે કહી શકો છો કે K અક્ષર ઉપર આડી રેખા કરવામાં આવી છે. K (કે બાર) કહેવાય છે. તે K સાધન ટૂંકા ગાળામાં સ્થિર છે. તેવું જણાવે છે, એટલે કે ટૂંકા ગાળામાં K સાધનનું પ્રમાણ વધારી કે ઘટાડી શકાશે નહિ તેવું સૂચવે છે. આ સ્થિતિ સમજવા માટે આપણે એક ઉદાહરણ લઈએ.

ધારો કે 100 kg ઘઉંનું ઉત્પાદન કરવાનું છે તો તે માટે P = f ( K.L )

100 kg ઘઉંનું ઉત્પાદન વધારીને બમણું એટલે કે 200 kg કરવું હોય તો.

200 kg ઘઉં = f ( 4 હેકટર જમીન 8 શ્રમિકો ) ની જરૂર પડે.

પરંતુ આપણે જાણીએ છીએ કે જમીનનું પ્રમાણ સ્થિર છે. તેથી તેમાં વધારો કરી શકાશે નહિ. તેથી શ્રમનું પ્રમાણ વધારવાનો પ્રયત્ન કરવામાં આવશે.

P = f ( K, L )

( 2 હેકટર જમીન 8 શ્રમિકો )

પણ તો આપણને ઘઉંનું ઉત્પાદન 200 kg કરતાં ઓછું મળશે કારણકે માત્ર શ્રમિકો વધે પણ જમીનનું પ્રમાણ ન વધે તો ઉત્પાદન જેટલું જોઈએ તેટલું એટલે કે 200kg ન થાય. પણ તો શું જમીનનું પ્રમાણ સ્થિર રાખીને તેની અવેજીમાં શ્રમિકોનું પ્રમાણ વધારીને 200 kg ઉત્પાદન મેળવી શકાય ? તેનો જવાબ આપણને આગળ મળશે કે એકની અવેજીમાં બીજુ સાધન ઉપયોગમાં લઇ શકાય કે કેમ ?

### 5.2.2 લાંબા ગાળાનું ઉત્પાદન વિધેય (Long Run Production Function):

લાંબા ગાળાનું ઉત્પાદન વિધેય એવી સ્થિતિ બતાવે છે કે જેમાં ઉત્પાદનનાં બધાં સાધનોનું પ્રમાણ પરિવર્તનશીલ હોય. એટલે કે ઉત્પાદનમાં જે રીતનો ફેરફાર કરવો હોય તે પ્રમાણે સાધનોનાં પ્રમાણમાં પણ ફેરફાર કરી શકાય. લાંબા ગાળે ઉત્પાદનનાં બધાં જ સાધનોમાં ફેરફાર થાય છે. તેવી ધારણા સાથે લાંબા ગાળાનું ઉત્પાદન/ વિધેય દર્શાવવામા આવે છે. પ્રતીકાત્મક સ્વરૂપે જોતાં

P = f ( K,L )

જેમાં કોઇપણ સાધનનું પ્રમાણ સ્થિર કે મર્યાદિત ન હોવાથી તેના પર બાર કે આડી રેખાની નિશાની નથી. લાંબા ગાળે ટેકનીકલ પરિવર્તન પણ થાય છે. તેથી નિશ્ચિત પ્રમાણમાં ઉત્પાદન મેળવવા માટે જરૂરી સાધનોનું પ્રમાણ બદલાઇ શકે છે.

ટૂંકા ગાળાનાં ઉત્પાદન વિધેયને આધારે કહીએ તો એક કે અમુક સાધન સ્થિર હોવાથી ઘટતાં મળતરનાં નિયમ ( Law of Diminishing Return ) લાગુ પડે છે. આ નિયમનો અભ્યાસ હવે પછીનાં એકમ 6 માં કરવાનો હોવાથી તેના માટે આપણે વધારે ચર્ચા કરતાં નથી, પરંતુ ઉત્પાદકો તેમનાં ખર્ચ પ્રમાણે વધુમાં વધુ ઉત્પાદન મેળવી શકે છે તેનો અભ્યાસ કરી શકાય છે. ઉત્પાદન ખર્ચના જુદા જુદા પ્રકારો જેવા કે કુલ ખર્ચ, સરેરાશ અને સીમાંત ખર્ચ વગેરેથી તમે પ્રથમ વર્ષ( FY

BA) માં પેપર-1 પ્રારંભિક અર્થશાસ્ત્રમાં પરિચિત થયા છો. આ એકમમાં આપણે ઉત્પાદનનાં જુદાં જુદાં સાધનોનું સંયોજન કરીને કેવી રીતે ઉત્પાદક તેના નિશ્ચિત બજેટ/ નાણાકીય સાધનોથી ઉત્પાદન મેળવે છે તેની સમજ મેળવીશું. જેમ કે, કોઇ એક વસ્તુનું ઉત્પાદન કરવા માટે વધારે શ્રમિકો અને ઓછી મૂડીથી કરવું કે વધારે મૂડી અને ઓછા શ્રમિકોથી કરવું ? આમ કરવા માટે એટલે કે સાધનમાં ફેરફાર કરવા માટે ઉત્પાદકો પાસે નાણાકીય બજેટ તો નિશ્ચિત જ છે તેવી ધારણા રહેલી છે.

## 5.3 સમખર્ચ રેખા ( ISO-Cost Line )

સમખર્ચ રેખા એ તટસ્થ રેખા વિશ્લેષણમાં આવતી કિંમત રેખા જેવી છે. સમખર્ચ રેખા બે ઉત્પાદન સાધનોનું એવું સંયોજન બતાવે છે કે જેનાં બધા બિંદુઓ પરનું સાધન સંયોજન નિશ્ચિત નાણાકીય રકમથી ખરીદી શકાય છે. આ રેખા બે ઉત્પાદન સાધનોની કિંમતના આધારે બનાવવામાં આવે છે. આમ, સમખર્ચ રેખા મેળવવા માટે બે બાબતો અગત્યની બને છે. (1) બે ઉત્પાદન સાધનોની કિંમત અને (2) ઉત્પાદકનું કુલ રોકાણ બજેટ કે જે ઉત્પાદક ખર્ચ કરી શકે છે.

આ બાબત નીચેના ઉદાહરણથી સમજીએ

ધારોકે ઉત્પાદકનું કુલ નાણાકીય રોકાણ બજેટ રૂપિયા 2000/ - છે. L શ્રમનાં સાધનોની એકમદીઠ કિંમત રૂપિયા 80/ - છે અને Kમૂડી સાધનની એકમદીઠ કિંમત રૂપિયા 100/ - છે.


આ સ્થિતિમાં નીચે પ્રમાણે કોષ્ટક-1 માં જુદાં-જુદાં સાધન સંયોજનોનો વિકલ્પ ઉત્પાદકને મળે છે.

કોષ્ટક-1

| સાધન સંયોજન | શ્રમનાં એકમ | મૂડીનાં એકમો | કુલ ખર્ચ (રૂ) |
|---|---|---|---|
| A | 00 | 20 | 2000 |
| B | 5 | 16 | 2000 |
| C | 10 | 12 | 2000 |
| D | 25 | 00 | 2000 |

કોષ્ટકની વિગતો આકૃતિમાં સમજીએ.

આકૃતિ 1



આકૃતિમાં AD સમખર્ચ રેખા છે. તે રેખા ઉપરનાં બધાં સંયોજનો A,B,C,D એકસમાન ખર્ચનું પ્રમાણ બતાવે છે. આ દરેક સંયોજન રૂપિયા 2000માં ખરીદી શકાતાં સાધન સંયોજનોના વિકલ્પો ઉત્પાદક પાસે મૂકે છે.

## 5.4 સમઉત્પાદન રેખા : ( ISO Quant Line ) :

સમઉત્પાદન રેખા એવી રેખા છે કે જેના ઉપરનાં બધાં બિંદુઓ ઉત્પાદનનું એકસરખું પ્રમાણ બતાવે છે. સમઉત્પાદન રેખા બહિર્ગોળ (Convex) આકારની હોય છ.V તે બે સાધનોની અવેજીનો દર બતાવે છે. જો એક સાધનનું પ્રમાણ ઓછું કરવામાં આવે તો પહેલેથી નકકી કરેલું ઉત્પાદનનું પ્રમાણ મેળવવા કે ઉત્પાદનનું પ્રમાણ સ્થિર જાળવી રાખવા માટે બીજું સાધન કેટલા પ્રમાણમાં ઉત્પાદન પ્રક્રિયામાં રોકવું પડે તે દર બતાવે છે.


આ બાબત એક ઉદાહરણથી સમજીએ. નીચેનું કોષ્ટક - 2 જુઓ

ઉત્પાદક 100 એકમનું ઉત્પાદન કરવા ઇચ્છે છે.

કોષ્ટક - 2

| **સાધન સંયોજન** | **શ્રમ L** | **મૂડી K** | **ઉત્પાદનનું પ્રમાણ** | **સીમાંત અવેજીનો દર** |
|---|---|---|---|---|
| A | 1 | 2 | 100 | - |
| B | 2 | 4 | 100 | 4:1 |
| C | 3 | 3 | 100 | 3:1 |
| D | 4 | 2 | 100 | 2:1 |
| E | 5 | 1 | 100 | 1:1 |

આકૃતિ-2




કોષ્ટક -2 અને આકૃતિ-2 જોતાં તમે જાણી શકશોકે દરેક વખતે જયારે શ્રમનું એક એકમ વધારવામાં આવે છે ત્યારે મૂડીનાં એકમો એકસરખા પ્રમાણમાં ઘટાડવામાં

આવતા નથી. મૂડીના એકમો દરેક વખતે ઘટતા દરે ઘટાડવામાં આવે છે. જયારે શ્રમનું એક એકમ વધારીને બે એકમ ઓછાં કરવામાં આવે છે ત્યારે મૂડીનાં 4 એકમો ઓછાં કરવામાં આવે છે એટલે કે શ્રમનું એક એકમ મૂડીનાં 4 એકમોની અવેજીમાં કામમાં લઇ શકાય તેમ છે. તે પછી જયારે શ્રમનું વધારે એક એકમ લઇને 3 એકમ કરવામાં આવે છે ત્યારે મૂડીનાં 3 એકમો ઘટાડવામાં આવે છે. આમ સીમાંત અવેજીનો દર 4 : 1 પછી 3 : 1 પછી 2 : 1એ રીતે ઘટતો જાય છે. આ બાબત સમઉત્પાદન રેખા PQ ના ઢાળ અને આકાર પરથી સમજી શકાય છે. સમઉત્પાદન રેખાનો આકાર બહિર્ગોળ છે. એટલે કે સીમાંત અવેજીનો દર હંમેશા ઘટતો જાય છે. જો કે સમઉત્પાદન રેખા પરનાં બધાં જ બિંદુઓ જેવા કે A, B, C, D તથા E પરનું સાધન સુયોજન એકસરખું જ એટલે કે 100 એકમોનું ઉત્પાદન આપે છે. આ દરેક બિંદુએ શ્રમ અને મૂડીનાં જુદાં-જુદાં સંયોજનો છે તે તમે જાણો છે. કોઇ એક બિંદુ પર અન્ય બિંદુ કરતાં શ્રમ અને મૂડીનું પ્રમાણ ઓછું કે વધુ હોઇ શકે છે.


આ નિયમ પરથી એવું સમજાય છે કે ઉત્પાદનનાં બધાં સાધનો એકબીજાની સંપૂર્ણ અવેજીમાં ઉપયોગમાં નથી લઇ શકાતાં જયારે શ્રમનું 1 એકમ ઉપયોગમાં લઇએ છીએ, એટલે કે એક એકમનો ઉપયોગમાં વધારો કરીએ તે સમયે મૂડીમાં ઉપયોગમાં પણ 1 એકમનો ઘટાડો નથી કરતાં, વળી, શ્રમનાં એકમોમાં દરેક વખતે એક એકમનો વધારો કરવાથી દરેક વખતે મૂડીના 4 એકમોનો ઘટાડો નથી થતો, આ ઘટાડો દરેક વખતે જુદાં-જુદાં હોય છે.

અહી ઉદાહરણમાં બતાવ્યા પ્રમાણે ઉત્પાદકો 100 એકમો મેળવવા ઇચ્છે છે. તો તેની પાસે A,B,C,D,E જેવાં જુદાં-જુદાં સાધન સંયોજનો છે. જેમાં શ્રમ કે મૂડીનું પ્રમાણ ઓછું કે વધુ હોઇ શકે છે, પરંતુ શ્રમનો ઉપયોગ જ ન થતો હોય અથવા મૂડીનો ઉપયોગ જ ન થતો હોય તેવું બની શકે નહિ. ઉત્પાદક તેનાં બજેટને આધારે તથા સાધનોની, પ્રાપ્તિના આધારે મૂડીપ્રધાન કે શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ અપનાવે છે. આમ, જયાં સમખર્ચ રેખા અને સમઉત્પાદન રેખા એકબીજાને સ્પર્શે ત્યાં ઓછામાં ઓછા ખર્ચે નકકી કરેલું ઉત્પાદનનું પ્રમાણ મેળવી શકાય છે. આ બાાબત આપણે આકૃતિ-3માં સમજીએ.

## 5.5 સમખર્ચ રેખા અને સમઉત્પાદન રેખાના આધારે ન્યૂનતમ ખર્ચનું સાધન સંયોજન : (Least Cost Factor Combination)

આકૃતિ દ્વારા સમજૂતી આકૃતિ-3 માં AD સમખર્ચ રેખા છે. PQ, P, Q તથા P2 Q2 સમઉત્પાદન રેખા છે. OY રેખા પર મૂડીનાં એકમો તથા OX રેખા પર શ્રમના એકમો બતાવેલાં છે. આકૃતિ જોતાં કહી શકાય કે 100 એકમોનું ઉત્પાદન બનાવતી PQ રેખા શ્રમખર્ચ રેખાને B બિંદુએ સ્પર્શે છે. તેથી ઉત્પાદક OK એકમો મૂડીનાં તથા OL એકમો શ્રમનાં લઇને પોતાનું 100 એકમોનું ઉત્પાદન મેળવશે. આકૃતિમાં P, Q સમઉત્પાદન રેખા 150 એકમોનું ઉત્પાદન બતાવે છે. પણ તે ઉત્પાદકનાં નાણાકીય બજેટની બહાર હોવાથી 150 એકમોનું ઉત્પાદન કરવામાં આવશે નહિ.

આકૃતિ-3




તેવી જ રીતે AD બજેટ રેખાને P2 Q2 રેખા C તથા E એમ બે બિંદુઓને સ્પર્શે છે, તેમ છતાં તે સંયોજન પણ અપનાવવામાં આવશે નહિ. કારણકે તે 100 કરતાં ઓછું ઉત્પાદન કરે છે. આમ 100 એકમોનું ઉત્પાદન કરવા માટે OK મૂડીનાં અને OL શ્રમનાં એકમોની જરૂર પડે છે.

લાંબા ગાળે જયારે ટેકનોલોજિકલ પરિવર્તનો થાય ત્યારે આ સંયોજનમાં ફેરફાર થઇ શકે છે.

## 5.6 સાધન અવેજીનો નિયમ : ( Theory of Factor Substitution) :

સમઉત્પાદન રેખાનો અભ્યાસ અર્થશાસ્ત્રની અન્ય એક ઘટના પણ સમજાવે છે. તે છે ઉત્પાદનનાં જુદાં-જુદાં સાધનોનો એકબીજાની અવેજીમાં ઉપયોગ. સામાન્ય રીતે જમીનના ઉપયોગમાં શ્રમ કે મૂડીનાં બદલામાં નિયોજન ક્ષમતાનો ઉપયોગ કરી શકાતો નથી, તેમ છતાં બહોળા અર્થમાં જોઇએ તો ઉત્પાદનની બે મુખ્ય પધ્ધતિઓ વિશે વિચાર કરી શકાય. શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ અને મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ સાધન અવેજોનો નિયમ કેટલીક ધારણાઓ ઉપર આધારિત છે.

આ નિયમની આપણે સમજૂતી મેળવીએ.

### 5.6.1 સાધન અવેજીના નિયમની સમજૂતી :

**સાધન અવેજીના નિયમની ધારણાઓ ( Assumptions of the Theory ) :**

1. ઉત્પાદનનાં બે સાધનો છે : મૂડી અને શ્રમ
2. ઉત્પાદનનું નાણાકીય બજેટ આપેલું અને સ્થિર છે.

3. ઉત્પાદનનું પ્રમાણ પહેલેથી નકકી કરેલું અને સ્થિર છે. એટલે કે તેમાં કોઇ ફેરફાર થતો નથી.

4. ટેકનોલોજી સ્થિર છે. એટલે કે, જયારે ઉત્પાદન અંગેનો નિર્ણય લેવામાં આવે છે તે સમય દરમ્યાન વૈજ્ઞાનિક શોધખોળો અને તેને કારણે ઉત્પાદનની ટેકનોલોજીમાં કોઇ ફેરફાર થતા નથી.

સાધન અવેજીનો નિયમ સમજવા માટે આકૃતિ-2 જુઓ જેમાં 100 એકમોનું ઉત્પાદન કરવા માટે ઉત્પાદક પાસે સાધનસંયોજનના જુદાં-જુદાં વિકલ્પો છે. જેમ કે,

| શ્રમ | મૂડી | સાધન અવેજીનો સીમાંત દર ( Marginal Rate of Substitution ) |
|---|---|---|
| 1 | 12 | - |
| 2 | 8 | 4 :1 |
| 3 | 5 | 3 : 1 |
| 4 | 3 | 2 : 1 |
| 5 | 2 | 1 : 1 |

ઉત્પાદક પાસેનાં વિક્લ્પો જોતાં તમે કહી શકશો કે તેની પાસે મૂડી અને શ્રમનાં સંયોજનોમાં અમુક પ્રમાણમાં મૂડી અને અમુક પ્રમાણમાં શ્રમની જરૂર પડે છે, પંરતુ માત્ર શ્રમ કે માત્ર મૂડી લઇને ઉત્પાદન થઇ શકતું નથી. એટલે કે શૂન્ય શ્રમ 17 કે 20 એકમો મૂડીનાં લઇને ઉત્પાદન શક્ય નથી. તેવી જ રીતે 6 કે 7 શ્રમિકો લઇને અને શૂન્ય મૂડી લઇને પણ ઉત્પાદન શક્ય નથી. વળી, સમઉત્પાદન રેખાનો ઢાળ ઋણ/ નકારાત્મક છે, એટલે કે એક સાધનનું પ્રમાણ વધે તો બીજા સાધનનું પ્રમાણ ઘટે છે, પરંતુ સમઉત્પાદન રેખા ક્યાંય x ધરીને કે y ધરીને સ્પર્શ કરતી નથી. એટલે કે કોઇપણ એક સાધન શૂન્ય પ્રમાણમાં લઇ શકાતું નથી.

આમ, જુદાં જુદાં સાધનો એકબીજાની સંપૂર્ણ અવેજીમાં આવતાં નથી. એક વધારે ઉદાહરણ જોઇએ તો, કાપડનું ઉત્પાદન શ્રમપ્રધાન પદ્ધતિએ તેમ જ મૂડીપ્રધાન પદ્ધતિએ કરી શકાય. તેમ છતાં એ બંનેમાંથી કોઇપણ પદ્ધતિ અપનાવીએ તો પણ અન્ય સાધનની જરૂર નહિ પડે તેવું નથી. શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિમાં પણ યંત્રોની એટલે કે મૂડીની જરૂર પડશે. તેવી જ રીતે મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિમાં શ્રમિકોની જરૂર પડશે.

એટલે જ કેટલાંક અર્થતંત્રોમાં આપણે બેરોજગારીનું પ્રમાણ વધારે જોઇએ છીએ તેનું કારણ એ હોય છે કે તે અર્થતંત્રોમાં શ્રમિકો હોય છે પરંતુ તેની સાથે સંયોજન કરી શકાય તેવાં ઉત્પાદનનાં અન્ય સાધનો હોતાં નથી અથવા તો ઓછાં હોય છે. કોઇક દેશોમાં એવી સ્થિતિ પણ હોઇ શકે કે ત્યાં જમીન કે મૂડી સાધનો હોય પરંતુ તેની સાથે કામ કરવા માટે શ્રમિકો ન હોય તો જમીન/ મૂડી સાધન વણવપરાયેલાં કે બેરોજગાર રહે છે.

આમ, ઘટતા સીમાંત અવેજીના દરને કારણે ઉત્પાદનનાં જુદાં જુદાં સાધનો એકબીજાની સંપૂર્ણ અવેજીમાં આવી શકતાં નથી.

### 5.6.2 સાધન અવેજીના નિયમની સમીક્ષા ( Criticism of Theory )

સાધન અવેજીનો નિયમ પેઢીઓને થતાં સાધનો પાછળનો ખર્ચ ઘટાડવામાં અને તે રીતે ટૂંકા ગાળાનો ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થાય છે. તેનાથી અછતવાળાં સાધનોને

બદલે સરળતાથી ઉપલબ્ધ હોય તેવાં સાધનોને ઉપયોગમાં લઇ શકાય છે, અને એ રીતે ટૂંકાગાળામાં નફો મહત્તમ કરી શકાય છે. તેમ છતાં આ સિદ્ધાંતની પણ કેટલીક મર્યાદાઓ છે તે જોઇએ.

**મર્યાદાઓ:**

(1) આ સિદ્ધાંત એક વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓને ધ્યાનમાં લઇને આપવામાં આવ્યો છે. વર્તમાન સમયની ઘણી આધુનિક પેઢીઓ એક કરતાં વધારે વસ્તુઓનું ઉત્પાદન કરતી હોવાથી આ સિદ્ધાંત પ્રસ્તુત નથી થતો, કારણકે પેઢી જુદી જુદી વસ્તુઓ વચ્ચે સાધનોની આંતરિક ફાળવણી કરી શકે છે અને ખર્ચ તેમ જ આવકનું આયોજન કરે છે.

(2) જે બજારમાં પેઢીનો વસ્તુની કિંમત પર કાબૂ હોય તે બજારમાં એટલે કે ઈજારો કે ઈજારાયુક્ત હરીફાઇ, અલ્પહસ્તક ઈજારાવાળાં બજારમાં આ નિયમ પ્રમાણે નિર્ણય લઇને ઉત્પાદક પોતાનો નફો મહત્તમ કરી શકે છે, પરંતુ જે બજારમાં ઉત્પાદકનું કિંમત પર નિયંત્રણ ન હોય તેવાં બજારમાં એટલે કે પૂર્ણ હરીફાઇવાળાં બજારમાં ઉત્પાદન ખર્ચમાં ફેરફારને આધારે કિંમત નક્કી નથી થતી, પણ તેનાથી ઊલટું બજારમાં જે કિંમત હોય તે સ્વીકારવાની રહે છે.

(3) આ સિદ્ધાંતની વાસ્તવિક જીવનમાં ઉપયોગીતા કેટલી રહે તે જોવાનું રહે, કારણકે વાસ્તવમાં ઉત્પાદકો સીમાંત ખર્ચને આધારે નહિ પરંતુ કુલ ખર્ચ અને સરેરાશ ખર્ચને આધારે ટૂંકાગાળાના નિર્ણય લેતા હોય છે.

(4) સાધન અવેજીનો નિયમ સ્થિર અર્થતંત્રની ધારણાને લઇને રજૂઆત કરે છે. પરંતુ અર્થતંત્ર હંમેશા ગતિશીલ હોય છે. રાજકીય નીતિ, વૈજ્ઞાનિક શોધખોળો, ટેક્નોલોજિકલ પ્રગતિ, ગ્રાહકોની માંગમાં ફેરફાર કુદરતી પરિબળો વગેરે સતત પરિવર્તશીલ છે. આમ, આ સિદ્ધાંતની ઉપયોગીતા ઓછી થાય છે.

(5) આ સિદ્ધાંત ટૂંકાગાળામાં નફાનાં માટે અપાયો છે. પરંતુ ટૂંકાગાળામાં કોઇ એક સાધનનો ઉપયોગ ઘટાડીને અન્ય સાધનનો પુરવઠો કેવી રીતે વધારી શકાય? જે સાધન વધારે જોઇએ તે તરત જ ન પણ મળે.

## 5.7 સારાંશ (Summary )

★ ઉત્પાદન વિધેય એ ઉત્પાદન સાધનો અને તેનાથી થનારાં ઉત્પાદન વચ્ચેનો સંબંધ બતાવે છે.

★ ઉત્પાદન વિધેય બે પ્રકારનાં હોય છે: (1) ટૂંકાગાળાનું ઉત્પાદન વિધેય અને (2) લાંબા ગાળાનું ઉત્પાદન વિધેય

(1) ટૂંકાગાળાનું ઉત્પાદન વિધેયમાં એક અથવા બધાં સાધનોનું પ્રમાણ સ્થિર હોય છે. એટલે કે તેમાં વધારો કે ઘટાડો કરી શકાતો નથી.

(2) લાંબાગાળાનાં ઉત્પાદન વિધેયમાં ઉત્પાદનનાં બધાં સાધનો ફેરફારક્ષમ હોય છે.

★ સમખર્ચ રેખા પરનાં બધાં બિંદુઓ ખર્ચનું એકસરખું પ્રમાણ બતાવે છે.

★ સમઉત્પાદન રેખા પરનાં બધાં બિંદુઓ ઉત્પાદનનું એકસરખું પ્રમાણ બતાવે છે. તેનો આધાર બહિર્ગોળ હોય છે. બહિર્ગોળ આકાર એવું બતાવે છે કે બે ઉત્પાદન સાધનો વચ્ચેનો સીમાંત અવેજીનો દર ઘટતો જાય છે.

★ સાધન અવેજીનો નિયમ ટૂંકાગાળામાં લાગુ પડે છે. તે બતાવે છે કે ઉત્પાદનની પ્રક્રિયામાં એકને બદલે બીજું સાધન ઉપયોગમાં લઇ શકાય કે કેમ? આ નિયમને આધારે ઉત્પાદકો ટૂંકા ગાળામાં તેમની ખોટ ઓછી કરી શકે છે અથવા નફો મહત્તમ કરી શકે છે. વળી, ઉત્પાદન પ્રક્રિયામાં સરળતાથી ઉપલબ્ધ હોય તેવું સાધન રોકી શકાય છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

**(1) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ:** જે ઉત્પાદનની પ્રક્રિયામાં મોટા પ્રમાણમાં શ્રમિકોની જરૂર પડતી હોય તેને શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ કહેવાય છે.

**(2) મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ :** જે ઉત્પાદનની પ્રક્રિયામાં અન્ય ઉત્પાદન સાધનોની સરખામણીએ વધારે અને મોટા પ્રમાણમાં મૂડી અને યંત્રોની જરૂર પડતી હોય તેને મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ કહેવામાં આવે છે.

**(3) ઉત્પાદન વિધેય:** ઉત્પાદન વિધેય ઉત્પાદન સાધનો અને તેમાંથી મળનારાં ઉત્પાદન વચ્ચેનો ગાણિતિક સંબંધ બતાવે છે. અમુક નિશ્ચિત પ્રમાણમાં ઉત્પાદન મેળવવા માટે કેટલા પ્રમાણમાં જમીન, મૂડી, શ્રમ, કાચો-માલ વગેરે જરૂરી છે તે વચ્ચેનો સંબધ બતાવે છે. તેવી જ રીતે અમુક પ્રમાણમાં સાધનો હોય તો તેમાંથી કેટલાં પ્રમાણમાં સાધનો હોય તો તેમાંથી કેટલાં પ્રમાણમાં ઉત્પાદન થઇ શકશે તે પણ ઉત્પ ાદન વિધેયથી જાણી શકાય છે.

**(4) ઉત્પાદનનું નાણાકીય બજેટ:** બધા ઉત્પાદકો પાસે અમર્યાદિત નાણાકીય સાધનો હોતાં નથી. તેથી કોઈપણ ઉત્પાદન માટે ઉત્પાદક વધુમાં વધુ કેટલું નાણાકીય રોકાણ કરી શકે તેમ છે તે બાબતને ઉત્પાદકનું નાણાકીય રોકાણ બજેટ કહેવાય છે. આ નાણાકીય સાધનોથી ઉત્પાદકો ઉત્પાદનમાં સાધનો ખરીદે છે.

## ★ તમારી પ્રગતિ ચકાસો ( Check your progress )

**(ક) નીચેના પ્રશ્નો વિસ્તારથી જવાબ આપો.**

**1)** ઉત્પાદન વિધેય એટલે શું? લાંબા અને ટૂંકાગાળાનાં ઉત્પાદન વિધેયનો પરિચય આપો.

.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................

**2)** સમખર્ચ રેખા અને સમઉત્પાદન રેખાની મદદથી ન્યૂનતમ ખર્ચનું સાધન સંયોજન સમજાવો.

.........................................................
.........................................................
.........................................................
.........................................................
.........................................................

**3**) સાધન અવેજીનો નિયમ સમજાવો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

**(ખ) ટૂંકનોંધ લખો.**

(**1**) ઉત્પાદન વિધેય

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(**2**) સમરેખા ખર્ચ

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(**3**) સમઉત્પાદન રેખા

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(**4**) સાધન અવેજીના નિયમની મર્યાદાઓ.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(**5**) સાધન અવેજીના નિયમની ઉપયોગિતા અને ધારણાઓ.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો (યોગ્ય વિકલ્પની પસંદગી કરો )**

(**1**) નીચેનામાંથી કઇ બાબત સમઉત્પાદન રેખા સમજાવે છે?

(અ) સંતોષ (બ) ઉત્પાદનનું પ્રમાણ

(ક) ઉપયોગિતા (ડ) ઉપરમાંથી એકપણ નહિ

(**2**) અવેજી અસર હંમેશા ......... હોય છે.

(અ) હકારત્મક (બ) નકારાત્મક

(ક) શૂન્ય (ડ) અનંત

(**3**) સમખર્ચ રેખા શાનું પ્રતિનિધિત્વ કરે છે?

(અ) કિંમતનો ગુણોત્તર (બ) ઉત્પાદન ગુણોત્તર

(ક) અ અને બ બંને (ડ) એકપણ નહિ

(**4**) જમણી તરફની સમઉત્પાદન રેખા શું સૂચવે છે?

(અ) ઓછું ઉત્પાદન (બ) વધુ ઉત્પાદન

(ક) સરખું ઉત્પાદન (ડ) ઘટતું વળતર

(**5**) સમઉત્પાદન રેખાનો આકાર કેવો હોય છે?

(અ) બહિર્ગોળ (બ) અંતર્ગોળ

(ક) **X** રેખાને સમાંતર (ડ) **Y** રેખાને સમાંતર

(**6**) સમઉત્પાદન રેખાનો આકાર શું સૂચવે છે?

(અ) વધતો સીમાંત અવેજીનો દર

(બ) ઘટતો સીમાંત અવેજીનો દર

(ક)સતત સીમાંત અવેજીનો દર

(ડ) ઉપરના બધા જ

(**7**) સમખર્ચ રેખા શાનું પ્રતિનિધિત્વ કરે છે?

(અ) ઉત્પાદન સાધનોની કિંમતોનો ગુણોત્તર

(બ) ઉત્પાદનની કિંમતોનો ગુણોત્તર

(ક) મહત્તમ સાધનોનું સંયોજન

(ડ) મહત્તમ ઉત્પાદનનું સંયોજન

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**હેતુલક્ષી પ્રશ્નોના જવાબો**

(1) (બ) ઉત્પાદનનું પ્રમાણ

(2) (બ) નકારાત્મક

(3) (અ) કિંમતનો ગુણોત્તર

(4) (બ) વધુ ઉત્પાદન

(5) (અ) બહિર્ગોળ

(6) (બ) ઘટતો સીમાંત અવેજીનો દર

(7) (બ)ડાબી તરફ ઢળતો

## ★ સંદર્ભ :


(1) બ્રિટાનિકા એનસાયકલોપીડિયા ( Britannica.com/topic/factor substitution)

(2) Mukherjee Sampat (2002), "Modern Economic Theory," 4th Edition, New Age publishers, New Delhi

(3) HaccheGreham, (1987),"The Theory of Economic Growth An Introduction," Macmillan Education publishaers, London.

એકમ 6

# સાધન પરિમાણમાં ફેરફાર

## રૂપરેખા


6.0 ઉદ્દેશ્યો

6.1 પ્રસ્તાવના

6.2 કદ વિકાસનો અર્થ અને નિયમની રજૂઆત

6.2.1 કદ વિકાસના નિયમની ધારણાઓ

6.2.2 કદ વિકાસના નિયમની અનુસૂચિ દ્વારા સમજૂતી

6.2.3 કદ વિકાસના નિયમની આકૃતિ દ્વારા સમજૂતી

6.2.4 ઘટતી પેદાશના કારણો

6.2.5 વધતી પેદાશના કારણો

6.2.6 નિયમનું મહત્વ

6.2.7 નિયમની મર્યાદાઓ

6.3 કદ વિકાસના લાભાલાભ

6.3.1 કદ વિકાસના લાભો

6.3.2 કદ વિકાસના ગેરલાભો

6.4 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના ઉતરો (જવાબો)

★ સંદર્ભ


## 6.0 ઉદ્દેશ્યો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

કદ વિકાસનો અર્થ સમજી શકશો.

ઉત્પાદના વિવિધ તબક્કાઓ અંગે સમજ મેળવી શકશો.

કદ વિકાસના લાભાલાભ શા માટે ઉદ્દભવે તે સમજી શકશો.

## 6.1 પ્રસ્તાવના

વિધાર્થી મિત્રો આપણે જાણીએ છીએ કે, ઉત્પાદન માટે ચાર સાધનો જમીન, શ્રમ, નિયોજક અને મૂડી મહત્વનો ભાગ ભજવે છે. આ સાધનોમાંથી અમુક સાધનોને સમયના ટૂંકાગાળામાં ફેરફાર કરી શકાય છે. જેને આપણે ઉત્પાદન અસ્થિર સાધનો

તરીકે ઓળખીએ છીએ. જ્યારે અમુક સાધનોને સમયનાં ટૂંકાગાળામાં ફેરફાર કરી શકાતા નથી. જેને આપણે સ્થિર સાધનો તરીકે ઓળખીએ છીએ. પરંતુ સમયનાં લાંબાગાળાએ જમીન સિવાયનાં બધા જ સાધનોમાં ફેરફાર કરી શકાય છે. આ એકમમાં આપણે સમયનાં ટૂંકાગાળામાં સ્થિર સાધનો સાથે અસ્થિર સાધનોમાં વધારો કરવામાં આવે તેની અસર ઉત્પાદન પર શી પડે છે તેને ઉત્પાદનાં બિનપ્રમાણસરનાં નિયમ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે પેઢી અસ્થિર સાધનોમાં વધારો કરે છે તેના કારણે ઉત્પાદનમાં થતો વધારો વધારે હોય તો તેને આપણે કદ વિકાસના લાભો તરીકે ઓળખીએ છીએ અને જો સાધનો કરતાં ઉત્પાદનમાં વધારો ઓછો હોય તો તેને કદ વિકાસના ગેરલાભ તરીકે ઓળખવામાં આવે છે. તેને બે દ્રષ્ટિબિંદુએ જોવામાં આવે છે (1) એકમ વિકાસના લાભો (2) કદના લાભો.

આમ પેઢીને કયા કારણોસર લાભ અને કયા કારણોથી ગેરલાભ થાય છે તે તમામ માહિતી આપણે આ એકમમાં મેળવવાની છે.

## 6.2 બિનપ્રમાણસરના ઉત્પાદનનો નિયમ

(The Law of Variable Proportions)

પરિવર્તનશીલ સાધન પ્રમાણના નિયમને ઘટતી પેદાશના નિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે દા.ત. શ્રમ પરિવર્તનશીલ સાધન હોય અને જમીન સ્થિર હોય ત્યારે શ્રમના પ્રમાણ અને ઉત્પાદન વચ્ચેનો વિધેયાત્મક સંબંધ દર્શાવામાં આવે છે. જ્યારે ઉત્પાદના અન્ય સાધનો સ્થિર હોય અને એક સાધનમાં વધારો કરવામાં તેની ઉત્પાદન પર થતી અસરને ત્રણ તબક્કામાં વિભાજિત કરવામાં આવે છે.

પ્રથમ તબક્કો : જે દરે પરિવર્તનશીલ સાધનોમાં વધારો કરવામાં આવે તેના કરતા ઉત્પાદન દરમાં થતો વધારો વધારે, હોય તેને આપણે વધતી પેદાશ તરીકે ઓળખીએ છીએ.

બીજો તબક્કો : જે દર પરિવર્તનશીલ સાધનોમાં વધારો કરવામાં આવે તે જ દર ઉત્પાદનમાં વધારો થાય છે. તેને આપણે સ્થિર પેદાશ તરીકે ઓળખીએ છીએ.

ત્રીજો તબક્કો : જે દર પરિવર્તશીલ સાધનોમાં વધારો કરવામાં તેના કરતા ઉત્પાદનમાં થતો વધારો ઓછો હોય તેને ઘટતી પેદાશ તરીકે ઓળખાય છે.

માર્શલ આ નિયમની રજૂઆત ખેતીક્ષેત્રનાં સંદર્ભમાં કરી છે. ''ઉત્પાદનપદ્ધતિ સ્થિર હોય તો એક ચોક્કસ આકારના ખેતરમાં શ્રમ અથવા મૂડી એકમોમાં જેમ વધારેને વધારે ઉપયોગ કરવામાં આવે તેમ અમુક સમય બાદ ઉત્પદનમાં ઘટાડો થાય છે.''

સેમ્યુલસનના શબ્દોમાં ''ટેકનોલોજી યથાવત હોય ત્યારે સ્થિર સાધનોમાં સંદર્ભમાં અસ્થિર સાધના એકમો વધારવામાં આવે તેમ ઉત્પાદન વધે છે, પણ અમુક બિંદુ પછી વધારાનું ઉત્પાદન ઘટે છે.''

### 6.2.1 નિયમની ધારણાઓ :

**1**. ઉત્પાદન પદ્ધતિમાં ફેરફાર થવો જોઈએ નહિ.

**2**. ઉત્પાદનનાં અસ્થિર સાધનના બધા એકમો સમાનગુણી હોવા જોઈએ. શ્રમ જો અસ્થિર સાધન હોય તો શ્રમનાં બધા એકમોની કાર્યશક્તિ સરખી હોવી જોઈએ.

**3**. સાધન સંયોજન પરિવર્તનશ્રમ હોવું જોઈએ.


**4**. ઉત્પાદનમાં ટેકનોલોજીકલ કોઈ પરિવર્તન થતું નથી.


### 6.2.2 ઉત્પાદનો નિયમની અનુસૂચિ દ્વારા રજૂઆત :

| ઉત્પાદના અસ્થિર સાધનો (શ્રમના એકમો) | કુલ ઉત્પાદન | સરેરાશ ઉત્પાદન | સીમાંત ઉત્પાદન |
|---|---|---|---|
| 1 | 20 | 20.0 | 20 |
| 2 | 44 | 22.0 | 24 |
| 3 | 72 | 24.0 | 28 |
| 4 | 104 | 26.0 | 32 |
| 5 | 132 | 26.4 | 28 |
| 6 | 152 | 25.3 | 20 |
| 7 | 164 | 23.4 | 12 |
| 8 | 170 | 21.3 | 06 |
| 9 | 170 | 18.8 | 00 |
| 10 | 166 | 16.6 | -4 |

સિવાય ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્પાદનના શ્રમના તમામ સાધનો સ્થિર છે. જ્યારે શ્રમ એ ઉત્પાદન ઉત્પાદનનું પરિવર્તનશીલ સાધન છે. શ્રમિકની 1 સંખ્યાથી ક્રમસઃ વધારો કરવામાં આવે છે. (1) કોષ્ટકમાં શ્રમિકના 4 એકમ સુધી સીમાંત ઉત્પાદન વધે અને ત્યાર બાદ તેમાં ઘટાડો થાય છે તેને આપણે વધતી પેદાશ તરીકે ઓળખીએ છીએ. કારણ કે શ્રમિકના એકમા થતો વધારો કરતા ઉત્પાદનમાં થતો વધારાનો દર વધારે છે. પરંતુ કુલ ઉત્પાદન અને સરેરાશ ઉત્પાદન હજુ પણ વધતા જોવા મળે છે. કુલ ઉત્પાદન શ્રમિકના 8 (આઠમાં) એકમે મહત્તમ થતું જોવા મળે છે. (2) જ્યારે શ્રમિકની સંખ્યા 8 થી વધારીને 9 કરવામાં આવે ત્યારે સીમાંત ઉત્પાદન શૂન્ય જોવા મળે છે અને કુલ ઉત્પાદનમાં પણ ફેરફાર થતો નથી. પરંતુ ઉત્પાદન ખર્ચમાં 9 શ્રમિકનું ઉત્પાદન ખર્ચ વધે છે અને આપણે ઘટતી પેદાશના નિયમ તરીકે ઓળખીએ છીએ. હજુ પણ જો શ્રમિક એકમોમાં વધારો કરવામાં આવે તો સીમાંત ઉત્પાદન ત્રણ અને કુલ ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે. વિધાર્થી મિત્રો બુદ્ધિ પૂર્વકનાં વર્તનો કરતો ઉત્પાદક હંમેશા શ્રમિકનાં આઠમાં, નવમાં એકમ સુધી ઉત્પાદન કરશે, કારણ કે આઠમાં એકમ પછી માત્ર ઉત્પાદનમાં ખર્ચ વધે છે, ઉત્પાદન નહીં .

### 6.2.3 આકૃતિ દ્વારા સમજૂતિ :




ઉપરોક્ત આકૃતિમાં OX ધરી પર શ્રમના એકમો અને OY ધરી પર ઉત્પાદન દર્શાવવામાં આવેલ છે. જ્યારે TP સરેરાશ ઉત્પાદન અને MP સીમાંત ઉત્પાદન દર્શાવે છે. આપણે જાણીએ છીએ કે સીમાંત ઉત્પાદન શરૂઆતમાં વધે છે અને અમુક સીમા બાદ તે ઘટે છે અને બાદમાં ઋણ થાય છે. જ્યારે સીમાંત ઉત્પાદન વધે છે ત્યારે સરેરાશ ઉત્પાદન પણ વધે છે. પરંતુ સરેરાશ ઉત્પાદનમાં વૃદ્ધિદર સીમાંત ઉત્પાદનમાં વૃદ્ધિ દરથી હંમેશા ઓછો હોય છે. જ્યારે સરેરાશ ઉત્પાદન મહત્તમ થાય તે બિંદુ સીમાંત ઉત્પાદન રેખા કાઢી છે. સીમાંત ઉત્પાદન સતત ઘટતા શૂન્ય અને ઋણ પણ થાય છે.

સીમાંત ઉત્પાદન મહત્તમ : જ્યારે સીમાંત ઉત્પાદન મહત્તમ થાય ત્યાં સુધી કુલ ઉત્પાદન વધતા દરે વધે છે. આકૃત્તિમાં શ્રમિકના ચોથા એકમ સુધી આપણને વધતી પેદાશ જોવા મળે છે.

સીમાંત ઉત્પાદન શૂન્ય : જ્યાં સીમાંત ઉત્પાદન મહત્તમ થાય ત્યા વધતી પેદાશનો તબક્કો પૂરો થાય છે. ત્યાર બાદ સીમાંત ઉત્પાદનમાં ઘટાડો થાય છે. પરંતુ કુલ ઉત્પાદન ઘટતા દરે વધતું જોવા મળે છે. આકૃત્તિમાં આ સ્થિતિ ચોથા એકમથી નવમાં એકમ સુધી જોવા મળે છે. જ્યારે સીમાંત ઉત્પાદન શૂન્ય થાય ત્યારે કુલ ઉત્પાદન મહત્તમ થાય છે. દરેક તર્કબદ્ધ ઉત્પાદક આ તબક્કા સુધી ઉત્પાદન કરે છે.

સીમાંત ઉત્પાદન ઋણ : આકૃત્તિ અને અનુસૂચિમાં સીમાંત ઉત્પાદન નવમાં એકમ બાદ ઋણ થતું જોવા મળે છે અને કુલ ઉત્પાદનમાં પણ ઘટાડો થાય છે તેનો અર્થ એવો થાય છે કે સીમાંત ઉત્પાદન ઋણ થાય ત્યારે કુલ ઉત્પાદન ઘટે છે અને ઉત્પાદન ખર્ચ વધે છે. તેથી કોઈ પણ ઉત્પાદક આ તબક્કામાં ઉત્પાદન કરવા ઈચ્છતો નથી.

આમ ઘટતી પેદાશના નિયમમાં શરૂઆતના તબક્કામાં સ્થિર સાધનો વિપુલતાના કારણે જેમ અસ્થિર સાધનો વધે તેમ ઉત્પાદન અમુક હદ સુધી વધે છે.

જ્યારે સ્થિર સાધનોની સરખામણીએ અસ્થિર સાધનોની વિપુલતા વધે છે ત્યારે તેની કાર્યક્ષમતા ઉપયોગ થતો નથી તેના કારણે ઉત્પાદનમાં ઘટાડો થાય છે. આમ દરેક ઉત્પાદક સ્થિર અને અસ્થિર સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરી મહત્તમ ઉત્પાદન કરવા ઈચ્છે છે.

### 6.2.4 ઘટતી પેદાશના કારણો :

આપણે જાણીએ છીએ કે સ્થિર સાધનોની સાથે જેમ અસ્થિર સાધનોનું પ્રમાણ વધારતા જઈએ તેમ અમુક સમય બાદ કુલ ઉત્પાદનમાં અને સીમાંત ઉત્પાદનમાં ઘટાડો થાય છે. આવુ કેમ બને છે તેના વિવિધ કારણો છે.

(1) ઉત્પાદનનાં સાધનો વચ્ચે અપૂર્ણ અવેજી :

ઉત્પાદનમાં બે પ્રકારના સાધનો હોય છે. સ્થિર સાધનો અને અસ્થિર સાધનો. આ બન્ને પ્રકારના સાધનો અમુક પ્રમાણમાં એકના બદલામાં બીજાનો આપણે ઉપયોગ કરીએ છીએ. તેને અવેજી સાધનો તરીકે ઓળખવામાં આવે છે. આ સાધનો વચ્ચે થતી અવેજી અપૂર્ણ હોય છે. એટલે કે જમીનનાં બદલામાં સર્પૂણ મૂડી કે શ્રમને વાપરી શકતા નથી. જો આ સાધનો વચ્ચે સંપૂર્ણ અવેજી શકય હોત તો આપણે એક કુંડામાં પણ આખી દુનિયાને થાય એટલુ અનાજ ઉત્પાદન કરી શકત પણ બન્ને સાધનો વચ્ચેની અવેજી અપૂર્ણ છે. જેથી ઘટતી પેદાશ જોવા મળે છે.

(2) અસ્થિર સાધનોની વિપુલતા :

સ્થિર સાધનોની સરખામણીએ અસ્થિર સાધનોનું પ્રમાણ વધતુ જાય છે એટલે અસ્થિર સાધનોનો પૂરો ઉપયોગ થતો નથી. એક કહેવત પ્રમાણે જાજા રસોઈયા રસોઈ બગાડે તેમ સ્થિર સાધન સાથે અસ્થિર સાધનોની વિપુલતાને લઈને ઘટતી પેદાશ જોવા મળે છે.

### 6.2.5 વધતી પેદાશના કારણો :

(1) સ્થિર સાધનોનો અલ્પ ઉપયોગ :

ઉત્પાદનનાં પ્રાંરભિક તબક્કામાં સ્થિર સાધનોનો પૂર્ણ ઉપયોગ થતો નથી, તેથી તેનો પૂર્ણ ઉપયોગ કરવા માટે પરિવર્તનશીલ સાધનોમાં વધારો કરવો પડે છે. જેમ જેમ પરિવર્તનશીલ સાધનોમાં વધારો થાય છે તેમ અમુક બિંદુ સુધી સીમાંત ઉત્પાદનમાં વધારો થાય છે. દા.ત. એક કાપડની મીલનો પૂર્ણ ઉપયોગ કરવા ૫ શ્રમિકોની જરૂરિયાત હોય પરંતુ તે માત્ર એક અથવા બે શ્રમિકોથી ચાલતી હોય તો તેનો પૂર્ણ ઉપયોગ થતો નથી. તે કિસ્સામાં જો શ્રમિકનો વધારો કરવામાં આવે તો સીમાંત ઉત્પાદનમાં વધારો થાય છે.

(2) કાર્યકુશળતામાં વધારો (શ્રમ વિભાજન) :

એડમ સ્મિથ, માર્શલ અને રોબિન્સ વગેરે માને છે કે, ઉત્પાદનમાં પરિવર્તનશીલ સાધનોમાં વધારો થતા સાધનની કાર્યકુશળતામાં વધારો થાય છે. જેનું કારણ વિશિષ્ટીકરણ અને શ્રમવિભાજનની સંભાવના વધે છે. જેનાથી ઉત્પાદનમાં વધારો થાય છે. રોબિન્સના શબ્દોમાં ઉત્પાદન સાધન એક જ કામ કરે તો ટ્રેનિંગ, સમય, ઓઝાર વગેરેની ઘણી બચત થાય છે, જેના કારણે વધતી પેદાશ જોવા મળે છે.

(3) સાધનોનો યોગ્ય સમન્વય :

સ્થિર સાધનો ઈષ્ટ ઉપયોગ કરવા માટે થઈને પરિવર્તનશીલ સાધનોમાં વધારો

કરવો પડે છે. જ્યાં બન્ને સાધનો યોગ્ય સમન્વય કરી કુલ ઉત્પાદનના મહત્તમ બનાવી શકાય છે. જો આ સમન્વય અયોગ્ય હોય તો ઉત્પાદન વધારી શકાતું નથી. સાધનોનું પ્રામણ સતત વધતા સ્થિર સાધનો પર અસ્થિર સાધનોનો બોજો વધે છે. જે ઘટતી પેદાશમાં પરીણમે છે.

આમ ઘટતી પેદાશ માટે ઉપરોક્ત કારણે સમયનાં ટૂંકા ગાળા માટે જવાબદાર ગણી શકાય.

## 6.2.6 નિયમનું મહત્વ :

(1) ઘટતી પેદાશના નિયમ ત્રણ તબક્કા થી સમતોલ છે મહત્તમ નફાનો હેતુ ધરાવતો ઉત્પાદક પ્રથમ તબક્કામાં અને ત્રીજા તબક્કામાં ઉત્પાદન કરતો નથી. કારણ કે પ્રથમ તબક્કામાં સ્થિર સાધનોમાં સપૂર્ણ ઉપયોગ થાય છે અને ત્રીજા તબક્કામાં અસ્થિર સાધનોનો અપૂર્ણ ઉપયોગ થાય છે. જેથી મહત્તમ ઉત્પાદન મેળવી શકાતું નથી. આ નિયમ ઉત્પાદકને મહત્તમ નફો મેળવવા, ઈષ્ટ સાધન સંયોજન પ્રમાણ દર્શાવે છે. ઉત્પાદકને મહત્તમ નફો કેવી રીતે મેળવી શકાય તેનું માર્ગદર્શન કરે છે.

(2) માલ્થસ દ્વારા આપવામાં આવેલો વસ્તી સિદ્ધાંત પણ આ નિયમને આભારી છે.

## 6.2.7 નિયમની મર્યાદાઓ :

માર્શલ એવું માને છે કે, ઘટતી પેદાશનો નિયમ માત્ર કૃષિક્ષેત્રને જ લાગુ પડે છે. કારણ કે કૃષિક્ષેત્રમાં કુદરતી સાધનોનો વધારે પ્રમાણમાં ઉપયોગ થાય છે. જેનું પ્રમાણ વધારી શકાતું નથી. આધુનિક અર્થશાસ્ત્ર માર્શલ આ વિધાન સાથે સહમતી ધરાવતા નથી તેમના મત અનુસાર ઉત્પાદનનાં બધા જ ક્ષેત્રમાં ઘટતી પેદાશનો નિયમ લાગુ પડે છે. તેનું કારણ બન્ને પ્રકારના સાધનોનું સાધન સંયોજનનું પ્રમાણ અયોગ્ય હોય છે. જેના કારણે બધા જ ક્ષેત્રમાં ઘટતી પેદાશ જોવા મળે છે.

## 6.3 કદ વિકાસના લાભાલાભ (Economies and Diseconomies of Scale)

વિદ્યાર્થી મિત્રો, તમને ક્યારેક એવો પ્રશ્ન થયો હશે કે બધી જ પેઢીઓ મોટી કેમ નથી હોતી ? કેટલીક પેઢીઓ નાના પાયા ઉપર ઉત્પાદન કરે છે તો કેટલીક પેઢીઓ બહુ મોટાપાયે ઉત્પાદન કરે છે ! જેમ કે કોઈ સ્ટ્રીટ ફૂડ. એટલે કે નાસ્તાની એક લારી ઉપર જ ફાસ્ટ ફૂડનું વેચાણ કરે છે તો કોઈ આખી ફૂડ ચેઈન ધરાવે; જેમ કે ઓનેસ્ટ, મેકડોનાલ્ડ વગેરે. આનું કારણ એ છે કે જો ઉત્પાદન અમુક તબક્કા પછી પણ વધારવાનું ચાલુ રાખવામાં આવે એટલે કે ઉત્પાદન સતત વધારવામાં આવે તો ખર્ચનાં પ્રમાણમાં ઉત્પાદન વધવાનો દર ઓછો હોય છે, બીજાં શબ્દોમાં તેટલું જ ઉત્પાદન મેળવવા માટે વધુ ખર્ચ કરવો પડે છે, આથી પેઢીઓ એક નિશ્ચિત બિંદુએ ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરીને સ્થિત થાય છે.

તમે જોયું કે જ્યારે કોઈ પેઢી ઉત્પાદન શરૂ કરે છે ત્યારે શરૂઆતના સમયગાળામાં જેમ જેમ ઉત્પાદન વધે છે તેમ તેમ ઉત્પાદન ખર્ચ ઘટે છે, પછી થોડા સમય પછી એવો તબક્કો આવે છે કે રોકાણ કરવાનાં એકમો (શ્રમિકો/મૂડી) વધારવાથી ઉત્પાદન સ્થિર દરે વધે છે અને તે પછીના તબક્કે ઉત્પાદન વધે તો છે પણ ઘટતા દરે વધે છે...! તમે જોયું હશે કે આ રીતે ઉત્પાદનની રેખા ઉંધા U આકારની બને છે. જે વચ્ચેના ભાગમાં થોડી સપાટ પણ હોય છે.

આવું કેમ બને છે ? વિદ્યાર્થી મિત્રો આપણે એક વાત અહીં ધ્યાનથી જોવાની છે કે, ઉત્પાદન તો સતત વધે છે પણ તે વધવાનો દર બદલાય છે; એટલે કે પહેલા પેઢી ઉત્પાદન વધારે ત્યારે વધતા દરે ઉત્પાદન વધે છે પછી સ્થિર દરે ઉત્પાદન વધે છે અને તે પછી ઘટતા દરે ઉત્પાદન વધે છે. કોઈપણ પેઢી જ્યારે તેનું રોકાણ વધારીને પેઢીમાં ઉત્પાદન વધારે છે ત્યારે તેને પેઢીએ કદ વધાર્યું તેમ કહેવાય. આમ, પેઢી કદનો વિસ્તાર કરે ત્યારે ઉત્પાદનમાં થતો વધારાનો દર વધુ સ્થિર અને તે પછી ઘટતો હોય છે. આવો, આપણે જોઈએ કે કયાં કારણોથી શરૂઆતમાં ઉત્પાદન ખર્ચ ઓછો આવે છે અને તે પછી ઉત્પાદન ખર્ચ વધે છે — આ રીતે ઉત્પાદન ખર્ચમાં થતા ઘટાડાને કદ વિસ્તારના લાભ કે કરકસર કહેવાય છે અને વધતા ખર્ચને કદ વિસ્તારના ગેરલાભ કહેવાય છે.

કદમાપની અસરો (કદ વિસ્તારના લાભાલાભ) :

પેઢી જ્યારે ઉત્પાદન કરે છે ત્યારે તેના ઉત્પાદન, વેચાણ, સાધનોની કિંમત, વસ્તુની કિંમત વગેરે ઉપર કેટલાંક પરિબળો અસર કરે છે. આ પરિબળો આંતરિક અને બાહ્ય બંને હોય છે. આંતરિક પરિબળો પેઢીનાં નિયંત્રણમાં હોય છે. શ્રમિકોની સંખ્યા, પેઢીનું કદ, સ્થિર મૂડીનું કદ, નિયોજન ક્ષમતા, ઔદ્યોગિક મજૂર સંબંધો વગેરે આંતરિક પરિબળો છે; જ્યારે આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિતિ, સરકારની કરવેરા, ઔદ્યોગિક વગેરે નીતિ, પ્રજાની માંગ અને વસ્તુની પસંદગી વગેરે બાહ્ય પરિબળો છે. આ બાહ્ય પરિબળો પેઢીના અંકુશ હેઠળ હોતા નથી એટલે તેમાં ફેરફાર કરી શકતી નથી. આ બન્ને પ્રકારના પરિબળોથી પેઢીને ક્યારેક લાભ પણ થાય છે એટલે કે પેઢીના કદનો વિસ્તાર કરવાથી લાભ થાય છે. તો કેટલીક વખત નુકસાન પણ જાય છે. આ પરિબળોને આપણે હવે વિસ્તારથી સમજીએ...,

કદ વિકાસના આંતરિક લાભો અને ગેરલાભો :

(1) આર્થિક અથવા વ્યાપારિક લાભો અને ગેરલાભોઃ

જ્યારે કોઈ પેઢી ઉત્પાદનનું પ્રમાણ વધારે છે ત્યારે તેણે કાચો માલ, શ્રમિકો, મશીનરી વગેરે પણ વધુ પ્રમાણમાં ખરીદવાં પડે છે. આમ થવાથી પેઢીને મોટા પાયા ઉપરની ખરીદી કરવાના લાભ મળે છે તથા જથ્થામાં ખરીદી થતી હોવાથી ઓછા ખર્ચે કાચો માલ, મશીનરી વગેરે મળે છે. આમ, પેઢીને જથ્થાબંધ ખરીદીના લાભ મળે છે. વસ્તુના ઉત્પાદન અને વેચાણમાં પણ લાભ થાય છે, જેમ કે કાયમી રોકાયેલા કર્મચારીઓ સાધનોના અભાવે જો તેમની પૂર્ણ ક્ષમતાથી કાર્ય ન કરતા હોય તો વધારે સાધનો રોકવાથી તેઓ પૂર્ણ ક્ષમતાથી કામ કરે છે. તેવી જ રીતે મોટી પેઢીઓ મૂળ ઉત્પાદનની સાથે ઉપ-ઉત્પાદનો પણ વેચી શકે છે જે નાની પેઢીઓ માટે કદાચ શક્ય ન બનતું હોય. જેમ કે માખણ બનાવતી પેઢી માટે છાશનું ઉત્પાદન સાથે જ થતું હોય તો છાશ એ ઉપ-ઉત્પાદન (by product) છે, તેવી જ રીતે પેટ્રોલ રીફાઈનરીમાં ગેસોલીન ઉપ-ઉત્પાદન છે. આ પ્રકારના ઉપઉત્પાદનોનું પણ વેચાણ પેઢીને વધારાની આવક મેળવી આપે છે જે નાની પેઢીઓ માટે ક્યારેક એટલું ફાયદાકારક નથી હોતું. મોટા પાયા ઉપર ઉત્પાદન કરવાથી શ્રમવિભાજન પણ કરી શકાય છે જે વિશેષીકરણના લાભો આપે છે.

જો કે આ રીતે ઉત્પાદન અને વેચાણનું પ્રમાણ વધે તો તેનાથી થતા નફાથી આકર્ષાઈને અન્ય પેઢીઓ પણ બજારમાં પ્રવેશ કરતી હોવાથી સ્પર્ધાનું પ્રમાણ વધે છે. જાહેરાતો પાછળનો ખર્ચ, કુશળ અને તાલીમ પામેલા શ્રમિકો મેળવવાનો ખર્ચ એમ જુદાજુદા ખર્ચમાં વધારો થાય છે. ઉત્પાદન વધવાથી કાચો માલ સ્થાનિક અથવા નજીકનાં બજારોમાંથી ન મળે તો દૂરનાં બજારોમાંથી મંગાવવાનો ખર્ચ વધે છે આમ

આંતરિક આર્થિક અને વ્યાપારિક ગેરલાભો થાય છે.

**(2)** નાણાકિય લાભો અને ગેરલાભો :

જ્યારે કોઈ મોટા કદની પેઢી મોટા પાયા ઉપર રોકાણ કરવા ઈચ્છે છે ત્યારે શેર કે ડિબેન્ચર બાર પાડીને જાહેર જનતા પાસેથી પણ મૂડી એકઠી કરી શકે છે, પણ જો નાની પેઢી હોય તો આ રીતે પ્રજા પાસેથી નાણા મેળવવા તેના માટે મુશ્કેલ બને છે, જેમ કે રિલાયન્સ, અદાણી, વિપ્રો જેવી પેઢીઓ માટે મોટા પાયા ઉપર મૂડીરોકાણ મેળવવું પ્રમાણમાં સરળ બને છે, બેંકો પણ તેમને જામીનગીરીઓના આધારે મોટી લોન આપી શકે છે. પરંતુ જો આ રીતે બાહ્ય મૂડી વધુ રોકવામાં આવે તો એક મર્યાદા પછી તેને પુનઃ વ્યાજ સાથે ચૂકવવાનો ખર્ચ વધે છે જે ગેરલાભ કહી શકાય.

**(3)** જોખમ ઉઠાવવાની ક્ષમતાના લાભો અને ગેરલાભો :

સામાન્ય રીતે મોટી પેઢીઓ કોઈ એક જ વસ્તુનું ઉત્પાદન કરવાને બદલે જુદીજુદી વસ્તુઓનું ઉત્પાદન કરે છે, ઉદાહરણ તરીકે ગોદરેજ. વિદ્યાર્થી મિત્રો, તમે વિચારો કે ગોદરેજ કંપની કઈકઈ વસ્તુઓનું ઉત્પાદન કરે છે ? — તેવી જ રીતે ટાટા, રિલાયન્સ વગેરે જેવી મોટી પેઢીઓ તેમના ઉત્પાદન, વેચાણનું જોખમ જુદીજુદી વસ્તુઓ વચ્ચે વહેંચી શકે છે, જેથી ખોટ પણ વહેંચાઈ જાય છે, કોઈ એક વસ્તુના ઉત્પાદન કે વેચાણમાં ખોટ જાય તો અન્ય વસ્તુનાં ઉત્પાદન અને વેચાણથી તે સરભર થઈ શકે છે. આ રીતે કરવું નાની પેઢીઓ માટે શક્ય નથી. નાની પેઢીઓ ઘણી વસ્તુઓનું ઉત્પાદન એક સાથે કરી શકતી નથી.

જો કે મોટી પેઢીઓ પણ આ રીતે મોટા પાયા ઉપર અને ઘણી વસ્તુઓનું ઉત્પાદન કરતી હોવાથી, ખોટનો સામનો કરતી હોય છે. જુદીજુદી વસ્તુઓનાં ઉત્પાદન માટે જુદાજુદા ઠેકાણે પેઢી કે કારખાનાઓ આવેલા હોય છે, તે બધાની દેખરેખ, કુશળ તાલીમ પામેલા મેનેજરોની નિમણૂક, ઔદ્યોગિક સંબંધોની સમસ્યા વગેરેથી ગેરલાભો થાય છે.

**(4)** ટેકનિકલ લાભો અને ગેરલાભો :

મોટા પાયા ઉપર ઉત્પાદન કરવાથી કે ઉત્પાદનનું પ્રમાણ વધારતાં જવાથી સ્થિર મૂડીનો મહત્તમ ઉપયોગ કરી શકાય છે, જેમ કે એક ટ્રેક્ટર મોટાં ખેતરમાં ઉપયોગમાં લેવામાં આવે કે એક કુશળ મેનેજરની ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ થાય તો ઉત્પાદન ખર્ચ નથી વધતો પરંતુ ઉત્પાદન, વેચાણ અને તે રીતે નફો વધે છે. ઉદાહરણ તરીકે એક રેલવે ટ્રેક તૈયાર કરવામાં આવે તેના ઉપર આખા દિવસમાં માત્ર એક જ ટ્રેનપસાર થતી હોય તેને બદલે વધુ ટ્રેન પસાર થાય, એક જ ટ્રેનમાં વધારે વેગન/કન્ટેનર જોડવામાં આવે તો તેનાથી વધારે ખર્ચ કર્યા વિના જ ઉત્પાદન, પરિવહન અને વેચાણ આવક વધે છે.

જો કે એક મર્યાદા પછી પણ જો ઉત્પાદન વધારવામાં આવે તો સ્થિર મૂડી પણ ઓછી પડવાથી તેટલા જ ખર્ચે ઉત્પાદન વધારી શકાતું નથી. જેમ કે કોઈ મેનેજર ૮ કલાક સારી રીતે કામ કરી શકે અને તેને પ્રોત્સાહન આપીને દસ કલાક કામ લઈ શકાય પરંતુ તેનાથી પણ વધારે કામ કરે તો તે મેનેજર કે શ્રમિકની કાર્યક્ષમતા અને કામની ગુણવત્તામાં ઘટાડો થશે. તેવી જ રીતે કોઈ રેલવે ટ્રેક ઉપરથી સતત ટ્રેન પસાર થતી હોય તો આસપાસના અન્ય વાહનોના ટ્રાફિકને તેટલો સમય થોભી જવું પડે તેથી તેટલા

પ્રમાણમાં અન્ય લોકોના સમયનો દુર્વ્યય થાય. આમ, મોટા પાયા પરના ઉત્પાદનમાં પેઢીની જુદીજુદી કામગીરીઓ ઉપર નિયંત્રણ રાખવાનું પણ મુશ્કેલ બને છે.

**(5)** સંચાલકીય લાભો અને ગેરલાભો :

ઉત્પાદન વધારવાથી અને મોટા પાયા ઉપર કરવાથી વિશેષીકરણના લાભો મેળવી શકાય છે જેમ કે વેચાણ માટેની દેખરેખ સેલ્સ મેનેજર રાખે છે, ઉત્પાદનની દેખરેખ પ્રોડકશન મેનેજર રાખે છે, આગળ જતાં જો વધારે વેચાણ થાય તો સેલ્સ, જાહેરાત અને કસ્ટમર સર્વિસના મેનેજર પણ અલગ રાખી શકાય છે. તેવીજ રીતે મોટી પેઢીઓ કુશળ શ્રમિકોને વધારે પગાર આપીને પોતાની પેઢીમાં નિમણૂંક આપી શકે છે.

જો કે એક મર્યાદા પછી જો ઉત્પાદન અને વેચાણનો વિસ્તાર કરવામાં આવે તો બધા વિભાગો વચ્ચે સંકલન કરવું મુશ્કેલ બને છે અને સંચાલકીય મર્યાદાઓ શરૂ થાય છે. જુદાજુદા વિભાગો વચ્ચે કોમ્યુનિકેશન, રેડટેપીઝમ વગેરે પ્રશ્નો ઉભા થાય છે જે ગ્રાહકોને સંતોષ આપવામાં ઓછા પડતા હોવાથી વેચાણ ઘટી શકે છે અથવા ઉત્પાદન અને ઉત્પાદન ક્ષમતા ઘટે છે આમ પેઢીને નુકસાન થઈ શકે છે.

કદવિસ્તારના બાહ્ય લાભો અને ગેરલાભો :

શ્રમ વિભાજન અને વિશેષીકરણ, મોટાં યંત્રોનો ઉપયોગ વગેરે કારણોથી જે લાભો થાય છે તે આંતરિક લાભો ગણવામાં આવે છે. આ લાભોને એટલા માટે આંતરિક કહેવાય છે કે તેમાં પેઢીના પોતાના પ્રયત્નો અને મહેનતની અસર થાય છે. આ ઉપરાંત પેઢીને કેટલાક બાહ્ય પરિબળો પણ અસર કરે છે જેના ઉપર પેઢીનું નિયંત્રણ હોતું નથી. આવાં બાહ્ય પરિબળોથી પેઢીને લાભ અને ગેરલાભ બન્ને થાય છે અને તે પણ પેઢી માટે એટલાં જ મહત્વના અને અસરકારક હોય છે. આ પરિબળો એટલા માટે બાહ્ય કહેવાય છે. કારણ કે તે પેઢીની પોતાની પરિસ્થિતિને કારણે ઉત્પન્ન થયેલાં હોતાં નથી. આ પ્રકારનાં કેટલાંક પરિબળો અને તેની અસરો વિષે હવે આપણે સમજીએ.

**1.** સસ્તો કાચો માલ અને મૂડીસાધનોની પ્રાપ્તિ :

પેઢીનો વિસ્તાર થતાં કાચો માલ દૂરનાં સ્થળેથી કે વધુ કિંમતે મંગાવવો પડે છે. પરંતુ જો કાચા માલનું કોઈ નવું સ્થળ મળી જાય, જેમ કે કોઈ નવી જગ્યાએ ઉત્ખનન થવાથી ખનીજનો વધુ જથ્થો મળી આવે તો પેઢી માટે તે કાચા માલ તરીકે ઉપયોગમાં લેવું સસ્તું પડે તેનાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય કે ગુણવત્તામાં સુધારો થાય. તમે જોઈ શકો છો કે ખનીજનો નવો જથ્થો મળવો એ પેઢીના પ્રયત્નોનું પરિણામ નથી પરંતુ તે બહારનું છે આમ બાહ્ય પરિબળથી પેઢીને લાભ થતો દેખાઈ રહ્યો છે.

**2.** ટેકનોલોજીકલ બાહ્ય લાભો :

જ્યારે કોઈ પેઢીનું તેનું કદ વિસ્તરે છે ત્યારે તેને વધારે ટેકનોલોજીકલ અનુભવોને કારણે વધારે સારી મશીનરી તૈયાર કરવા અને ઉપયોગ કરવાની તક મળે છે, તેનાથી ઉત્પાદન વધુ અને ગુણવત્તાવાળું મળે છે.

**3.** તાલીમ પામેલા કુશળ શ્રમિકોનો વિકાસ :

જ્યારે કોઈ પેઢી તેનું ઉત્પાદન અને વિસ્તાર વધારે છે ત્યારે તે વિસ્તારના શ્રમિકો

તેમને વધુ કુશળ બનાવે છે, જુદીજુદી ઉત્પાદન પ્રક્રિયાઓનો અનુભવ મેળવે છે, પરિણામે તે ઉદ્યોગનો વિકાસ જે તે વિસ્તારના શ્રમિકોની કુશળતા વધારવા માટેનું પરિબળ બને છે. આમ, અહીં કોઈ એક ઉદ્યોગના વિકાસથી તેની આસપાસના વિસ્તારને પણ કુશળ શ્રમિકોનો લાભ મળે છે. આ લાભ માત્ર જે તે પેઢી પૂરતો જ મર્યાદિત ન રહેતાં અન્ય પેઢીઓને પણ મળે છે. જેમ કે મુંબઈમાં ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા વિવિધ કલાકારોની પ્રાપ્તિ, બેંગ્લોરમાં સોફ્ટવેર એન્જીનીયરોની પ્રાપ્તિ વગેરે કહી શકાય. કોઈ ફિલ્મ બનાવવા ઈચ્છે તો તેને દિલ્હી, પંજાબ કે દેશના અન્ય વિસ્તારો કરતાં મુંબઈમાં ટેકનિકલ તથા અન્ય કલાકારો સંબંધી કામ કરનારા આસાનીથી મળી રહે છે.

**4**. સહાયક ઉદ્યોગોનો વિકાસ :

જ્યારે કોઈ વિસ્તારમાં કોઈ આર્થિક પ્રવૃત્તિ મોટા પાયા ઉપર વિકાસ પામે છે ત્યારે માત્ર તે જ ઉદ્યોગનો નહી પણ તેના સહાયક ઉદ્યોગોનો વિકાસ પણ થાય છે. ઉદાહરણ તરીકે કોઈ વિસ્તારમાં ધારો કે ખનીજનો મોટો જથ્થો મળી આવે તો તેની સાથે ઘણી સહાયક આર્થિક પ્રવૃત્તિઓ પણ વિકસે છે. જેમ કે કચ્છમાંથી ખનીજ કોલસો મળી આવેલો હતો ત્યારે પરિવહનનો ટ્રક ટ્રાન્સપોર્ટનો ઉદ્યોગ, ગેરેજ, હાઈવે હોટેલ્સ વગેરે અનેક સહાયક ઉદ્યોગો પણ વિકસ્યા હતા. આમ તે વિસ્તારનો આર્થિક વિકાસ થાય છે.

**5**. પરિવહન અને બજાર અંગેની વધુ સારી સેવાઓ મળવી :

ઉપરના મુદ્દા **3** અને **4** માં આપેલાં ઉદાહરણો જુઓ, આ ઉપરથી તમે જોઈ શકશો કે કોઈ પેઢી જ્યારે નવી આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા ઈચ્છે તો તે ત્યાં કરશે કે જ્યાં પરિવહન, તાલીમ પામેલા શ્રમિકો અને બજાર અંગેની અન્ય સુવિધાઓ આસાનાથી મળી રહે. અહીં આપણે ઉદાહરણ શ્રમિકોની દ્રષ્ટિએ પણ લઈ શકીએ કે જો કોઈ વ્યક્તિને ફિલ્મ કે ટીવી સીરીયલ સંબંધી કામ કરવું હોય તો તે મુંબઈમાં વસવાટ કરવાનું પસંદ કરશે, તેવી જ રીતે સોફ્ટવેર એન્જિનિયર બેંગ્લોરમાં વસવાટ કરવાનું પસંદ કરશે જેથી તેઓને પણ તેમની કુશળતા પ્રમાણેનું કામ આસાનીથી મળી રહે. એટલે એક જ સ્થળે કોઈ પેઢીને અને તે પેઢીનાં સાધનોને રોજગાર મળી રહે છે. જ્યાં કોઈ મોટી પેઢીનો વિકાસ થવાથી પરિવહન તેમજ અન્ય સુવિધાઓનો વિકાસ થયો હોય ત્યાં નાની-નાની અન્ય પેઢીઓને પણ આર્થિક પ્રવૃત્તિ કરવાનું આસાન બને છે. કારણ કે ત્યાં પાણી, વીજળી, રસ્તાઓ વગેરેનો વિકાસ થયો હોય છે.

જો કે આ રીતે મળતા બાહ્ય લાભોની સાથે કેટલાક ગેરલાભો પણ ઉભા થાય છે જેને કદ વિકાસના બાહ્ય ગેરલાભો કહી શકાય. જેમ કે કોઈ પેઢીનો વિકાસ થવાથી ત્યાં સાધનો અને શ્રમિકો મેળવવા માટેની સ્પર્ધા ઉભી થાય છે, જો મૂડી સાધનો, કુશળ શ્રમિકોનું પ્રમાણ ઓછું હોય તો તેવાં સાધનોની કિંમતમાં વધારો થતાં નાની પેઢીઓએ પણ ઊંચી કિંમતે તે સાધનો ખરીદવાં પડે છે. ઊંચી સાધન કિંમતો ઊચા ઉત્પાદન ખર્ચમાં પરિણામે છે જે અંતે વસ્તુ કે સેવાની કિંમત વધારે છે. આ ઉપરાંત પેઢીઓનો પરિવહન ખર્ચ, જાહેરાત ખર્ચ વગેરે પણ વધે છે.

એક જગ્યાએ વધારે આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થવાથી શહેરીકરણ તેની સમસ્યાઓ પણ સાથે લાવે છે, ગીચ વસ્તી, જુદાજુદા પ્રકારનાં પ્રદૂષણ જેવી સમસ્યાઓ ઉભી થાય છે.

અહીં સરકાર તેની નીતિઓથી કોઈ એક જગ્યાએ ઉદ્યોગો અને આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ ઉપર નિયંત્રણ મૂકી શકે છે.

આમ, વિદ્યાર્થી મિત્રો, તમે જોયું કે કોઈ પેઢી કે ઉદ્યોગનો વિકાસ કરવાથી કે કોઈ એક જ જગ્યાએ આર્થિક પ્રવૃત્તિઓનો વિસ્તાર થવાથી ઘણા લાભો થાય છે પરંતુ એક મર્યાદાથી પણ જો વધારે ઉત્પાદન કરવામાં આવે તો પછી ઉત્પાદન ખર્ચમાં કોઈ ને કોઈ રીતે વધારો થાય છે. એટલે સતત અમર્યાદિત રીતે આર્થિક પ્રવૃત્તિનો વિસ્તાર કરવાને બદલે પેઢી કોઈ એક સુરક્ષિત જગ્યાએ કે જ્યાં ઉત્પાદનનો ખર્ચ લઘુત્તમ આવતો હોય કે ઉત્પાદન મહત્તમ થતું હોય ત્યાં ઉત્પાદનનું પ્રમાણ કે પેઢીનું કદ સ્થિર કરે છે.

## 6.4 : સારાંશ

આ એકમમાં આપણે સ્થિર સાધનો અને અસ્થિર સાધનોના પરિમાણમાં થતા ફેરફારના કારણે ઉત્પાદના જે ફેરફાર થાય છે,તેને આપણે વિવિધ ત્રણ તબક્કા પ્રમાણે અભ્યાસ કર્યો.જેમાં પ્રથમ તબક્કામાં અસ્થિર સાધનો કરતા સ્થિર સાધનનું પ્રમાણ વધુ હોય છે.જેનાથી પરિવર્તનશીલ સાધનોમાં વધારો થતા ઉત્પાદન ખર્ચ કરતા ઉત્પાદન થતો વધારો વધુ છે.જેને વધતી પેદાશ તરીકે ઓળખીએ છીએ.બીજા તબક્કામાં ઉત્પાદન અને ઉત્પાદન ખર્ચ બંનેમાં થતો વધારો સરખો છે.જયારે ત્રીજા તબક્કામાં ઉત્પાદન કરતા ઉત્પાદન ખર્ચમાં થતો વધારો વધુ હોય છે.જે ઘટતી પેદાશ તરીકે ઓળખવામાં આવે છે.કોઈ પણ ઉત્પાદક ત્રીજા તબક્કામાં ઉત્પાદન કરતો નથી. કારણ કે તે તબક્કામાં ઉત્પાદન કરતા ઉત્પાદન ખર્ચમાં થતો વધારો વધારે છે.જયારે ઉત્પાદનના બધા જ ક્ષેત્રમાં આ નિયમ

અમલ થતો જોવા મળે છે,ટેકનોલોજીકલ પરિબળોથી ટૂંકા સમય ઘટતી પેદાશ ટાળી શકાય છે.પરંતુ કાયમી ટાળી શકાતી નથી.તે જ રીતે પેઢી અને ઉધોગના કદમાં વિસ્તરણ થવાના કારણે પેઢી અને ઉધોગને જે લાભો અને ગેરલાભો થાય છે.તે ગેરલાભને પણ પેઢી કે ઉધોગ સંપૂર્ણ ટાળી શકતા નથી.આમ નિયોજક મહત્તમ નફો કેવી રીતે મેળવી શકાય.પેઢીના કે ઉધોગના ગેરલાભો કેવી રીતે ઘટાડી શકાય સમગ્ર એકમના અભ્યાસથી જાણી શકાય છે.

## ★ ચાવીરૂપ શબ્દો

**1**. ઉત્પાદનનો બિનપ્રમાણસર નિયમ : ઉત્પાદનનાં અમુક સાધનો સ્થિર રાખી અન્ય સાધનમાં વધારો કરતાં ઉત્પાદનમાં થતી અસરને ઉત્પાદનનો બિનપ્રમાણસર નિયમ કહે છે.

**2**. વધતી પેદાશ : ઉત્પાદનમાં ટૂંકાગાળામાં અસ્થિર સાધનમાં વધારાના દર કરતા ઉત્પાદનમાં વધારાનો દર વધુ હોય તે.

**3**. ઉપઉત્પાદન : ઉપઉત્પાદન જેને અંગ્રેજીમાં બાય પ્રોડક્ટ (by product) કહે છે તે પેઢીમાં મૂળ વસ્તુની સાથે થતું ગૌણ ઉત્પાદન છે. આ ઉપઉત્પાદન પેઢીનો મુખ્ય હેતુ હોતો નથી. જેમ કે દૂધનું ઉત્પાદન કરતી પેઢી તેની સાથે છાશ, માખણ અને ઘીનું ઉત્પાદન અને વેચાણ કરે, કે કપડાં સીવવાનું કામ કરતા દરજી લોકો ફેસ માસ્કનું ઉત્પાદન કરે, ઓઈલ રીફાઈનરીમાં ગેસોલીનનું ઉત્પાદન થાય.

**4**. શ્રમવિભાજન : શ્રમ વિભાજન એટલે કોઈ ઉત્પાદનની આખી પ્રક્રિયાઓ એક જ વ્યક્તિ દ્વારા કરવાને બદલે તે ઉત્પાદન નાની-નાની પ્રક્રિયાઓમાં વિભાજીત કરીને જુદાજુદા શ્રમિકો દ્વારા કરવામાં આવે. જેમ કે ઘરમાં રસોઈનું કામ એક જ વ્યક્તિ કરે પણ

જો મોટા પાયા ઉપર રસોઈ કરવાની હોય તો હોટેલમાં કે કેટરિંગના વ્યવસાયમાં શાક સમારવાનું, તેને વઘાર કરવાનું, પુરી બનાવવાનું, મીઠાઈ બનાવવાનું કામ જુદીજુદી વ્યક્તિઓ કરે છે. તેવી જ રીતે રેડીમેડ ગારમેન્ટની મોટી ફેકટરી હોય તો ત્યાં શર્ટના કોલર બનાવવાનું, કટિંગ કરવાનું, બટન લગાવવાનું તેને ઈસ્ત્રી કરવાનું વગેરે કામ એક જ વ્યક્તિ નથી કરતી પણ જુદીજુદી વ્યક્તિઓ કરે છે – આ શ્રમ વિભાજન છે. તે સમગ્ર દેશ માટે પણ લાગુ પાડી શકાય છે. કોઈ એક દેશ તેની જરૂરિયાતની બધી જ વસ્તુ પેદા કરે અથવા માત્ર અમુક વસ્તુ પેદા કરીને બીજી વસ્તુઓ અન્ય દેશ પાસેથી ખરીદે. જેમ કે ભારત માત્ર ઘઉં અને દૂધનું ઉત્પાદન કરે અને ફળો તથા કપાસ અન્ય દેશ પાસેથી ખરીદે.

**5**. વિશેષીકરણ : શ્રમવિભાજન થતાં વિશેષીકરણ અસ્તિત્વમાં આવે છે. કોઈ વ્યક્તિ, પેઢી કે દેશ બધું જ ઉત્પાદન કરવાની એક જ પ્રક્રિયા કરે છે ત્યારે તે કામથી તેનામાં કુશળતા આવે છે અને તે ખાસ તે જ વસ્તુ કે સેવા પુરી પાડતી હોવાથી વિશેષીકરણ કહેવાય છે. ઉદાહરણ તરીકે કોઈ પેઢી આખી મોટર બનાવવાને બદલે માત્ર તેના માટેનાં ટાયરોનું ઉત્પાદન કરે તો તે તેણે ટાયરના ઉત્પાદનમાં વિશેષીકરણ કર્યું તેમ કહેવાય.

## ★ તમારી પ્રગતિ ચકાસો

★ નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ લખો.

1) ઘટતી પેદાશનો નિયમ આકૃતિ સાથે સમજાવો.

2) પેઢી વિકાસ અને ઉધોગ વિકાસના લાભો જણાવો.

3) પેઢી વિકાસ અને ઉધોગ વિકાસના ગેરલાભો જણાવો.

4) વધતી પેદાશ અને ઘટતી પેદાશ એટલે શું?તે ઉદ્દભવના કારણો જણાવો.

★ નીચેના પ્રશ્નનો ટૂંકમાં જવાબ લખો.

1) એકમ વિકાસના લાભો એટલે શું?

2) ઉધોગ વિકાસના લાભો એટલે શું?

3) ઉત્પાદનનો ટૂંકો અને લાંબો ગાળો એટલે શું?

4) ઉત્પાદના સ્થિર અને અસ્થિર સાધનો એટલે ? ઉદાહરણ સાથે જણાવો.

5) કોઈ ઉત્પાદક ઉત્પાદનના ત્રીજા તબક્કામાં ઉત્પાદન કરતો નથી?શા માટે?

★ નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.

1) કોઈ પણ ઉત્પાદક હમેશા ઉત્પાદન ત્રીજા તબક્કામાં કરે છે.

2) ઉત્પાદનના ટૂંકાગાળામાં ઉત્પાદના બધા જ સાધનોમાં વધારો કરી શકાય છે.

3) બિનપ્રમાણસર નિયમ અનુસાર ઉત્પાદના પ્રથમતબક્કામાં વધતા દરે ઉત્પાદમાં વધારો થાય છે.

4) બિનપ્રમાણસર નિયમ માર્શલે ખેતીક્ષેત્ર રજૂઆત કરેલ છે.

5) બિનપ્રમાણસર નિયમ ટેકનોલોજીકલ પરિબળ સ્થિર ધરવામાં આવ્યું છે.

6) બિનપ્રમાણસર નિયમમાં સરેરાશ ઉત્પાદન ઋણ થાય ત્યારે ઉત્પાદનો ત્રીજો તબક્કો

શરુ થાય છે.

7) બિનપ્રમાણસર નિયમ અનુસાર જ્યાં સીમાંત ઉત્પાદન મહત્તમ થાય તે બિંદુએ ઉત્પાદનો પ્રથમ તબક્કો પૂરો થાય છે.

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1) ખોટું

2) ખોટું

3) ખરું

4) ખરું

5) ખરું

6) ખોટું

7) ખરું

## ★ સંદર્ભ

1. एस.के.मिश्रा ,वि.के.पूरी व्यष्टि अर्थशास्त्र ,हिमालय पब्लिशिंग हॉउस,१९९८

2. શ્રી એચ.કે ત્રિવેદી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો,યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય અમદાવાદ

# વિભાગ

# 3

# પેઢીની સમતુલા અને કિંમત નિર્ધારણ


| | |
|---|---|
| એકમ-7 બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ-1 પૂર્ણ હરીફાઈ | 115 |
| એકમ-8 બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ-2 ઈજારો | 143 |
| એકમ-9 ઈજારાયુક્ત હરીફાઈ | 159 |
| એકમ-10 અલ્પ હસ્તક ઈજારો | 177 |

# એકમ 7 બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ-1
# પૂર્ણ હરીફાઈ

## રૂપરેખા


7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 સમતુલાનો ખ્યાલ અને બજાર માળખું.

- 7.2.1 : સમતુલાનો ખ્યાલ/અર્થ
- 7.2.2 : સમતુલાના પ્રકારો
- 7.2.3 : સમતુલાની પાયાની શરત
- 7.2.4 : બજારનો ખ્યાલ/અર્થ
- 7.2.5 : બજારનું માળખું/પ્રકારો
- 7.2.6 : જુદા જુદા બજારોમાં આવક રેખાઓ

7.3 પૂર્ણ હરીફાઈ

- 7.3.1 : પૂર્ણ હરીફાઈનો અર્થ અને લક્ષણો
- 7.3.2 : પૂર્ણ હરીફાઈમાં પેઢીની ટુંકાગાળાની સમતુલા
- 7.3.3 : પૂર્ણ હરીફાઈમાં પેઢીની લાંબાગાળાની સમતુલા
- 7.3.4 : ટૂંકાગાળા અને લાંબાગાળાની સમતુલા વચ્ચેનો તફાવત
- 7.3.5 : પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગની ટુંકાગાળાની સમતુલા
- 7.3.6 : પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગની લાંબાગાળાની સમતુલા

7.4 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના ઉતરો (જવાબો)

★ સંદર્ભ


## 7.0 ઉદ્દેશો :

- બજાર માંગ અને બજાર પુરવઠા વચ્ચે સમતુલાનો ખ્યાલ મેળવવો.
- સમતુલાના પ્રકારો જાણવા.
- સમતુલાની પાયાની શરતો સમજવી.
- બજાર માળખાની વિશિષ્ટતાઓ જાણવી.

- બજાર માળખાનો ખ્યાલ સમજાવો.
- જુદા જુદા બજારોમાં સરેરાશ આવક અને સીમાંત આવકના વલણો સમજવા.
- પૂર્ણ હરીફાઈમાં પેઢીની ટુંકાગાળાની સમતુલા અને લાંબાગાળાની સમતુલા સમજવી.
- ટુંકાગાળાનીઅને લાંબાગાળાની સમતુલા વચ્ચેનો તફાવત જાણવો.
- પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગની સમતુલા સમજવી.

## 7.1 પ્રસ્તાવના :

અગાઉના પ્રકરણમાં ખર્ચના પ્રકારો અને ખર્ચ રેખાઓનો અભ્યાસ કર્યો. પેઢીના સંચાલકનું મહત્ત્વનું કાર્ય વ્યાપારિક નિર્ણયો લેવાનું હોય છે. આ નિર્ણયો તેણે એવી રીતે લેવાના હોય છે કે પેઢીને મહત્તમ નફો પ્રાપ્ત થાય. જેના માટે ખર્ચ અને આવક બંને બાબતો પેઢી માટે મહત્ત્વની છે. ઉત્પાદક તરીકે પેઢીનો ઉદ્દેશ ન્યુનતમ ખર્ચે ઉત્પાદન કરવાનો હોય છે પરંતુ પેઢીએ કેટલુ ઉત્પાદન કરવું તેનો આધાર તેને ઉત્પાદન થતી વસ્તુના બજાર ઉપર તથા તેણે કરેલા ખર્ચના સંદર્ભમાં અપેક્ષીત વેચાણ આવક ઉપર રહેલો છે. સમતુલિત ઉત્પાદનનું પ્રમાણ એ છે કે પેઢીને મહત્તમ નફો મેળવી આપે. અર્થતંત્રમાં વિવિધ આર્થિક પરિબળઓ જેવા કે માંગ, પુરવઠો, લોકોની આવક, ખર્ચ, બચત વગેરે સમતુલિત ઉત્પાદનના પ્રમાણને અસર કરે છે.

અર્થતંત્રમાં સમતુલા (Equalibrium) નો ખ્યાલ ખૂબ જ મહત્ત્વનો છે. પ્રસ્તુત પ્રકરણમાં સમતુલાનો ખ્યાલ અને તેના પ્રકારો સમજવાનો પ્રયત્ન કરીશું. સમતુલાની મહત્ત્વની શરતો જાણીશું. ત્યારબાદ બજારનો અર્થ અને બજારના પ્રકારોને સમજવાની કોશિશ કરીશું. જુદા જુદા બજારોમાં આવકના વક્ર (રેખા) કેવા હોય છે. તેનો અભ્યાસ કરીશું. વર્તમાન જગતમાં મોટા ભાગનાં બજારો ઈજારાયુક્ત હરીફાઈવાળા અથવા તો અપૂર્ણ હરીફાઈવાળા જોવા મળે છે. આ એક વાસ્તવિક પરિસ્થિતિ છે. પૂર્ણ હરિફાઈ વાળા બજારના લક્ષણો અને તેમા પેઢીની સમતુલા અને ઉદ્યોગની સમતુલાને સમજીશું.

## 7.2 સમતુલાનો ખ્યાલ અને બજાર માળખું :

બજારના વિવિધ પરીબળો સમયાંતરે એકબીજા સાથે સમતોલ થવાનું વલણ ધરાવતા હોય છે. વિવિધ આર્થિક પરિબળો વચ્ચે સમતુલાના વલણનો અભ્યાસ સમયના સંદર્ભમાં કરવું હિતાવહ છે. જો બજારમાં વસ્તુના પુરવઠા કરતાં માંગ વધારે હોય ત્યારે વસ્તુની કિંમત વધશે તેથી ઉત્પાદકનાનફામાં વધારો થશે તેથી વધુ ઉત્પાદન કરવા પ્રેરાશે પુરવઠો વધશે તેથી માંગ જેટલો થઈ જશે. તે જ રીતે વસ્તુના પુરવઠા કરતા વસ્તુની માંગ ઓછી હોય તો વસ્તુની કિંમતમાં ઘટાડો થશે. તેથી ઉત્પાદકના નફામાં ઘટાડો થશે. તેથી પુરવઠામાં ઘટાડો થશે તેથી માંગ અને પુરવઠો સરખા થઈ જશે. આર્થિક સમતુલા એટલે એવી સ્થિતિ કે જેમાં આર્થિક પરિબળો સંતુલિત હોય અને બાહ્ય પરિબળો મૂલ્યમાં કોઈ ફેરફાર ના કરે અર્થશાસ્ત્રમાં સમતુલાની કિંમત સમતુલા સમજવા માટે શ્રેષ્ઠ ઉદાહરણ છે. એકમલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈપણ વસ્તુની કિંમત ત્યાં નક્કી થાય છે કે જ્યાં વસ્તુની માંગ અને વસ્તુનો પુરવઠો સરખા થાય. માંગનું પરિબળ અને પુરવઠાનું પરિબળ પરસ્પર જુદી દિશામાં વર્તે છે. પરંતુ અંતે કોઈ એક કિંમતે તે સરખા થાય છે. બજાર એ ગ્રાહકો (ખરીદનારા) અને ઉત્પાદકો(વેચનારા)નો સમૂહ છે. બજારો ભિન્ન ભિન્નસ્વરૂપના હોય છે. દરેક બજારનું સ્વરૂપ અને તેના લક્ષણો જુદા જુદા હોય છે. બજાર માળખામાં બજારના વિવિધ સ્વરૂપોનો સમાવેશ થાય છે.

7.2.1 સમતુલાનો ખ્યાલ/અર્થ :

સમતુલા એટલે વિરામની પરિસ્થિતિ જે એવી અવસ્થા છે, કે જે દરમ્યાન પેઢી સાધનોના માલિકો, ઉદ્યોગ કે અર્થતંત્રનું કોઈ પણ એક આર્થિક એકમ સ્થિર પરિસ્થિતિ પ્રાપ્ય કરે છે. અર્થતંત્રમાં થતી દરેક આર્થિક પ્રવૃત્તિનો ઉદ્દેશ સમતુલાની પ્રાપ્તિ કરવાનો હોય છે. આધુનિક આર્થિક વિશ્લેષણમાં સમતુલાનું વિશ્લેષણ મહત્ત્વનું છે. સમતુલાની અવસ્થા એ સ્થિર અવસ્થા છે. જેનો અર્થ એ થાય છે કે આ અવસ્થા દરમ્યાન એકબીજાથી વિરોધી એવા પરિબળો કે વલણો એકબીજાની અસરોનું એવી રીતે નિવારણ કરતા હોય છે કે જેથી જે ઉદ્દેશથી આ પરિબળો સમતુલા મૂકાયા હોય છે. તેને કોઈપણ પ્રકારની ખલેલ પહોંચતી નથી અત્રે એ નોંધપાત્ર છે કે સમતુલાની અવસ્થા એ એક વિરામની અવસ્થા છે. જ્યારે કોઈ એક પેઢીનો માલિક તેના ચાલુ ઉત્પાદનના ધોરણમાં વધારો કે ઘટાડો કર્યા સિવાય ઉત્પાદનનું ચાલુ ધોરણ ટકાવી રાખવા માટે પૂરતો નફાનો દર મળી રહે ત્યારે તે પેઢીની સમતુલા છે. તેવી કહેવાય. એટલે કે ઉદ્યોગમાં નવી પેઢી પ્રવેશતી નથી અને ઉદ્યોગમાં રહેલી જૂની પેઢીઓ ઉદ્યોગ છોડીને જતી નથી ત્યારે ઉદ્યોગની સમતુલા કહેવાય છે. તેમજ જ્યારે બજારમાં પ્રવર્તમાન કિંમતે વેચવા માટે મૂકેલ વસ્તુનાપુરવઠાનું પ્રમાણ તેમજ ગ્રાહકો તરફથી થતી વસ્તુની માંગનું પ્રમાણ બન્ને સરખા હોય ત્યારે બજાર સમતુલામાં છે તેમ કહેવાય. ગ્રાહકની દ્રષ્ટિએ સમતુલા એટલે પોતાના નાણાકીય સાધનોની (આવક) ફાળવણી જુદી જુદી વસ્તુઓ અને સેવાઓમાં એવી રીતે કરે છે જેથી તેને મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય. આ સ્થિતિએ પહોંચ્યા પછી ગ્રાહક તેને સતત ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. સાધનોના માલિકની દ્રષ્ટિએ સમતુલા એટલે તે વિવિધ સાધનોની ફાળવણી એવી રીતે કરશે કે જેથી તેને મહત્તમ આવક (કમાણી) પ્રાપ્ત થાય. સમતુલાનો ખ્યાલ સૈદ્ધાંતિક વિશ્લેષણની દ્રષ્ટિએ ખૂબ જ ઉપયોગી છે. સમતુલા એ જે તે ક્ષેત્રોની કાર્યક્ષમતાનું સૂચન કરે છે.

7.2.2 સમતુલાના પ્રકારો :

અર્થશાસ્ત્રના જુદા જુદા દ્રષ્ટિ બિંદુથી સમતુલાના જુદા જુદા પ્રકાર રજૂ કરાયા છે. સમતુલાના મુખ્ય પ્રકારો નીચે પ્રમાણે જોવા મળે છે.

(1) સ્થિર, અસ્થિર અને તટસ્થ સમતુલા :

સ્થિર, અસ્થિર અને તટસ્થ સમતુલાનો ખ્યાલ. પ્રો.પીગુએ રજૂ કર્યો છે. કોઈ પણ પદ્ધતિમાં જ્યારે અમુક પ્રકારના ફેરફારના થાય છે ત્યારે અમુક એવા પરિબળો અસ્તિત્વમાં આવે છે કે જે તે પદ્ધતિને મૂળ સ્થિતિમાં પુનઃ મૂકી દે છે. ત્યારે તેને સ્થિર સમતુલા કહેવાય છે. જ્યારે અમુક પદ્ધતિમાં આવા ફેરફારો થાય છે પરંતુ તે પદ્ધતિને તેની મૂળ કક્ષાએ પુનઃ સ્થાપનારા કોઈ પરિબળો અસ્તિત્વમાં આવે નહીં ત્યારે તેમજ તેમાં વધુ ખલેલ (ફેરફારો) થાય નહીં ત્યારે તેવી પદ્ધતિને તટસ્થ સમતુલા કહી શકાય છે. જ્યારે અમુક નાના પ્રકારની ખલેલો વધુને વધુ ખલેલો ઉભી કરે અને એ રીતે ખલેલો સતત આગળ વધતી રહે અને સમગ્ર પદ્ધતિને એવી રીતે વેરવિભોર કરી નાખે કે જેથી પહેલાની અવસ્થા ક્યારે પણ પ્રાપ્ત ન થાય ત્યારે તેને અસ્થિર સમતુલા કહેવામાં આવે છે. પૂર્ણ હરીફાઈવાળા બજારમાં માંગ અને પુરવઠાનાં પરિબળો દ્વારા સમતુલા સિદ્ધ થતી હોય છે જ્યાં સુધી માંગ અને પુરવઠાનાં પરિબળોમાં ફેરફાર થતો નથી ત્યાં સુધી સ્થિર સમતુલાની સ્થિતિ સ્થપાય છે. અહીં માંગ રેખા નકારાત્મક ઢાળવાળી અને પુરવઠા રેખા હકારત્મક ઢાળવાળી હોય છે. પરંતુ જ્યારે પુરવઠા રેખા નકારાત્મ

ઢાળવાળી અને માંગ રેખા હકારાત્મક ઢાળવાળી બને છે. ત્યારે અસ્થિર સમતુલા સર્જાય છે. પરંતુ જ્યારે માંગ અને પુરવઠા રેખાઓનો ઢાળ એકસરખો હોય છે ત્યારે તટસ્થ સમતુલા સ્થાપિત થાય છે. પ્રો. વોલરાસે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ બન્ને પોતપોતાની રીતે સાચા છે. પ્રો. માર્શલનું વિશ્લેષણ કિંમતમાં થતા ફેરફારો પ્રમાણે ઉત્પાદનમાં ફેરફાર થાય છે. એવી માન્યતા પર આધારિતછે. જ્યારે વોલરાસ એમ માને છે કે ઉત્પાદનમાં થતાં ફેરફાર અનુસાર કિંમતમાં ફેરફાર થાય છે.

(2) ટુંકાગાળાની સમતુલા અને લાંબાગાળાની સમતુલા :

પ્રો. માર્શલે ટુંકાગાળા અને લાંબાગાળાની સમતુલા અંગે ચર્ચા કરી છે. ટુંકાગાળાની સમતુલા અમુક ચોક્કસ સમયના સંદર્ભમાં જોવા મળે છે. ટુંકાગાળાની સમતુલાનો અભ્યાસ બજારની કિંમત નિર્ધારણની પ્રક્રિયા સમજવા માટે ઘણો જ ઉપયોગી છે. લાંબાગાળાની સમતુલા પ્રમાણમાં ઘણાં મોટા અથવા વિશાળ સમયગાળાને આવરી લે છે. લાંબાગાળાની સમતુલાનો અભ્યાસ કિંમત-નિર્ધારણની સામાન્ય પ્રક્રિયાની સમજૂતી માટે અગત્યનો છે. સંપૂર્ણ હરીફાઈમાં ટુંકાગાળા અને લાંબાગાળાની સમતુલાનો અભ્યાસ વિશ્લેષણ રીતે કરવામાં આવે છે.

(3) એકલક્ષી તથા બહુલક્ષી સમતુલા :

જ્યારે સમતુલાની અવસ્થા દરમિયાન માંગ તથા પુરવઠાની સમાનતાની શરત અમલમાં મૂકાતી હોય અને માત્ર એક જ ભાવ સપાટી પ્રવર્તતી હોય છે. ત્યારે તેને એકલક્ષી સમતુલાની અવસ્થા કહી શકાય પરંતુ જ્યારે માંગ અને પુરવઠાની સમતુલા ઉપરાંત એક કરતા વધારે ભાવો પ્રવર્તતો હોય છે, ત્યારે તેને બહુલક્ષી સમતુલાની અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે માંગનો વક્ર તેની લંબાઈના અમુક પ્રમાણે ખૂબ જ મૂલ્યસાપેક્ષ હોય અને ત્યારબાદ લગભગ મૂલ્યઅનપેક્ષ થઈ જતો હોય છે અને ફરી પાછો મૂલ્યસાપેક્ષ બની જાય છે. આ રીતે માંગ રેખાનો ઢાળ સતત બદલાય છે, ત્યારે બહુલક્ષી સમતુલા અસ્તિત્વમાં આવે છે. જ્યારે બજારમાં જુદા જુદા પ્રકારના અને ખાસ કરીને જુદા જુદા આર્થિક સ્તરના ગ્રાહકો હોય ત્યારે આ પ્રકારની સમતુલા અસ્તિત્વમાં આવે છે.

(4) સ્થિર અને ગતિશીલ સમતુલા :

જ્યારે સ્થિર અથવા અગતિશીલ પરિબળોને કારણે સમતુલા સ્થાપાય તેને સ્થિર સમતુલા કહેવામાં આવે છે. માંગ અને પુરવઠો સ્થિર હોય અને તેના દ્વારા જે સમતુલાની કિંમત નક્કી થાય તેને આપણે સ્થિર સમતુલા તરીકે ઓળખાવી શકીએ અહીં સમતુલાના સમય દરમિયાન આર્થિક પરિબળોમાં ફેરફાર થતો નથી. પરંતુ પરિવર્તનશીલ અથવા ગતિશીલ પરિબળોના કારણે જે સમતુલા સ્થાપાય અને સમતુલા દરમિયાન પણ તેને અસર કરતાં પરિબળોમાં ફેરફાર થતો હોય તો તેને ગતિશીલ સમતુલા કહેવામાં આવે છે. પ્રો. બોલ્ડિંગ આ ખ્યાલને સમજાવતાં લખે છે કે,

"જ્યારે કોઈપણ આર્થિક પદ્ધતિમાં ચીજવસ્તુઓ તથા પ્રજા સહિતનો કુલ જથ્થો સતત દરે પરિવર્તનશીલ રહેતો હોય અને જો આ જથ્થાની બધી જ વિગતોનું ઉત્પાદન તથા વપરાશ પણ એક સરખા દરે વધતા હોય તો એવી આર્થિક પદ્ધતિને ગતિશીલ સમતુલા કહી શકાય."

(5) આંશિક અને સામાન્ય સમતુલા :

આંશિક અને સામાન્ય સમતુલાનો ખ્યાલ ફ્રેન્ચ અર્થશાસ્ત્રી કુનોર્ટ અને બ્રિટિશ અર્થશાસ્ત્રી માર્શલે આપ્યો છે. આર્થિક વિશ્લેષણમાં ખૂબ જ ઉપયોગી અને મહત્ત્વના છે. આંશિક સમતુલા એટલે મર્યાદિત સમતુલા. તે કોઈ એક વ્યક્તિ અથવા પેઢી કે કોઈ એક ઉદ્યોગને સ્પર્શે છે. આંશિક સમતુલાનો અભ્યાસ કરીએ ત્યારે તે સિવાયની બાબતોમાં કોઈ ફેરફાર થતો નથી. તેવું ધારવામાં આવે છે. આ સમતુલામાં કેટલાક ચાવીરૂપ પરિબળો ભાગ ભજવે છે. આંશિક સમતુલાની સૌ પ્રથમ રજૂઆત એ કોર્નોટ અને વોન મેન્ગોલ્ડેટ કરી હતી. પરંતુ તેને વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક સ્વરૂપે રજૂ કરવાનું કામ પ્રો. માર્શેલે કર્યું હતુ. અમુક ચોક્કસ આર્થિક એકમ, અમુક ચોક્કસ ક્ષેત્ર, અમુક ચોક્કસ ઉદ્યોગના અભ્યાસ કરવા માટે આ ખ્યાલ ઉપયોગી છે. આંશિક સમતુલાનો ખ્યાલ મર્યાદિત ઉપયોગિતા ધરાવતો હોવાથી સામાન્ય સમતુલાનો ખ્યાલ વિકાસ પામ્યો છે. આંશિક સમતુલામાં અન્યપરિબળો સ્થિર ધારવામાં આવે છે એટલે કે અવાસ્તવિક ધારણાઓ કરવામાં આવે છે.

સામાન્ય સમતુલાની સૌપ્રથમ રજૂઆત 1758માં કવેસ્ને(Quesnay) નામના વિદ્વાને કરી હતી. 1803માં સેના બજારના નિયમમાં પણ આ અંગેની છણાવટ થઈ હતી. 1870માં વોલરાસે “Elements of Pure Economics” માં એમ કહ્યું હતું કે આર્થિક ચીજવસ્તુઓ પરસ્પર નિર્ભરતા ધરાવે છે. વોલરાસે સામાન્ય સમતુલાની વૈજ્ઞાનિક, વ્યવસ્થિત અને ગાણિતીક રજૂઆત કરી છે. જ્યારે દરેક વસ્તુઓનો પુરવઠો તેની માંગ જેટલો થઈ જાય ત્યારે અર્થતંત્રમાં સામાન્ય સમતુલા સ્થપાય છે. સામાન્ય સમતુલા અંગે વોલરાસે રજૂ કરેલ વિચારોને વોલરાસના નિયમ તરીકે લોકો ઓળખાવે છે. આ નિયમ પ્રમાણે કોઈ પણ વ્યક્તિ જ્યારે જ્યારે કોઈ એક વસ્તુની માંગ કરે છે ત્યારે તેના બદલામાં તે વસ્તુનું જેટલુ મૂલ્ય હોય છે. તેટલા મૂલ્યની નાણાકીય રકમ દ્વારા પુરવઠાનો વિનિમય કરવા તૈયાર હોય છે. આ પ્રમાણે જ્યારે કોઈ વ્યક્તિ બજારની માંગ પ્રમાણે અમુક વસ્તુઓનો પુરવઠો પુરો પાડે છે ત્યારે તેના બદલામાં તેટલા જ મૂલ્યનાં નાણાંકે અન્ય વસ્તુઓ પ્રાપ્ત કરે છે. આમ વોલરાસનો નિયમ નાણાતંત્ર અને વસ્તુતંત્ર વચ્ચે એકસૂત્રતા સાધવાનું કામ કરે છે. અર્થતંત્રમાં વિવિધ વિભાગો એકબીજા સાથે સંકળાયેલા હોય છે અને તેમના પારસ્પરિક સંબંધો સમતુલા ઉપર અસર કરે છે. અર્થતંત્રમાં જટીલ પ્રશ્નો સમજવા માટે સમતુલાના જુદા જુદા સ્વરૂપોમાં આંશિક અને સામાન્ય સમતુલાનો ખ્યાલ મહત્ત્વનો છે. સામાન્ય સમતુલામાં એક કરતા વધારે પરિબળોને અથવા સમગ્ર અર્થતંત્રને ધ્યાનમાં લેવામાં આવે છે તેમાં એવી ધારણા કરવામાં આવે છે કે વિવિધ પરિબળો અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો પરિસ્પરાવલંબી છે. એટલે કે જો એક પરિબળ કે એક ક્ષેત્રમાં ફેરફાર થાય તો બીજા પરિબળો ઉપર કે ક્ષેત્રો ઉપર તેની અસર થાય છે. તેનો અર્થ એ થાય છે કે વસ્તુકે સેવાઓની કિંમતો એક સાથે બજારમાં નક્કી થાય છે અને પારસ્પરિક રીતે પણ નક્કી થાય છે. એટલે કે તમામ વસ્તુઓ, સેવાઓ અને ઉત્પાદનનાં સાધનોના બજારોમાં એક સાથે સમતુલા ઉભી થાય છે. એટલે કે સામાન્ય સમતુલામાં અસ્થિર ફેરફારથી પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે એટલે કે માત્ર કિંમત જ નહિ કિંમત સિવાયના પરિબળો પણ માંગને અસર કરે છે.

### 7.2.3 સમતુલાની શરતો :

સામાન્ય શબ્દોમાં કહીએ તો સમતુલા એટલે ગ્રાહક અને વેપારી બંને પક્ષકારો દ્વારા થતા વર્તનનો અભ્યાસ. બજારમાં વસ્તુઓનું ખરીદ અને વેચાણ થતું હોય છે. સમતુલાના સંદર્ભમાં વસ્તુની માંગ અને વસ્તુના પુરવઠાનો અભ્યાસ મહત્ત્વનો છે.

સમતુલા વિશે કહીએ તો પ્રવર્તમાન કિંમતે વેપારી (ઉત્પાદક) વસ્તુના કેટલા એકમો બજારમાં વેચવા માટે તૈયાર છે. અને પ્રવર્તમાન કિંમતે ગ્રાહકો કેટલા એકમો ખરીદવા તૈયાર છે. તે બિંદુએ બજારમાં સમતુલા સ્થાપિત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્પાદનમાં વધઘટ કરવાની ફેરફારો કરવાની ઉત્પાદકોની ઈચ્છાનો અંત તેવી જ ખરીદીમાં વધ-ઘટ કે ફેરફારો કરવાની ગ્રાહકોની ઈચ્છાનો અંત આવે તે સમતુલાનું લક્ષણ ગણાય. એટલે કે માંગઅને પુરવઠાના વિસ્તરણ અને સંકોચનનો અભાવ સમતુલાનો નિર્દેશ કરે છે. જ્યારે કોઈ પણ ઉત્પાદક વધારાના એક એકમનું ઉત્પાદન કરવાનું વિચારે ત્યારે તે વસ્તુની કિંમત અને તેના સીમાંત ખર્ચની તુલના કરે છે. વધારાના એક એકમનું ઉત્પાદન કરવાથી કુલ ખર્ચમાં જે વધારો થાય છે તેને સીમાંત ખર્ચ કહે છે.

તે જ રીતે કોઈ ગ્રાહક વસ્તુના વધારાના એક એકમની ખરીદી કરે ત્યારે ગ્રાહકના કુલ તુષ્ટિગુણમાં જે વધારો થાય છે તેને સીમાંત તુષ્ટિગુણ કહે છે.


આમ, ઉત્પાદક પક્ષે વસ્તુની કિંમત અને સીમાંત ખર્ચ અને ગ્રાહકના પક્ષે વસ્તુની કિંમત અને સીમાંત તુષ્ટિગુણ સરખા થવા જોઈએ. જુદી જુદી કિંમતે ઉત્પાદકો જેટલું વેચાણ કરવાનું ઈચ્છે છે. તેને પુરવઠાની સૂચિ દ્વારા અને વસ્તુની જુદી જુદી કિંમતે ગ્રાહકો જેટલી વસ્તુ ખરીદવાની ઈચ્છા રજુ કરે છે તેને માંગની સૂચિમાં રજૂ કરાય છે. માંગ અને પુરવઠાની સૂચિના આધારે માંગ વક્ર અને પુરવઠાની વક્ર દોરીને સમતુલાની કિંમત અથવા તો બજાર કિંમત નક્કી થાય છે. જે નીચે પ્રમાણે સમજાવી શકાય.

અનુસૂચિ-5.1

માંગ અને પુરવઠાની વિગતો

| વસ્તુની કિંમત (રૂા. માં) | વસ્તુની માંગ (એકમોમાં) | વસ્તુનો પુરવઠો (એકમોમાં) |
|---|---|---|
| 10 | 500 | 100 |
| 20 | 400 | 200 |
| 30 | 300 | 300 |
| 40 | 200 | 400 |
| 50 | 100 | 500 |

કોષ્ટક જોતા કહી શકાય કે વસ્તુની કિંમત જેમ વધે તેમ ગ્રાહકો વસ્તુની ખરીદી ઘટાડે છે જ્યારેઉત્પાદક કિંમત વધે તેમ પુરવઠો વધારે છે. આ બંને પરિબળોમાં વધ-ઘટ થાય છે. જ્યારે બંને રૂા.30 કિંમતે બજારમાં સમતોલ બને છે. 300 એકમ માંગ અને 300 એકમનો પુરવઠો.




માંગ-પૂરવઠો(એકમમાં)

આકૃતિ જોતા જણાય છે કે M બિંદુએ પેઢી સમતુલા પ્રાપ્ત કરે છે જે દર્શાવે છે કે રૂા.30 સમતુલાની કિંમત છે. જ્યાં માંગ અને પુરવઠો 300 સરખા થાય છે.

### 7.2.4 બજારનો અર્થ/ખ્યાલ :

સામાન્ય વ્યવહારમાં બજાર એટલે અમુક સ્થળ કે જ્યાં અમુક વસ્તુનું વેચાણ થતું હોય તેવો અર્થ કરવામાં આવે છે. દા.ત. રતનપોળનું કાપડ બજાર, પરંતુ અર્થશાસ્ત્રમાં બજારને સ્થળ સાથે લેવા દેવા નથી. બજારના અસ્તિત્વ માટે ચોક્કસ સ્થળની કોઈ આવશ્યક્તા નથી. અર્થશાસ્ત્રમાં વિનિમય અથવા ખરીદી કે વેચાણની પ્રક્રિયાને બજાર કહેવામાં આવે છે. આમ બજાર એ એક એવું માધ્યમ છે. જેના દ્વારા વસ્તુ ખરીદનારા ગ્રાહકો અને ઉત્પાદકો એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે છે. આમ ગ્રાહકો અને ઉત્પાદકોના સમૂહને બજાર તરીકે ઓળખવામાં આવે છે. ખરીદ વેચાણની પ્રક્રિયા અસ્તિત્વમાં આવવા માટે કોઈ ચોક્કસ ભૌગોલિક વિસ્તારની જરૂર નથી. ગ્રાહકો અને ઉત્પાદકો સંદેશાવ્યવહારથી એકબીજાના સંપર્કમાં આવીને ખરીદ વેચાણ કરી શકે છે. ટૂંકમાં બજાર એક વ્યવસ્થા છે કે જે ગ્રાહકો (ખરીદનારા) અને વેપારીઓ (વેચનારા) ઓને એક બીજાના પ્રત્યક્ષ કે પરોક્ષસંપર્કમાં લાવે છે. દા.ત. હવાઈ જહાજમાં રાજકોટનો ઓઈલ મિલનો માલિક અને અમદાવાદનો કાળુપુરમાં દુકાન ધરાવતો વેપારી સંપર્કમાં આવે છે અને વિમાનમાં બેઠા બેઠા તેલના ડબ્બા અમદાવાદ મોકલવાનો સોદો કરે છે. આમ અવકાશમાં પણ બજારની પ્રક્રિયા થાય છે.

### 7.2.5 બજારના પ્રકારો/માળખું/સ્વરૂપ :

અગાઉના મુદ્દામાં આપણે બજારનો અર્થ જોયો. ખરીદનારા અને વેચનારાઓને પરસ્પર સંપર્કમાં રાખતી વ્યવસ્થા એટલે બજાર-બજારના વિવિધ સ્વરૂપોના સમૂહને બજાર માળખું કહેવાય છે. બજારના વિવિધ પ્રકારો અથવા સ્વરૂપને ભૌગોલિક અથવા વિસ્તારની દ્રષ્ટિએ, નિયંત્રણની કક્ષાને આધારે તેમજ હરિફાઈ કક્ષાને આધારે સમજાવી શકાય. બજારના પ્રકારો ભૌગોલિક રીતે જોઈએ તો સ્થાનિક/પ્રાદેશિક બજાર, રાષ્ટ્રીય બજાર અને આંતર રાષ્ટ્રીય બજાર, વસ્તુના સ્વરૂપની દ્રષ્ટિએ જોઈએ તો વપરાશી વસ્તુઓનું બજાર, મૂડીમાલની વસ્તુઓનું બજાર, નાણા બજાર વગેરે વસ્તુના વેચાણના આધારે છુટક બજાર અને જથ્થાબંધ બજાર નિયંત્રણની દ્રષ્ટિએ મુક્તબજાર

અને નિયંત્રીત બજાર હરિફાઈની કક્ષાની દ્રષ્ટિએ પૂર્ણહરીફાઈવાળુ બજાર, ઈજારાવાળુ બજાર, ઈજારાયુક્ત હરીફાઈવાળુ બજાર અને અલ્પહસ્તક ઈજારાવાળુ બજાર. આમ, બજારના વિવિધ સ્વરૂપો અર્થતંત્રમાં જોવા મળે છે. અહીં આગળ આપણે હરીફાઈની કક્ષાના આધારે જોવા મળતા બજારો પૂર્ણહરીફાઈવાળુ બજાર, ઈજારો, ઈજારાયુક્ત હરીફાઈવાળુ બજાર તેમજ અલ્પહસ્તક ઈજારાવાળા બજારનો અભ્યાસ કરવાનો છે. અગાઉના પ્રકરણમાં આપણે વિવિધ ખર્ચ વિશેની જાણકારી પ્રાપ્ત કરી. વિવિધ ખર્ચ રેખાઓનો અભ્યાસ કર્યો. બજારમાં ખર્ચ અને આવક બંને મહત્ત્વનાઆર્થિક પરિબળો છે વિવિધ બજારોની સમતુલા સમજતા આપણે પેઢી કે એકમની આવકોના પ્રકારો અથવા આવક રેખા (Revenue Curves) નો ખ્યાલ સમજીશું.

### 7.2.6 જુદા જુદા બજારોમાં આવક રેખા/વિધેય :

અગાઉના પ્રકરણમાં વિવિધ ખર્ચ રેખાઓનો ખ્યાલ મેળવ્યો. પેઢી, ઉત્પાદક અથવા વેપારી કોઈપણ હોય તેનો ઉદ્દેશ ન્યુનતમ ખર્ચે ઉત્પાદન કરવાનો હોય છે. તેઓ કેટલું ઉત્પાદન કરશે તેનો આધાર તેણે જે ખર્ચ કર્યો હોય તેના સંદર્ભમાં અપેક્ષીત વેચાણ આવક ઉપર રહેલો છે. સમતુલિત ઉત્પાદનનું પ્રમાણ એ છે કે કોઈ પણ પેઢી ઉત્પાદક અથવા વિક્રેતાને મહત્તમ નફો મળે. પેઢી અથવા એકમ તેની વસ્તુઓના વેચાણ માંથી જે કમાણી પ્રાપ્ત કરે છે તેને આવક તરીકે ઓળખવામાં આવે છે. આવકના મુખ્ય ત્રણ ખ્યાલો પહેલા સમજીશું. જેમાં કુલ આવક, સરેરાશ આવક અને સીમાંત આવક.

#### (અ) કુલ આવક (Total Revenue) :

પેઢી તેના કુલ ઉત્પાદનના વેચાણમાંથી જે નાણાં મેળવે છે તેને કુલ આવક કહેવાય છે. આવક અને નફો બન્ને ભિન્ન ખ્યાલો છે. કુલ આવકનો આધાર બે બાબતો પર રહેલો છે. વસ્તુનું કુલ ઉત્પાદન અને વસ્તુની કિંમત. જો વસ્તુઓનું ઉત્પાદન વધુ હોય તો કુલ આવક વધુ થાય છે. અથવા તો વસ્તુઓની કિંમત વધુ હોય તો કુલ આવક વધુ થાય છે. પેઢીનો ઉદ્દેશ વધુમાં વધુ આવક મેળવવાનો હોતો નથી. પરંતુ કુલ આવક અને કુલ ખર્ચ વચ્ચેનો વધારેમાં વધારે તફાવત જાળવવાનો હોય છે. જેથી વધુમાં વધુ નફો મેળવી શકાય. કુલ આવક વસ્તુના એકમ દીઠ કિંમતને કુલ એકમોના વેચાણના ગુણાકારથી જાણી શકાય છે. એટલે કે કુલ આવક = એકમદીઠ કિંમત X કુલ વેચાણ $TR = P X Q$ જ્યાં $P$ = કિંમત અને $Q$= વેચાણનું પ્રમાણ દા.ત. વસ્તુની એકમ દીઠ કિંમત રૂા.૫ હોય, અને પેઢી કુલ 100 એકમોનું વેચાણ કરે તો કુલ આવક નીચે પ્રમાણેથશે. કુલ આવક = રૂા.5 X 100 = 500

#### (બ) સરેરાશ આવક (Average Revenue) :

પેઢીની કુલ આવકને કુલ ઉત્પાદનથી ભાગતા જે ભાગાકાર આવે તે સરેરાશ આવક દર્શાવે છે. સરેરાશ આવક એકમ દીઠ આવક છે. અને તેથી કિંમત અને સરેરાશ આવક વચ્ચે કોઈ તફાવત હોતો નથી. એનો અર્થ એ થાય છે કે કિંમત જ સરેરાશ આવકને વ્યક્ત કરે છે.

આમ,

સરેરાશ આવક =(કુલ આવક)/(કુલ એકમોનું વેચાણ )

ઉ.દા. તરીકે પેઢીની કુલ આવક રૂા.100 હોય અને તેણે કુલ 10 એકમોનું

વેચાણ કર્યું હોય તો.

$$\text{સરેરાશ આવક} = \frac{100}{10} = 10$$

અહીં એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે ઉત્પાદીત વસ્તુઓના વિવિધ એકમોનું એક સરખી કિંમતોએ વેચાણ થતું હોવાથી સરેરાશ આવક અને કિંમત સરખા હોય છે. આમ, સરેરાશ આવકને કિંમત પણ કહી શકાય. બીજુએ છે કે ગ્રાહકની માંગની રેખા એ વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચેનો સંબંધ દર્શાવતી હોવાથી તે સરેરાશ આવક અથવા વસ્તુની કિંમતનો નિર્દેશ કરે છે. આનું કારણ એ છે કે ગ્રાહક દ્વારા ચૂકવાયેલ કિંમત એ પેઢીની આવક બને છે. આથી પેઢીની સરેરાશ આવક રેખા એ ગ્રાહકની માંગ રેખા જ છે.

(ક) સીમાંત આવક (Marginal Revenue) :

કુલ ઉત્પાદન અથવા કુલ વેચાણમાં એક એકમનો વધારો થવાથી કુલ આવકમાં જે વધારો છે તેને સીમાંત આવક કહેવાય છે. દા.ત. 10 એકમોના ઉત્પાદનના વેચાણથી કુલ આવક રૂા.50 થાય છે. હવે વધારાના એકમ એકમ એટલે કે 11માં એકમનું વેચાણ કરવાથી કુલ આવક રૂા.55 થાય છે. તો સીમાંત આવક રૂા.5 થશે. સીમાંત આવકના વલણનો આધાર વસ્તુઓની કિંમત ઉપર રહેલો છે.

★ પૂર્ણ હરીફાઈમાં સરેરાશ આવક અને સીમાંત આવકની રેખાઓ :

પૂર્ણ હરીફાઈમાં અસંખ્ય ઉત્પાદકો (પેઢીઓ) હોય છે. તેથી કોઈ ઉત્પાદક કે પેઢી વસ્તુઓની કિંમતને અસર કરી શકતા નથી. એટલે કે પ્રવર્તમાન બજાર કિંમતે પેઢી ગમે તેટલા એકમોનું વેચાણ કરી શકે છે. એટલે કે વેચાણ વધારવા માટે કિંમત ઘટાડો કરવાની જરૂર રહેતી નથી. પૂર્ણ હરીફાઈમાં કોઈ એક પેઢીનું ઉત્પાદન કુલ ઉત્પાદનનો ખૂબ નાનો ભાગ હોય છે. પેઢી તેના ઉત્પાદનમાં વધારો કરે કે ઘટાડો કરે તેમ છતાં વસ્તુની કિંમત ઉપર તેની કોઈ અસર થતી નથી. પૂર્ણ હરીફાઈમાં કોઈપણ એક પેઢીની વસ્તુઓની માંગ સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય છે. એટલે કે બજારમાં કિંમત નક્કી અને સ્થિર હોય છે. તેથી પૂર્ણ હરીફાઈમાં સરેરાશ આવક સ્થિર છે. અને સીમાંત આવક પણ સ્થિર છે. તથા સરેરાશ આવકની બરાબર હોય છે. જે નીચેના કોષ્ટક (અનુસૂચિ) માં દર્શાવવામાં આવી છે.

| ઉત્પાદન (એકમમાં) | કિંમત (રૂા. માં) | કુલ આવક (રૂા. માં) | સરેરાશ આવક (રૂા. માં) | સીમાંત આવક (રૂા. માં) |
|---|---|---|---|---|
| 1 | 5 | 5 | 5 | 5 |
| 2 | 5 | 10 | 5 | 5 |
| 3 | 5 | 15 | 5 | 5 |
| 4 | 5 | 20 | 5 | 5 |
| 5 | 5 | 25 | 5 | 5 |
| 6 | 5 | 30 | 5 | 5 |


ઉપરના ઉદાહરણ મુજબ સરેરાશ આવક સ્થિર છે. તેથી સરેરાશ આવક જેટલી છે. આ ઉપરથી એ બાબત તારવી શકાય છે કે જ્યારે વસ્તુની કિંમત (સરેરાશ આવક) સ્થિર હોય ત્યારે સીમાંત આવક પણ સ્થિર હોય છે. તેમજ તે સરેરાશ આવકની જેટલી

હોય છે. આમ,

કિંમત = સરેરાશ આવક = સીમાંત આવક

P = AR = MR

જેને આકૃતિમાં નીચે પ્રમાણે રજૂ કરી શકાય.




પૂર્ણ હરીફાઈમાં પેઢીની સરેરાશ આવક અને સીમાંત આવક સરખી હોવાથી એકજ રેખા દ્વારા વ્યક્ત થાય છે. જે ઉપરથી આકૃતિમાં જોઈ શકાય છે. તેમજ સરેરાશ આવક અને સીમાંત આવક સ્થિર રહેવાને કારણે સરેરાશ આવક અને સીમાંત આવક દર્શાવી રેખા આડી ધરીને ક્ષિતિજને સમાંતર જોવા મળે છે.

★ ઈજારો અને ઈજારાયુક્ત હરીફાઈ વાળા બજારમાં આવકની રેખાઓ :


ઈજારો અને ઈજારાયુક્ત હરીફાઈની પરિસ્થિતિમાં સરેરાશ આવક અને સીમાંત આવક રેખાઓના આકાર જુદા હોય છે. ઈજારામાં વસ્તુનો પુરવઠો કે ઉત્પાદન ઈજારાદાર પેઢી દ્વારા વધારવામાં આવે છે ત્યારે કિંમત ઘટે છે. એટલે કે જેમ વસ્તુનો પુરવઠો વધુ તેમ વસ્તુની કિંમત ઓછી હોય છે. બીજી રીતે કહીએ તો એક સરખી કિંમતે ઈજારદાર વસ્તુનું ગમે તેટલું વેચાણ કરી શકતો નથી. ઈજારામાં પેઢીની માંગ સંપૂર્ણ કરતા ઓછી મૂલ્યસાપેક્ષ હોય છે. ઈજારામાં કિંમત અને સરેરાશ આવક બન્ને સરખા હોવાથી ઈજારામાં ઉત્પાદન વધવા સાથે સરેરાશ આવક ઘટે છે. અને સરેરાશ આવક ઘટે છે ત્યારે સીમાંત આવક પણ ઝડપથી ઘટે છે. તેથી સરેરાશ આવક કરતા સીમાંત આવક ઓછી હોય છે. ઈજારામાં સરેરાશ આવક અને સીમાંત આવક જે નીચીના કોષ્ટક (અનુસૂચિ) માં દર્શાવવામાં આવી છે.

| ઉત્પાદન | કિંમત | કુલ આવક | સરેરાશ આવક | સીમાંત આવક |
|---|---|---|---|---|
| 1 | 10 | 10 | 10 | 10 |
| 2 | 9 | 18 | 9 | 8 |
| 3 | 8 | 24 | 8 | 6 |
| 4 | 7 | 28 | 7 | 4 |
| 5 | 6 | 30 | 6 | 2 |
| 6 | 5 | 30 | 5 | 0 |
| 7 | 4 | 28 | 4 | -2 |
| 8 | 3 | 24 | 3 | -4 |

ઉપરના કોષ્ટકમાં સ્પષ્ટ થાય છે કે ઉત્પાદન (વેચાણના) વધવા સાથે સરેરાશ આવક અને સીમાંત આવક બન્ને ઘટે છે. પરંતુ સરેરાશ આવકના ઘટાડા કરતા સીમાંત આવકમાં ઝડપથી ઘટાડો થાય છે. ઈજારાવાળા બજારમાં પેઢીએ વેચાણ વધારવા માટે કિંમત ઘટાડવી અનિવાર્ય હોય છે. તેથી પેઢીની સરેરાશ આવકની રેખા ઋણ ઢાળ વાળી પરંતુ મૂલ્યઅનપેક્ષ જોવા મળે છે. એટલે કે સરેરાશ આવક રેખા (AR)નો ઢાળ વધારે જોવા મળે છે.


જ્યારે ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં સરેરાશ આવક રેખા ઋણ ઢાળ વાળી પરંતુ મૂલ્યસાપેક્ષ જોવા મળે છે એટલે કે સરેરાશ આવક રેખા (AR)નો ઢોળાવ ઓછો હોય છે. ઈજારો અને ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં સરેરાશ આવક અને સીમાંત આવકની રેખાઓ નીચેની આકૃતિમાં દર્શાવ્યા મુજબની જોવા મળે છે.

ઈજારાવાળું બજાર




ઉત્પાદન

ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર





ઉત્પાદન

ઉપરની આકૃતિ પરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે ઈજારામાં સરેરાશ આવક અને સીમાંત આવક રેખાઓ વધુ પડતી ઢળતી રેખાઓ છે. આમ ઈજારાયુક્ત હરીફાઈ અને ઈજારા બન્નેમાં AR અને MR રેખાઓ ઋણ ઢાળની છે. ઈજારાયુક્ત હરીફાઈમાં સરેરાશ આવક અને સીમાંત આવકની રેખાઓ ઋણ ઢાળની છે. પણ રેખાઓનો ઢાળ ઈજારા કરતા ઓછો જોવા મળે છે. કારણ કે આ બજારોમાં પેઢીની માંગ મૂલ્ય સાપેક્ષ જોવા મળે છે. અને ઈજારામાં મૂલ્યઅનપેક્ષ (સંપૂર્ણ કરતા ઓછી મૂલ્યસાપેક્ષ) જોવા મળે છે.

★ અસ્પહસ્તકઈજારામાં આવક રેખાઓ :

અલ્પહસ્તક ઈજારામાં જો હરીફ પેઢી ભાવ ઘટાડાનું અનુકરણ કરતી હોય પરંતુ ભાવ વધારાનું અનુકરણ કરવા તૈયાર ના હોય ત્યારે પેઢીની માંગ રેખા ખાંચાવાળી બને છે. આ સંજોગોમાં પેઢીઓ સીમાંત આવક અને સીમાંત નફા સહિતનો કુલ સરેરાશ ખર્ચ નીકળી રહે તેવી કિંમત નક્કી કરી, આ ભાવને વળગી રહેવાનું વલણ ધરાવતી હોય છે. પેઢી વસ્તુની માંગમાં વધઘટ થવા છતાં ભાવ સ્થિરતા જાળવી રાખવાનું વલણ ધરાવે ત્યારે માંગ રેખાનો કોઈ એક બિંદુએ ખાંચ ઉદ્દભવે છે. પેઢીએ જે બજાર કિંમત સ્વીકારી હોય ત્યાં માંગ રેખા ઉપર ખાંચ ઉદ્દભવે છે. આવી માંગ રેખાને Kinked Demand Curve કહે છે. જે નીચેની આકૃતિમાં દર્શાવેલ છે.




આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે OX આડી ધરી ઉપર વસ્તુની માંગ અને OY ઉભી ધરી ઉપર વસ્તુની કિંમત દર્શાવી છે. DPS પેઢીની માંગ રેખા છે. આ માંગ રેખાના P બિંદુએ ખાંચ છે. એટલે કે PM બજાર કિંમત અનુભવના આધારે સ્વીકારવા તૈયાર છે. પેઢી માટે P ખાંચ એ સહિ સલામત ખૂણો છે. DPS માંગ રેખામાં DP ભાગ મૂલ્યસાપેક્ષ છે. જે દર્શાવે છે કે પેઢી જો કિંમત વધારે તો અન્ય હરીફ પેઢીઓ તેમની કિંમત વધારવાને બદલે સ્થિર રાખશે. પરિણામે આ પેઢીની સરખામણીમાં હરીફ પેઢીની વસ્તુ સસ્તી બનતાં, આ પેઢીની વસ્તુની માંગ વધુ પ્રમાણમાં ઘટી જશે. આકૃતિ મુજબ વસ્તુની કિંમત PM થી વધારી QS કરવામાં આવતાં તેની માંગ OMથી ઘટી OS થઈ જશે.

આથી વિરૂદ્ધ DPS માંગ રેખાનો P ખાંચથી નીચેનો PC ભાગ મૂલ્ય અનપેક્ષ દર્શાવે છે. તે ભાગ ઉભી ધરીને વધુ સમાંતર છે. આમ બનાવાનું મૂલ્ય કારણ એ છે કે વસ્તુની કિંમત PM થી ઘટાડી RN કરવા જતાં, રાજ્ય હરીફ પેઢીઓ પણ પોતાની વસ્તુમાં તેટલા કે વત્તા-ઓછા પ્રમાણમાં ઘટાડો કરશે. આથી આ પેઢીની માંગમાં MN જેટલો નજીવો જ વધારો થઈ શકશે. આ સંજોગોમાં પેઢી PM કિંમતે ચુસ્તતા જાળવવા પ્રયત્ન કરશે.

આમ DPS પેઢીની સરેરાશ આવક અથવા માંગ રેખા છે. આ માંગ રેખા ઉપરના P બિંદુએ ખાંચ છે એટલે કે આ સમયે પ્રવર્તમાન PM કિંમતે પેઢી ભાવ સ્થિરતા જાળવવાનું વલણ ધરાવે છે. આ રેખાનો DP ભાગ મૂલ્ય સાપેક્ષ અને PS ભાગ મૂલ્યઅનપેક્ષ છે. અલ્પહસ્તક ઈજારામાં પેઢીની સરેરાશ આવકની રેખા ઋણ ઢાળવાળી હોવાથી સીમાંત આવકની રેખા પણ તેની જેમ ઋણ ઢાળવાળી છે. DCN પેઢીની સીમાંત આવક (MR) ની રેખા છે.

## 7.3 પૂર્ણ હરીફાઈ :

આગળનાં પ્રકરણોમાં આપણે ખર્ચ અને આવક રેખાઓના વિશ્લેષણનો અભ્યાસ કર્યો. હવે પછીનાં પ્રકરણોમાં આપણે હરીફાઈની દ્રષ્ટિએ જુદી બજાર – વ્યવસ્થામાં પેઢી કિંમત અને ઉત્પાદન અંગે કઈ રીતે નિર્ણય લે છે. તેનો અભ્યાસ કરીશું. અત્રે એ

યાદ રાખવું જોઈએ કે, પેઢીના સંચાલકે ધંધાકીય નિર્ણયો લેતી વખતે પોતાના ઉદ્યોગમાં પ્રવર્તમાન હરીફાઈનું માળખું લક્ષમાં લેવું પડે છે. બજાર – હરીફાઈની કેવી સ્થિતિ છે તેના સંદર્ભમાં પોતાના નિર્ણયોમાં સંભવિત પરિણામોનો સંચાલકે વિચાર કરવો પડે છે. બજારના સ્વરૂપને ઓળખીને તેમજ સતત સંપર્કમાં રહીને તેણો પોતાનો વ્યૂહ ગોઠવવો પડે છે. આથી સામાન્ય રીતે બજારમાં પ્રવર્તતી જુદા જુદા પ્રકારની હરીફાઈ અંગેનું આર્થિક વિશ્લેષણ જુદા જુદા સમયમાં પેઢીઓના વર્તન અંગેની દ્રષ્ટિ કેળવવામાં તથા કિંમત અને ઉત્પાદન અંગેના નિર્ણયો લેવામાં સંચાલકને ઘણું ઉપયોગી થઈ પડે છે.

વસ્તુઓનાં બજારોમાં હરીફાઈની કક્ષા કે હરીફાઈનું સ્વરૂપ એકસરખું જોવા મળતું નથી. હરીફાઈના સ્વરૂપ મુજબ બજારોને ત્રણ મુખ્ય વિભાગમાં વહેંચવામાં આવે છે. જેમ કે (1) સંપૂર્ણ હરીફાઈનું બજાર (2) ઈજારાનું બજાર (3) ઈજારા યુક્ત હરીફાઈનું બજાર, બજારમાં પ્રવર્તતી હરીફાઈની કક્ષા બજારમાં પ્રવર્તતી કિંમતને અસર કરે છે. હરીફાઈની જુદી જુદી કક્ષા ધરાવતાં બજારોમાં કિંમત કેવી રીતે નક્કી થાય છે, પેઢી કેવી રીતે સમતુલા પ્રાપ્ત કરે છે. તેનો અલગ અલગ અભ્યાસ કરવામાં આવે છે. આપણે આ પ્રકરણમાં સંપૂર્ણ હરીફાઈ ધરાવતા બજારમાં પેઢી કેવી રીતે સમતુલા પ્રાપ્ત કરે છે. તથા પેઢીનું ઉત્પાદન અને કિંમત કેવી રીતે નક્કી થાય છે. તેનો વિચાર કરીશું.

### 7.3.1 પૂર્ણ હરીફાઈનો અર્થ/ખ્યાલ :

જ્યારે એક સરખી વસ્તુઓના ભાવ હેરફેર ખર્ચ બાદ કર્યા પછી બજારમાં એક સરખા પ્રવર્તે છે ત્યારે પૂર્ણ હરીફાઈ વાળુ બજાર કહેવાય. આ એવું બજાર છે જેમાં ખરીદનાર અને વેચનાર એકસરખી વસ્તુઓનું ખરીદ-વેચાણ કરે છે. તેમજ બન્ને બજાર વિશે માહિતગાર હોય છે.

★ પૂર્ણ હરીફાઈના લક્ષણો :

(1) અનેક ખરીદનાર અને અનેક વેચનારા :

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં વસ્તુ ખરીદનારા અને વસ્તુ વેચનારા ખૂબ જ મોટી સંખ્યામાં હોય છે. તેથી કોઈ એક ગ્રાહક (ખરીદનાર) અથવા કોઈ એક કુટુંબ તેમજ કોઈ એક વેચનાર કે કોઈ એક પેઢી પોતાની માંગ કે પુરવઠામાં ફેરફાર કરીને બજાર ઉપર કોઈ પ્રભાવ પાડી શકતા નથી. એટલે કે વસ્તુઓની કિંમત ઉપર કોઈ અસર પડતી નથી. કોઈ પણ પેઢી બજારમાં પ્રવર્તતી કિંમતને અસર પહોંચાડી શકતી નથી. પૂર્ણ હરીફાઈમાં પેઢી કિંમત નિર્ધારણ કરતી નથી. પણ કિંમતનો સ્વીકાર કરે છે. કોઈ પણ પેઢીએ વેચાણ વધારવા માટે કિંમતમાં ઘટાડો કરવાની જરૂર પડતી નથી. તેવી પૂર્ણ હરીફાઈમાં પેઢીની માંગ રેખા સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય છે.

(2) વસ્તુના એકમો સમાનગુણી :

પૂર્ણ હરીફાઈમાં દરેક પેઢીઓ જે વસ્તુ બનાવે છે. તેના એકમો એક સરખા સમાનગુણી હોય છે. એટલે કે વસ્તુઓ રંગ, કદ, આકાર, પેકિંગ, ગુણવત્તા વગેરેની દ્રષ્ટિએ એક સરખી હોય છે. એટલે કે વસ્તુના એકમો એક બીજાની સંપૂર્ણ એવેજી તરીકે વાપરી શકાય છે. આ બજારમાં પૂર્ણ હરીફાઈની મહત્ત્વની શરત એ જણાય છે કે કોઈ પણ વિક્રેતા, વેપારી પોતાના હરીફો કરતાં વધુ કિંમત લઈ શકતા નથી અને જો પ્રયત્ન કરે તો ગ્રાહકો તેની પાસેથી ખરીદી બંધ કરી દે છે.

(3) મુક્ત અવર જવર :

આ બજારમાં ઉદ્યોગમાં રહેલી પેઢીઓ ગમે ત્યારે ઉદ્યોગ છોડીને જઈ શકે છે તે જ રીતે નવી પેઢીઓ કોઈપણ પ્રકારના બંધનો કે અંતરાયો વિના ઉદ્યોગમાં નફાની અપેક્ષાએ મુક્ત રીતે પ્રવેશી શકે છે. મુક્ત પ્રવેશ એ પૂર્ણ હરીફાઈની મહત્ત્વની શરત છે.

(4) સંપૂર્ણ માહિતી :

આ બાબત એ સૂચવે છે કે ગ્રાહકો તેમજ ઉત્પાદકો અને વેચનારાઓ બજારમાં પ્રવર્તતી કિંમત, માંગ અને પુરવઠા થી સંપૂર્ણ માહિતગાર (વાકેફ) હોય છે. દરેક ઉત્પાદક કે વેપારીને ખબર હોય છે કે અન્ય ઉત્પાદક કે વેપારી વસ્તુઓની કેટલી કિંમત લે છે. માટે તે વધુ કિંમત લઈ શકતો નથી. તે જ રીતે ગ્રાહકો પણ બજારની પ્રવર્તમાન કિંમતથી માહિતગાર હોય છે. તેથી વસ્તુઓની તેનાથી વધુ કિંમત આપવા તૈયાર થતા નથી. સંપૂર્ણ માહિતીને કારણે બજારમાં વસ્તુઓની કિંમત એક સરખી જોવા મળે છે.

(5) ઉત્પાદનના સાધનો સંપૂર્ણ ગતિશીલ :

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં જમીન, શ્રમ, મૂડી, નિયોજન શક્તિ વગેરે એક પેઢીમાંથી બીજી પેઢીમાં અથવા એક ઉદ્યોગમાંથી બીજા ઉદ્યોગમાં સંપૂર્ણ ગતિશીલ છે. એટલે કે તેમની હેરફેર મુક્ત છે. જેના પરિણામે દરેક સાધનને તેની નિશ્ચિત કિંમત મળી રહે છે. તેમજ દરેક પેઢીને પણ શક્ય તેટલો ખર્ચ નીચો લાવવા માટેનો અવકાશ મળી શકે છે. પેઢીનું ઈષ્ટ કદ પ્રાપ્ત કરવા માટે શરત મદદરૂપ બને છે.

(6) વાહનવ્યવહાર ખર્ચનો અભાવ :

પૂર્ણ હરીફાઈવાળા ઉદ્યોગમાં વાહન વ્યવહારના ખર્ચનો અભાવ પ્રવર્તે છે. જો શરત કે લક્ષણ ન હોય તો એક જ વસ્તુ માટે જુદા જુદા સ્થળે જુદા જુદા ભાવ પ્રવર્તે. ગ્રાહકોની વધુ નજીક રહેતા ઉત્પાદક જાણે છે કે દૂરના ઉત્પાદકો પાસેથી વસ્તુ મેળવવા જતા ગ્રાહકોને વાહન વ્યવહારનો ખર્ચભોગવવો પડશે માટે તે દૂરના ઉત્પાદક કરતા ઊંચી કિંમતો લઈ શકે છે. આમ, વસ્તુઓની એક જ કિંમત પ્રવર્તમાન રહે તે માટે વાહન વ્યવહાર ખર્ચને દૂર કરવો જરૂરી છે.

પૂર્ણ હરીફાઈમાં પેઢી અને ઉદ્યોગના ટૂંકાગાળાની અને લાંબાગાળાની સમતુલા પહેલા પેઢી, ઉદ્યોગ, ટૂંકાગાળો, લાંબાગાળો વગેરે પરિભાષિક શબ્દો સમજી લઈએ.

★ પેઢીનો અર્થ :

પ્રો. બેન્હામ પેઢીની વ્યાખ્યા આપતા જણાવે છે. કે નિયોજકના અંકુશમાં છે તેવા સાધનો જેવા કે જમીન, મકાન, કામદારો, કાચો માલ, યંત્રો વગેરેનું સંયોજન કરે તેને પેઢી કહેવાય છે.

કેઈર્ન ક્રોસના શબ્દોમાં કહીએ તો અર્થશાસ્ત્રમાં પેઢી એ અંકુશનો એકમ (Unit of Control) છે. જેમાં કઈ વસ્તુનું કઈ રીતે ઉત્પાદન કરવું તે વિશેના નિર્ણયો લેવામાં આવે છે. પેઢી ઉત્પાદનના સાધનોને ભેગા કરીને ઉત્પાદનની પ્રક્રિયાની વ્યવસ્થા કરે છે. અને તૈયાર કરેલ વસ્તુઓનું વેચાણ કરે છે.

★ ઉદ્યોગનો અર્થ :

કેઈર્ન ક્રોસ ઉદ્યોગના ખ્યાલની સમજૂતી આપતા જણાવે છે કે ઉદ્યોગમાં પ્રતિસ્પર્ધી પેઢીઓ કે વ્યાપારી એકમોનો સમાવેશ થાય છે. પેઢીઓ એક જ પ્રકારની

વસ્તુઓ ઉત્પન્ન કરતી હોય છે. તેમજ એક જ પ્રકારનો કાચો માલ (લોખંડ, કપાસ જેવી) તેમજ એક જ પ્રકારની ઉત્પાદનની પ્રક્રિયા કરે છે. ટૂંકમાં કહીએ તો એક સરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓના સમૂહને ઉદ્યોગ કહેવાય છે. દા.ત. કાપડની ઉત્પાદન કરતી મિલો, પાવરલુમ ફેકટરીઓ વગેરેનો સમાવેશ સુતરાઉ કાપડ ઉદ્યોગ તરીકે ઓળખાય છે.

★ ટૂંકો ગાળો :

જુદા જુદા ઉદ્યોગો માટે ટૂંકો ગાળો જુદો જુદો હોઈ શકે છે. મોટા ભાગે વધુ મૂડી રોકાણ તેમજ આધુનિક ઉત્પાદન પદ્ધતિ વાળા ઉદ્યોગોમાં પેઢી કે ઉદ્યોગના ટૂંકા ગાળાનો સમય પાંચ વર્ષ જેટલો પણ હોઈ શકે છે.

ટૂંકાગાળો એ સમયનો ગાળો છે કે જે ગાળા દરમ્યાન 1. ઉત્પાદનનું એકમ (પેઢી) ના કદમાં ફેરફાર થઈ શકતો નથી 2. નવી પેઢીઓનો પ્રવેશ આને ચાલુ પેઢીઓનું બંધ થવું શક્ય નથી. એટલે કે ટૂંકાગાળા દરમ્યાન પેઢીઓની સંખ્યા સ્થિર રહે છે. જો ટૂંકાગાળામાં પુરવઠામાં ફેરફાર કરવો હોય તો પેઢીએ અસ્થિર સાધનો શ્રમ, વિજળી, કાચા માલનું પ્રમાણ વધારીને કરી શકે છે.

★ લાંબો ગાળો :

સમયનો લાંબા ગાળો એટલે ઉદ્યોગમાં નવી પેઢીઓ આવી શકે છે અને ચાલુ પેઢીઓ ઉદ્યોગને છોડીને જઈ શકે છે. આમ પેઢીની સંખ્યામાં ફેરફાર થઈ શકે છે. ઉત્પાદનમા પ્રમાણમાં ફેરફાર થઈ શકે છે. લાંબાગાળા દરમ્યાન માંગમાં થયેલા ફેર-ફારો સાથે પુરવઠા (ઉત્પાદન) નો મેળ બેસાડી શકાય છે. પેઢી માટે પણ લાંબા ગાળે ઉત્પાદનના સ્થિર સાધનોમાં ફેરફાર કરીને સમતુલા પ્રાપ્ત કરી શકે છે. એટલે કે માંગમાં થયેલા વધારાને પહોંચી વળવાં માટે નવા યંત્રો, નવા પ્લાન્ટ, નવી ઉત્પાદન પદ્ધતિ વગેરે સ્થિર સાધનો દ્વારા ઉત્પાદન વધારી શકે છે.

★ સમતુલાની શરતો :

1. સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખાં હોવાં જોઈએ.
2. સીમાંત આવક અને સીમાંત ખર્ચ જ્યાં સરખાં થાય ત્યાથી સીમાંત ખર્ચ વધતુ હોવું જોઈએ. (સીમાંત ખર્ચની રેખા સીમાંત આવકની રેખાને નીચેથી છેદીને ઉપર જતી હોવી જોઈએ.)

### 7.3.2 ટૂંકાગાળામાં પેઢીની સમતુલા :


આપણે અહીં એ યાદ રાખવું જોઈએ કે પેઢીની મહત્તમ નફાની પરિસ્થિતિનો વિચાર સરેરાશ ખર્ચના સંદર્ભમાં પણ કરવાનો હોય છે. પેઢીનું સીમાંત ખર્ચ અને સીમાંત આવક સરખાં હોય એ ખરૂં પરંતુ સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ એ સરખાં હોય જ એ આવશ્યક નથી. ટૂંકાગાળામાં સીમાંત ખર્ચ કરતાં સરેરાશ ખર્ચ ઓછું અથવા વધારે પણ હોઈ શકે છે અને જો તેમ હોય તો વસ્તુની કિંમત પણ સરેરાશ ખર્ચ કરતાં વધુ હશે તો પેઢીને અસામાન્ય નફો મળશે અને સરેરાશ ખર્ચ કરતાં જો કિંમત નીચી હશે તો પેઢીને ખોટ જશે. સરેરાશ ખર્ચ અને કિંમત સરખાં હશે તો પેઢીને માત્ર સામાન્ય નફો જ પ્રાપ્ત થશે.

આમ, ટૂંકાગાળામાં પેઢીની સમતુલાની પરિસ્થિતિનો વિચાર ત્રણ રીતે કરી શકાય :

1. સરેરાશ આવક (કિંમત) અને સરેરાશ ખર્ચ જ્યારે સરખાં હોય ત્યારે પેઢીને માત્ર સામાન્ય નફો જ મળે છે.
2. સરેરાશ ખર્ચ કરતાં જ્યારે સરેરાશ આવક (કિંમત) વધારે હોય ત્યારે પેઢીને અસામાન્ય નફો મળે છે.
3. સરેરાશ ખર્ચ કરતાં જ્યારે સરેરાશ આવક (કિંમત) ઓછી હોય ત્યારે પેઢીને ખોટ જાય છે.

1. સામાન્ય નફો :

સરેરાશ આવક (કિંમત) અને સરેરાશ ખર્ચ જ્યારે સરખા હોય છે ત્યારે, પેઢીને માત્ર સામાન્ય નફો જ મળે છે.





ઉત્પાદન

આકૃતિમાં P બિંદુએ પેઢી સમતુલા પ્રાપ્ત કરે છે. જ્યાં સીમાંત આવક બરાબર સીમાંત ખર્ચ થાય છે. જ્યાં બન્ને એક થાય છે ત્યાંથી સીમાંત ખર્ચ વધે છે. P બિંદુએ સરેરાશ આવક અને સરેરાશ ખર્ચ સરખા થાય છે. કિંમત PM છે. આ કિંમતે સરેરાશ આવક, સરેરાશ ખર્ચ, સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખાં થાય છે. પેઢી OM જેટલું ઉત્પાદન કરશે અને સામાન્ય નફો મેળવશે.

2. અસામાન્ય નફો :

ટૂંકા ગાળામાં જ્યારે સરેરાશ ખર્ચ કરતાં સરેરાશ આવક (કિંમત) ઉંચી હોય, ત્યારે પેઢીને અસામાન્ય નફો મળે છે. આનું કારણ એ છે કે, સમયનો ગાળો ટૂંકો હોવાને સીધે ઉદ્યોગમાં નવી પેઢીઓ દાખલ થતી નથી અને તેથી ચાલુ પેઢીઓને અસામાન્ય નફો પ્રાપ્ત થાય છે. અલબત્ત, અહીં પણ પેઢી તેનું ઉત્પાદનસીમાંત ખર્ચ અને સીમાંત આવક સરખાં થાય એ બિંદુ સુધી કરે છે. આ હકીકત નીચેની આકૃતિ દ્વારા સમજી શકાશે.





ઉત્પાદન

આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે પેઢી માટે OT કિંમત છે અને તેથી P બિંદુએ પેઢી સમતુલા પ્રાપ્ત કરે છે. પેઢી OM જેટલું ઉત્પાદન કરે છે. પેઢીને MR જેટલું સરેરાશ ખર્ચ થાય છે અને MP જેટલી સરેરાશ આવક પ્રાપ્ત થાય છે. સરેરાશ આવક MP એ સરેરાશ ખર્ચ MR કરતા વધુ છે. જેથી પેઢીને અસામાન્ય નફો પ્રાપ્ત થાય છે. પેઢીને TPRS જેટલો અસામાન્ય નફો થાય છે.

3. પેઢીની ખોટ :

ટૂંકા ગાળામાં જ્યારે સરેરાશ ખર્ચ કરતાં સરેરાશ આવક ઓછી હોય છે, ત્યારે પેઢીને ખોટ જાય છે. પેઢીની આ સમતુલાની પરિસ્થિતિ ન્યુનતમ ખોટની પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. આ બાબત નીચેની આકૃતિ પરથી સ્પષ્ટ થશે.




ઉત્પાદન

આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે P બિંદુએ પેઢી સમતુલા પ્રાપ્ત કરે છે. પેઢી OM જેટલું ઉત્પાદન કરે છે. પેઢીને OM જેટલું ઉત્પાદન કરે છે. પેઢીને MP જેટલી સરેરાશ આવક થાય છે. અને MR જેટલું સરેરાશ ખર્ચ થાય છે. આમ પેઢીને સરેરાશ આવક કરતાં સરેરાશ ખર્ચ વધારે થાય છે. જેવી RP જેટલી ખોટ જાય છે. કુલ ખોટ RPST

થાય છે.

### 7.3.3 લાંબાગાળામાં પેઢીની સમતુલા :


ટૂંકાગાળામાં પેઢીના કદમાં કશો ફેરફાર થતો નથી તે આપણે જોયું છે. ટૂંકા ગાળામાં આ પરિસ્થિતિ સાથે પેઢી સીમાંત ખર્ચ અને સીમાંત આવક સરખી કરી સમતુલા પ્રાપ્ત કરે છે. અને કાં તો અસામાન્ય નફો કરે છે અથવા ખોટ સહન કરે છે.

પૂર્ણ હરીફાઈ વાળા બજારમાં મુક્ત પ્રવેશનું અનુમાન કર્યું છે. હવે જો પેઢી ટૂંકાગાળામાં અસામાન્ય નફો કરતી હશે તો લાંબાગાળામાં નવી પેઢીઓને તે ઉદ્યોગમાં પ્રવેશવાનું આકર્ષણ થશે. વસ્તુની કિંમત તેના સરેરાશ ખર્ચ કરતા વધુ હશે તો નવી પેઢીઓ આ ઉદ્યોગમાં પ્રવેશવાની પ્રવેશવાથી હરીફાઈ વધશે. નવી પેઢીઓ આવવાથી વસ્તુનો કુલ પુરવઠો વધતો જશે અને કિંમત ઘટવા લાગશે. જ્યાં સુધી કિંમત અને સરેરાશ ખર્ચ સરખાં ન થઈ જાય અને અસામાન્ય નફો અદ્રશ્ય ન થઈ જાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલ્યાકરશે. જ્યારે કિંમત અને સરેરાશ ખર્ચ સરખાં થઈ જશે. ત્યારે જ લાંબાગાળાની સમતુલા સ્થપાશે.

હવે આ જ રીતે જો ટૂંકાગાળામાં પેઢી ખોટ કરતી હશે તો લાંબાગાળામાં ઉત્પાદનનું કદ ઘટાડે છે અથવા આ કેટલીક પેઢીઓ ખોટ જતી હોવાને કારણે ઉદ્યોગમાંથી નીકળી જશે. એટલે કે સમતુલાના બિંદુએ વસ્તુની કિંમત સરેરશ ખર્ચ કરતાં ઓછી હશે તો પેઢીને ખોટ જશે અને તેથી તે ઉત્પાદન બંધ કરી એ ઉદ્યોગમાંથી નીકળી જશે. તેમ તેમ વસ્તુઓનો કુલ પુરવઠો ઘટતો જશે પરિણામે વસ્તુની કિંમત વધશે. ઉદ્યોગમાંથી પરિણામે વસ્તુની કિંમત ઉંચી આવતી જશે. જ્યારે બાકીની પેઢીઓ માટે સમતુલાના બિંદુએ કિંમત અને સરેરાશ ખર્ચ સરખાં ન થઈ શકે ત્યાં સુધી પેઢીઓની સંખ્ય ઘટવાની પ્રક્રિયા ચાલું રહેશે.

આમ, લાંબાગાળામાં પૂર્ણ હરીફાઈની પરિસ્થિતિમાં સમતુલા વખતે દરેક પેઢીને માત્ર સામાન્ય નફો જ પ્રાપ્ત થાય છે. ટૂંકા ગાળાની સમતુલામાં પેઢીને અસામાન્ય નફો, સામાન્ય નફો અને ખોટ એમ ત્રણેય શક્યતાઓ રહેલી છે. જ્યારે લાંબા ગાળામાં તો સમતુલા વખતે પેઢીને માત્ર સામાન્ય નફો જ મળતો હોય છે. આથી લાંબે ગાળે પેઢીની સમતુલાની શરત નીચે મુજબ આપી શકાય.

કિંમત=સરેરાશ આવક=સીમાંતી આવક=સીમાંત ખર્ચ=સરેરાશ ખર્ચ




ઉત્પાદન

આકૃતિ મુજબ કહી શકાય કે લાંબાગાળે કોઈપણ પેઢીને સામાન્ય નફો જ મળી

શકે. P બિંદુએ (સરેરાશ આવક) અને સરેરાશ ખર્ચ સરખાં થાય છે. એટલે કે P બિંદુએ કિંમત, સરેરાશ આવક, સીમાંત આવક, સીમાંત ખર્ચઅને સરેરાશ ખર્ચ સરખા થાય છે. પૂર્ણ હરીફાઈમાં પેઢીની લાંબાગાળાની સમતુલામાં સામાન્ય નફો સરેરાશ ખર્ચમાં સમાઈ જાય છે. કારણ કે લાંબાગાળે ઉત્પાદનના સ્થિર અને અસ્થિર સાધનોના પ્રમાણમાં ફેરફાર કરીને પુરવઠામાં જરૂરીયાત પ્રમાણે ફેરફાર કરી શકાય છે. સામાન્ય નફાનો સૌ પ્રથમ ખ્યાલ માર્શલે રજૂ કર્યો હતો.

7.3.4 ટૂંકાગાળા અને લાંબાગાળાની સમતુલા વચ્ચે તફાવત :

(અ) કિંમત અને સરેરાશ ખર્ચના સંબંધની દ્રષ્ટિએ :

ટૂંકાગાળાની સમતુલામાં પ્રવર્તતી કિંમત સરેરાશ ખર્ચ કરતાં ઉંચી અથવા નીચી હોય છે. બીજી દ્રષ્ટિએ એમ પણ કહી શકાય કે પેઢીઓ કાં તો અસામાન્ય નફો કમાતી હોય છે અથવા ખોટ ભોગવતી હોય છે.

પરંતુ લાંબાગાળાની સમતુલામાં પ્રવર્તતી કિંમત સરેરાશ ખર્ચની બરાબર હોય છે. આનો અર્થ એવો પણ કરી શકાય કે પેઢીઓ માત્ર સામન્ય નફો કરતી હોય છે.

(બ) ઉત્પાદનની દ્રષ્ટિએ :

ટૂંકાગાળાની સમતુલામાં સરેરાશ ખર્ચ ઓછામાં ઓછું હોતું નથી. મતલબ કે, પેઢીઓ કાં તો ઈષ્ટકદ કરતાં વધુ અથવા ઈષ્ટકદ કરતાં ઓછું ઉત્પાદન કરતી હોય છે.

પરંતુ લાંબાગાળાની સમતુલામાં સરેરાશ ખર્ચ ઓછામાં ઓછું હોય છે. આનો અર્થ એવો કરી શકાય કે પેઢીએ ઈષ્ટકદ જેટલું જ ઉત્પાદન કરે છે.

★ લાંબાગાળાની સમતુલા : ગાણિતિક રજૂઆત

સંપૂર્ણ હરીફાઈના સંજોગોમાં પેઢીઓની સંખ્યા સ્થિર રહેવાનું વલણ હોય ત્યારે લાંબાગાળાની સમતુલા પ્રાપ્ત થાય છે. સમતુલાની શરતો નીચે પ્રમાણે છે.

1. સીમાંત આવક=સીમાંત ખર્ચ

   (મહત્તમ નફાની શરત, અથવા પેઢીની સમતુલાની શરત)

2. સરેરાશ આવક=સરેરાશ ખર્ચ

   (સામાન્ય નફાની શરત, અથવા ઉદ્યોગની સમતુલાની શરત)

3. સીમાંત આવક=સરેરાશ આવક

   (સંપૂર્ણ હરીફાઈની શરત)

ઉપરના ત્રણ સમીકરણોની મદદથી નીચેનું સમીકરણ

4. સીમાંત ખર્ચ=સરેરાશ ખર્ચ

અથવા નીચેનું સમીકરણ પણ તારવી શકાય.

5. સી.આ = સી.ખર્ચ = સ.આ. = સ.ખર્ચ


ઉપરોક્ત સમીકરણ સંપૂર્ણ હરીફાઈમાં પેઢીની ઈષ્ટ અવસ્થાનું નિર્દેશન કરે છે.

ઉપરના સમીકરણો મુજબ સીમાંત ખર્ચ = સરેરાશ ખર્ચ છે. સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ સરખાં હોય ત્યારે સરેરાશ ખર્ચ ઓછામાં ઓછું હોય છે. આકૃતિની પરિભાષામાં કહી શકાય કે સરેરાશ ખર્ચની રેખાના લઘુત્તમ બિંદુએ સીમાંત ખર્ચની રેખા તેને છેદે છે. ટૂંકમાં લાંબાગાળાની સમતુલામાં પ્રવર્તતી કિંમત સરેરાશ ખર્ચની

બરાબર હોય છે. તેટલું જ નહિં પરંતુ ઓછામાં ઓછા સરેરાશ ખર્ચની બરાબર હોય છે.

### 7.3.5 પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગની ટૂંકાગાળાની સમતુલા :

એક સરખી વસ્તુઓનું ઉત્પાદન, કરતી પેઢીઓના સમૂહને ઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે. આમ, ઉદ્યોગમાં એક સરખી વસ્તુનું ઉત્પાદન કરતી અનેક પેઢીઓનો સમાવેશ થાય છે. જ્યારે પેઢીઓની સંખ્યામાં કોઈ વધઘટ થતી ન હોય તેવી સ્થિતિને ઉદ્યોગની સમતુલા તરીકે ઓળખવામાં આવે છે. ઉદ્યોગોની સમતુલાનું વિશ્લેષણ ટૂંકા તથા લાંબાના સંદર્ભમાં કરી શકાય છે. ટૂંકાગાળામાં ઉત્પાદન વધારવા નવી પેઢીઓ ઉદ્યોગમાં પ્રવેશવાની શક્યતા હોતી નથી. પૂર્ણહરીફાઈ હોવાથી ઉદ્યોગમાં દરેક પેઢી સમાનગુણી વસ્તુઓનું ઉત્પાદન કરતી હોય છે. તેમજ સાધન-સંયોજનનું પ્રમાણ અને તેમની કાર્યક્ષમતા એક સરખી હોય છે. તેથી ઉદ્યોગમાં જુદી જુદી પેઢીઓની જુદી જુદી ખર્ચ રેખાઓ એક સમાન થાય છે. સંપૂર્ણ હરીફાઈમાં દરેક પેઢીના કદમાં કોઈ ફેરફાર થતો નથી. એટલે કે દરેક પેઢીઓ ઈષ્ટકદની હોય છે. ઈષ્ટકદની પેઢીઓ ન્યુનતમ સરેરાશ ખર્ચે ઉત્પાદન કરે છે અને સામાન્ય નફો મેળવતી હોય છે. તે જ રીતે કેટલીક પેઢીઓ ન્યુનતમ સરેરાશ અસ્થિર ખર્ચે ઉત્પાદન કરીને ઓછામાં ઓછી ખોટ ભોગવતી હોય છે. આમ, ઉદ્યોગમાં દરેક પેઢી કાં તો ઓછામાં ઓછી ખોટ કરતી હોય છે અથવા સામાન્ય નફો મેળવતી હોય છે. આમ ટૂંકાગાળામાં ઉદ્યોગની સમતુલાની વાત કરીએ તો ઓછામાં ઓછી ખોટ કરતી પેઢીઓ ઉદ્યોગમાં ધીરજ રાખીને ટકી રહે એવું ન પણ બને તેમજ પેઢીઓ અસામાન્ય નફો કરતી હોય તો અન્ય નવી પેઢીઓના આવવાથી તેમને સામાન્ય નફો મળે છે. આમ, ટૂંકાગાળામાં ઉદ્યોગની માંગ રેખા નીચે પ્રમાણે જોવા મળે છે.




જથ્થો (ઉદ્યોગ)

આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ઉદ્યોગોની ટૂંકાગાળાની સમતુલાની કિંમત R બિંદુએ નક્કી થાય છે જે બિંદુએ માંગ રેખા DD એ પુરવઠા રેખા SS એકબીજાને છેદે છે. R બિંદુએ OP કિંમતે ઉદ્યોગની ટૂંકાગાળાની સમતુલા રજૂ કરે છે. જ્યાં OM જેટલો સમતુલાની માંગ અને પુરવઠો નક્કી થાય છે. OP સિવાયની કોઈપણ કિંમતના ફેરફારો થાય તો તેના પરિણામે બજારમાં ફરી સમતુલાની કિંમત નક્કી થાય છે. પેઢીની સમતુલામાં સીમાંત ખર્ચ મહત્ત્વનો હોય છે તે જ રીતે ટૂંકાગાળાના ઉદ્યોગની

સમતુલા બાબતે સીમાવર્તી પેઢીનું વળતર સમતુલા માટે મહત્ત્વનું રહે છે. સીમાંત પેઢી એ એવી પેઢી હોય છે કે જેનું સીમાંત ખર્ચ ઉંચામાં ઉચું હોય અથવા તો ઉદ્યોગની બધી જા પેઢીઓમાં તેની ઓછી કાર્યક્ષતા હોય, સીમાવર્તી પેઢી જ્યાં સુધી નફો મેળવશે ત્યાં સુધી ઉત્પાદનનું વિસ્તરણ થાય છે. અને કુલ પુરવઠો વધે છે અને જેવી સીમાવર્તી પેઢી ખોટ કરતી થશે તઓ તેના ઉત્પાદનમાં ઘટાડો કરશે અને તેથી પુરવઠામાં ઘટાડો થશે. આ બન્ને પરિસ્થિતિઓ કિંમતના ફેરફાર લાવે છે. ટૂંકાગાળામાં ઉદ્યોગમાં પેઢીઓની સંખ્યાસ્થિર રહે છે. ટૂંકાગાળામાં જે તબક્કે માંગ અને પુરવઠો સરખાં થાય તે તબક્કે ઉદ્યોગની સમતુલા પ્રાપ્ત થાય છે. ટૂંકાગાળાની સમતુલા સ્થિર હોતી નથી પરંતુ સતત બદલાતી હોય છે. કારણ કે ટૂંકાગાળે સમતુલા સમયે ઉદ્યોગોમાંની કેટલીક પેઢીઓ નફો કરતી હોય છે. તો કેટલીક પેઢીઓ ખોટ કરતી હોય છે. આથી ઉદ્યોગમાં પેઢીઓની અવરજવર થતાં સમતુલામાં ઝડપથી ભંગાણ આવતું હોય છે. ઉદ્યોગની ટૂંકાગાળાની સમતુલા માટે નીચેની શરતોનું પાલન જરૂરી છે. 1. ઉદ્યોગમાંની પેઢીઓનું ઉત્પાદન સ્થિર રહેવું જોઈએ. 2. પેઢીઓની સંખ્યા સ્થિર રહેવી જોઈએ.

વ્યક્તિગત પેઢીઓની સીમાંત ખર્ચની રેખાઓનો સરવાળો કરવાથી ઉદ્યોગની પુરવઠા રેખા પ્રાપ્ત થાય છે અને ટૂંકાગાળામાં જે કિંમતે માંગ=પુરવઠો થાય ત્યાં ઉદ્યોગસમતુલા પ્રાપ્ત કરે છે. આવી સમતુલા ટૂંકાગાળામાં અસામાન્ય નફો કે સામાન્ય નફો કે ખોટ સંભવી શકે છે.

ઉદ્યોગની સમતુલાનો આધાર બે પરિબળો ઉપર છે. (1) પેઢીઓની સંખ્યા (2) પેઢીઓનું ઉત્પાદન જ્યારે પેઢીનું સીમાંત ખર્ચ-સીમાંત આવક થતી હોય, અને સીમાંત ખર્ચ વધતું હોય ત્યારે પેઢીનું સમતુલાનું વલણ સર્જાય છે. જ્યારે ટૂંકાગાળામાં સ્થિર સાધનોમાં ફેરફાર ન થતો હોવાથી પેઢીઓની સંખ્યા સ્થિર રહે છે. આથી સમતુલા માટે પેઢીઓના ઉત્પાદનની સ્થિરતા વાળી એક જ શરતનું પાલન જરૂરી છે. વ્યક્તિગત પેઢી કિંમત ઉપર અસર કરી શકતી નથી, પરંતુ બધી પેઢીઓની સીમાંત ખર્ચની રેખાનો સરવાળો કરવાથી સમગ્ર ઉદ્યોગની પુરવઠા રેખા બને છે. આથી પેઢીઓની સીમાંત ખર્ચની રેખા દ્વારા ઉદ્યોગની પુરવઠા રેખા ઉપર સામૂહિક પ્રયત્ન થી અસર પડતી હોય છે.

### 7.3.6 પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગની લાંબાગાળાની સમતુલા :

પૂર્ણ હરીફાઈમાં લાંબાગાળે જ્યારે ઉદ્યોગમાં નવી પેઢીઓ આવતી ન હોય અને જૂની પેઢીઓ જતી ના હોય ત્યારે ઉદ્યોગ સમતુલામાં છે. તેમ કહેવાય. ઉદ્યોગની લાંબાગાળાની સમતુલા એ સ્થિર સમતુલા છે. તે લાંબા સમય સુધી ટકવાનું વલણ ધરાવે છે. પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગની લાંબાગાળાની સમતુલા માટે નીચેની શરતોનું પાલન જરૂરી છે.

1. ઉદ્યોગની તમામ પેઢીઓ સમતુલામાં હોવી જોઈએ.

આવું ત્યારે જ બને કે જ્યારે તમામ પેઢીઓને માત્ર સામાન્ય નફો જ મળતો હોય એટલે કે ઉદ્યોગમાની તમામ પેઢીઓની સરેરાશ ખર્ચ=સરેરાશ આવક હોવી જોઈએ.

2. ઉદ્યોગમાં પેઢીઓની સંખ્યા સ્થિર હોવી જોઈએ.

3. ઉદ્યોગમાંની દરેક પેઢીનું સરેરાશ ખર્ચ લઘુત્તમ હોવું જોઈએ એટલેકે સીમાંત ખર્ચ=સીમાંત આવક=સરેરાશ આવક થવી જોઈએ.

4. સીમાંત ખર્ચ=સરેરાશ ખર્ચ=સીમાંત આવક=સરેરાશ આવક થવી જોઈએ.

ઉદ્યોગની લાંબાગાળાની સમતુલા સમયે કિંમત=ઓછામાં ઓછું સરેરાશ ખર્ચ હોય છે આથી ઉદ્યોગની પેઢીએ ઈષ્ટ કદનું ઉત્પાદન કરતી હોય છે. લાંબાગાળે ઉદ્યોગની

સમતુલા વખતે નક્કી થતી કિંમત સમતુલિત અથવા સામાન્ય કિંમત હોય છે.

જે ભાવે લાંબાગાળાની માંગ રેખા અને પુરવઠા રેખા એકબીજાને છેદે છે ત્યાં જે ભાવ નક્કી થશે તે ભાવે ઉદ્યોગ સમતુલા અનુભવશે. આ ભાવ એવી રીતે નક્કી થશે કે દરેક પેઢીને ફક્ત સામાન્ય નફો મળે, આવી સમતુલાની સ્થિતિમાં નવી પેઢીઓનો પ્રવેશ અને જૂની પેઢીઓનું બર્હિગમન થશે નહીં. લાંબાગાળાની માંગ રેખા આપેલી છે. એવી ધારણાને આધારે આકૃતિમાં લાંબાગાળાની ઉદ્યોગની સમતુલા દર્શાવી છે. આકૃતિમાં બતાવ્યા મુજબ OM ઉત્પાદન અને OR ભાવ હોય ત્યારે લાંબાગાળાની માંગ અને પુરવઠો એકબીજાને છેદે છે અને ઉદ્યોગ સમતુલા અનુભવે છે. દરેક પેઢી સામાન્ય નફો મેળવે છે. આથી નવી પેઢીઓનો પ્રવેશ અને જૂની પેઢીઓનું બર્હિગમન અટકી જાય છે. પેઢી અને ઉદ્યોગની સમતુલા=કિંમત=સીમાંત આવક=સીમાંત ખર્ચ=સરેરાશ આવક=સરેરાશ ખર્ચ. અહીં સરેરાશ ખર્ચ ઓછામાં ઓછું હોય છે.

ટૂંકમાં, લાંબાગાળાની ઉદ્યોગની સમતુલા વખતે દરેક પેઢીઓને માત્ર સામાન્ય નફો જ મળે છે. અને સરેરાશ ખર્ચ લગુત્તમ હોય છે. આથી ઉદ્યોગમાં પેઢીઓની અવરજવર બંધ થાય છે. અને કુલ ઉત્પાદન કુલ પુરવઠો પણ સ્થિર રહે છે. લાંબાગાળે ઉદ્યોગની સમતુલા સમયે કિંમતમાં ઓછામાં ઓછું સરેરાશ ખર્ચ હોય છે. આથી પેઢીઓ ઈષ્ટકદનું ઉત્પાદન કરતી હોય છે.

## 7.4 સારાંશ :

બજાર શબ્દમાં મુખ્યત્વે બે પક્ષકારો હોય છે. ગ્રાહકો અને વેપારીઓ/ ઉત્પાદકો બજારમાં ગ્રાહકો હંમેશા વસ્તુની ખરીદીમાંથી વધારેમાં વધારે સીમાંત તુષ્ટિગુણ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તો બીજી બાજુ ઉત્પાદકો કે વેપારી વસ્તુની કિંમત સીમાંત ખર્ચ કરતા વધુ મળે એટલે કે નફો (આવક) વધારે થાય તેવા પ્રયત્ન કરે છે. આમ, અર્થશાસ્ત્રમાં સમતુલાનો ખ્યાલ ખૂબ જ મહત્ત્વનો છે. વિવિધ બજારોમાં સમતુલા કેવી રીતે પ્રાપ્ત થાય છે. તે ખૂબ જરૂરી છે. અર્થશાસ્ત્રમાં હરીફાઈની દ્રષ્ટિએ જે બજારના પ્રકારો છે તેની સમતુલાનો અભ્યાસ થાય છે. આંશિક સમતુલાના વિશ્લેષણની પદ્ધતિમાં કોઈક ગ્રાહક, પેઢી, ઉદ્યોગ કે ઉત્પાદનનુંસાધન કેવી રીતે સમતુલા પ્રાપ્ત કરે છે તે સમજવામાં ઉપયોગી થાય છે સામાન્ય સમતુલામાં માંગ, પુરવઠો અને કિંમતના વર્તનને સમગ્રઅર્થતંત્રના સંદર્ભમાં વિચારવામાં આવે છે. સામાન્ય સમતુલામાં એક કરતા વધારે પરિબળો અથવા સમગ્ર અર્થતંત્રને ધ્યાનમાં લેવામાં આવે છે. પૂર્ણ હરીફાઈ વાળુ બજાર એક સૈદ્ધાંતિક બાબત છે. એક કાલ્પનિક બાબત છે. કોઈપણ વસ્તુ કે સેવાના બજારમાં સ્પર્ધાની આદર્શ સ્થિતિ કેવી હોય તેનું નિરૂપણ પૂર્ણ હરીફાઈના ખ્યાલમાં રજૂ થાય છે પૂર્ણ હરીફાઈ એક એવું બજાર છે કે જેમાં ઉત્પાદકો વચ્ચે હરીફાઈ છે પૂર્ણ હરીફાઈને આદર્શ બજાર માનવામાં આવે છે. કારણ કે તેમા ગ્રાહકોનું શોષણ થઈ શકતું નથી, અને ઉત્પાદકો/વેપારીઓ બેફામ નફો લઈ શકતા નથી, તેમજ કિંમતો ઓછી હોવાથી ગ્રાહકોનુંમહત્તમ કલ્યાણ થાય છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

સમતુલા : આર્થિક સમતુલા એટલે એવી સ્થિતિ કે જેમાં આર્થિક પરિબળો સંતુલિત હોય છે અને બાહ્ય પરિબળો આર્થિક પરિબળોના મૂલ્યમાં કોઈ ફેરફાર કરી શકે નહિ.

સમતુલાની કિંમત : જે કિંમતે વસ્તુની માંગ અને વસ્તુનો પુરવઠો સરખાં થાય છે તે

સમતુલાની કિંમત છે.

સ્થિર સમતુલા : ઉત્પાદન પર અસર કરતાં વિવિધ પરિબળો પરસ્પર સંતુલન સાધે છે અને તે બધી રીતે સ્થિર રહે છે.

ગતિશીલ સમતુલા : કોઈ આર્થિક ઘટક પર અસર કરતાં પરિબળો વચ્ચે જ્યારેપરસ્પર સમતુલામાં આવે પરંતુ તેમાં સમયની સાથે સાથે પરિવર્તન થાય છે.

ટુંકાગાળાની સમતુલા : ટુંકાગાળાની સમતુલા અમુક ચોક્કસ સમયના સંદર્ભમાં જોવા મળે છે.

લાંબાગાળાની સમતુલા : લાંબાગાળાની સમતુલામાં વિશાળ સમયગાળો હોય છે અને તેમાં સ્થિર મૂડી/સાધનોમાં ફેરફાર કરીને સમતુલા સ્થપાય છે.

એકમલક્ષી સમતુલા : અર્થતંત્રના કોઈ એક વિભાગને લગતી સમતુલા.

સમગ્રલકી સમતુલા : દેશના અર્થતંત્રના તમામ વિભાગોની સમગ્રલક્ષી સમતુલા છે.

આંશિક સમતુલા : આંશિક સમતુલા એવી સમતુલા કે જે અમુક નિયંત્રિતમાહિતી પર આધારિત છે, જેમ કે વસ્તુની કિંમત સ્થિર ધારી છે.

સામાન્ય સમતુલા : સામાન્ય સમતુલામાં એક કરતા વધારે પરિબળોને ધ્યાનમાં લઈને મેળવવામાં આવે છે. એટલે કે સમગ્ર અર્થતંત્રને ધ્યાનમાં લઈને પ્રાપ્ત કરાય છે.

સમતુલાની શરત : ઉત્પાદકો પક્ષે વસ્તુની કિંમત અને સીમાંત ખર્ચ અને ગ્રાહકોના પક્ષે વસ્તુની કિંમત અને તુષ્ટિગુણ સરખાં થવા જોઈએ.

બજાર : બજાર એક એવી વ્યવસ્થા છે કે જે ખરીદનાર (ગ્રાહકો) અને વેચનારા (વેપારીઓ) બન્ને ને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકબીજાના સંપર્કમાં લાવે છે અને તેમની વચ્ચે વિનિમય થાય છે.

પેઢી : વસ્તુ કે સેવાનું ઉત્પાદન કે વેચાણ કરનારૂં નાનામાં નાનું એકમ એટલે પેઢી.

સીમાવર્તી પેઢી : ઉદ્યોગમાં અસ્તિત્વ ધરાવતી વર્તમાન પેઢીઓની સંખ્યા કરતા એક વધારાની પેઢી.

સ્થિર ખર્ચ : જે ખર્ચ ઉત્પાદનમાં વધઘટ થવા છતાં બદલાતું નથી તે સ્થિર ખર્ચ છે જેને પૂરક ખર્ચ તરીકે પણ ઓળખવામાં આવે છે.

અસ્થિર ખર્ચ : જે ખર્ચ ઉત્પાદક્તા વધારા કે ઘટાડા સાથે પરિવર્તન પામે છે તે ખર્ચને અસ્થિર ખર્ચ કે મુખ્ય ખર્ચ કહેવાય છે.

સીમાંત ખર્ચ : વસ્તુના ઉત્પાદનમાં એક એકમનો વધારો કે ઘટાડો થતા કુલ ખર્ચમાં જે ફેરફાર થાય છે તે સીમાંત ખર્ચ (MC-Marginal Cost) છે.

સરેરાશ ખર્ચ : સરેરાશ ખર્ચ એટલે એકમદીઠ ખર્ચ કુલ ખર્ચને કુલ ઉત્પાદન વડે ભાગવાથી સરેરાશ ખર્ચ (AC-Average Cost) છે.

સરેરાશ આવક : કુલ આવકને કુલ વેચાણથી ભાગીને સરેરાશ આવક મળે છે. સરેરાશ આવક (AR-Average Revenue) વસ્તુની એકમદીઠ આવક છે.

સીમાંત આવક : વસ્તુના કુલ વેચાણમાં એક વધારાનો એકમ વેચાણ કરવાથી આવકમાં જે ફેરફાર થાય છે તેને સીમાંત આવક (MR-Marginal Revenue) કહેવાય છે.

શટડાઉન બિંદુ : જે બિંદુએ વસ્તુની કિંમત લઘુત્તમ અસ્થિર ખર્ચ બરાબર થાય તે બિંદુ જેને સમતૂટ બિંદુ પણ કહેવાય છે.

ઉદ્યોગ : એક સરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓનો સમૂહ.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

**તમારી જાતે ચકાસો : (1)**

(1) સમતુલાનો અર્થ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................

(2) સામાન્ય સમતુલા એટલે શું ?

..........................................................................
..........................................................................
..........................................................................

(3) બજારનો અર્થ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................

(4) **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. સામાન્ય સમતુલામાં એક કરતાં વધારે પરિબળો એટલે કે સમગ્ર અર્થતંત્રને ધ્યાનમાં લેવામાં આવે છે.
2. સમતુલાએ વિવિધ ક્ષેત્રોની કાર્યક્ષતાનું સૂચન કરે છે.
3. સામાન્ય સમતુલાની સૌ પ્રથમ રજૂઆત ૧૭૮૫ માં કવેસ્ને કરી હતી.
4. માર્શલના મત પ્રમાણે ઉત્પાદનમાં થતા ફેરફાર પ્રમાણે કિંમતમાં ફેરફાર થાય છે.
5. બજાર એ એક કોઈ ચોક્કસ સ્થળ છે.
6. ઈજારાયુક્ત હરીફાઈ વાળા બજારમાં સરેરાશ આવક રેખા મૂલ્યસાપેક્ષ હોય છે.

**તમારી જાતે ચકાસો : (2)**

1. પૂર્ણ હરીફાઈનો અર્થ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................

2. પેઢી એટલે શું ?

..........................................................................
..........................................................................
..........................................................................

3. ઉદ્યોગ એટલે શું ?

.............................................................................

.............................................................................

.............................................................................

**4 નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

1. પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ઉત્પાદનના સાધનો અગતિશીલ હોય છે.
2. સરેરાશ આવક અને સરેરાશ ખર્ચ સરખાં થાય છે ત્યારેપેઢીને સામાન્ય નફો મળે છે.
3. ટૂંકાગાળામાં ઉદ્યોગની સમતુલા માટે સીમાવર્તી પેઢીનું વળતર મહત્ત્વનું છે.
4. પૂર્ણ હરીફાઈમાં વસ્તુના એકમો જુદા જુદા જોવા મળે છે.
5. સામાન્ય નફો એ સરેરાશ ખર્ચ રેખામાં સમાઈ જાય છે.

★ **બહુ વિકલ્પીય પ્રશ્નો :**

(1) ગતિશીલ સમતુલાનો ખ્યાલ કોણે આપ્યો ?

(અ) સેમ્યુલસન

(બ) બોલ્ડિંગ

(ક) કુનોટ

(2) સામાન્ય સમતુલાના ખ્યાલને પ્રચલિત કોણે કર્યો ?

(અ) વોલરાસ

(બ) માર્શલ

(ક) હિક્સ

(3) અર્થશસ્ત્રમાં સમતુલાનું શ્રેષ્ઠ ઉદાહરણ કયું છે ?

(અ) પેઢીની સમતુલા

(બ)ઉદ્યોગની સમતુલા

(ક) સમતુલાની કિંમત

(4) માંગ અને પુરવઠાનું મોડેલ શાનું મોડેલ છે ?

(અ) આંશિક સમતુલા

(બ) સમગ્રલક્ષી સમતુલા

(ક) સામાન્ય સમતુલા

(5) કોણે સમતુલાની કિંમતને ધોરણલક્ષી ગણવા સામે ચેતવણી આપી છે ?

(અ) માર્શલ

(બ) એડમ સ્મિથ

(ક) સેમ્યુલસન

(6) કયું બજાર આદર્શ બજાર મનાય છે ?
(અ) પૂર્ણ હરીફાઈ
(બ) ઈજારો
(ક) ઈજારાયુક્ત હરીફાઈ

(7) પૂર્ણ હરીફાઈમાં માંગની રેખા કેવી હોય છે ?
(અ) લંબરૂપ
(બ) ક્ષિતિજ સમાંતર
(ક) ઋણ ઢાળની

(8) લાંબાગાળે પેઢીને પૂર્ણ હરીફાઈમાં શું મળે છે ?
(અ) સામાન્ય નફો
(બ) ખોટ
(ક) અસામાન્ય નફો

(9) પેઢી સમતુલા ક્યારે પ્રાપ્ત કરે છે ?
(અ) એમાર=એમ્સી
(બ) સમતુલાના બિંદુએ સીમાંત ખર્ચ વધુ હોય ત્યારે
(ક) અ અને બ બન્ને

**★ સ્વાધ્યાય :**

(1) સમતુલાના પ્રકારો સમજાવો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................

(2) સામાન્ય સમતુલાની શરતો સમજાવો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................

(3) પૂર્ણ હરીફાઈ, ઈજારો અને ઈજારાયુક્ત હરીફાઈમાં આવક રેખાઓ સમજાવો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................

(4) પૂર્ણ હરીફાઈમાં પેઢીની ટૂંકાગાળાની સમતુલા સમજાવો.

............................................................................
............................................................................

............................................................

............................................................

(5) પૂર્ણ હરીફાઈમાં પેઢીની લાંબાગાળાની સમતુલા સમજાવો.

............................................................

............................................................

............................................................

............................................................

(6) પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગની ટૂંકાગાળાની સમતુલા સમજાવો.

............................................................

............................................................

............................................................

............................................................

(7) પૂર્ણ હરીફાઈમાં ઉદ્યોગની લાંબાગાળાની સમતુલા સમજાવો.

............................................................

............................................................

............................................................

............................................................

(8) પૂર્ણ હરીફાઈના લક્ષણો સમજાવો.

............................................................

............................................................

............................................................

............................................................

(9) ટૂંકાગાળા અને લાંબાગાળાની સમતુલાનો તફાવત.

............................................................

............................................................

............................................................

............................................................

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

તમારી જાતે ચકાસો : (1)

(4) (1) સાચુ

(2) સાચુ

(3) ખોટું

(4) ખોટું

(5) ખોટું

(6) સાચુ

તમારી જાતે ચકાસો : (2)

(1) ખોટું

(2) સાચુ

(3) ખોટું

(4) ખોટું

(5) ખોટું

(6) સાચુ

★ **સંદર્ભ :**

(1) અર્થશાસ્ત્રના સિદ્ધાંતો લે. એચ. કે. ત્રિવેદી, ગ્રંથ નિર્માણ બોર્ડ., અમદાવાદ.

(2) એકમલક્ષી અર્થશાસ્ત્ર ડૉ. મહેશ વી. જોશી અને અન્યઅનડા પ્રકાશન.

એકમ 8

# બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ-2
# ઈજારો

## રૂપરેખા


8.0 : ઉદ્દેશો

8.1 : પ્રસ્તાવના

8.2 : ઈજારો

- 8.2.1 : ઈજારાનો અર્થ અને લક્ષણો
- 8.2.2 : ઈજારાના પ્રકારો અને કારણો
- 8.2.3 : ઈજારામાં ટૂંકગાળાની સમતુલા
- 8.2.4 : ઈજારામાં લાંબાગાળાની સમતુલા

8.3 : ઈજારામાં કિંમત ભેદભાવ

- 8.3.1 : કિંમત ભેદભાવની સ્થિતિમાં પેઢીની સમતુલા
- 8.3.2 : ઈજારાની અસરો
- 8.3.3 : પૂર્ણહરીફાઈ અને ઈજારાની તુલના

8.4 : સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના ઉતરો (જવાબો)

★ સંદર્ભ


## 8.0 ઉદ્દેશો :

(1) પૂર્ણહરીફાઈ અને ઈજારા વચ્ચેનો તફાવત સમજવો.

(2) ઈજારાદાર પેઢીની સમતુલાનો અભ્યાસ કરવો.

(3) ઈજારાની અસરો સમજવી.

(4) ઈજારામાં કિંમત ભેદભાવનો ખ્યાલ સમજવો.

(5) કિંમત ભેદભાવમાં પેઢીની સમતુલા સમજવી.

## 8.1 પ્રસ્તાવના :

આગળના પ્રકરણમાં આપણે જોઈ ગયા કે પૂર્ણહરીફાઈની પરિસ્થિતિમાં પેઢી કિંમત અને ઉત્પાદન અંગે કઈ રીતે નિર્ણયો લે છે તથા પેઢી અને ઉદ્યોગ સમતુલાની અવસ્થા કઈ રીતે પ્રાપ્ત કરે છે. પૂર્ણહરીફાઈથી તદ્દન ભિન્ન અને વિપરીત બજાર

પરિસ્થિતિ એટલે ઈજારો. પૂર્ણહરીફાઈવાળુ બજાર જેને મુક્ત બજાર પણ કહેવાય છે. જેનાં લાંબાગાળામાં લઘુત્તમ સરેરાશ ખર્ચના ધોરણે વસ્તુઓનું ઉત્પાદન કરવું શક્ય બને છે. સીમાંત ખર્ચ કરતા કિંમત વધારે હોય છે. પૂર્ણહરીફાઈમાં ઉત્પાદન ઈષ્ટતમ સપાટીએ થતું હોવાથી સાધનોનો બગાડ કે વ્યય થતો નથી. જ્યારે ઈજારામાં સામાન્ય રીતે ઉત્પાદન ઈષ્ટ સપાટી કરતા ઓછું થાય છે. તેથી ગ્રાહકો પાસેથી ઊંચી કિંમતો વસુલ કરે છે. પ્રસ્તુત પ્રકરણમાં ઈજારાનો ખ્યાલ, લક્ષણો, ઈજારાના બજારમાં સમતુલા, ઈજારામાં કિંમત-ભેદભાવ, ઈજારાનું નિયંત્રણ, ઈજારાની અસરો તેમજ ઈજારાની પૂર્ણહરીફાઈ સાથે તુલનાનો અભ્યાસ કરીશું.

## 8.2 ઈજારો :

### 8.2.1(A) ઈજારાનો અર્થ (ખ્યાલ) અને લક્ષણો :

જ્યારે બજારમાં અમુક વસ્તુનો કોઈ એક જ ઉત્પાદક હોય તે વસ્તુની અવેજીમાં અન્ય વસ્તુ મળી શકે તેમ ન હોય અને ઉત્પાદક વસ્તુના પુરવઠા પર અંકુશ રાખી શકે તેમ હોય એટલે કે ઉત્પાદક ભાવનિર્ધારક હોય તેવી પરિસ્થિતિ ઈજારો કહે છે. ઈજારાના લક્ષણો નીચે પ્રમાણે જોવા મળે છે.

(1.) એક જ ઉત્પાદક કે વેચનાર :

ઈજારાદાર પોતાની વસ્તુનો એકલો જ ઉત્પાદક કે વેચનાર હોય છે. ભારતની કેન્દ્ર સરકારનું રેલ્વે ખાતુ ઈજારાની વ્યવસ્થા સૂચવે છે. બજારમાં કોઈ એક વસ્તુ કે સેવાનું ઉત્પાદન એકજ પેઢી કે સંસ્થા કરતી હોવાથી ઈજારાની સ્થિતિમાં પેઢી એજ ઉદ્યોગ છે.

(2.) અવેજી વસ્તુઓનો અભાવ :

ઈજારાદારની વસ્તુની નજીકની અવેજી વસ્તુઓનો અભાવ એ ઈજારાનું બીજું પાયાનું લક્ષણ છે. જો નજીકની કે દૂરની અવેજી વસ્તુ જ ઉપલબ્ધ ન હોય તો પૂર્ણ ઈજારાની સ્થિતિ ગણાય. પરંતુ વાસ્તવમાં કોઈ વસ્તુ એવી નથી કે જેની દૂર અવેજીની વસ્તુ અસ્તિત્વ ધરાવતી ન હોય. આથી આપણે એમ કહી શકીએ કે વાસ્તવમાં જે ઈજારાની સ્થિતિ જોવા મળે તેનાં નજીકની અવેજી વસ્તુઓનો અભાવ હોય છે. દા.ત. એસ. ટી. બસ સર્વિસ અને ટેક્સી સર્વિસ શહેરમાં ઉપલ્બધ હોય, બન્ને સેવાઓ એકબીજાની હરીફ છે. પરંતુ ટેક્સી સર્વિસ એ બસ સેવાની નજીકનો અવેજી નથી અને તેથી એસ. ટી. બસ સર્વિસ ભાડાના દરમાં વધારો કરે તો મુસાફરોની સંખ્યામાં કોઈ ખાસ ઘટાડો થતો નથી.

(3.) પ્રવેશબંધી :

જો ઈજારાદારની વસ્તુ કે સેવાને ક્ષેત્રે મુક્ત પ્રવેશ રાખવામાં આવે તો હરીફોની સંખ્યા વધતાં ઈજારાની સ્થિતિ નાબૂદ થાય છે. ઈજારાના ઉદ્યોગમાં આવી પ્રવેશબંધી અનેક કારણોને લીધે હોઈ શકે છે. જેમકે કાયદાનાં નિયંત્રણોને લીધે કે કુદરતી રીતે કે કાચા માલના પુરવઠા પર સંપૂર્ણ કાબૂ હોવાને લીધે ગમે તેવી પણ ઈજારાનું અસ્તિત્વ પ્રવેશબંધીના લક્ષણ પર આધારિત છે.

(4.) પેઢી અને ઉદ્યોગ :

ઈજારાદાર એક જ વેચનાર છે. તેથી પૂર્ણ હરીફ સમાનગુણી વસ્તુવાળી પેઢીઓનો સમૂહ (ઉદ્યોગ) અસ્તિત્વ ધરાવે છે. પરંતુ ઈજારામાં એક જ પેઢી હોવથી પેઢી અને ઉદ્યોગ એવું વિભાજન થતું નથી.

(5.) સાધનોનો બગાડ :

ઈજારાદાર તેની ઉત્પાદનશક્તિ કરતાં ઓછું ઉત્પાદન અને ઊંચી કિંમત રાખે છે, તેથી સાધનોનો બગાડ થાય છે.

(6.) અસંગઠિત ગ્રાહકો :

ઈજારાવાળા બજારમાં ગ્રાહકો અસંખ્ય હોય છે અને આ ગ્રાહકો વચ્ચે કોઇ પણ પ્રકારનું સંગઠન હોતું નથી. વસ્તુ મેળવવા માટે ગ્રાહકો પરસ્પર હરિફઇ કરતાં હોય છે.

(7.) કિંમત પર કાબુ :

ઈજારાદાર મન ફાવે તે પ્રમાણે વસ્તુનો ભાવ લઈ શકે છે, પરંતુ ભવિષ્યમાં હરિફાઈના ભયે તેમ દૂરની અવેજી વસ્તુના ભયે તે તેમ કરી શકતો નથી. આથી કિંમત પર નિયંત્રણ રહે છે. ઈજારાદાર ભાવ અથવા ઉત્પાદન ઉપર કાબુ ધરાવી શકે છે છતાં બંને નિર્ણયો એક સાથે લઈ શકતો નથી.

(8.) અસાધારણ નફો :

ઈજારામાં નવી પેઢીઓનો પ્રવેશ બંધ હોવાથી ટૂંકા અને લાંબાગાળામાં 'અસામાન્ય નફો' મેળવે છે. ઈજારાદાર વસ્તુની કિંમત સરેરાશ અને સીમાંત ખર્ચ કરતાં ઊંચી રાખીને અસામાન્ય નફો કમાય છે.

(9.) ઈજારાદારની માંગરેખા :

ઈજારાની સ્થિતિમાં માંગ ઓછી મૂલ્ય સાપેક્ષ હોય છે. તેથી ઈજારાદાર કિંમત અને વેચાણ બંને પર એક સાથે અંકુશ રાખી શકતો નથી. અવેજી વસ્તુનો અભાવ હોવાથી ઈજારાદાર પોતાની વસ્તુની કિંમતમાં ફેરફાર કરે તેની અન્ય ઉત્પાદકના વેચાણ પર કોઈ અસર પડતી નથી. તે જ રીતે અન્ય ઉત્પાદક પોતાની વસ્તુની કિંમતમાં પરિવર્તન કરો તો ઈજારાદારની વસ્તુની માંગ પર કોઈ અસર થતી નથી. આથી ઈજારાદાર સ્વતંત્ર રીતે કિંમત અથવા પુરવઠા અંગે નિર્ણય લઈ શકે છે. ઈજારાદાર પોતાની વસ્તુની કિંમત અથવા પુરવઠો બેમાંથી એક જ નક્કી કરી શકે છે. બંને એક સાથે નક્કી કરી શકતો નથી.

8.2.2 : ઈજારાના પ્રકારો અને કારણો :

ઈજારાના કારણો કે પ્રકારો જુદા જુદા દ્રષ્ટિબિંદુથી રજૂ કરી શકાય છે. જે નીચે પ્રમાણે છે.

A. કારણની દ્રષ્ટિએ :

1. કુદરતી ઈજારો :- કુદરતી કારણોને અમુક વસ્તુના ઉત્પાદન કે વેચાણ માટે જરૂરી કાચો માલ અને ઉત્પાદનનાં સાધનો પર કોઈ એક પેઢી કે દેશને ઈજારો પ્રાપ્ત થાય તો તે કુદરતી ઈજારા છે. ભારતમાં શણ, બ્રાઝિલમાં કોફી, આરબ દેશમાં પ્રેટોલિયમ પેદાશો વગેરે.

2. માનવસર્જિત ઈજારો :- સરકારના કાયદા કાનૂન દ્વારા કોઇ એક પેઢી કે સંસ્થાને વસ્તુ કે સેવા પૂરી પાડવાનો અધિકાર આપવામાં આવે તો તેને માનવસર્જિત ઈજારો કહેવામાં આવે છે. દા.ત. રેલ્વે, તાર, ટપાલ, પાણી પુરવઠો, ગેસ વગેરેની બાબતમાં સરકાર દ્વારા અધિકાર આપવામાં આવે છે.

B. માલિકીની દ્રષ્ટિએ :

1. ખાનગી ઈજારો :- જો કોઈ વસ્તુના ઉત્પાદન કે વિતરણનો ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એકાધિકાર હોય તો તેને ખાનગી ઈજારો કહેવાય. આવા ઈજારાનો મુખ્ય ઉદેશ્ય મહતમ નફા પ્રાપ્તિનો છે.

2. જાહેર ઈજારો :- જો કોઈ વસ્તુના ઉત્પાદક કે વિતરકનો સરકાર કે જાહેર સંસ્થાનો અધિકાર હોય તો તેને જાહેર ઈજારો કહેવામાં આવે છે. આવા ઈજારાનો મુખ્ય ઉદેશ્ય પ્રજાની જરૂરિયાતને સારી રીતે પૂર્ણ કરવાનો હોય છે. દા.ત. એસ.ટી. બસ, વાહનવ્યવ્હાર

C. કિંમતની દ્રષ્ટિએ :

1. સાદો ઈજારો :- સાદા ઈજારામાં ઈજારાદાર તમામ ગ્રાહકો પાસેથી એકસરખી કિંમત વસૂલ કરતો હોય, તો તેને સાદો ઈજારો કહેવામાં આવે છે. દા.ત. તાર - ટપાલનો ઈજારો

2. ભેદભાવયુક્ત ઈજારો :- ભેદભાવયુક્ત ઈજારામાં ઈજારાદાર જુદા જુદા ગ્રાહકો પાસેથી એક જ વસ્તુની જુદી જુદી કિંમત વસૂલ કરે તો તેને ભેદભાવયુક્ત ઈજારો કહેવામાં આવે છે.

D. હરીફાઈની દ્રષ્ટિએ :

1. પૂર્ણ ઈજારો :- પૂર્ણ ઈજારો એ માત્ર કાલ્પનિક બાબત છે. આવા ઈજારામાં ગ્રાહકો પ્રતિભાવો, સરકારની દરમ્યાનગીરી કે નવી પેઢીઓના પ્રવેશનો ભય ન હોય ત્યારે તેને પૂર્ણ ઈજારો કહેવામાં આવે છે.

2. અપૂર્ણ ઈજારો :- જો ભવિષ્યમાં સરકારી દખલગીરી થવાનો કે ગ્રાહકોના પ્રતિભાવો કે નવા હરીફના પ્રવેશનો ભય ઈજારાદારને હોય અને ઈજારાદાર વધુ કિંમત લેતાં ખચકાતો હોય તો તેને અપૂર્ણ ઈજારો કહેવામાં આવે છે.

E. સંખ્યાની દ્રષ્ટિએ :

1. ઈજારો :- જો કોઇ વસ્તુનું ઉત્પાદન કે વિતરણ કરનાર એક જ વિક્રેતા હોય તો તેને ઈજારો કહેવામાં આવે છે.

2. દ્વિહસ્તક ઈજારો :- જો કોઈ વસ્તુનું ઉત્પાદન કે વિતરણ કરનાર બે વિક્રેતા (બે ઉત્પાદકો) હોય તો તેને દ્વિહસ્તક ઈજારો કહેવામાં આવે છે.

3. અલ્પહસ્તક ઈજારો :- જો કોઇ વસ્તુનું ઉત્પાદન કે વેચાણ કરનાર બે થી વધારે ઉત્પાદકો કે વિક્રેતાઓ હોય તો તેને અલ્પહસ્તક ઈજારો કહેવાય છે.

4. ઉભયલક્ષી ઈજારો :- જ્યારે વેચનાર અને ખરીદનાર એકમ બંન્ને પક્ષે ઈજારો હોય ત્યારે તે દ્વિપક્ષીય કે ઉભયલક્ષી ઈજારો કહેવામાં આવે છે.

### 8.2.3 ઈજારામાં ટૂંકાગાળાની સમતુલા :

પૂર્ણહરીફાઈની જેમ ઈજારામાં પણ પેઢીની સમતુલા માટેની અગત્યની શરત સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખા થવા જોઈએ. આ ઉપરાંત બીજી શરત એ સીમાંત ખર્ચ અને સીમાંત આવક સરખા થાય ત્યાંથી સીમાંત ખર્ચ વધતું હોવું જોઈએ. આમ સમતુલાના બિંદુએ સીમાંત ખર્ચ વધતો હોવો જોઈએ. તેનું પાલન પણ ઈજારાની કે સીમાંત ખર્ચ સ્થિર રહેતો હોય કે ઘટતો હોય ત્યારે ઈજારામાં સમતુલા પ્રાપ્ત થઈ શકે નહિ. અત્રે એ યાદ રાખવું જોઈએ કે ઈજારાની પરિસ્થિતિમાં પેઢી સ્થિર સીમાંત ખર્ચ પણ સમતુલાની પરિસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે.

ઈજારાવાળા બજારમાં ટૂંકાગાળાના સમય દરમ્યાન પેઢી અસામાન્ય નફો સામાન્ય નફો કે ખોટ કોઈ પણ પરિસ્થિતિમાં હોઈ શકે. સામાન્ય રીતે એવી માન્યતા છે કે ઈજારાની પરિસ્થિતિમાં પેઢીને હંમેશા અસામાન્ય નફો પ્રાપ્ત થતો હોય છે. પરંતુ ઈજારાની સ્થિતી પોતે અસામાન્ય નફા માટેની ખાતરી નથી. જો વસ્તુની માંગ અપૂરતી હોય તો જૂજ લાભ અપાવે છે ત્યારે ઈજારામાં પેઢીને સામાન્ય નફો જ પ્રાપ્ત થઈ શકે. ઈજારામાં પણ પેઢીને ટૂંકાગાળે ખોટ જતી જોવા મળે છે. દા.ત. મંદીના સમયમાં જ્યારે વસ્તુની માંગ ઘટી જતી હોય છે ત્યારે ઈજારા પેઢીને ખોટ સહન કરવી પડતી હોય છે અલબત્ત ખોટની સ્થિતિ ટૂંકાગાળામાં જોવા મળે છે.

- પૂર્ણહરીફાઈની જેમ ઈજારાની સમતુલાની શરત મુજબ સીમાંત આવક=સીમાંત ખર્ચ થવું જોઈએ. બીજી શરત સીમાંત ખર્ચની રેખા સીમાંત આવકની રેખાને નીચેથી છેદીને ઉપર તરફ ચઢતી હોય છે જ્યારે ઈજારામાં સીમાંત ખર્ચની રેખા ઉપર ચઢતી, સમાંતર કે નીચે ઢળતી હોઈ શકે. આમ ઈજારાની સ્થિતિમાં સીમાંત ખર્ચ વધતું હોય, સ્થિર હોય કે ઘટતું હોય આ ત્રણેય સ્થિતિમાં સમતુલા શક્ય છે.


- ઈજારામાં સમતુલા અંગેની ધારણાઓ :

1. ઈજારાદાર બુધ્ધિપૂર્વક વર્તન કરે છે અને ન્યુનતમ ખર્ચે મહતમ લાભ મેળવવા ઈચ્છે છે.
2. સીમાંત આવક = સીમાંત ખર્ચ થવા જોઇએ તેમજ સીમાંત ખર્ચ સ્થિર, વધતું કે ઘટતું હોઈ શકે.
3. સીમાંત ખર્ચ રેખા સીમાંત આવક રેખાને ડાબી બાજુથી છેદતી હોવી જોઇએ.
4. ઈજારાદાર કિંમત ભેદભાવ અપનાવતો નથી.

- પેઢીને અસામાન્ય નફો :

ઈજારાવાળા બજારમાં પેઢીને અસામાન્ય નફો પ્રાપ્ત થતો હોય છે. પેઢીનું સરેરાશ ખર્ચ પેઢીની સરેરાશ આવક કરતા ઓછું જોવા મળે છે.


★ ઈજારામાં અસામાન્ય નફાની સ્થિતિ




પેઢી S બિંદુએ સમતુલામાં છે જ્યાં સી.આ. અને સી.ખર્ચ સરખા થાય છે. તે બિંદુથી સી.ખર્ચ વધે છે જેથી પેઢી OQ જેટલા એકમોનું ઉત્પાદન કરે છે તેના વેચાણથી


પેઢીને QN જેટલું ખર્ચ અને QO જેટલી સ.આ. થાય છે. જેથી પેઢીની એકમ દીઠ નફો NO જેટલો થાય છે અને કુલ અસામાન્ય નફો MNOP થાય છે.

★ ઈજારામાં ખોટની સ્થિતિ




આકૃતિ જોતા જણાય છે કે S બિંદુએ પેઢીની સમતુલાની બન્ને શરતો સંતોષાય છે. પેઢી OQ ઉત્પાદન કરે છે. પેઢીને QO જેટલી સ.આવક થાય છે અને QN સ.ખર્ચ થાય છે. QO કરતા QN એટલ કે સ.આ કરતા સ.ખર્ચ વધુ છે જેથી પેઢીને ON જેટલી ખોટ જાય છે. કુલ ખોટ MONP થાય છે.


★ ઈજારામાં સામાન્ય નફાની સ્થિતિ




આકૃતિમાં પેઢી S બિંદુએ સમતુલા પ્રાપ્ત કરે છે. પેઢી જેટલું OQ ઉત્પાદન કરે છે. પેઢીને OP જેટલી સરે.આવક અને QN જેટલુ સરે.ખર્ચ થાય છે જેથી પેઢીને માત્ર સામાન્ય નફો પ્રાપ્ત થાય છે.

### 8.2.4 ઈજારામાં લાંબાગાળાની સમતુલા :

ઈજારામાં ટૂંકાગાળામાં પેઢી અસામાન્ય નફો, ખોટ કે સામાન્ય નફો કરતી હોય છે પરંતુ લાંબાગાળે પેઢી હંમેશા અસામાન્ય નફો જ કરતી હશે. જેનું કારણ ઈજારાદાર કિંમત પર અસર કરવાની ક્ષમતા ધરાવે છે તેમજ અન્ય પેઢીઓના પ્રવેશ પર પ્રતિબંધ હોવાથી લાંબાગાળે અસામાન્ય નફો જ પ્રાપ્ત થાય છે.





R બિંદુએ પેઢી સમતુલા પ્રાપ્ત કરે છે પેઢીને QA જેટલું સ.ખર્ચ અને QA જેટલી પેઢીને સ.આ પ્રાપ્ત થાય છે. જેથી પેઢીને માત્ર સામાન્ય નફો જ પ્રાપ્ત થાય છે.

## 8.3 ઈજારામાં કિંમત ભેદભાવ :

જ્યારે બજારમાં અમુક વસ્તુનો કોઈ એક જ ઉત્પાદક હોય, તે વસ્તુની અવેજીમાં અન્ય વસ્તુ મળી શકે તેમ ન હોય અને ઉત્પાદક વસ્તુના પુરવઠા પર અંકુશ રાખી શકે તેમ હોય એટલે કે ઉત્પાદક કિંમત નક્કી કરનાર (Price Maker) હોય તેવી પરિસ્થિતિને શુદ્ધ ઈજારો કહેવામાં આવે છે. પ્રો. આર. એચ. લેફટવિચ જણાવે છે : શુદ્ધ ઈજારાઓ બજારની એવી સ્થિતિ દર્શાવે છે કે જેમાં કોઈ એક જ પેઢી એવી વસ્તુ વેચે છે કે જેના માટે કોઈ સારો અવેજ હોતો નથી વસ્તુનું બજાર પેઢીના અંકુશમાં હોય છે. ઈજારાદારની વસ્તુ જેવી બીજી વસ્તુઓ હોતી નથી કે જેની કિંમત કે વેંચાણ ઈજારાદારની કિંમત કે વેંચાણમાં નોંધપાત્ર રીતે અસર કરી શકે અને તેવી જ રીતે ઈજારાદાર અન્ય વસ્તુઓ વેંચનારાઓની કિંમત કે વેંચાણમાં ઈજારાદાર એક જ વસ્તુની જુદી જુદી વ્યક્તિઓ પાસેથી જુદા જુદા ભાવ લે છે તેને કિંમત ભેદભાવ કહે છે. જો ઈજારાદાર બધા જ ગ્રાહકો પાસે એક સરખા ભાવ લે તો તેને સાદો ઈજારો કહેવાય છે અને જુદા જુદા ભાવ લે તો તેને ભેદભાવ યુક્ત ઈજારો કહેવાય છે. મોટા ભાગે એક સરખી વસ્તુઓના જુદા જુદા ગ્રાહકો પાસેથી જુદી જુદી કિંમતો લેવામાં આવે છે. કિંમત ભેદભાવના જુદા જુદા પ્રકારો જોવા મળે છે જેમકે વ્યક્તિલક્ષી કિંમત ભેદભાવ, સ્થળલક્ષી કિંમત ભેદભાવ, વસ્તુઓની ઉપયોગલક્ષી કિંમત ભેદભાવ, વ્યક્તિની ઉંમર આધારિત કિંમત ભેદભાવ વગેરે જોવા મળે છે.

પૂર્ણહરીફાઈવાળા બજારમાં વસ્તુની કિંમત એક સરખી પ્રવર્તે છે જ્યારે

ઈજારાવાળા બજારમાં એક સમાન વસ્તુઓની કિંમત જુદા જુદા ગ્રાહકો પાસેથી જુદી જુદી લેવામાં આવે છે. જ્યારે ઈજારાદાર સમાનગુણી વસ્તુઓનાં જુદા જુદા એકમોની જુદી જુદી કિંમત વસૂલ કરે છે ત્યારે કિંમત ભેદભાવ કહી શકાય. ડૉકટરો જુદા જુદા ગ્રાહકો પાસેથી જુદી જુદી ફી લેતા હોય. આ ઉપરાંત ઉત્પાદક પણ કોઈ એક બજારમાં નીચી કિંમતે વેચાણ અને બીજા બજારમાં ઊંચી કિંમતે વેચાણ કરીને કિંમત ભેદભાવ કહી શકે છે. જો કિંમત ભેદભાવની નીતિ ત્યારે જ શક્ય બને જ્યારે બે શરતોનું પાલન કરવું આવશ્યક છે. એક તો પૂર્ણહરીફાઈની ગેરહાજરી હોવી એટલે કે ઈજારાની પરિસ્થિતિ એટલે કે ઉત્પાદકનો કિંમત પર અંકુશ હોવો જોઈએ. જો વસ્તુની એ કરતાં વધુ કિંમત રાખવાથી પેઢીને પ્રાપ્ત થતાં નફામાં વધારો થશે તો જ પેઢી કિંમત ભેદભાવની નીતિ અમલ કરશે. ઈજારાદાર પેઢી માટે કિંમત ભેદભાવ નફા કારક બને તે માટેની શરત એ છે કે જુદા જુદા બજારોમાં માંગની મૂલ્ય સાપેક્ષતા જુદી જુદી હોવી જોઈએ.




શરૂઆતમાં OP કિંમતે પહેલા બજારમાં $OM_1$ અને બીજા બજારમાં $OM_2$ એકમો છે. જો ઈજારાદાર પહેલા બજારમાંથી $M_1N_1$ જેટલા એકમો બીજા બજારમાં વેંચવામાં આવે છે. $M_1N_1$ એકમો ઓછા વેંચવાથી ઈજારાદારને પહેલા બજારમાં $M_1T_1S_1N_1$ જેટલો આવકમાં ઘટાડો નોંધાશે જ્યારે બીજા બજારમાં MN જેટલા એકમો વેચવાથી બીજા બજારમાં ઈજારાદારની આવકમાં $M_2N_2T_2S_2$ જેટલો વધારો નોંધાય છે. અહીં પહેલા બજારમાં આવકમાં થતો ઘટાડો બીજા બજારમાં આવક વધારા કરતા ઓછો છે આ પરિસ્થિતિમાં ઈજારાદાર માટે એકમો પહેલા બજારમાંથી લઈ બીજા બજારમાં વેચવાથી આવકમાં વધારો વધારે છે તેથી નફાકારક બને છે. પ્રથમ બજારમાં આવક ઘટાડો છે. જ્યારે $M_2N_2T_2S_2$ આવક વધારો છે. અહીં બજારમાં આવકમાં થતો વધારો વધારે છે તેથી પહેલા બજારમાંથી એનએમ લઈ બીજા બજારોમાં વેચવું નફાકારક છે. આકૃતિમાં જોતા જે બજારમાં વસ્તુ માટેની મૂલ્ય સાપેક્ષતા ઓછી છે. તે બજારમાં વસ્તુની કિંમત વધારે છે. તેનાથી ઉલટં જ્યાં માંગને મૂલ્ય સાપેક્ષતા વધારે છે ત્યાં વસ્તુની કિંમત ઓછી છે. A બજારમાં માંગની મૂલ્ય સાપેક્ષતા ઓછી છે તેથી A બજારમાં વસ્તુની કિંમત વધારે છે જ્યારે B બજારમાં માંગની મૂલ્ય સાપેક્ષતા વધારે છે ત્યાં વસ્તુની કિંમત ઓછી છે તેથી ઓછી કિંમતે વધુ વેચાણ થાય છે. આમ બે બજારોમાં મૂલ્ય સાપેક્ષતામાં તફાવત હોવાથી કિંમત ભેદભાવ પેઢી માટે નફાકારક નીવડે છે.

કિંમત ભેદભાવ ક્યારે શક્ય બને :-

ઈજારાની પરિસ્થિતિ કિંમત ભેદભાવ હંમેશા શક્ય છે તેમ કહી શકાય નહી. કિંમત ભેદભાવ પરિસ્થિતિના નિર્માણ માટે મુખ્યત્ત્વે બે શરતોનું પાલન આવશ્યક છે. જો એ બંનેમાંથી કોઈ પણ શરતની ગેરહાજરી હોય તો કિંમત ભેદભાવની શક્યતા નાબૂદ થઈ જાય છે.

1. પૂર્ણહરીફાઈની ગેરહાજરી :-

પૂર્ણહરીફાઈ એવા પ્રકારની પરિસ્થિતિ છે કે જેમાં અસંખ્ય ગ્રાહકો અને અસંખ્ય વિક્રેતાઓ હોય છે. પેઢીઓને મુક્ત પ્રવેશની છૂટ છે. ગ્રાહકો અને વિક્રેતા બજારની પરિસ્થિતિથી પૂર્ણ વાકેફ છે. વેચવામા આવતી વસ્તુ પણ સમાનગુણી છે. આ પ્રકારની પરિસ્થિતિમાં ગ્રાહકોનો પરસ્પર વિક્રેતાઓ સાથે ગાઢ સંપર્ક હોય છે કે જો એક વિક્રેતા કિંમત ભેદભાવની નીતિ કરીને (અ) વ્યક્તિને રૂ.5ના ભાવે અને (બ) વ્યક્તિને રૂ.4ના ભાવે વસ્તુ વેચે છે. તો અ નામના ગ્રાહકને ચોક્કસ ગુમાવશે, કેમકે તેને બજારભાવ રૂ.4 છે તેવી ખબર છે, વળી 'અ' અને 'બ' ના ગાઢ સંપર્કમાં છે, તેથી 'અ', 'બ' પાસેથી પણ પોતાને માટે વસ્તુ ખરીદાવી શકે છે. આમ, કિંમત ભેદભાવ પૂર્ણહરીફાઈની ગેરહાજરીમાં જ શક્ય બને છે.

2. પુનઃવેચાણ બિલકુલ અશક્ય :-

ધારો કે પૂર્ણહરીફાઈની ગેરહાજરી છે અને જુદા જુદા ગ્રાહકો પાસેથી એક પ્રકારની વસ્તુના જુદા જુદા ભાવ કિંમત ભેદભાવની નીતિ અખત્યાર કરીને લેવામાં આવે છે. પરંતુ વસ્તુના ઊંચા ભાવ ચૂકવનાર ગ્રાહકો અને વસ્તુના નીચા ભાવ ચૂકવનાર ગ્રાહકો એકબીજાના સંપર્કમાં કે પરિચયમાં આવી શકે તેમ હશે તો વસ્તુના પુનઃવેચાણની શક્યતા પેદા થવાની નીચી કિંમતે વસ્તુ મેળવનાર ગ્રાહક ઊંચી કિંમતે વસ્તુ મેળવનાર ગ્રાહકવતી ખરીદી કરીને તેને નીચી કિંમતે વસ્તુ લાવી આપશે. પરિણામે કિંમત ભેદભાવની અંત્ય મહત્ત્વની શરત બને છે. ગ્રાહકની વિશિષ્ટતાઓ, વસ્તુ અને સેવાનું સ્વરૂપ તેમ જ ભૌગોલિક અને અન્ય અંતરાયો વસ્તુના પુનઃવેચાણને અશક્ય બનાવે છે.

A. ગ્રાહકની વિશિષ્ટતા : ગ્રાહકની વિશિષ્ટતા નીચેના ત્રણ કારણોને આભારી છે.

1. ગ્રાહકોનું અજ્ઞાન : કેટલીક વખત ગ્રાહક બજારની પરિસ્થિતિથી સંપૂર્ણ જાણકાર હોતો નથી. તે બજારના જે ભાગમાંથી ખરીદી કરે છે તેના કરતા બજારના અન્ય ભાગમાંથી વસ્તુની ખરીદી કરતા નીચા ભાવે મળે છે તેનો ખ્યાલ હોતો નથી. આમ, ગ્રાહકોનું અજ્ઞાન કિંમત ભેદભાવને શક્ય બનાવે છે.

2. ગ્રાહકોનું ભ્રમ : કેટલીક વખત ગ્રાહક એવા ભ્રમ હેઠળ હોય છે કે વસ્તુની ઊંચી કિંમત વસ્તુની ઊંચી ગુણવત્તાનું પરિણામ હોય છે. તેથી આ પ્રકારોનો ગ્રાહક સમાનગુણી વસ્તુના નીચા દરના બદલે ઊંચા ભાવ ચૂકવવા તૈયાર થઈ જાય છે. ઉત્પાદક કે વિક્રેતા ગ્રાહકની આ પ્રકારની લાગણીનો લાભ લઈને તેની પાસેથી વસ્તુના ઊંચા ભાવ પડાવે છે.


3. ગ્રાહકની બેદરકારી : ભાવમાં જ્યારે ખૂબ નજીવો તફાવત હોય છે ત્યારે ગ્રાહ વસ્તુની ઊંચી નીચી કિંમત પ્રત્યે બેદરકારી સેવે છે. ઊંચા ભાવ ચૂકવવા પડયા તેવી ચિંતા કે દુઃખ તેને થતુ નથી પરિણામે કિંમત ભેદભાવની શક્યતા પેદા થાય છે.

B. વસ્તુ અને સેવાનું સ્વરૂપ : ચીજ વસ્તુનું સ્વરૂપ જ એવુ હોય કે તેની ખરીદી સાથે વપરાશ થઈ જતી હોય અથવા તો વસ્તુ સેવાના સ્વરૂપમાં પ્રાપ્ત થતી હોય, તો તેનું પુનઃવેચાણ શક્ય બનતું નથી. દા.ત. ભૌતિક વસ્તુઓ જેવી કે રેડિયો, ઈલેક્ટ્રીકલ ફેન, કબાટ, કાપડ વગેરે વસ્તુઓનું પુનઃવેચાણ શક્ય છે. પરંતુ અભૌતિક વસ્તુઓ કે સેવાઓ જેવી કે ડોક્ટરની સેવા અને હજામની સેવા, વકીલની સેવા અને અદાકારની સેવા, પ્રાધ્યાપકની સેવા અને નર્સની સેવા આ બધી સેવાઓનો પ્રત્યક્ષ વપરાશ થઈ જતો હોઈ તેનું પુનઃવેચાણ શક્ય બનતું નથી તેના ઉત્પાદનની સાથે જ તેનો વપરાશ થઈ જાય છે. તેથી આ પ્રકારની સેવાઓમાં કિંમત ભેદભાવની નીતિ સરળતાથી અપનાવી શકાય છે. ગરીબ દર્દીને ફીમાં રાહત અને ધનિક દર્દી પાસેથી ઊંચી ફી ડોક્ટર સહેલાઈથી લઈ શકે છે.

C. ભૌગોલિક અંતરાયો અને અવરોધો : બે (કે તેથી વધુ) ભિન્ન ભિન્ન પ્રદેશો જ્યારે પરસ્પર દૂરના અંતરે આવેલ હોય ત્યારે આ પ્રદેશોના ગ્રાહકો એકબીજાથી અલગ પડી જાય છે. પરસ્પરનો સંપર્ક ગુમાવે છે. તેથી ઉત્પાદક (વિક્રેતા) નજીકના પ્રદેશના ગ્રાહકો કરતા દૂરનાં પ્રદેશના ગ્રાહકો પાસેથી વધારે ભાવ લે છે. જો કે આમાં વાહન વ્યવહાર ખર્ચ પણ ભાગ ભજવે છે. દૂરના પ્રદેશમાં માલ પહોંચાડવાનું વાહન વ્યવહાર ખર્ચ ઊંચુ આવે છે. તેથી પણ દૂરના પ્રદેશમાં વસ્તુના ભાવ, નજીકના પ્રદેશમાં વસ્તુના ભાવ હોય તેનાથી ઊંચા હોઈ શકે છે એટલે કે ભૌગોલિક અંતરાય માલની મુક્ત ફેરફારમાં અવરોધો દાખલ કરે છે. ભૌગોલિક અંતરાય ઉપરાંત અન્ય અવરોધો જેવા કે આયાત નિકાસ જકાતો સંરક્ષણ જકાતો, ઝોન બંધી વગેરે પણ માલની મુક્ત હેરફેરમાં દખલગીરી કરે છે અને તેથી કિંમત ભેદભાવ શક્ય બને છે ટૂંકમાં કિંમત ભેદભાવ માટે માલના પુનઃવેચાણની જરા પણ શક્યતા હોવી જોઈએ નહી.

### 8.3.1 કિંમત ભેદભાવની સ્થિતિમાં પેઢીની સમતુલા :

કિંમત ભેદભાવ કરતી પેઢી મહત્તમ નફો પ્રાપ્ત કરી શકે તે માટે બે શરતોનું પાલન થવું જોઈએ. જેમાં બન્ને બજારોમાં સીમાંત આવક સરખી થવી જોઈએ અને બીજું સીમાંત ખર્ચ=સંયુક્ત સીમાંત આવક થવી જોઈએ. ઈજારાદાર દ્વારા એકમોનું બે બજારોમાં જુદી જુદી કિંમતે વેચવામાં આવે છે તેથી ધારણા કરીએ તો સંયુક્ત સીમાંત આવકની સમજૂતી આ પ્રમાણે આપી શકાય. બન્ને બજારોની સીમાંત આવક રેખાની અહીં આડી ધરી ઉપર સરવાળો કરવાથી પેઢીની સંયુક્ત સીમાંત આવકની રેખા પ્રાપ્ત થાય છે. સીમાંત ખર્ચ વિશે જોઈએ તો ઈજારાદાર બે બજારોમાં વેચાણ કરે છે પણ ઉત્પાદન તો એક જ જગ્યાએ કરે છે તેથી ગમે તે બજારમાં વેચવા માટેના એકમનું સીમાંત ખર્ચ એક જ હોવાનું.




કિંમત ભેદભાવવાળાં બજારમાં સમતુલા

આકૃતિ-1 માં બજાર-A અને આકૃતિ-2 માં બજાર-B ના એકમો અને આવકની રેખા દર્શાવેલી છે. આકૃતિ-3 માં બજાર-A અને બજાર-B ની સીમાંત આવકની રેખાનો આડી ધરી પર સરવાળો કરીને સંયુક્ત સીમાંત આવકની રેખા દોરવામાં આવી છે. પેઢીની સીમાંત ખર્ચની રેખા આકૃતિ-3 માં દર્શાવવામાં આવી છે. S બિંદુએ પેઢીની સીમાંત ખર્ચની રેખા અને સંયુક્ત સીમાંત આવકની રેખા એકબીજાને છેદે છે તેથી તે સમતુલાનું બિંદુ બને છે. પેઢી QR એકમોનું વેચાણ કરશે.

### 8.3.2 ઈજારાની અસરો :

(1) ઊંચી કિંમત : ઈજારાદાર વધુ નફો મેળવવાના હેતુથી ઊંચી કિંમત રાખે છે. ઈજારામાં કિંમત સરેરાશ ખર્ચ કરતાં ઊંચી હોય છે. ઊંચી કિંમતને લીધે ગ્રાહકોનું શોષણ થાય છે.

(2) ઓછું ઉત્પાદન : ઈજારાદાર ઊંચી કિંમત લેવા માટે ઉત્પાદનમાં (પુરવઠાનું) નિયંત્રણ કરે છે જેથી વપરાશ પર ફરજિયાત કાપ મૂકવો પડે તેથી ઓછી વપરાશને કારણે સામાજિક કલ્યાણમાં ઘટાડો થાય છે.

(3) ગેરવાજબી ઈલાજો : ઈજારો જાળવી રાખવા ઈજારાદાર ગેરવાજબી રીતરસમો અજમાવે છે. ઈજારાદાર પેઢી ઘણીવાર ગ્રાહકોને ન ગમતી વસ્તુઓ ખરીદવાની પણ ફરજ પાડે છે.

(4) પ્રગતિમાં રુકાવટ : ઊંચી કિંમત રાખીને ઈજારાદાર પૂરતો નફો મેળવી શકે છે અને તેથી ઉ.ખર્ચમાં ઘટાડો કરે તેવી શોધખોળ કે સંશોધન કરવાની વૃત્તિ રહેતી નથી. સંશોધન અને સુધારા માટી ઈજારાદાર નિષ્ક્રિય રહેવાથી વિકાસ અવરોધાય છે.

(5) સાધાનોની અયોગ્ય ફાળવણી : ઈજારાને કારણે અર્થતંત્રમાં સાધનોની અયોગ્ય ફાળવણી થવા પામે છે. ઈજારો ધરાવતા ઉદ્યોગોમાં ઊંચા નફાને લીધે ઉત્પાદનનાં સાધનોને પણ ઊંચી કિંમત મળે છે. અને તેથી વધુ સાધનો ખેંચાઈ આવે છે રોજગારી મેળવે છે આ રીતે સાધનોની ફાળવણી વિકૃત બને છે અને પરિણામે કુલ ઉત્પાદન પર વિપરિત અસર પડે છે.

### 8.3.3 પૂર્ણહરીફાઈ અને ઈજારાની તુલના :

(1) પૂર્ણહરીફાઈમાં ઉદ્યોગમાં અસંખ્ય પેઢીઓ હોય છે. જ્યારેઈજારામાં માત્ર એક પેઢી હોય છે. ઈજારામાં ઈજારાદાર પેઢી જ ઉદ્યોગ છે.

(2) પૂર્ણહરીફાઈમાં કોઈ એક પેઢીનું ઉત્પાદન કુલ ઉત્પાદનનો ખૂબ જ નાનો ભાગ હોય છે અને તેથી બજાર પુરવઠા પર તેનો અંકુશ નહિવત જેવો હોય છે, જ્યારે ઈજારામાં એક જ પેઢી હોવાથી કુલ ઉત્પાદન અને બજાર પુરવઠા પર તે સંપૂર્ણ અંકુશ ધરાવે છે.

(3) પૂર્ણહરીફાઈમાં સમાનગુણી વસ્તુ ઉત્પાદન કરતી અસંખ્ય પેઢીઓ એકત્રિત થઈને ઉદ્યોગ સર્જે છે. જ્યારે ઈજારામાં ઈજારાદાર પેઢી જ ઉદ્યોગ છે.

(4) પૂર્ણહરીફાઈમાં પેઢી 'કિંમત સ્વીકારનાર' (Price Taker) છે. જ્યારે ઈજારામાં તે 'કિંમત નિર્ણાયક' (Price Maker) છે.

(5) પૂર્ણહરીફાઈમાં પેઢીની માંગ રેખા સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ હોય છે. અને તેથી વધુ વેચાણ કરવા માટે પેઢીએ કિંમતમાં ઘટાડો કરવાની જરૂર રહેતી નથી, જ્યારે ઈજારાની પરિસ્થિતિમાં પેઢીની માંગ રેખા ઋણ ઢાળવાળી હોય છે અને તેથી

વધુ વેચાણ કરવા માટે કિંમત ઘટાડો અનિવાર્ય બને છે.

(6) પૂર્ણહરીફાઈમાં પેઢીની સીમાંત આવક (MR) અને સરેરાશ આવક (AR) સરખી હોવાથી એક જ રેખા પર દર્શાવી શકાય છે. જ્યારે ઈજારામાં વેચાણ વધારવા માટે કિંમતમાં ઘટાડો કરવો પડતો હોવાથી સરેરાશ આવક રેખા (AR) જમણી બાજુ નીચેની તરફ ઢળતી હોય છે પરિણામે સીમાંત આવક રેખા પણ વધુ ઝડપથી જમણી બાજુ નીચેની તરફ ઢળતી હોય છે.

(7) પૂર્ણહરીફાઈની પરિસ્થિતિમાં પેઢીની સમતુલાના બિંદુએ સીમાંત ખર્ચ વધતો હોય એ એક અનિવાર્ય શરત છે, જ્યારે ઈજારામાં પેઢીની સમતુલાના બિંદુએ સીમાંત ખર્ચ વધતો, સ્થિર કે ઘટતો પણ હોઈ શકે છે.

(8) કિંમતની દ્રષ્ટિએ જોઈએ તો પૂર્ણહરીફાઈની સ્થિતિમાં પેઢી જ્યારે સમતુલાની અવસ્થામાં હોય છે, એટલે કે જ્યારે પેઢી મહત્તમ નફાની સ્થિતિમાં હોય છે ત્યારે કિંમત, સીમાંત ખર્ચ અને સીમાંત આવક આ ત્રણેય સરખા હોય છે. જ્યારે બીજી તરફ ઈજારામાં સીમાંત ખર્ચ અને સીમાંત આવક તો સરખા હોય છે પરંતુ કિંમત આ બન્ને કરતાં વધારે હોય છે.

પૂર્ણહરીફાઈમાં, કિંમત=સીમાંત ખર્ચ=સીમાંત આવક

ઈજારામાં, કિંમત>સીમાંત ખર્ચ=સીમાંત આવક

(9) ઉત્પાદનની દ્રષ્ટિએ વિચાર કરતાં જણાય કે પૂર્ણહરીફાઈમાં લાંબેગાળે બધી જ પેઢીઓ ન્યુનતમ સરેરાશ ખર્ચે ઉત્પાદન કરતી હોવાથી તે ઈષ્ટકદની બને છે એટલે કે દરેક પેઢી તેનું ઉત્પાદન ન્યુનતમ સરેરાશ ખર્ચના બિંદુ સુધી કરતી હોય છે. પરંતુ ઈજારામાં પેઢી ઈષ્ટકદ કરતાં ઓછા કદની રહે છે. પેઢી ન્યુનતમ સરેરાશ ખર્ચના બિંદુ સુધી નહિ પરંતુ સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખાં થઈ રહે છે ત્યાં સુધી જ ઉત્પાદન કરે છે.

(10) નફાની દ્રષ્ટિએ જોઈએ તો પૂર્ણહરીફાઈમાં ઉત્પાદક લાંબાગાળામાં માત્ર સામાન્ય નફો જ મેળવે છે. માત્ર ટૂંકાગાળામાં અસામાન્ય નફો પ્રાપ્ત કરી શકે છે, લાંબાગાળે અસામાન્ય નફો જોઈ અન્ય પેઢીઓના ઉદ્યોગમાં પ્રવેશ થતાં અસામાન્ય નફો અદ્રશ્ય થાય છે. જ્યારે ઈજારાની સ્થિતિમાં ઈજારેદાર લાંબાગાળામાં પણ અસામાન્યનફો મેળવી શકે છે.

## 8.4 સારાંશ :

પૂર્ણહરીફાઈમાં પેઢી સરેરાશ ખર્ચ કરતાં વધુ કિંમત લઈ શકે ત્યારે પેઢીને અસામાન્ય નફો થાય છે પરંતુ જ્યારે પેઢી સરેરાશ ખર્ચ કરતાં ઓછા ભાવ મેળવે ત્યારે ખોટ કરે છે. આમ છતાં પૂર્ણહરીફાઈમાં લાંબાગાળે સરેરાશ ખર્ચ અને ભાવ સરખા બનતા સામાન્ય નફાની પરિસ્થિતિ સર્જાય છે. બીજી બાજુએ ઈજારામાં હરીફ પેઢીનો અભાવ હોવાથી પેઢી નફો પ્રાપ્ત કરે છે. હરીફ પેઢીના અભાવને લીધે ઉત્પાદક ગ્રાહક પાસેથી ઊંચી કિંમત લઈ શકે છે. તેમજ ઉત્પાદક શ્રમજીવીઓને તેમાની સીમાંત ઉત્પાદક્તા કરતાં ઓછું વેતન આપે છે. આમ, ઉત્પાદકને ઉત્પાદન ખર્ચ ઓછું આવે છે. બીજી બાજુએ વધુ ભાવ મળવાથી ઈજારાદાર નફાની પરિસ્થિતિ પ્રાપ્ત કરે છે. ઈજારાના બજારમાં આવકની અસમાનતા વધુ પ્રમાણમાં સર્જાશે કારણ કે ઈજારામાં ઉત્પાદક તેમને મળતો નફો પુનઃ મૂડીરોકાણમાં લઈ જશે. સમાજનાં આ શ્રીમંત વર્ગની સીમાંત વપરાશ વૃત્તિ ઓછી હોવાથી તેની બચતનું મૂડીરોકાણ થાય છે. આથી બજારમાં ઉત્પાદન વધે છે. બીજી બાજુએ સમાજના શ્રમજીવી વર્ગના વેતનમાં વધારો થતો નથી. આ વર્ગના

લોકોની વપરાશવૃત્તિ વધારે હોય છે છતાં આવકના અભાવે તેઓ તેમની વપરાશ વૃત્તિને સંતોષી શકતા નથી. પરિણામે સમાજના એક નાના વર્ગની આવકમાં ઉત્તરોત્તર વધારો થાય છે, જ્યારે સમાજના મોટા વર્ગની આવકમાં વધારો થતો નથી પરિણામે ઈજારાના બજારમાં વ્યાપારચક્રિય અસર (આવકની અસમાનતા) વિશેષ પ્રમાણમાં દેખાય છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

(1) *ઈજારો :* જેમાં કોઈ એક જ પેઢી વસ્તુનું ઉત્પાદન કરે છે તેની કોઈ નજીકની અવેજી વસ્તુઓ હોતી નથી અને પેઢીનું કિંમત પર પ્રભુત્વ છે.

(2) *કિંમત ભેદભાવ :* ઈજારાદાર પેઢી એક જ વસ્તુના જુદા જુદા ગ્રાહકો પાસેથી જુદા જુદા ભાવ લે તેને કિંમત ભેદભાવ કહે છે.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.

1. ઈજારાનો અર્થ આપી, ઈજારાનાં લક્ષણો અને પ્રકારો સમજાવો.
2. ઈજારાદાર પેઢીની ટૂંકાગાળાની સમતુલા સમજાવો.
3. ઈજારાદાર પેઢીની લાંબાગાળાની સમતુલા સમજાવો.
4. કિંમત ભેદભાવનો ખ્યાલ આપી કિંમત ભેદભાવ ક્યારે શક્ય અને નફાકારક બને છે જણાવો.
5. ઈજારો અને પૂર્ણહરીફાઈની તુલના કરો.
6. ઈજારાનો અર્થ આપી, ઈજારાની અસરોની ચર્ચા કરો.

(1) ઈજારાના લક્ષણો જણાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

(2) કિંમત ભેદભાવ એટલે શું ?

..............................................................
..............................................................
..............................................................
..............................................................

(3) કિંમત ભેદભાવ ક્યારે શક્ય બને.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

(4) ઈજારાનો અર્થ સમજાવી, ઈજારાદાર પેઢીની સમતુલા સમજાવો.

............................................................

............................................................

............................................................

............................................................

(5) કિંમત ભેદભાવ ક્યારે શક્ય અને નફાકારક બને છે.

............................................................

............................................................

............................................................

............................................................

(6) ઈજારો અને પૂર્ણહરીફાઈની તુલના કરો.

............................................................

............................................................

............................................................

............................................................

(ખ) નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.

(1) ઈજારામાં ઉત્પાદક કિંમત નક્કી કરનાર છે.

(2) પૂર્ણહરીફાઈની સરખામણીએ ઈજારામાં ઉત્પાદન વધુ થાય છે.

(3) કિંમત ભેદભાવની પરિસ્થિતિમાં વધુ મૂલ્ય સાપેક્ષ માંગ ધરાવતા બજારમાં ભાવ ઓછા હોય છે.

(4) ઈજારામાં સમતુલાની સ્થિતિમાં કિંમત સીમાંત ખર્ચથી ઓછી હોય છે.

(5) ઈજારામાં સીમાંત ખર્ચ રેખા અને પુરવઠા રેખા સરખાં હોય છે.

★ બહુવૈકલ્પિક પ્રશ્નો :

(1) ઈજારામાં માંગ રેખાનું સ્વરૂપ કેવું હોય છે.

(અ) ધન ઢાળ

(બ) ઋણ ઢાળ

(ક) ઉભી ધરીને સમાંતર

(2) જો સીમાંત આવક સીમાંત ખર્ચથી વધુ હોય તો ઈજારાદાર પેઢી શું કરશે ?

(અ) ઉત્પાદન વધારશે

(બ) ઉત્પાદન ઘટાડશે

(ક) ઉત્પાદન બંધ કરશે

(3) ઈજારામાં સમતુલાની સ્થિતિમાં કિંમત ન્યુનતમ સરેરાશ ખર્ચથી કેવી હશે.

(અ) સામન

(બ) ઓછી

(ક) વધુ

(4) કિંમત ભેદભાવની પરિસ્થિતિમાં વધુ મૂલ્ય સાપેક્ષ માંગ ધરાવતા બજારમાં કિંમતો કેવી હોય ?

(અ) ઓછી

(બ) વધારે

(ક) સ્થિર

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) સાચું (2) ખોટું (3) સાચું (4) ખોટું (5) ખોટું

## ★ સંદર્ભ :

- અર્થશાસ્ત્રના સિદ્ધાંતો : લે.એચ.કે.ત્રિવેદી. યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ.
- એકમલક્ષી અર્થશાસ્ત્ર : લે.ડો.મહેશ વી.જેષી. અનડા પ્રકાશન

એકમ 9

# ઈજારાયુક્ત હરીફાઈ

## રૂપરેખા


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 ઈજારાયુક્ત હરીફાઈ અને વેચાણ ખર્ચ

- 9.2.1 ઈજારાયુક્ત હરીફાઈનો અર્થ અને લક્ષણો
- 9.2.2 ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની ટૂંકાગાળાની સમતુલા
- 9.2.3 ઈજારાયુક્ત હરીફાઈમાં જૂથની ટૂંકાગાળાની સમતુલા
- 9.2.4 ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની લાંબાગાળાની સમતુલા
- 9.2.5 ઈજારાયુક્ત હરીફાઈમાં જૂથની લાંબાગાળાની સમતુલા
- 9.2.6 ઈજારાયુક્ત હરીફાઈમાં ફાજલ (વણવરાયેલ) ઉત્પાદન શક્તિ
- 9.2.7 વેચાણ ખર્ચનો ખ્યાલ
- 9.2.8 વેચાણ ખર્ચ અને ઉત્પાદન ખર્ચ વચ્ચેનો તફાવત
- 9.2.9 વેચાણ ખર્ચની માંગ રેખા પરની અસરો

9.3 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

★ સંદર્ભ


## 9.0 ઉદ્દેશો :

(1) ઈજારાયુક્ત હરીફાઈમાં વસ્તુ વિકલન અને જાહેરાત ખર્ચનો ખ્યાલ સમજશો.

(2) ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢી અને જૂથ (સમૂહ) ની સમતુલા સમજશો.

(3) ઈજારાયુક્ત હરીફાઈમાં વણપરાયેલ ઉત્પાદન શક્તિનો ખ્યાલ સમજશો.

(4) વેચાણ ખર્ચની માંગ રેખા પરની અસરો જાણશો.

## 9.1 પ્રસ્તાવના :

આ પ્રકરણમાં ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર અથવા તો અપૂર્ણ બજારનો અભ્યાસ કરીશું. ઈજારાયુક્ત હરીફાઈનો ખ્યાલ, તેના લક્ષણો, ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં સમતુલા તેમજ ફાજલ ઉત્પાદન શક્તિ અથવા તો વણવપરાયેલ

ઉત્પાદન શક્તિનો અભ્યાસ કરીશું. ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં વસ્તુઓનું વૈવિધ્ય તેમજ વેચાણ ખર્ચ બે મહત્વના ઘટકો છે. આ પ્રકરણમાં આપણે વેચાણ ખર્ચનો ખ્યાલ-મહત્વ તેમજ વેચાણ ખર્ચની માંગરેખા પરની અસરો સમજીશું. વેચાણ ખર્ચની મર્યાદાઓ તપાસીશું.

## 9.2 ઈજારાયુક્ત હરીફાઈ અને વેચાણ ખર્ચ :

પૂર્ણ હરીફાઈ અને પૂર્ણ ઈજારાનો ખ્યાલ સૈદ્ધાંતિક છે. વાસ્તવમાં આ બન્ને સ્વરૂપો બજારમાં જોવા મળતા નથી. અર્થશાસ્ત્રીઓએ બજારમાં પ્રવર્તતા વિભિન્ન સ્વરૂપોની ચર્ચા કરી છે. તેમાં ઈજારાયુક્ત હરીફાઈનો ખ્યાલ એક અગત્યનો ખ્યાલ છે. ઈજારાયુક્ત હરીફાઈ એટલે ઈજારો અને હરીફાઈના તત્ત્વોનુંસંમિશ્રણ બજાર અમેરીકાના અર્થશાસ્ત્રી એડવર્ડ ચેમ્બરલીન અને ઈંગ્લેન્ડના અર્થશાસ્ત્રી શ્રીમતી જહોન રોબિન્સને આ અંગે પોતાના વિચારો રજૂ કર્યા છે. ઈજારાયુક્ત હરીફાઈ એટલે એવું બજાર જેમાં ઈજારો અને હરીફાઈના તત્વોનું સહઅસ્તિત્વ જોવા મળે છે જેમાં ઈજારાના તત્વો વિશેષ પ્રમાણમાં હોય છે. વાસ્તવિક જગતમાં જુદી જુદી વસ્તુઓના બજારમાં ઈજારાયુક્ત હરીફાઈ જોવા મળે છે. સાબુ, ટુથપેસ્ટ, ટી.વી. વગેરેમાં આ પ્રકારની હરીફાઈ જોવા મળે છે. આનો અર્થ એ થયો કે આજે દુનિયામાં ઈજારાયુક્ત હરીફાઈ એ વાસ્તવિક ઘટના બની ચૂકી છે. ઈજારાયુક્ત હરીફાઈનાં પેઢીના વર્તનનો સમજવા માટે ટૂંકાગાળામાં  અને લાંબાગાળામાં "પેઢીની સમતુલા" ની સમજુતી મેળવવી આવશ્યક છે. પરંતુ તે પહેલાં ઈજારાયુક્ત લક્ષણોની ચર્ચા કરવી જરૂરી છે. વેચાણ ખર્ચ કે વિજ્ઞાપન ખર્ચ કરીને ઈજારાયુક્ત બજારની પેઢીઓ ગ્રાહકોને પોતાના તરફ આકર્ષવાનો પ્રયત્ન કરે છે. તેઓ ગ્રાહકોને જુદી જુદી રીતે આકર્ષે છે. તેઓ એમ કહે છે વસ્તુ નવી છે, આધુનિક ટેકનોલોજી દ્વારા ઉત્પન્ન થઈ શકે છે, તેથી ગુણવત્તા સારી છે. તે પછી ભાવ ઘટાડવામાં આવ્યા છે. ઘણી પેઢીઓ પોતાની વસ્તુ સાથે કોઈક વસ્તુની ભેટ આપે છે, લાલચો પણ આપે છે. જાહેરખબરો દ્વારા પેઢીઓ ગ્રાહકોમાં પોતાની વસ્તુ માટે મજબૂત પસંદગીઓ ઉભી કરવાનો પ્રયત્ન કરે છે.

### 9.2.1 ઈજારાયુક્ત હરીફાઈનો અર્થ અને લક્ષણો :

મૂલ્યનિર્ધારણના વિશ્લેષણમાં પ્રો. માર્શલે પૂર્ણ હરીફાઈવાળા બજારની વિચારણા અને તારણો લાંબા સમય સુધી સર્વસ્વીકૃત રહ્યા હતા. પરંતુ 1920 થી 1930 ના દાયકા દરમ્યાન પેઢીના સિદ્ધાંત વિશે વિવાદના મુદ્દા ઉભા થતા તેના ફળ સ્વરૂપે નૂતન બજાર વ્યવસ્થાનો આવિષ્કાર થયો. આ બજાર વ્યવસ્થાનું વિવેચન ઈંગ્લેન્ડમાં શ્રીમતી જોન રોબિન્સનના હસ્તે અને અમેરિકામાં પ્રો.એડવર્ડ ચેમ્બરલીનના હસ્તે થયું. પ્રો. ચેમ્બરલીનના મતે, "પૂર્ણ હરીફાઈ ન હોય તથા શુદ્ધ ઈજારો ન હોય તેવી બજાર વ્યવસ્થાને ઈજારાયુક્ત હરીફાઈ કહેવામાં આવે છે." પ્રો. જે. એસ. બ્રેઈનના મતે, "સંપૂર્ણ અવેજી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉત્પાદકોના મોટા સમૂહમાં પ્રવર્તતી હરીફાઈ એટલે ઈજારાયુક્ત હરીફાઈ."

- **ઈજારાયુક્ત હરીફાઈના લક્ષણો :**

**1. અનેક ઉત્પાદકો :**

ઈજારાયુક્ત હરીફાઈમાં અનેક ઉત્પાદકો વચ્ચે હરીફાઈ થાય છે તેથી કોઈ એક ઉત્પાદકના વર્તનમાં થતા ફેરફારોની અસરો અન્ય ઉત્પાદકો વચ્ચે સરખાં પ્રમાણમાં

વહેંચાઈ જાય છે. તેથી કોઈ એક ઉત્પાદકની દ્રષ્ટિએ આ અસરો નોંધપાત્ર હોતી નથી, એટલે કે કોઈ એક ઉત્પાદક પર અસર નજીવી હોવાથી તે ઉત્પાદકને ફેરફાર કરવાની કોઈ ફરજ પડતી નથી. આમ છતાં પેઢીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હોવાથી તેઓ ઓછે વત્તે અંશે વસ્તુઓ પરત્વે ઈજારો ધરાવે છે. અહીં પેઢીઓ તદ્દન નજીકની અવેજી વસ્તુઓ ઉત્પન્ન કરતી હોય છે. પેઢીઓનો સમૂહ "જૂથ" તરીકે ઓળખાય છે. પૂર્ણ હરીફાઈની જેમ પેઢીઓને જૂથમાં પ્રવેશવાની તેમજ જૂથમાંથી જવાની છૂટ હોય છે.

**2. વસ્તુ વિકલન (વસ્તુ વિભિન્નતા) :**

ઈજારાયુક્ત હરીફાઈમાં જુદા જુદા ઉત્પાદકોની વસ્તુ સંપૂર્ણ એકસરખી નહિ પરંતુ આકાર, કદ, વજન, રંગ, સુગંધ, ટેડમાર્ક વગેરેની દ્રષ્ટિએ ભિન્ન ભિન્ન હોય છે. પરંતુ આ ભિન્નતા એટલી બધી વ્યાપક નથી હોતી કે, જેથી એક ઉત્પાદકની વસ્તુ બીજા ઉત્પાદકની વસ્તુની અવેજી ન લઈ શકે, એટલે કે વસ્તુ વિભિન્નતા હોવા છતાં વસ્તુઓ એકબીજાની સરળતાથી અવેજી લઈ શકે છે, તેથી કોઈ એક ઉત્પાદક વસ્તુની કિંમતમાં વધારો કરે તો તેના વેચાણપર તેની અસરો જન્મે છે.

**3. વેચાણ ખર્ચ :**

વસ્તુ વિભિન્નતા દર્શાવવા માટે ઉત્પાદક કેટલુંક ખર્ચ કરે છે તેને વેચાણ ખર્ચ કહે છે. ઈજારાયુક્ત હરીફાઈમાં વસ્તુ પરત્વેનું ચઢિયાતાપણું દર્શાવવા જાહેરખબરો, પ્રચાર, પ્રદર્શન, વેચાણકળા વગેરે દ્વારા વેચાણ ખર્ચકરીને ગ્રાહકોને આકર્ષવાનો પ્રયાસ થાય છે.

**4. મુક્ત પ્રવેશ અને હરીફાઈ :**

ઈજારાયુક્ત હરીફાઈમાં ઉત્પાદકો અથવા પેઢીઓનો મુક્ત પ્રવેશ હોય છે. એટલે કે જુથમાં નવી પેઢીઓ પ્રવેશી શકે છે અથવા ચાલુ પેઢીઓ જૂથનો ત્યાગ કરી શકે છે. અહીં પેઢીઓના આવન-જાવન પર કોઈ જાતનો પ્રતિબંધ હોતો નથી. અહીં જુદા જુદા ઉત્પાદકો કે વિક્રેતાઓ પરસ્પર હરીફાઈ કરી શકે છે, એટલે કે કોઈ એક ઉત્પાદક કે વિક્રેતા વેચાણ વધારવાના હેતુથી કિંમત ઘટાડી શકે છે અથવા વસ્તુ વિભિન્નતા પેદા કરવા વેચાણ ખર્ચ કરીને ગ્રાહકોને પોતાની વસ્તુ તરફ આકર્ષી શકે છે. આમ પરસ્પરની હરીફાઈ પર કોઈ નિયંત્રણો હોતા નથી.

**5. ગ્રાહકોની તટસ્થ પસંદગીનો અભાવ :**

ઈજારાયુક્ત હરીફાઈમાં વસ્તુ વિભિન્નતાને કારણે ગ્રાહકોની પસંદગીનો અભાવ હોય છે, એટલે કે અમુક ઉત્પાદકોની વસ્તુ પરત્વે ગ્રાહકો આગ્રહ રાખતા હોય છે તેથી થોડીક ઉંચી કિંમત ચૂકવીને પણ અમુક વસ્તુ ખરીદવાની તૈયારી રાખે છે. જેમકે વાઘબકરી ચા પીનાર લિપ્ટન પસંદ કરતા નથી તેજ રીતે લિપ્ટન ચા પસંદ કરનાર વાઘબકરી ચા પસંદ કરશે નહિં.

**6. એકસરખી કિંમતનો અભાવ :**

જુદા જુદા ઉત્પાદકોની વસ્તુ વચ્ચે ભિન્નતા હોવથી, તથા ગ્રાહકની પસંદગી તટસ્થ નહિ હોવથી જુદા જુદા ઉત્પાદકો માટે જુદી જુદી કિંમત લેવાનું શક્ય બને છે. તેથી બધા જ ઉત્પાદકની કિંમત એક્સરખી હોતી નથી.

### 9.2.2 ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની ટૂંકાગાળાની સમતુલા :


ઈજારાયુક્ત હરીફાઈમાં નજીકની અવેજી વસ્તુ બનાવતા એકમને પેઢી કહેવામાં આવે છે. પેઢીની સમતુલા એવી ઈષ્ટ પરિસ્થિતી છે કે જે સ્થિતીએ પહોંચ્યા બાદ પેઢી

પોતાના ઉત્પાદન વેચાણ ખર્ચ કે વસ્તુની ગુણવત્તામાં કોઈપણ જાતનો ફેરફાર કરતી નથી અને ઈષ્ટ પરિસ્થિતીને ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. ઈજારાયુક્ત હરીફાઈમાં કિંમત તથા ઉત્પાદન નિર્ધારણની પ્રક્રિયાના વિશ્લેષણ માટે કેટલીક ધારણાઓ કરવી જરૂરી છે જેમાં એક, ઘણી મોટી સંખ્યામાં ઉત્પાદકો હોય છે તથા એકબીજાની નજીકની અવેજી વસ્તુઓનું ઉત્પાદન કરે છે. બીજી ધારણા, અન્ય પેઢીઓની કિંમત તથા ઉત્પાદનથી સ્વતંત્ર રીતે કોઈ એક પેઢી કિંમત તથા ઉત્પાદન અંગે નિર્ણયો લઈ શકે છે. ત્રીજી ધારણા, નવી પેઢીઓને પ્રવેશ મુક્ત હોય છે.

ટૂંકાગાળો એટલે ટૂંકા સમય દરમયાન પેઢી પોતાના સ્થિર સાધનો યથાવત રાખીને માત્ર અસ્થિર સાધનોમાં વધઘટ કરે છે. આ ગાળા દરમયાન જૂથમાં પેઢીઓની સંખ્યામાં કોઈ ફેરફાર થતો નથી. કારણ કે, ટૂંકાગાળામાં નવી પેઢીઓ જૂથમાં દાખલ થતી નથી કે કોઈ જૂની પેઢી જૂથને ત્યજીને ચાલી જતી નથી, ટૂંકાગાળામાં ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની સમતુલાની ત્રણ શક્યતાઓ રહેલી છે. અસામાન્ય નફો, સામાન્ય નફો અને ખોટ.

**1. અસામાન્ય નફો : (AR>AC)**

પેઢીની સમતુલા સમયે જો સરેરાશ ખર્ચ કરતા સરેરાશ આવક વધુ હોય તો પેઢીને અસામાન્ય નફો મળે છે. ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની સરેરાશ આવક રેખા અથવા માંગ રેખા ઋણ ઢાળવાળી અને મૂલ્ય સાપેક્ષ જોવા મળે છે. કારણ કે પેઢીએ વેચાણ વધારવા કિંમત ઘટાડવી પડે છે. પેઢીઓ એકબીજાની અવેજીની વસ્તુઓનું ઉત્પાદન કરતી હોય છે. અહીંયા સરેરાશ આવક કરતા સીમાંત આવકનો ઘટાડો વધુ હોવાથી પેઢીની સીમાંત આવક રેખા સરેરાશ આવક રેખા કરતા નીચે અને ઋણ ઢાળવાળી હોય છે.





આકૃતિમાં OX રેખા પર ઉત્પાદન OY રેખા પર આવક/ખર્ચ દર્શાવવામાં આવ્યા છે. પેઢીની સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખા થાય તે બિંદુએ પેઢી સમતુલા અનુભવે છે. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે OM સમતુલાનું ઉત્પાદન છે, CM સરેરાશ ખર્ચ છે અને RM સરેરાશ આવક છે તેથી પેઢીની કુલ આવક OMRS છે. જ્યારે

કુલ ખર્ચ OMCT થાય છે તેથી પેઢીને RSTC અસામાન્ય નફો થાય છે. આમ ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની સમતુલાની સ્થિતિમાં સીમાંત ખર્ચ=સીમાંત આવક થાય છે. પરંતુ સીમાંત આવક કરતાં સરેરાશ આવક વધારે હોવાથી અને સીમાંત ખર્ચ કરતાં સરેરાશ આવક વધારે હોવાનું કારણ ઉંચી કિંમત છે. અહીં પેઢી ઈષ્ટ ઉત્પાદન કરતાં નીચું ઉત્પાદન કરતી હોવાથી વર્ણવપરાયેલ ફાજલ શક્તિ પડી રહે છે.

## 2. સામાન્ય નફો : (AR=AC)


જો પેઢીની સરેરાશ આવક પેઢીના સરેરાશ ખર્ચ જેટલી હોય તો પેઢી સામાન્ય નફો મેળવશે. જો પેઢી સામાન્ય નફો મેળવતી હોય તો નવી પેઢીઓ જૂથમાં પ્રવેશશે નહિં અને જૂની પેઢીઓ જૂથનો ત્યાગ કરશે નહિં :




ઉપરોક્ત આકૃતિમાં પેઢી સામાન્ય નફો કરે છે. સીમાંત આવક અને સીમાંત ખર્ચ S બિંદુએ સરખા થાય છે. આથી પેઢી OM ઉત્પાદને સમતુલા પ્રાપ્ત કરે છે. OM ઉત્પાદને કિંમત NM જેટલી નક્કી થાય છે. સરેરાશ આવક NM છે. સામાન્ય નફો કુલ ખર્ચમાં સમાવિષ્ટ થઈ જાય છે.

## 3. ન્યુનતમ ખોટ : (AR<AC)

પેઢીનું સરેરાશ ખર્ચ સરેરાશ આવક કરતાં વધારે હોય ત્યારે પેઢી ન્યુનતમ ખોટ સાથે ઉત્પાદન કરે છે. પેઢી ટૂંકા ગાળામાં ખોટ સાથે ઉત્પાદન ચાલુ રાખે છે કે, જેથી ઓછામાં ઓછું અસ્થિર ખર્ચ નીકળી શકે. પરંતુ જો સરેરાશ અસ્થિર ખર્ચ કરતાં પણ ઓછી કિંમત હશે તો પેઢીએ ઉત્પાદન બંધ કરવું પડશે. આમ, ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખા થાય ત્યાં મહત્તમ નફો કે ન્યુનતમ ખોટની સ્થિતિએ સમતુલા પ્રાપ્ત કરે છે. અહીંયા પેઢી લઘુત્તમ ખોટ થાય તેવા પ્રયાસો કરે છે.




આકૃતિમાં OX રેખા પર ઉત્પાદન અને OY રેખા પર આવક/ખર્ચ દર્શાવવામાં આવ્યા છે. P બિંદુએ સીમાંત આવક=સીમાંત ખર્ચ થાય છે OM સમતુલાનું ઉત્પાદન RM=સરેરાશ આવક CM સરેરાશ ખર્ચ છે તેથી CR જેટલી ખોટ આવે છે. આમ, પેઢીની કુલ સરેરાશ આવક OMRS છે. જ્યારે પેઢીનું કુલ ખર્ચ OMCT છે. પરિણામે TCRS જેટલી ખોટ થાય છે. ટૂંકાગળામાં પેઢીઓ જૂથની બહાર જઈ શકતી ન હોવાથી પેઢીએ લઘુત્તમ ખોટ ભોગવવી જ પડે છે.

### 9.2.3 ટૂંકાગાળામાં જૂથની સમતુલા :

જૂથમાં કુલ માંગ અને કુલ પુરવઠા દ્વારા સમતોલ કિંમત નક્કી થાય છે. આ નક્કી થયેલ કિંમતે કુલ માંગ અને કુલ પુરવઠો સરખો થાય તો જૂથ સમતુલા પ્રાપ્ત કરે છે પરંતુ આ સમતુલા કાયમી રહેતી નથી તે અસ્થિર હોય છે. કાયમી કે સ્થિર સમતુલા લાંબાગાળે જ પ્રાપ્ત થાય છે. ટૂંકાગાળામાં કુલ માંગ વધે તો પુરવઠો તેટલો વધારી શકાતો નથી. આથી જૂથમાં પેઢીઓને ઉંચા ભાવ મળે છે અને તેમને અસામાન્ય નફો મળે છે. તેથી વિરૂદ્ધ કુલ માંગ ઘટે તો પુરવઠો તેના જેટલો ઘટાડી શકાતો નથી. આથી ભાવ નીચા જાય છે. પેઢીઓને ખોટ જાય છે. આમ ટૂંકાગાળામાં માંગમાં વધઘટ થતા સમતુલામાં ભંગાણ પડે છે.

આમ, ટૂંકાગાળામાં જૂથમાં અસામાન્ય નફો કરતી પેઢી સામાન્ય નફો કરતી પેઢી અને ન્યુનતમ ખોટ કરતી પેઢી હોઈ શકે છે. આમ, જૂથની ટૂંકાગાળાની સમતુલા કાયમી હોતી નથી.

### 9.2.4 લાંબાગાળામાં પેઢીની સમતુલા :

ઈજારાયુક્ત હરીફાઈમાં ટૂંકાગાળાની સમતુલામાં પેઢીઓને અસામાન્ય નફો પ્રાપ્ત થઈ શકે છે તેવુ બનતું હોય તો જૂથ સમતુલામાં નથી તેમ કહી શકાય કારણ કે અસામાન્ય નફાથી આકર્ષાઈને નવી પેઢીઓનું પ્રવેશ કરવાનું વલણ રહેશે. લાંબાગાળે નવી પેઢીઓ પ્રવેશ કરશે તેથી પેઢીઓની સંખ્યામાં વૃદ્ધિ થશે. નવી પેઢીઓના પ્રવેશને કારણે વ્યક્તિગત પેઢીની માંગ રેખા ડાબી બાજુએ નીચે ખસશે. આમ લાંબાગાળે


પેઢીની સરેરાશ આવક ઘટીને સરેરાશ ખર્ચ જેટલી થશે અને અસામાન્ય નફો અદ્રશ્ય થઈ જશે. પેઢીઓને કિંમત અને ઉત્પાદન અંગે ફેરવિચારણા કરવાની જરૂરિયાત ઉભી થશે. ટૂંકમાં, પેઢીઓની સંખ્યામાં કોઈ ફેરફાર ન થતો હોય ત્યારે જ લાંબાગાળાની સમતુલા સ્થાપાય છે. ''લાંબાગાળાની સમતુલાની સ્થિતિમાં પેઢીઓનું સરેરાશ ખર્ચ અને સરેરાશ આવક સરખા થાય છે અને પેઢીઓને માત્ર સામાન્ય નફો મળે છે.

- **ધારણાઓ :**

ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની આવક, કિંમત ખર્ચ તથા ઉત્પાદનના જુદા-જુદા હોવાથી પ્રો. ચેમ્બરલીને જૂથની સમતુલા સમજાવવા કેટલીક ધારણાઓ કરી છે.

1. જૂથની તમામ પેઢીઓની આવક અને ખર્ચના સંજોગો એકસરખા છે.
2. કોઈ એક પેઢી કિંમત ફેરફાર કરે ત્યારે તેની અસર અન્ય પેઢીઓ પર એકસરખી અને નજીવી થાય છે.
3. જૂથમાં પેઢીઓને મુક્ત પ્રવેશ હોય છે.
4. પ્રત્યેક પેઢીમાં સરેરાશ આવક=સરેરાશ ખર્ચ થાય છે.

જો ટૂંકાગાળામાં પેઢી અસામાન્ય નફો મેળવતી હોય તો લાંબાગાળે અસામાન્ય નફાથી આકર્ષાઈને નવી પેઢીઓ પ્રવેશશે તેમજ જૂની પેઢીઓ ઉત્પાદન વધારશે. તેથી અસામાન્ય નફો અદ્રશ્ય થશે. પેઢીઓને માત્ર સામાન્ય નફો મળશે. જો ટૂંકાગાળામાં પેઢીઓને ખોટ જતી હોય તો લાંબાગાળે કેટલીક પેઢીઓ બંધ થઈ જશે અથવા વધુ કાર્યક્ષમ રીતે ઉત્પાદન કરવાથી ખર્ચમાં ઘટાડો થશે. પેઢીની માંગમાં વધારો થશે એટલે ખોટ ઘટશે. લાંબાગાળે સરેરાશ આવક અને સરેરાશ ખર્ચ સરખા થઈ રહેશે. પેઢી ખોટને બદલે સામાન્ય નફો કમાશે. આ બાબતને નીચેની આકૃતિ દ્વારા સમજી શકાય.




આકૃતિમાં OX રેખા ઉપર ઉત્પાદન અને OY ઉભી ધરી ઉપર આવક/ખર્ચ દર્શાવવામાં આવ્યા છે. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે S બિંદુએ લાંગાગાળાનું સીમાંત ખર્ચ અને સીમાંત આવક સરખા થાય છે. તેમજ OQ ઉત્પાદને સરેરાશ આવક અને સરેરાશ ખર્ચ સરખા થાય છે પેઢીની કુલ આવક OQTP અને પેઢીનો કુલ ખર્ચ પણ

OQTP થાય છે. તેથી પેઢી સામાન્ય નફો કમાય છે પેઢી આ સ્થિતિએ લાંબાગાળાની સમતુલા પ્રાપ્ત કરશે.


### 9.2.5 લાંબાગાળે જૂથની સમતુલા :

જૂથની સમતુલા એટલે એવી સ્થિતિ કે જૂથમાં નવી પેઢીઓ દાખલ ન થાય અને જૂની પેઢીઓ બહાર ચાલી ન જાય. બીજી રીતે કહીએ તો જૂથમાં પેઢીઓની અવર-જવર બંધ થઈ જાય ત્યારે ત્યારે જૂથ સમતુલા પ્રાપ્ત કરે છે. જૂથમાં પેઢીઓની અવર-જવર બંધ થઈ જાય છે અને જૂથ સમતુલા પ્રાપ્ત કરશે. પ્રો. ચેમ્બરલીને જૂથનો ખ્યાલ રજૂ કર્યો છે. આ ખ્યાલને સમજવા માટે તેઓ કેટલીક ધારણાઓ કરે છે. જે નીચે મુજબ છે.

- **ધારણાઓ :**

1. જૂથમાંથી દરેક પેઢી ઉત્પાદન ખર્ચ એક સરખું છે. આથી દરેક પેઢીઓની ખર્ચ રેખાઓ સરખી બને છે.
2. જૂથમાંથી દરેક પેઢીને સરેરાશ આવક (માંગ રેખા) એક સરખી છે.
3. નવી પેઢીઓ જૂથમાં દાખલ થાય છે ત્યારે જૂથમાં રહેલ દરેક પેઢી પર તેની એકસરખી અસર થાય છે.

ટૂંકાગાળામાં પેઢીઓ અસામાન્ય નફો કરતી હોય તો લાંબાગાળે પેઢીઓની સંખ્યા વધશે. અવેજી વસ્તુઓ વધશે અને તેની દરેક પેઢીની માંગ રેખા નીચે તરફ ખસશે તથા માંગ વધુ મૂલ્યસાપેક્ષ બનશે. બીજી તરફ સાધનો મોંઘા થતા દરેક પેઢીના ખર્ચમાં વધારો થવાથી દરેક પેઢીની સરેરાશ ખર્ચ રેખા ઉપર તરફ ખસશે. વાસ્તવમાં દરેક પેઢીની સીમાંત ખર્ચ અને સીમાંત આવક તેમજ સરેરાશ આવક અને સરેરાશ ખર્ચ સરખા થાય તેટલું ઉત્પાદન કરશે અને ત્યાં માત્ર સામાન્ય નફો મળતો હોવાથી નવી પેઢીઓ આવશે નહિ. જૂની પેઢીઓ જૂથ છોડીને ચાલી જશે નહિ. પરિણામે સમગ્ર જૂથ સમતુલામાં આવશે. જે નીચેની આકૃતિ દ્વારા દર્શાવી શકાય.




આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે OQ ધરી પર ઉત્પાદન અને OY ધરી પર કિંમત, આવક, ખર્ચ દર્શાવેલ છે. ઈજારાયુક્ત હરીફાઈ હેઠળ લાંબાગાળામાં જૂથની તથા પેઢીની સમતુલા બન્ને એક જ બાબત બની જાય છે. જે આકૃતિ દ્વારા જોઈ શકાય છે. આકૃતિમાં સીમાંત આવક અને સીમાંત ખર્ચ રેખા એકબીજાને M બિંદુએ છેદે છે. આથી પેઢી OQ જેટલા ઉત્પાદને સમતુલા પ્રાપ્ત કરે છે. OQ ઉત્પાદને OP કિંમત નક્કી થાય છે. સરેરાશ આવક કિંમત જેટલી જ હોય છે. આથી સરેરાશ આવક SQ જેટલી છે. આથી પેઢીને માત્ર સામાન્ય નફો મળે છે. જૂથમાં બધીજ પેઢીઓ આ રીતે સામાન્ય નફો મેળવે છે. આથી જૂથમાં પેઢીઓની અવર-જવર બંધ થઈ જાય છે અને જૂથ સમતુલામાં આવે છે.

- **જૂથની સમતુલાની શરતો :**
  1. સીમાંત આવક=સીમાંત ખર્ચ
  2. સરેરાશ આવક=સરેરાશ ખર્ચ

ઈજારાયુક્ત હરીફાઈમાં લાંબાગાળામાં પેઢીઓના મુક્ત પ્રવેશ અને મુક્ત વિદાયને કારણે પેઢીઓની અવર-જવર ચાલુ રહેવાથી જૂથની તમામ પેઢીઓ સામાન્ય નફો મેળવે છે અને સામાન્ય નફો મળતો હોવાથી જૂથમાં નવી પેઢીઓના પ્રવેશને કોઈ કારણ રહેતું નથી તેમજ તે પેઢી જૂથનો ત્યાગ કરતી નથી. આમ પેઢીઓની સંખ્યા સ્થિર રહે છે.

### 9.2.6 ઈજારાયુક્ત હરીફાઈમાં (ફાજલ) વણવપવરાયેલી ઉત્પાદન શક્તિનો ખ્યાલ :

સામાન્ય રીતે ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં વણવપવરાયેલી ઉત્પાદન શક્તિ જોવા મળે છે. પૂર્ણ હરીફાઈવાળા બજારમાં આપણે જોયું કે લાંબાગાળે પેઢી સમતુલામાં આવે ત્યારે સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ સરખું રહેતાં, સરેરાશ ખર્ચ લઘુત્તમ આવે છે. આથી પેઢી ઈષ્ટકદની હોય છે. જ્યારે ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની લાંબાગાળાની સમતુલા વખતે પણ સીમાંત ખર્ચ કરતાં સરેરાશ ખર્ચ વધુ હોય છે. એટલે કે પેઢીનું સરેરાશ ખર્ચ લઘુત્તમ બને તે પહેલાં જ પેઢી સમતુલા મેળવી લે છે. પરિણામે ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢી પાસે વણવપરાયેલી ઉત્પાદન શક્તિનો પ્રશ્ન જોવા મળે છે. આમ કહી શકાય કે ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢી લઘુત્તમ સરેરાશ ખર્ચે ઉત્પાદન કરતી નહીં હોવાથી પેઢી ઈષ્ટકદની બની શકતી નથી અને ઉત્પાદન શક્તિ વણવપરાયેલી જોવા મળે છે. ઈજારાયુક્ત હરીફાઈમાં પૂર્ણહરીફાઈની જેમ જૂથમાં પેઢીઓનો પ્રવેશ મુક્ત છે. તેથી લાંબાગાળાની સમતુલા વખતે પેઢીને સામાન્ય નફો મળતો હોવા છતાં ઉત્પાદન લઘુત્તમ ખર્ચે થતું નથી. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે પૂર્ણ હરીફાઈની પેઢીની માંગ રેખા આડી ધરીને સમાંતર હોય છે જ્યારે ઈજારાયુક્ત હરીફાઈમાં ઋણ ઢાળવાળી હોય છે.




આકૃતિમાં OX આડી ધરી પર ઉત્પાદન અને OY ઉભી ધરી પર આવક-ખર્ચ દર્શાવેલ છે. ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની લાંબાગાળાની સામાન્ય નફાએ સમતુલા OQ ઉત્પાદને આવશે. પેઢીની સીમાંત ખર્ચની MC રેખા સીમાંત આવક રેખા MR ને S બિંદુએ છેદે છે. ત્યાંથી ઉભી ધરીને લંબ દોરતાં પ્રાપ્ત OQ ઉત્પાદને પેઢી સમતુલા અનુભવે છે. કારણ કે આ સમયે સીમાંત ખર્ચ SQ=સીમાંત આવક SQ થાય છે. સમતુલાના ઉત્પાદને પેઢી PQ કિંમતે વેચાણ કરે છે, કારણ કે સરેરાશ આવકની રેખા એ જ ભાવ રેખા છે. પેઢીની સમતુલા વખતે સરેરાશ ખર્ચ પણ આકૃતિ મુજબ PQ જ છે એટલે કે પેઢીને સામાન્ય નફો મળે છે ત્યારે સરેરાશ ખર્ચ PQ=સરેરાશ આવક PQ છે. પરંતુ આ સમયે સીમાંત ખર્ચ કરતાં સરેરાશ ખર્ચ વધુ છે. આકૃતિમાં સીમાંત ખર્ચ SQ છે. જ્યારે સરેરાશ ખર્ચ PQ છે. પેઢીનું સરેરાશ ખર્ચ K બિંદુએ લઘુત્તમ થઈ શકે, કારણ કે ત્યાં સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચની રેખા એકબીજાને છેદતાં બન્ને સરખાં થવાથી સરેરાશ ખર્ચલઘુત્તમ આવે છે. સરેરાશ ખર્ચ લઘુત્તમ લાવવા OR ઉત્પાદન કરવું જરૂરી છે. પરંતુ ઈજારાયુક્ત હરીફાઈની પેઢીની સરેરાશ આવકની રેખા ઋણ ઢાળવાળી હોવાથી શક્ય નથી, જ્યારે પૂર્ણ હરીફાઈમાં પેઢીની સરેરાશ આવક અને સીમાંત આવકની રેખા એક જ અને આડી ધરીને સમાંતર હોવાથી લાંબાગાળાની સમતુલાએ ઈષ્ટ પેઢી બનતી હોય છે અને વણવપરાયેલી શક્તિનો પ્રશ્ન ઉદ્દભવતો નથી. જ્યારે ઈજારાયુક્ત હરીફાઈમાં સામાન્ય નફાએ પેઢી સમતુલા મેળવે ત્યારે પણ QR જેટલી વણવપરાયેલી શક્તિ પડેલી હોય છે. ઉત્પાદનના સાધનોનો સંપૂર્ણ ઉપયોગ થતો નહીં હોવાથી સમતુલાની સ્થિતિમાં પણ સંપૂર્ણ રોજગારી કે મહત્તમ ઉત્પાદનની ખાતરી મળતી નથી. ઈજારાયુક્ત હરીફાઈમાં વણવપરાયેલી ઉત્પાદન શક્તિ રહેતી હોવાથી ઉંચા ખર્ચે અને ઉંચી કિંમતે વસ્તુ પ્રાપ્ત થાય છે અને સમાજના સાધનો વણવપરાયેલા પડી રહેવાથી સામાજિક દુર્વ્યય પણ થાય છે.

ઈજારાયુક્ત હરીફાઈમાં લઘુત્તમ કરતાં વધુ સરેરાશ ઉત્પાદન ખર્ચે ઉત્પાદન શક્ય હોવાથી જૂથમાં કાર્યક્ષમ અને બિનકાર્યક્ષમ પેઢીઓનું અસ્તિત્વ શક્ય છે. પેઢીની ઉત્પાદન શક્તિ કેટલા પ્રમાણમાં ફાજલ રહેશે તેનો આધાર ઉત્પાદકો, ઉત્પાદન કે ભાવનીતિ ઘડવામાં હરીફાઈના પરિબળો, સંસ્થાકીય આધાર રાખે છે તેના ઉપર છે.

### 9.2.7 વેચાણખર્ચનો ખ્યાલ :

ઈજારાયુક્ત હરીફાઈમાં વસ્તુ પરત્વેનું ચઢિયાતાપણું જાહેરખર્ચ, પ્રચાર, વેચાણકળા વગેરે દ્વારા વેચાણખર્ચ કરીને પણ વસ્તુવિભિન્નતા ઉભી કરવામાં આવે છે. આમ, અનેક પેઢીઓ વિવિધ પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરતી હોવાથી પોતે ઉત્પન્ન કરેલ વસ્તુનું વેચાણ વધે તે માટે વેચાણ ખર્ચ કરે છે. આમ, વસ્તુની કિંમતમાં ઘટાડો કરવા ન ઈચ્છતો વિક્રેતા વેચાણ વધારવા માંગતો હોય તો વેચાણ ખર્ચ કરીને વધારી શકે. જુદાં-જુદાં અર્થશાસ્ત્રીઓએ વેચાણ ખર્ચને સમજવા માટે નીચેની વ્યાખ્યાઓ આપી છે. પ્રો. ચેમ્બરલીનના મતે, ‘‘કોઈ એક વસ્તુની માંગરેખાનું સ્થાન તથા તેના આકારને બદલવા માટે જે ખર્ચ કરવું પડે છે, તે વેચાણખર્ચ છે.’’ પ્રો. મેયર્સના મતે, ‘‘કોઈ એક વસ્તુને બદલે બીજી વસ્તુ ખરીદવાનું ગ્રાહકોને ઠસાવવા માટે જે ખર્ચ કરવું પડે તે વેચાણ ખર્ચ છે.’’ પ્રો. બોલ્ડિંગના મતે, ‘‘કરવા કે પ્રેરવા કે આકર્ષવાની ક્રિયાને વેચાણ ઉત્તેજન કહે છે. વેચાણ ઉત્તેજન સાથે સંકળાયેલું ખર્ચ તે વેચાણ ખર્ચ છે.

વેચાણ ખર્ચ એટલે વસ્તુની માંગ વધારવા જે ખર્ચ થાય છે તેને વેચાણખર્ચ કહેવામાં આવે છે. ઉત્પાદક પોતાની વસ્તુનું વેચાણ વધારવા જાહેર ખબરો, પ્રચાર અને વેચાણકળા પાછળ ખર્ચ કરે છે. દા.ત. વર્તમાન પત્રો, સામયિકોમાં જાહેરખબરો આપીને તેમજ લોકોનું ધ્યાન ખેંચાય તેવા સ્થળોએ ભીંતપત્રોમૂકીને, સિનેમાગૃહોમાં સ્લાઈડો દ્વારા તેમજ ખરીદી સમયે આકર્ષક ભેટ આપીને વેચાણ ખર્ચ કરવું પડે છે.

### 9.2.8 વેચાણ ખર્ચ અને ઉત્પાદન ખર્ચ વચ્ચેનો તફાવત :


વસ્તુનું ઉત્પાદન કરવા માટે જે ખર્ચ કરવો પડે તેને આપણે ઉત્પાદન ખર્ચ કહીએ છીએ. વળી, ઉત્પાદનની ક્રિયામાંતુષ્ટિગુણ વિનાના કે ઓછા તુષ્ટિગુણવાળા પદાર્થોના તુષ્ટિગુણમાં રૂપાંતર, સ્થળાંતર કે સમયાંતર વડે અભિવૃદ્ધિ કરવામાં આવે છે. આમ જે વસ્તુ જે જે સ્વરૂપમાં આવશ્યક હોય તે સ્વરૂપમાં, જે સ્થળે જરૂરી હોય તે સ્થળે, જે સમયે જરૂરી હોય તે સમયે મળી જાય તે માટેની પ્રક્રિયાઓ અને સેવાઓનો સમાવેશ ઉત્પાદનમાં કરવામાં આવે છે. પરિણામે કાચા માલનો ખર્ચ, તૈયાર માલમાં રૂપાંતર કરવા માટેનો ખર્ચ, તૈયાર કરેલી વસ્તુને ગ્રાહકો સુધી પહોંચાડવાનો વાહનવ્યવહાર ખર્ચ અને આમ અંતે ગ્રાહકની જરૂરિયાત સંતોષી શકવા માટે ગ્રાહકના હાથમાં વસ્તુ આવી જાય ત્યાંસુધીના તમામ ખર્ચનો સમાવેશ ઉત્પાદન ખર્ચમાં કરવામા આવે છે. આમ ઉત્પાદનખર્ચ ગ્રાહકોની માંગ સંતોષવા માટે તુષ્ટિગુણનું સર્જન કરે છે અને તેમાં વૃદ્ધિ કરે છે. વેચાણ ખર્ચ માંગ સર્જે છે અને તેમાં ફેરફાર કરે છે. આમ વેચાણ ખર્ચ વસ્તુની માંગમાં વધારો કરે છે. ઉત્પાદન ખર્ચ વસ્તુનાપુરવઠામાં વધારો કરે છે.

### 9.2.9 વેચાણ ખર્ચની માંગરેખા પર થતી અસરો :

વેચાણ ખર્ચની માંગરેખા પર નીચેની બે રીતે અસર કરે છે.

**(અ.) વેચાણ ખર્ચ માંગરેખાનું સ્થાન બદલે છે.**

વેચાણ ખર્ચને લીધે ચાલુ ગ્રાહકો પ્રવર્તમાન કિંમતે વધુ ખરીદી કરવા પ્રેરાય છે તેમજ હરીફ પેઢીઓના ગ્રાહકો વસ્તુને ચઢિયાતી સમજીને વધુ માંગ કરે છે. જેને પરિણામે માંગરેખા જમણી બાજુ ઉંચે ખસે છે. જ્યારે ઉત્પાદક કે વિક્રેતા કિંમતમાં ફેરફાર કર્યા વિના વેચાણ ખર્ચ કરીને વેચાણમાં વધારો કરવા ઈચ્છતો હોય ત્યારે માંગરેખાનું સ્થાન બદલાય છે. અહીં વસ્તુની કિંમત સ્થિર રહે છે છતાં કુલ માંગમાં વધારો થાય છે. જે નીચેની આકૃતિ દ્વારા સમજાવી શકાય.





આકૃતિમાં OX રેખા પર માંગ અને OY રેખા પર વેચાણ ખર્ચ કર્યા પહેલા OP કિંમતે OM જેટલી માંગ છે. જે **DD** માંગ રેખા દર્શાવે છે. પરંતુ ઉત્પાદક વેચાણ ખર્ચ કરે છે. તેથી માંગમાં વધારો થાય છે. વેચાણ ખર્ચ બાદ OP કિંમતે માંગ OM થી વધીને $OM_1$ થાય છે. જે $D_1D_1$ માંગરેખા દર્શાવે છે. વેચાણ ખર્ચને પરિણામે માંગમાં M થી $M_1$ જેટલો વધારો થાય છે. આમ, વેચાણ ખર્ચને કારણે માંગરેખાનું સ્થાન બદલાય છે એટલે કે માંગરેખા જમણી બાજુ ઉંચે ખસે છે.

**(બ.) વેચાણ ખર્ચ માંગરેખાનો આકાર બદલે છે.**

ઉત્પાદકે વિક્રેતા કિંમત હરીફાઈ કરે છે, ત્યારે વેચાણ ખર્ચને લીધે માંગરેખાના આકારમાં ફેરફાર થાય છે. માંગ રેખાનો આકાર (માંગરેખાના ઢોળાવ) માંગની મૂલ્યસાપેક્ષતા સૂચવે છે. માંગરેખાના આકારનો ફેરફાર માંગની મૂલ્યસાપેક્ષતાનો ફેરફાર છે વેચાણ ખર્ચને કારણે માંગરેખાના આકારમાં સરખો ફેરફાર થતો નથી. પરંતુ ક્યારેક માંગ રેખાના ઉપરના ભાગનો આકાર બદલાય છે અને ક્યારેક માંગરેખાનાં નીચેના ભાગનો આકાર બદલાય છે.

**1. માંગરેખાના ઉપરના ભાગમાં આકારમાં ફેરફાર :**


ગ્રાહકની દ્રષ્ટિએ કિંમત નહીં, પરંતુ વસ્તુની ગુણવત્તા મહત્ત્વની હોય ત્યારે વેચાણ ખર્ચ કરવાથી જૂના અને નવા ગ્રાહકોને વસ્તુની ગુણવત્તા સુધરી હોવાની પ્રતીતિ થાય તો માંગરેખાના ઉપરના ભાગના આકારમાં ફેરફાર થાય છે એટલે કે વેચાણ ખર્ચને લીધે માંગની રેખાનો ઉપલો ભાગ ઓછો મૂલ્યસાપેક્ષ બને છે. અહિં કિંમતમાં વધારો કરવા છતાં વેચાણના પ્રમાણમાં ઓછો ઘટાડો થાય છે.




આકૃતિમાં OX રેખા પર માંગ અને OY રેખા પર કિંમત દર્શાવી છે. શરૂઆતમાં OP કિંમતે OM જેટલી માંગ છે. હવી જો કિંમત વધારો કરવામાં આવે તો $OP_1$ કિંમત થતાં માંગ ઘટીને OM થાય છે. તેનો અર્થ એ થાય કે માંગમાં M થી $M_1$ જેટલો ઘટાડો થાય છે પરંતુ વેચાણ ખર્ચ કરીને કિંમતમાં વધારો કરવામાં આવે તો $OP_1$ કિંમતે માંગ $OM_2$ થાય છે. જે માંગરેખા (તૂટક) $D_2D_2$ દ્વારા દર્શાવેલ છે. અહિં વેચાણ ખર્ચ કર્યા વગર કિંમતમાં વધારો કરવામાં આવે તો માંગમાં M થી $M_2$ જેટલો ઘટાડો થાય છે પરંતુ વેચાણ ખર્ચ કર્યા બાદ કિંમતમાં વધારો કરવાથી M થી $M_2$ જેટલો માંગમાં વધારો થાય છે એટલે કે માંગ ઓછી મૂલ્યસાપેક્ષ બને છે.

**2. માંગરેખાના નીચેના ભાગના આકારમાં ફેરફાર :**

વસ્તુની કિંમત ગ્રાહકને માટે મહત્ત્વની હોય ત્યારે વેચાણ ખર્ચને લીધે માંગરેખાની નીચેના ઢાળમાં ઘટાડો થાય છે. અહીં વેચાણ ખર્ચ પહેલાં કિંમતમાં ઘટાડો થાય તેના કરતાં વેચાણ ખર્ચ પછી કિંમતમાં ઘટાડો થાય તો માંગમાં વધુ વધારો થાય છે. આમ, વેચાણ ખર્ચ કરીને વિક્રેતા કિંમત ઘટાડો કરે તો કેટલાક નવા ગ્રાહકો અન્ય ખરીદવાને બદલે સસ્તી થયેલી વસ્તુની ખરીદી વધારશે. તેથી માંગરેખાના નીચેના ભાગના આકારમાં ફેરફાર થાય છે. જે નીચેની આકૃતિ દ્વારા દર્શાવી શકાય.




આકૃતિ મુજબ OX રેખા પર માંગ અને OY રેખા ઉપર કિંમત દર્શાવી છે. શરૂઆતમાં $OP_1$ કિંમત હતી ત્યારે માંગ OM હતી હવે કિંમતમાં ઘટાડો કરીને OP કરવામાં આવે છે ત્યારે માંગ OM થી વધીને $OM_1$ થાય છે જે $D_1D_1$ માંગ રેખા દર્શાવે છે કે માંગમાં M થી $M_1$ જેટલો વધારો થાય છે. જો હવે વેચાણ ખર્ચ કરીને $OP_1$ હતી તે ઘટાડીને OP કરવામાં આવે તો માંગ $OM_2$ થાય છે જે $D_2D_2$ તૂટક માંગરેખા દર્શાવે છે. આમ વેચાણ ખર્ચને પરિણામે OP કિંમતે વસ્તુની માંગ $OM_2$ આમ વેચાણ ખર્ચને પરિણામે માંગમાં $M_1M_2$ જેટલો વધારો થાય છે. વેચાણ ખર્ચને પરિણામે માંગ રેખાના નીચેના આકારમાં ફેરફાર થાય છે.

## 9.3 સારાંશ :

પૂર્ણ હરીફાઈની સરખામણીમાં ઈજારાયુક્ત હરીફાઈમાં ગ્રાહકોને કાં તો વસ્તુની ઉંચી કિંમત આપવી પડશે અથવા નીચી ગુણવતા ધરાવતી વસ્તુ સ્વીકારવી પડશે. સ્પષ્ટ છે કે, પૂર્ણ હરીફાઈની સરખામણીમાં ઈજારાયુક્ત હરીફાઈ ઓછી કાર્યક્ષમતા ધરાવે છે. ઈજારાયુક્ત હરીફાઈની વિભાવના વિસ્તૃત રીતે રજૂ કરનાર જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. ચેમ્બરલીનના મત પ્રમાણે આ બજારના દુર્વ્યયની ચર્ચા કરતી વેળાએ તેના દ્વારા બનાવાતી વિવિધ પ્રકારની વસ્તુઓ, એટલે કે તેમાં જોવા મળતા ઉત્પાદન વૈવિધ્યની અવગણના થવી જોઈએ નહિ. આ ઉપરાંત ગ્રાહકનો સંતોષ માત્ર વસ્તુની કિંમત પર આધાર રાખે છે એવું નથી. ગ્રાહક જે વસ્તુઓ ખરીદે છે તેની પસંદગી દરમિયાન ગ્રાહકને મળતી વૈવિધ્યપૂર્ણ પસંદગીની તક પર પણ આધાર રાખે છે. એ વાત નજર અંદાજ કરી શકાય નહિં.

## ★ ચાવીરૂપ શબ્દો :

**1. ઈજારાયુક્ત હરીફાઈ :** આ એવું બજાર હોય છે જેમાં ઉત્પાદકોની સંખ્યા ઘણી મોટી હોય છે અને જેમાં દરેક વિક્રેતા કુલ બજારના નજીવા હિસ્સા પર કાબૂ ધરાવતો હોય છે. તેમ છતાં તે વસ્તુની કિંમત પર અસર કરી શકવાની ક્ષમતા ધરાવે છે.

**2. ઈષ્ટતમ ઉત્પાદન :** ઉત્પાદનની એવી સપાટી જે ેં’ આકાર ધરાવતી સરેરાશ ઉત્પાદન ખર્ચ રેખાના લઘુત્તમ બિંદુ સાથે સંબંધ ધરાવતી હોય અથવા તે લઘુત્તમ બિંદુને અનુરૂપ કે મળતી હોય.

**3. વસ્તુ વિકલન અથવા વસ્તુ વિભિન્નતા :** જ્યારે ઉત્પાદક એકજ વસ્તુની ભિન્ન ભિન્ન ગુણવત્તા ધરાવતી વસ્તુનો પુરવઠો કરતો હોય.

**4. ઉત્પાદન ખર્ચ :** વસ્તુના ઉત્પાદન માટે ઉત્પાદક દ્વારા કરવામાં આવતો ખર્ચ.

**5. વેચાણ ખર્ચ :** વસ્તુના વેચાણને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતો ખર્ચ.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

**સ્વાધ્યાય :**

1. ઈજારાયુક્ત હરીફાઈવાળું બજાર એટલે શું ?

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

2. ઈજારાયુક્ત હરીફાઈમાં ફાજલ ઉત્પાદન શક્તિનો ખ્યાલ શું છે ?

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

3. વેચાણ ખર્ચને કારણે માંગરેખાનો ઢાળ કેવો થાય છે ?

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**4**. ઈજારાયુક્ત હરીફાઈના લક્ષણો સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

**5**. ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની ટૂંકાગાળાની સમતુલા.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

**6**. ઈજારાયુક્ત હરીફાઈમાં વણવપરાયેલ ઉત્પાદન શક્તિનો ખ્યાલ સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

**7**. વેચાણ ખર્ચની માંગરેખા પરની અસરો સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

**નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે જણાવો.**

1. ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની વસ્તુની માંગ મૂલ્યઅનપેક્ષ હોય છે.
2. ઈજારાયુક્ત હરીફાઈમાં સીમાંત આવક કિંમત બરાબર હોય છે.
3. વેચાણ ખર્ચને પુરવઠા સાથે સંબંધ છે.
4. ઈજારાયુક્ત હરીફાઈમાં લાંબાગાળે દરેક પેઢીને સાધારણ નફો મળે છે.
5. વસ્તુ વિકલન ઈજારાયુક્ત હરીફાઈનું વિશિષ્ટ લક્ષણ છે.

**બહુવિકલ્પીય પ્રશ્નો :**

**1**. ઈજારાયુક્ત હરીફાઈનો ખ્યાલ કોણે આપ્યો ?

અ. માર્શલ

બ. રિકાર્ડો

ક ચેમ્બરલિન

**2**. ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં પેઢીનો ભાવ પર કેવો અંકુશ હોય છે ?

અ. આંશિક

બ. સંપૂર્ણ

ક. બિલકુલ નહિ

**3**. ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢીની વસ્તુની માંગ કેવી હોય છે ?

અ. મૂલ્યસાપેક્ષ

બ. મૂલ્યનિરપેક્ષ

ક. એકમ મૂલ્યસાપેક્ષ

**4**. અમુક બિંદુ પછી વેચાણ ખર્ચની માંગ પર કેવી અસર થાય છે ?

અ. પ્રબળ

બ. નિર્બળ

ક. અનિશ્ચિત

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**ખરા ખોટા**

**1**. ખોટું

**2**. સાચું

**3**. ખોટું

**4**. ખોટું

**5**. સાચું

**ખાલી જગ્યા**

**1**. ક

**2**. અ

**3**. અ

**4**. બ

## ★ સંદર્ભ :


1. અર્થશાસ્ત્રના સિધ્ધાંતો, એસ. કે. ત્રિવેદી
   ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ
2. ધંધાકીય અર્થશાસ્ત્ર, એ. એસ. પટેલ
   કુમાર પ્રકાશન, અમદાવાદ

એકમ 10

# અલ્પ હસ્તક ઈજારો

## રૂપરેખા

10.0 ઉદ્દેશો

10.1 પ્રસ્તાવના

10.2 અલ્પ હસ્તક ઈજારાનો અર્થ

10.3 અલ્પ હસ્તક ઈજારાનાં લક્ષણો

10.3.1 વેચનાર અને ઉત્પાદકોની થોડી સંખ્યા

10.3.2 વસ્તુની વિવિધતા

10.3.3 ઉત્પાદક ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરી શકે છે.

10.3.4 વેચનાર વસ્તુની કિંમત નક્કી કરી શકે છે.

10.3.5 માંગ રેખા ખાંચાવાળી

10.3.6 પરસ્પર અવલંબન

10.3.7 પેઢીઓનું પરસ્પર વિરોધી વલણ

10.3.8 બિનકિંમત હરીફાઈ

10.4 ખાંચાવાળી માંગરેખાનો સિદ્ધાંત

10.4.1 પ્રસ્તાવના

10.4.2 અર્થ

10.4.3 કિંમત જડતા

10.4.4 ધારણાઓ

10.4.5 આકૃતિ સાથે સમજૂતી

10.4.6 મર્યાદાઓ

10.5 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

★ સંદર્ભ

## 10.0 ઉદ્દેશો :

1. વિદ્યાર્થી મિત્રો અલ્પહસ્તક ઈજારો કોને કહેવાય એ સમજશે
2. વિદ્યાર્થી મિત્રો અલ્પહસ્તક ઈજારાનાં લક્ષણો શીખશે.
3. વિદ્યાર્થી મિત્રો ખાચાવાળી માંગરેખાનો સિદ્ધાંત શીખશે.

## 10.1 પ્રસ્તાવના :

અલ્પહસ્તક ઈજારાની સ્થિતિ અમેરિકા જેવા દેશમાં વિશેષ જોવા મળે છે. ત્યાં ઘણીવાર અમુક વસ્તુઓનાં ઉત્પાદન પર બે અથવા થોડીક જ પેઢીઓ સંપૂર્ણ અં-કુશ ધરાવતી હોય છે. અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓની સંખ્યા ઓછી હોવાથી ઘણી વખતેવિભિન્નતાને કારણે ઈજારાનું તત્વ કામ કરતું હોય છે. દરેક ઉત્પાદકનો પોતાની વસ્તુ પૂરતો ઈજારો સ્થપાય છે. અલ્પહસ્તક ઈજારામાં વસ્તુ વિભિન્નતાને કારણે ઊભી થયેલી ઈજારાની પરિસ્થિતિ કોઈ એક ઉત્પાદક કિંમતમાં વધારો કરે છે ત્યારે તેનો વસ્તુના બધાજ ગ્રાહકો બીજા ઉત્પાદકો પાસે જતા રહેતા નથી. એવી જ રીતે અન્ય ઉત્પાદક કિંમતમાં ઘટાડો કરી બીજા તમામ ગ્રાહકોને આકર્ષી શકતો નથી અલ્પહસ્તક ઈજારામાં વસ્તુ વિભિન્નતા ને કારણે એક જ ઉદ્યોગોની જુદી જુદી પેઢીઓ જુદી જુદી કિંમત રાખી શકે છે.

## 10.2 અર્થ /વ્યાખ્યા :

અલ્પહસ્તક ઈજારા માટે અંગ્રેજી Oligopoly શબ્દ છે. Oligos અને Pollein એવા બે ગ્રીક શબ્દનો બનેલો છે. તેનો અર્થ ''થોડા'' અને ''વેચવું'' એવો થાય છે.

'' જયારે કોઈ એક ઉદ્યોગમાં અલ્પ સંખ્યામાં જ ઉત્પાદકો હોય ત્યારે એક ઉત્પાદકના વર્તનથી અન્ય ઉત્પાદકો પર તેની નોંધપાત્ર અસર થતી હોય છે. આ પ્રકારની પરિસ્થિતિને અલ્પહસ્તક ઈજારાના નામે ઓળખવામાં આવે છે.''

''પ્રો.સ્ટીગલર'' અલ્પહસ્તક ઈજારાની વ્યાખ્યા આપતા દર્શાવે છે કે___

''અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓની સંખ્યા એકથી વધુ હોય છે અને તે એટલી વધુ નથી. તેથી વેચનાર તેના હરીફ ઉત્પાદકના કિંમત, ઉત્પાદન અને વેચાણના પ્રયત્નોના અપેક્ષિત વર્તનને આધારે ભાવિનીતિ ઘડવી પડે છે.''

આમ જે ઉદ્યોગોમાં 02 થી ઓછી નહિ અને 20 થી વધુ નહિ તેટલી પેઢીઓ હોય ત્યારે તેને અલ્પહસ્તક ઈજારો કહે છે.

અલ્પહસ્તક ઈજારાની ખાસ વિશિષ્ટતા એ છે કે એક ઉત્પાદકનું વર્તન પોતાના હરીફોના નિર્ણય સાથે સંબંધ ધરાવે છે.અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓની સંખ્યા ખૂબ જ ઓછી હોય છે. વળી પ્રત્યેક પેઢી બજારના કુલ ઉત્પાદનના મહત્વના ભાગ પર અંકુશ ધરાવે છે. જે સમગ્ર ઉદ્યોગોનાં ઉત્પાદન કે વસ્તુના ભાવને અસર કરે છે.

## 10.3 લક્ષણો :

### 10.3.1 વેચનાર કે ઉત્પાદકોની સંખ્યા થોડી.

અલ્પહસ્તક ઈજારામાં વેચનાર કે ઉત્પાદકોની સંખ્યા થોડી હોય છે.(એટલે કે 02 થી વધારે અને 20 થી વધુ નહિ) તેમાં દરેક પેઢીનું કદ એવડું હોય છે કે તેના દ્વારા

થતાં ઉત્પાદનમાં વધારો કે ઘટાડો બજારભાવને ગણનાપાત્ર રીતે અસર કરે છે.ભારતમાં સિમેન્ટ, રાસાયણિક ખાતર, એલ્યુમિનિયમ, મોટરકાર વગેરે ઉદ્યોગોમાં અલ્પહસ્તક ઈજારો જોવા મળે છે.

### 10.3.2 વસ્તુ એકસરખી અથવા તો વસ્તુની વિવિધતા

અલ્પહસ્તક ઈજારામાં વસ્તુ એકસરખી હોય છે અથવા તેમાં વસ્તુની વિવિધતા જોવા મળતી હોય છે. એટલે કે વસ્તુનાં રંગ, રૂપ, કદ, આકાર, સુગંધ વગેરે રીતે વિવિધતા લાવી શકાય છે. દા.ત. મોટરકારના ઉદ્યોગોમાં ભારતમાં કેટલી પેઢીઓ ઉત્પ ાદન કરે છે. દરેક પેઢી દ્વારા ઉત્પાદિત થતી મોટરકાર મોડેલ ગુણવત્તા નામ વગેરેને જુદી પડે છે.

### 10.3.3 ઉત્પાદક ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરે છે.

કુલ પુરવઠાના પ્રમાણમાં દરેક ઉત્પાદક કે વેચનાર પુરવઠાનું કદ ઘણું મહત્વ ધરાવે છે. આ સંજોગોમાં વેચનારનાં ઉત્પાદનમાં ફેરફારો કરવાથી તેની કિંમત પર કેવી અસર થશે તેનો વિચાર કરીને ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરે છે.


### 10.3.4 વેચનાર વસ્તુની કિંમત નક્કી કરી શકે છે.

અલ્પહસ્તક ઈજારામાં વેચનાર વસ્તુની કિંમત નક્કી પણ કરે છે પરંતુ એ ધ્યાન રાખે છે કે તેની અસર હરીફ પેઢી પર કેવી પડશે. જો કિંમત ઘટાડશે તો બીજી અન્ય પેઢીઓ તેને અનુસરશે પરંતુ જો કિંમતમાં વધારો કરશે તો અન્ય પેઢીઓ તેને અનુસરશે નહિ.

### 10.3.5 માંગરેખા ખાંચાવાળી.

અલ્પહસ્તક ઈજારામાંમાંગરેખા ખાંચાવાળીહોય છે. કારણકે જો પેઢી વસ્તુની કિંમત ઘટાડે તો તેના હરીફો પણ વસ્તુની કિંમત ઘટાડે છે. એટલેકે હરીફો કિંમત ઘટાડાને અનુસારે છે. જેથી પેઢી કિંમત ઘટાડી માંગ વધારી શકશે નહિ. તેથી અહીં પેઢીની માંગરેખા ઓછી મૂલ્ય સાપેક્ષ હોય છે.

D




ઉપરોક્ત આકૃતિમા OX ધરી પર ઉત્પાદના એકમો અને OY ધરી વસ્તુની કિંમત દર્શાવવામાં આવેલ છે જયારે DD એ માંગ રેખા છે.B બિંદુએ માંગ રેખામાં ખૂણો જોવા મળે છે.એટલે કે માંગ રેખા બે ભાગમાં વિભાજીત થયેલી AB અને BC.

B બિંદુએ પેઢીની પ્રવર્તતી કિંમત અને માંગ દર્શાવે છે.હવે પેઢી પોતાની પ્રવર્તતી કિંમત કિંમત વધારે તો પોતાના બધા જ ગ્રાહકો ગુમાવે છે.કારણ કે કિંમત વધારાને હરીફ પેઢીઓ અનુસરતી નથી.જયારે કોઈ પેઢી કિંમતમા ઘટાડો કરે ત્યારે અન્ય હરીફ પેઢીઓ આ કિંમત ઘટાડાને અનુસરતી હોય છે. જેના કારણે પેઢી જે પેઢી કિંમત ઘટાડે છે તેની માંગમાં વધારો થતો નથી અને વધારો થાય તો તે નજીવો હોય છે. આથી માંગ રેખામાં ખૂણો જોવા મળે છે.જે AB સુધીનો ભાગ વધુ મુલ્યસાપેક્ષ અને BC ભાગ ઓછો મુલ્યસાપેક્ષ જોવા મળે છે.

આમ બીજા શબ્દોમાં એમ કહી શકાય કે અલ્પહસ્તક ઈજારામા પ્રવર્તતી કિંમતમા વધારો કરતા પેઢી ઘણા બધા જ ગ્રાહકો ગુમાવે છે.જયારે પેઢી પ્રવર્તતી કિંમતથી કિંમત ઘટાડે માંગમા અલ્પ પ્રમાણમા જ વધારો થાય છે.

### 10.3.6 પરસ્પર અવલંબન

અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓ કેટલેક અંશે ઈજારો ધરાવતી હોય છે છતાં તે વસ્તુની કિંમતમાં ફેરફાર કરતી વખતે હરીફ પેઢી પર તેની શું અસર થશે તેનું ધ્યાન પણ તેણે રાખવું પડતું હોય છે. પેઢી ભાવ કે ઉત્પાદન અંગેની નીતિમાં ફેરફાર કરવાનું વિચારતી હોય તો તેણે તેના હરીફોમાં આ બાબતના કેવા પ્રત્યાઘાતો પડશે તે અંગે ધારણાઓ કરવી પડે છે. તેના આધારે તે પોતાની નીતિમાં ફેરફાર કરી શકે છે.

### 10.3.7 પેઢીઓ પરસ્પર વિરોધી વલણ ધરાવે છે.

એકબાજુ તે નફો મહત્તમ થાય એટલા માટે પરસ્પર જોડાણ સાધવાનું વલણ ધરાવે છે. બીજીબાજુ પોતે જમહત્તમ નફો મળે તે માટે બીજી પેઢી સાથે સંઘર્ષ કરવાનું વલણ ધરાવે છે.

### 10.3.8 બિનકિંમત હરીફાઈ પસંદ કરવામાં આવે છે.

અલ્પહસ્તક ઈજારામાં કિંમત કરતા બિનકિંમત હરીફાઈ પસંદ કરવામાં આવે છે કારણકે હરીફ પેઢીઓ તેનો વિરોધ કરી શકતી નથી. વસ્તુનાં રંગ, રૂપ, કદ, આકાર, પેટન્ટ, હક્ક, ટેકનીકલ જ્ઞાનની જરૂરિયાત વગેરેમાં પરિવર્તન કરીને હરીફાઈ કરી શકે છે.

## 10.4 ખાંચાવાળી માંગરેખાનો સિદ્ધાંત

### 10.4.1 પ્રસ્તાવના

અલ્પહસ્તક ઈજારામાં કોઈ એક ઉત્પાદક તેની વસ્તુની કિંમતમાં વારંવાર ફેરફાર કરતો નથી એવો અભિપ્રાય ઓક્સફોર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી હોલ અને હીચે તેમના Price Theory and Business Behaviour નામના લેખમાં આપ્યો હતો. આ અંગે ઝીણવટભરી ચર્ચા પોલ સ્વીઝીએ Demand under conditions of oligopoly નામના લેખમાં કરી છે. તેમના મતે અલ્પહસ્તક ઈજારાની પરિસ્થિતિમાં દરેક પેઢીમાં પ્રવર્તતી કિંમતે માંગના વક્રમાં ખાંચો હોય છે. આ ખાંચાને કારણે ખર્ચની પરિસ્થિતિમાં તેમ જ માંગની પરિસ્થિતિમાં થતાં વિવિધ પરિવર્તનોની કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી.

### 10.4.2 અર્થ

પોલ સ્વીઝીના મતે ગણ્યાગાંઠ્યા ઈજારદારો પોતાની માંગરેખા પૂર્ણ હરીફાઈ જેવી સીધી માંગરેખા ન હોય ત્યારે માત્ર અનુમાન કરી શકે છે અને હરીફોના પ્રતિકારની

કલ્પના કરી શકે છે. પ્રો. કાલ્ડોરઆવી રીતે અનુમાન દ્વારા તૈયાર થયેલી માંગની સૂચિ અને તેને આધારે નક્કી થતી માંગ રેખાને "imagi ned demand curve" ના નામે ઓળખાવે છે. "અલ્પહસ્તક ઈજારામાં વ્યક્તિગત પેઢીના કિંમત ઘટાડાના નિર્ણયને અન્ય પેઢીઓ અનુસરે છે પરંતુ કિંમત વધારાના નિર્ણયને અન્ય પેઢીઓ અનુસરતી નથી. આમ ભાવ – ઘટાડાથી લાભ મળતો નથી અને ભાવ વધારાથી ગેરલાભ થાય છે. આવી પરિસ્થિતિમાં ઈજારાદાર માંગરેખા પર જ્યાં વધુ નિશ્ચિતતા હોય તેવો સહીસલામત ખૂણો પસંદ કરે છે. તેમના જ શબ્દોમાં કહીએ તો "The imagined demand curve has a corner at the current price"

### 10.4.3 કિંમત જડતા

" કિંમત જડતા એક એવી પરિસ્થિતિ છે કે જેમાં માંગ અને પુરવઠાની સ્થિતિ બદલવા છતાં પેઢી કિંમત બદલવાનું વલણ ધરાવતી હોતી નથી."

**★ કિંમત જડતા માટેનાં કારણો**


1. અલ્પ હસ્તક ઈજારાવાળી પરિસ્થિતિમાં સ્પર્ધામાં વ્યક્તિગત પેઢી એમ અનુભવે છે કે પરસ્પર કિંમત સ્પર્ધા કર્યા કરતા કિંમત સ્થિરતા વધુ લાભદાયક છે. આથી તે કિંમત જડતાની અવસ્થા વિશેષ અપનાવે છે.
2. પેઢી જયારે પ્રવર્તમાન ભાવથી સંતુષ્ટ હોય છે ત્યારે બિનજરૂરી જોખમ અને અનિશ્ચિત એવી  કિંમત સ્પર્ધા અપનાવતી નથી. કિંમત જડતાનું વલણ પેઢી અપનાવતી હોય છે.
3. વધુ નફાથી આકર્ષાઈને નવી પેઢીઓ ભવિષ્યમાં દાખલ ન થાય તે માટે ઘણીવાર પેઢી કિંમત જડતાનું વલણ ધારણ કરે છે.
4. પ્રત્યેક પેઢી લાંબે ગાળે કિંમત ઘટાડીને વધુ વેચાણ કરવાને બદલે પ્રવર્તમાન ભાવે વેચાણ કરવાના પ્રયત્નો કરતી હોય છે. આથી કિંમત પરિવર્તનને બદલે કિંમત જડતાની પરિસ્થિતિ અલ્પ હસ્તક ઇજારામાં જોવા મળે છે.
5. અલ્પહસ્તક ઈજારામાં ખાંચાવાળી માંગરેખા જોવા મળતી હોવાથી અર્થતંત્રમાં કિંમત – જડતાનું વલણ પેઢી ધારણ કરે છે.

### 10.4.4 ધારણાઓ

1. અલ્પહસ્તક ઈજારામાંઉદ્યોગમાં વસ્તુની એક એવી કિંમત સ્થાપિત થાય છે કે જેનાથી બધી પેઢી ને સંતોષ થાય છે.
2. દરેક પેઢીનું વલણ તેની હરીફ પેઢીના વલણ પર આધાર રાખે છે.
3. જો કોઈ પેઢી કિંમત ઘટાડો કરશે તો બધી પેઢી તેને અનુસરશે.
4. જો કોઈ પેઢી કિંમત વધારો કરશે તો અન્ય પેઢી તેને અનુસરશે નહિ.
5. સીમાંત ખર્ચની રેખા સીમાંત આવકની રેખાના બે ભાગો વચ્ચેથી પસાર થાય છે.

## 10.4.5 આકૃતિ સાથે સિદ્ધાંતની સમજૂતી.

આકૃતિની સમજૂતી




ઉપરની આકૃતિમાં OX ધરી પર માંગના એકમો અને OY ધરી વસ્તુની કિંમત દર્શાવામાં આવેલ છે. $D_2D_1$ માંગનો વક્ર છે. MR સીમાંત આવકનો વક્ર છે. આકૃતિમાં $OP_0$ પ્રવર્તમાન કિંમત છે. $D_2D_1$ પ્રવર્તમાન કિંમતે ખાંચો હોવાથી સીમાંત આવકના વક્રમાં સંતુલિત ઉત્પાદન વખતે અમુક કક્ષા સુધી સાતત્ય પેદા થતું ન હોવાથી તેના બે ટુકડાઓ પડી જાય છે. જેમ ખાંચાની તીવ્રતા વધારે હોય તેમ સીમાંત આવકના વક્રના બે ટુકડાઓ વચ્ચેનું અંતર વધે છે. $MC_1$ અને $MC_2$ એ સીમાંત ખર્ચના વક્રો છે. જે MR( સીમાંત આવક)ના ટપકા વાળા ભાગ માંથી પસાર થાય છે.માટે પેઢીએ ઉત્પાદન પ્રમાણ કે કિંમતમા ફેરફાર કરવાનો રહેતો નથી. આમ,જ્યાં સુધી નવી સીમાંત ખર્ચ રેખા પસાર થાય ત્યાં સુધી કિંમત સ્થિર રહે છે. પેઢી તે બિંદુએ મહત્તમ નફો પ્રાપ્ત કરે છે,અને સમતુલા પ્રાપ્ત કરે છે.

જો ખર્ચમાં ફેરફાર થાય તો પણ જ્યાં સુધી સીમાંત આવક વક્રના તુટક ભાગ માંથી પસાર થતો હશે ત્યાં સુધી કિંમત અને ઉત્પાદનમાં ફેરફાર થશે નહિ.તે ઉપરાંત માંગમાં ફેરફાર થાય તો પણ કિંમત કેટલાક સંજોગોમાં સ્થિર રહે છે.એટલે કે ખર્ચ કે માંગમાં ફેરફાર થતા કિંમત સ્થિર રહે છે તેવું ખૂણાવાળા માંગવક્ર પરથી કહી શકાય.

## 10.4.6 મર્યાદા

૧. પ્રો.સ્ટીગ્લર ના મતે ભાવમાં એકવાર પરિવર્તન થવાથી માંગના વક્રમાં ખાંચો ઉદ્દભવતો હોય છે. હવે ફરીથી ભાવ પરિવર્તન કરીને માંગના વક્રમાં ખાંચો ઉત્પન્ન કરવો તે ન્યાય સંગત નથી.

૨. માંગના વક્રના વિશ્લેષણમાં હરીફોની સંખ્યા આર્થિક જોડાણની શકયતાઓ વસ્તુઓનો પ્રકાર વગેરે ધ્યાનમાં લેવામાં આવતું નથી.

૩. પ્રો.સ્ટીગ્લર ઘણા અભ્યાસોને આધારે એવું તારવે છે કે માંગના વક્રના ખાંચાવાળા

વિશ્લેષણમાં જે માની લેવામાં આવે છે કે કિંમત વધારાને અન્ય પેઢી અનુસરતી નથી તે માન્યતા સર્વાંશે સાચી નથી.

## 10.5 સારાંશ :

ઉપરની સમગ્ર ચર્ચાનો સારાંશ એ છે કે -

1. જયારે અલ્પહસ્તક ઈજારામાં કોઈ એક પેઢી પ્રતિનિધિત્વ ધરાવતી હોય ત્યારે જો તે કિંમતમાં વધારો કરશે ત્યારે તેને અનુસાર અન્ય પેઢીઓ પણ તેનું અનુકરણ કરશે.
2. જયારે અલ્પહસ્તક ઈજારો પ્રવર્તમાન હોય અને કોઈ એક પેઢી ગુપ્ત રીતે કિંમતમાં ઘટાડો કરી, ગ્રાહકોને આકર્ષતી હોય ત્યારે જ્યાં સુધી અન્ય હરીફ પેઢીઓને આ કિંમત ઘટાડવાની જાણ નહિ હોય ત્યાં સુધી તે પેઢી ગ્રાહકોને વધુ સંખ્યામાં આકર્ષી શકશે. આ સંજોગોમાં ઉપરના માંગના વક્રના ઢાળ જેટલો જ વક્રનો નીચેનો ટુકડો પણ ઢાળવાળો બને છે. આથી માંગના વક્રની ખાંચ દૂર થાય છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

અલ્પહસ્તક ઈજારો (Oligopoly)- જયારે કોઈ એક ઉદ્યોગમાં અલ્પ સંખ્યામાં જ ઉત્પાદકો હોય ત્યારે એક ઉત્પાદકના વર્તનથી અન્ય ઉત્પાદકો પર તેની નોંધપાત્ર અસર થતી હોય તેવી સ્થિતિ.

સીમાંતખર્ચ (Marginal cost) - એક વસ્તુના એકમનું વધારે ઉત્પાદન કરવાથી કુલ ખર્ચમાં થતો ફેરફાર.

સીમાંત આવક (Marginal Income)-એક એકમના વેચાણમાં વધારો કરવાથી કુલ આવકમાં થતો ફેરફાર.

માંગરેખા (Demand Curve) - વસ્તુની માંગ અને કિંમત વચ્ચેનો સંબંધ દર્શાવતી રેખા, તે સામાન્ય વસ્તુમાં ઋણ ઢાળ ધરાવે છે.

પુરવઠા રેખા – (Supply Curve) -વસ્તુના પુરવઠા અને કિંમત વચ્ચેનો સંબંધ દર્શાવતી રેખા. તે ધન ઢાળ ધરાવે છે.

## ★ તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલા પ્રશ્નો સવિસ્તાર સમજાવો.**

1. અલ્પહસ્તક ઈજારો એટલે શું ? તેનાં લક્ષણો સમજાવો.
2. ખાંચાવાળી માંગરેખાનો સિદ્ધાંત સમજાવો ?

**(બ) નીચે આપેલા પ્રશ્નો ટૂંકમાં સમજાવો.**

1. અલ્પહસ્તક ઈજારાનો અર્થ સમજાવો ?
2. ઈજારાનાં લક્ષણ સમજાવો ?
3. ખાંચાવાળી માંગરેખાની ધારણા સમજાવો ?
4. કિંમત જડતા માટેનાં કારણો સમજાવો ?

**(ક) ખાલી જગ્યા પૂરો.**

(1) અલ્પહસ્તક ઈજારામાં ____________ પ્રકારની હરીફાઈને વધારે પસંદ કરવામાં આવે છે.

A બિનકિંમત B કિંમત

C માત્ર A D A અને B

(2) અલ્પહસ્તક ઈજારામાં પેઢીની સંખ્યા ____________ હોય છે.

A થોડીક B 20 થી વધુ

C 30 થી ઓછી D માત્ર એક

(3) ખાંચાવાળા સિદ્ધાંતમાં માંગરેખામાં ખાંચો જોવા મળે છે કારણ કે ..........

A હરીફો કિંમત વધારે

B હરીફો કિંમત નવધારવાથી

C તમામ પેઢી કિંમતમાં સરખો ફેરફાર કરે.

D ઉત્પાદન ખર્ચ વધવાથી.

(4) ખાંચાવાળા માંગરેખાના સિદ્ધાંત _____________ એ વિકસાવ્યો.

A એડમ સ્મિથ B માર્શલ

C પોલ સવીઝ D જે.એમ.કેઈન્સ.

(5) કિંમત જડતા માટેનાં ______________ કારણો છે :

A કિંમત સ્થિરતા વધુ લાભદાયી છે.

B વધુ નફાથી આકર્ષાઈને નવી પેઢીઓ દાખલ ન થાય.

C કિંમત ઘટાડા કરતાં સ્થિર કિંમતે વધારે વેચાણ

D ઉપરોક્ત બધાં વિકલ્પો.

(6) કિંમત જડતા એટલે ...........

A કિંમતમાં વધારો કરવો. B કિંમતમાં ઘટાડો કરવો.

C કિંમત સ્થિર રાખવી. D ઉપરોક્ત બધાં વિકલ્પો.

(7) Oligopoly શબ્દનો અર્થ ___________

A પૂર્ણ હરીફાઈ B અલ્પહસ્તક ઈજારો

C ઈજારો D ઈજારાયુક્ત હરીફાઈ

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) A

(2) A

(3) B

(4) C

(5) D

(6) C

(7) B

## ★ સંદર્ભ :


Principles of Microeconomics - Ahuja H.L.

The Theory of Price -George j. Stigler

Indian Economy -Agrwal A.N.

Modern Micro Economics - A. Koutsoyannis

# વિભાગ

# 4

## સાધન કિંમતો - વેતન અને વ્યાજ


| | |
|---|---|
| એકમ-11 સાધન કિંમતો – વેતન-1 | 187 |
| એકમ-12 સાધન કિંમતો – વેતન-2 | 195 |
| એકમ-13 સાધન કિંમતો – વ્યાજ - 1 | 207 |
| એકમ-14 સાધન કિંમતો – વ્યાજ - 2 | 219 |

એકમ 11

# સાધન કિંમતો – વેતન-1

## રૂપરેખા

11.0 ઉદ્દેશો
11.1 પ્રસ્તાવના
11.2 વેતનનો અર્થ
11.3 વસ્તુ મૂલ્યનિર્ધારણ
11.4 વહેંચણીનો સિમાંત ઉત્પાદકતાનો સિધ્ધાંત/નિયમ
  11.4.1 સિધ્ધાંતનો ઉદભવ વિકાસ
  11.4.2 ધારણાઓ
  11.4.3 વેતન નિર્ધારણ-અનુસૂચિ દ્વારા
  11.4.4 આકૃતિદ્વારા રજુઆત
  11.4.5 સિધ્ધાંતનું મહત્વ
  11.4.6 સિધ્ધાંતની મર્યાદા
11.5 સારાંશ
★ ચાવીરૂપ શબ્દો
★ તમારી પ્રગતિ ચકાસો
★ તમારી પ્રગતિ ચકાસોના ઉતરો (જવાબો)
★ સંદર્ભ

## 11.0 ઉદ્દેશો :

આ પ્રકરણના અભ્યાસ બાદ તમે :

1. વેતનને વિશાળ અર્થમાં સમજી શકશો.
2. સિમાંત ઉત્પાદકતા તથા વેતનના વહેંચણીના સિમાંત ઉત્પાદકતાના સિધ્ધાંતને જાણી શકશો.

## 11.1 પ્રસ્તાવના :

ઉત્પાદનના જુદા જુદા સાધનો જેવા કે જમીન, મૂડી શ્રમ અને નિયોજકને ઉત્પાદન પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ વળતર ચુકવવામાં આવે છે. જેમાથી શ્રમિકને ઉત્પાદન કાર્યમાં ભાગ લેવા બદલ જે વળતર ચુકવવામાં આવે છે તે વેતન તરીકે ઓળખાય છે. શ્રમિક ઉત્પાદન પ્રવૃત્તિમાં એક મહત્વની ભૂમિકા ભજવે છે. આથી

તેને યોગ્ય વળતર પ્રાપ્ત થવુ પણ જરૂરી છે. આ ઉપરાંત વેતન શ્રમિકની ખરીદશકિત તથા તેનું જીવનધોરણ નક્કી કરનારું પરીબળ છે. આથી શ્રમિકને તેની કાર્યક્ષમતા તથા તેની સિમાંત ઉત્પાદકતા પ્રમાણે વળતર મળવુ જરૂરી છે, જેથી શ્રમિકોનું શોષણ પણ ન થાય, તેની સાથે સાથે ઉત્પાદન એકમના માલિકને પણ વધુ પડતર રકમ ન ચુકવવી પડે તે રીતે વેતન મળવુ જરૂરી છે. અહીં આપણે વેતન તેમજ વેતનનો સિમાંત ઉત્પાદકતા સિધ્ધાંતને સમજવાનો પ્રયાસ કરીશું.

## 11.2 વેતનનો અર્થ :

વેતન શબ્દનો ઉપયોગ વ્યવહારમાં આપણે ઘણી બધી વાર કરતા હોઇએ છીએ અને તેને આપણે નાણાકીય વળતર એવા અર્થમાં લઇએ છીએ. પરંતુ અર્થશાસ્ત્ર મુજબ માત્ર શારીરિક શ્રમ જ નહીં પરંતુ શારીરિક અથવા માનસિક શ્રમ કે બન્ને શ્રમ કરવા માટે વ્યકિતને જે વળતર ચુકવવામાં આવે છે તેને વેતન કહેવામાં આવે છે. બેન્હમના શબ્દોને આ સંદર્ભમાં નોંધીએ તો ‘‘નક્કી થયેલા કરાર પ્રમાણે શ્રમિકને તેની સેવા બદલ જે કઇ વળતર ચુકવવામાં આવે છે. તેન વેતન કહે છે.’’ બીજા શબ્દોમાં કહીએ તો ઉત્પાદનના અન્ય સાધનોની જેમ ઉત્પાદન પ્રવૃતિમાં ભાગ લેવા બદલ શ્રમિકને તેના શારીરિક કે માનસિક અથવા બન્ને શ્રમના બદલામાં જે કઇ પણ વળતર ચુકવવામાં આવે છે. તેને વેતન તરીકે ઓળખવામાં આવે છે. દા.ત શ્રમિક અથવા શિક્ષકને ચુકવાતું વેતન

## 11.3 વસ્તુનું મૂલ્ય નિર્ધારણ

કોઇપણ વસ્તુનું મૂલ્ય તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. જયાં બન્ને સરખા થાય ત્યાં વસ્તુની કિંમત નક્કી થાય છે. તેમ સાધનોનું મૂલ્ય પણ તેની માંગ અને પુરવઠાથી સંયુકત રીતે નક્કી થાય છે. આથી ઘણા બધા અર્થશાસ્ત્રીઓ એવુ માને છે કે સાધનોના મૂલ્ય નિર્ધારણ માટે કોઇ અલગ સિધ્ધાંતની આવશ્યકતા નથી.

પરંતુ ઘણા બધાં અર્થશાસ્ત્રીઓ સાધોનોની માંગ અને વસ્તુની માંગ એક સરખી નથી એવું માને છે, કારણકે વસ્તુઓની ઉપભોકતા દ્વારા માંગ થાય છે અને સાધનોની માંગ ઉત્પાદક દ્વારા થાય છે. ઉપભોકતા પોતાની જરૂરિયાત સંતોષવા કોઇ પણ વસ્તુની માંગ કરે છે. જયારે ઉત્પાદક વ્યકિતગત જરૂરિયાત માટે નહિ પણ બજારમાં વસ્તુઓની માંગ છે તેના કારણે સાધનોની માંગ કરે છે. તેથી આપણે તેને ‘વ્યુત્પન્ન’ માંગ તરીકે ઓળખીએ છીએ, જયારે વસ્તુઓની માંગને ‘પ્રત્યક્ષ’ માંગ કહે છે.

બીજો મહત્વનો તફાવત ઉત્પાદન ખર્ચ છે. ઉત્પાદન ખર્ચની ગણતરી સાધનોને ચૂકવાયેલી કિંમતને આધારે નક્કી કરવામાં આવે છે. પરંતુ સાધનોનું ઉત્પાદન ખર્ચ કેવી રીતે ગણવું ? જમીન એ કુદરતે આપેલી ભેટ છે તો તેના ઉત્પાદન ખર્ચની ગણતરી કેવી રીતે કરવી ? એક વધારાના શ્રમિકના ખર્ચને કેવી રીતે ગણવું ? જમીન સુધારા વધારાનો ખર્ચને માપી શકાય અને શ્રમની ગુણવત્તા સુધારા માટેના તાલીમ ખર્ચને પણ માપી શકાય છતા સાધનોના ઉત્પાદનખર્ચનો ખ્યાલ બંધબેસતો નથી. વળી, શ્રમ ઉત્પાદનું સજીવ સાધન છે. તેની સેવાનો પુરવઠો તેની આરામની માંગ સાથે સંકળાયેલો છે. આવા અનેક પ્રશ્નોના કારણ સાધનોના મૂલ્ય નિર્ધારણના એક અલગ સિધ્ધાંતની આવશ્યકતા જણાય છે.

## 11.4 વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિધ્ધાંત/નિયમ :

ઉત્પાદનના સાધન તરીકે કોઇ પણ શ્રમિક એવી મહત્વની ભૂમિકા ભજવે છે. કારણકે શ્રમિક ઉત્પાદન પ્રક્રિયાનું એક સજીવ સાધન છે. નિયોજક માટે શ્રમિકને ચુકવવામાં આવતું વળતર પણ ઉત્પાદન પડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. સામાન્ય રીતે સીમાંત ઉત્પાદકતાનો સિધ્ધાંત વેતન નિર્ધારણ માટે ઉપયોગી થતો અગત્યનો સિધ્ધાંત છે. પૂર્ણ હરિફાઇ કે પછી અપૂર્ણ હરીફાઇ બન્નેમા વેતન નિર્ધારણ માટે સીમાંત ઉત્પાદકતાનો સિધ્ધાંત ઉપયોગી થાય છે.

કોઇપણ નિયોજકના દ્રષ્ટિકોણથી વિચારીએ તો જયારે નિયોજક શ્રમિકને ઉત્પાદન પ્રવૃતિમાં કામે લગાડે, ત્યારબાદ વધુ એક શ્રમિકને ઉત્પાદન પ્રવૃતિમાં કામે લગાડે, તો પ્રશ્ન એ થાય કે નિયોજક કયાં સુધી વધારે શ્રમિકોને કામે લગાડવા ચાલુ રાખશે?તો તેનો જવાબ એ છે કે જયાં સુધી શ્રમિક સીમાંત આવક ઉત્પાદકતા અને તેને ચુકવવામાં આવતુ વેતન બન્ને એક સરખા ન થઇ જાય. પૂર્ણ હરિફાઇમાં વસ્તુ બજાર તથા સાધન બજાર બન્નેમાં દરેક પેઢી દ્વારા શ્રમિકોને ચુકવવામાં આવતું વેતન એ સીમાંત ભૌતિક ઉત્પાદકતાના મૂલ્ય જેટલી થાય છે. અહી કોઇપણ શ્રમિકને ચુકવવામાં આવતું વેતનએ તેની સીમાંત ભૌતિક ઉત્પાદકનના મૂલ્ય કરતાં વધારે હોતુ નથી. કારણ કે આમ કરવાથી નિયોજકને નુકશાન ભોગવવું પડે છે. અહી જો વધારે વેતન ચુકવવામાં આવે તો સામે નિયોજકને સીમાંત ઉત્પાદનમાં તેટલું વળતર પ્રાપ્ત થતું નથી માટે નિયોજકને નુકશાન ઉઠાવવું પડે છે. આ ઉપરાંત પૂર્ણ હરિફાઇ હોવાને કારણે દરેક શ્રમિક એક સરખી ગુણવત્તા ધરાવે છે. આથી શ્રમિકને મળતુ વેતનએ સીમાંત આવક ઉત્પાદકતા જેટલું હોય છે.

### 11.4.1 સિધ્ધાંતની ધારણાઓ :

- ઉત્પાદનના સાધન બજારમાં અને વસ્તુ બજારમાં પૂર્ણ હરિફાઇ પ્રવર્તે છે. આનો અર્થ એ છે કે.....

  - ઉત્પાદનના સાધનોનો પુરવઠો સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ છે. એટલે કે નિયોજકને પ્રવર્તમાન કિંમતે ઉત્પાદનાં જોઇએ તેટલાં એકમો મેળવી શકે છે.

  - વસ્તુની માંગ પણ સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ જોવા મળે છે. એટલે ઉત્પાદકને વધારે સાધનો રોકી વધારે વેચાણ કરવા માટે કિંમત ઘટાડવી પડતી નથી પ્રવર્તમાન કિંમતે ગમે તેટલા એકમોનું વેચાણ કરી શકે છે.


- સાધન સંયોજન પરિવર્તનશીલ છે. એટલે કે અન્ય સાધનો સ્થિર રાખી કોઇ એક સાધનમાં વધારો-ઘટાડો કરી શકે છે.
- સાધનોના દરેક એકમો એકરૂપ છે.
- ઉત્પાદનાં દરેક સાધનો સંપૂર્ણ ગતિશીલ છે.
- અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી જોવા મળે છે.
- ઉત્પાદન પધ્ધતિ સ્થિર છે.
- સિધ્ધાંત ઘટતી પેદાશના નિયમ પર આધારિત છે.
- સાધનોની સીમાંત ઉત્પાદકતા માપી શકાય છે.
- નિયોજકનું ધ્યેય મહત્તમ નફા પ્રાપ્તિનું છે.

### 11.4.2 સિધ્ધાંતની સમજુતી :

ઉત્પાદનનાં સાધનોને તેની સીમાંત ઉત્પાદકતા જેટલું વળતર આપવામાં આવે છે. અન્ય સાધનોને સ્થિર રાખી કોઈ એક સાધનમાં વધારો કરવાથી કુલ ઉત્પાદનમાં જે વધારો થાય છે તેને સીમાંત ભૌતિક ઉત્પાદન કહે છે. તેને ચાલુ બજાર ભાવે વેચવાથી પ્રાપ્ત થતી આવકને સીમાંત આવક ઉત્પાદકતા તરીકે ઓળખવામાં આવે છે.

| શ્રમિકોની સંખ્યા | કુલ ઉત્પાદન | સીમાંત ઉત્પાદન | બજાર ભાવ (એકમદીઠ રૂા) | સીમાંત ઉત્પાદકતા | વેતનદર | વધારાના શ્રમિકને રોકવાથી પ્રાપ્ત થતું ચોખ્ખુ વળતર |
|---|---|---|---|---|---|---|
| 1 | 15 | 15 | 1 | 15 | 08 | 07 |
| 2 | 32 | 17 | 1 | 17 | 08 | 09 |
| 3 | 46 | 14 | 1 | 14 | 08 | 06 |
| 4 | 56 | 10 | 1 | 10 | 08 | 02 |
| 5 | 64 | 08 | 1 | 08 | 08 | 00 |
| 6 | 70 | 06 | 1 | 06 | 08 | -02 |
| 7 | 74 | 04 | 1 | 04 | 08 | -04 |

ઉપરોકત અનુસૂચિમાં આપણે ઉત્પાદનનાં અન્ય સાધનોને સ્થિર ધારી માત્ર શ્રમિકોની સંખ્યામાં વધારો કરવામાં આવે છે. આ ઉપરાંત બજારમાં પૂર્ણ હરિફાઈ હોવાના કારણે આપણે બજાર ભાવ પણ સ્થિર ધારી લેવામાં આવ્યા છે. ઉત્પાદનનાં બધા જ સાધનો એકરૂપ હોવાના કારણે તેમને મળતુ વેતન પણ સ્થિર ધારવામાં આવ્યું છે. જે દરેક શ્રમિકદીઠ રૂા. આઠ છે. જેમ જેમ શ્રમિકોની સંખ્યામાં વધારો કરવામાં આવે છે. તેમ સીમાંત પેદાશમાં અમુક તબકકા સુધી વધારો થાય છે અને બાદમાં ઘટતા મળતરના નિયમના કારણે ઘટાડો થાય છે. પ્રથમ શ્રમિકને જયારે રાખવામાં આવે ત્યારે સીમાંત પેદાશ રૂા. 15 અને શ્રમિકને આપવામાં આવતું વેતન રૂા. 8 (આઠ) છે. એટલે ચોખ્ખુ વળતર રૂા. 7 છે એ નિયોજકનો નફો છે. ક્રમશઃ શ્રમિકનાં પ્રમાણમાં વધારો કરતાં પાંચમા શ્રમિકે શ્રમિકને આપવામાં આવતું વેતન અને સીમાંત ઉત્પાદકતા બન્ને સરખા થાય છે. ત્યા નિયોજકને મળતો નફો પણ શૂન્ય થાય છે. એટલે પાંચમા એકમે શ્રમિકનું વેતન નક્કી થાય છે. કારણકે ત્યાં વેતન અને સીમાંત વળતર બન્ને સરખા થાય છે. જો પાંચમા એકમ બાદ પણ શ્રમિકમાં વધારો કરવામાં આવે તો નિયોજકને ખોટ જાય છે. જે છઠ્ઠા અને સાતમાં એકમે -02 અને -04 છે. અહી પાંચમા શ્રમિકે પેઢી સમતુલા અનુભવશે. શ્રમનું વેતન તેની સીમાંત ઉત્પાદકતા જેટલું નક્કી થાય છે. શ્રમિકની જેમ અન્ય સાધનોને પણ સીમાંત ઉત્પાદકતાએ બરાબર વળતર મળે છે. તેમ કહી શકાય, જો સાધનોને આપવામાં આવતું વળતર તેની સીમાંત ઉત્પાદકતા કરતા વધારે હશે તો નિયોજક સાધનોમાં ઘટાડો કરે છે. વળતર ઓછું હશે તો સાધનોમાં વધારો કરે છે. જયાં સુધી સાધનોની સીમાંત ઉત્પાદકતા અને સાધનની કિંમત સરખા ન થાય ત્યાં સુધી સાધન સંયોજનમાં ફેરફાર કરે છે. આ બાબતને આપણે આકૃતિથી સમજીએ.




ઉપરોક્ત આકૃતિમા OX ધરી પર સાધનોની માંગ દર્શાવેલ છે. અને OY ધરી પર તેની કિંમત દર્શાવવામાં આવેલ છે. દરેક સાધને OP જેટલું વળતર આપવામાં આવે છે. કારણકે બજારમાં પૂર્ણ હરિફાઇ હોવાના કારણે OP કિંમતે ગમે તેટલા સાધનો મળી શકે છે. MRP સીમાંત આવક ઉત્પાદકતા રેખા છે. જે સાધનોની માંગ દર્શાવે છે. OM જેટલા સાધનો રોકવામાં આવે છે. કારણકે E બિંદુએ સાધનોની કિંમત અને સાધનોની સીમાંત ઉત્પાદકતા સરખા થાય છે.

જો વધુ એકમે (OM2) રોકવામાં આવે તો કિંમત કરતા સીમાંત ઉત્પાદકતા ઓછી છે. તેથી નિયોજકને ખોટ જાય છે. બીજી તરફ જો OM2 જેટલા સાધનો રોકવામાં આવે તો કિંમત કરતા સીમાંત ઉત્પાદકતા વધુ છે. તેથી હજુ પણ વધારે સાધનો રોકવાથી નિયોજકનો નફો વધી શકે છે. આથી સાધનોની કિંમત અને સાધનોની સીમાંત ઉત્પાદકતા સરખી થાય ત્યાં સાધનોનું કિંમત નિર્ધારણ થાય છે.

### 11.4.3 નિયમની મર્યાદા :

1. આ સિધ્ધાંતમાં દરેક શ્રમિક એક સમાન ગુણવત્તા ધરાવે છે. તેવું માનવામાં આવે છે. વાસ્તવમાં શ્રમિકોની ગુણવત્તા કે કાર્યક્ષમતા એકસમાન હોતી નથી.
2. વાસ્તવિકતા જોવા જઇએ તો બજારમાં દરેક નિયોજક સીમાંત ઉત્પાદકતા કે સીમાંત આવક ઉત્પાદકતાના ખ્યાલથી જરા પણ પરિચિત હોતો નથી. માટે વેતન ચુકવતી વખતે તે કોઇ આવું વિશ્લેષણ કરતાં નથી માટે આ સિધ્ધાંત એટલો વ્યવહારુ નથી. હકીકતમાં જયારે મહત્તમ નફા વિશે નિયોજક વિચારે ત્યારે એ પોતાને પ્રાપ્ત થતાં સીમાંત ઉત્પાદન કે પ્રાપ્ત થતી આવક જેવી બાબતો તેના ધ્યાન પર આવે છે.
3. પૂર્ણ હરિફાઇની ધારણા જે વસ્તુ બજાર કે સાધન બજાર માટે કરવામાં આવે છે. તે પણ અવાસ્તવિક છે.
4. વસ્તુની બજારમાં માંગમાં વધારો થાય ત્યારે સાથે સાથે સાધન બજારમાં શ્રમિકોની માંગમાં પણ વધારો થાય અથવા વસ્તુની માંગ ઘટતા શ્રમિકોની માંગમાં પણ ઘટાડો થાય તેવું થતું નથી. આમ, વાસ્તવમાં માંગના વધારા ઘટાડાની સાથે શ્રમિકોની માંગમાં પણ વસ્તુના ટૂંકાગાળામાં કોઇ ફેરફારો થતા નથી.
5. સિધ્ધાંતમાં શ્રમિકોની સંપૂર્ણ હરિફાઇ ગતિશિલતાની ધારણા કરવામાં આવે છે.હકીકતમાં શ્રમિકએ સજીવ સાધન હોવાથી ભાષા,સંસ્કૃતિ, રીતિરિવાજ વગેરે બાબતો અસર કરતી હોવાથી શ્રમિકોની એક જગ્યાએથી બીજી જગ્યાએ ગતિશિલતા એટલી સરળ નથી.

6. આ સિધ્ધાંતમાં પૂર્ણ રોજગારીની ધારણા કરવામાં આવે છે. જયારે હકીકતમાં બજારમાં પૂર્ણ રોજગારી જોવા મળતી નથી.

## 11.5 સારાંશ :

આ પ્રકારણમાં આપણે જોયું કે, શ્રમિકને ઉત્પાદન પ્રવૃત્તિનું એક મહત્વનું અંગ છે. શ્રમિક ભાગીદારીથી ઉત્પાદન પ્રવૃત્તિ સારી રીતે પાર પાડે છે. જેમાં શ્રમિકોની કુશળતા, કાર્યદક્ષતા, અનુભવ અને જ્ઞાન ઉત્પાદકને ઉત્પાદન પ્રવૃતિને સારી રીતે પાર પાડવામાં મદદરૂપ બને છે. આમ, ઉત્પાદન પ્રવૃતિમાં ઉત્પદનના બીજા ઉત્પાદનના સાધનોની સાથે શ્રમિક પણ પોતાની ભુમિકા ભજવે છે. આથી તેને પણ તેની ભાગીદારી બદલ વળતર પ્રાપ્ત થાય છે. અહીં શ્રમિકને તેની સીમાંત ઉત્પાદકતા પ્રમાણે વળતર આપવામાં આવે છે. જો સીમાંત ઉત્પાદકતા કરતાં વધુ વળતર ચુકવવામાં આવે તો ઉત્પાદન એકમને નુકશાન જાય છે. અને જો સીમાંત ઉત્પાદકતા કરતાં ઓછું વળતર ચુકવવામાં આવે તો શ્રમિકનું શોષણ થાય છે. આમ, શ્રમિકને મળતું વેતન અને સીમાંત ઉત્પાદકતા જયાં સરખા થાય તેટલો શ્રમિકોનો પુરવઠો ઉત્પાદનના એકમો સમાન રાખવાનું પસંદ કરે છે.

આમ છતાં, દરેક ક્ષેત્રમાં શ્રમિકોને એક જ સરખા પ્રમાણમાં વેતન મળતું હોય તેવું જરૂરી નથી, કારણ કે જુદા-જુદા ક્ષેત્રમાં શ્રમિકને મળતા વેતન જુદા જુદા હોવાના ઘણા કારણો છે.

1. જેમાં જુદા-જુદા ક્ષેત્ર તરફ જુદા-જુદા લોકોનું આકર્ષણ જુદુ જુદુ હોય છે. જેમ કે, બધા શિક્ષક થવા નથી માંગતા અથવા બધા એન્જિનિયર કે પાઇલોટ થવા નથી માંગતા. આમ તે ક્ષેત્રમાં શ્રમિકોનો પુરવઠો ઓછો કે વધારે રહે છે.અને જે પ્રમાણે જે તે ક્ષેત્રમાં શ્રમિકોનો પુરવઠો રહે તે પ્રમાણે શ્રમિકોની કિંમત રહેતી હોય છે. આથી જુદા-જુદા ક્ષેત્રમાં શ્રમિકોને પ્રાપ્ત થતા વેતન અલગ-અલગ રહેતા હોય છે.
2. આ ઉપરાંત શ્રમિક ઉત્પાદનનું જીવંત સાધન હોવાથી શ્રમિકોની ગતિશિલતા ઓછી હોય છે. આથી શ્રમિકો બહુ સરળતાથી એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા તૈયાર થતા નથી. આ પરીબળોને કારણે પણ જુદા-જુદા ક્ષેત્રમાં શ્રમિકોનો પુરવઠો જુદો-જુદો રહે છે. આથી તે પ્રમાણે શ્રમિકોને મળતા વેતન પણ અલગ-અલગ રહે છે.
3. આ ઉપરાંત સર્વસામાન્ય પરિબળ શ્રમિકોની સમરૂપ છે. બધા એકમો સરખા છે. તેવી ધારણા કરી શકાય પરંતુ વાસ્તવમા જોઇએ તો બધા શ્રમિકો એકબીજાથી અલગ અલગ હોય છે. શ્રમિકો મોટા ભાગે કુશળતાથી, તાલીમથી, અનુભવથી, લાયકાતથી, કાર્યક્ષમતાથી અલગ અલગ હોય છે. આમ, ઉત્પાદન પ્રવૃતિમાં જયારે તેઓ ભાગ લે ત્યારે તેમની સીમાંત ઉત્પાદકતા પણ જુદી-જુદી રહે છે. આથી પણ તેમને મળતું વેતન જુદુ-જુદુ રહે છે.

આમ, ઉપરોકત ઘણા પરિબળો એવા છે કે જેના કારણે દરેક શ્રમિકને પ્રાપ્ત થતુ વેતન અલગ અલગ રહેવા પામે છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

- વેતન : ઉત્પાદન પ્રવૃતિમાં ભાગ લેવા બદલ અથવા પોતાના શારીરિક કે માનસિક શ્રમ કે બન્ને શ્રમના બદલામાં પ્રાપ્ત થતું નાણાકીય કે બિનનાણાકીય વળતર

- વહેંચણી : ઉત્પાદન પ્રવતિમાં ભાગ લેતા ઉત્પાદનના સાધનોને ઉત્પાદનના મુલ્યમાંથી આપવામાં આવતું વળતર એટલે વહેંચણી
- સીમાંત ઉત્પાદન : વધારાના એક એકમ દ્વારા કુલ ઉત્પાદનમાં જે વધારો કરવામાં આવે તેને સીમાંત ઉત્પાદન કહેવામાં આવે છે.
- મજૂર મંડળ : એક સરખા હેતુ માટે એકઠા થયેલ શ્રમિક સંગઠન
- શ્રમની ગતિશિલતા : શ્રમિકોની એક ભૌગોલિક સ્થળેથી અન્ય સ્થળે અથવા એક ક્ષેત્રમાંથી અન્ય ક્ષેત્રમાં ફેરબદલ થવાની સંભાવના કે શકયતા.

**★ તમારી પ્રગતિ ચકાસો :**

(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. વેતનનો અર્થ આપો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. વેતનની સીમાંત ઉત્પાદકતાનો સિધ્ધાંત /નિયમ સમજાવો

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

3. જુદા-જુદા ક્ષેત્રોમાં શ્રમિકોને મળતા વેતન શા માટે અલગ અલગ જોવા મળે છે.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

4. વેતનના સીમાંત ઉત્પાદકતા સિદ્ધાંતનું મહત્વ અને મર્યાદા જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

.................................................................
.................................................................

5. વસ્તુ મૂલ્ય નિર્ધારણ અને સાધન મૂલ્ય નિર્ધારણ વચ્ચેનો ભેદ સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(બ) નીચેના વિધાનો ચકાસો.

1. "સીમાંત ઉત્પાદકતા સિદ્ધાંત" અનુસાર પૂર્ણ હરિફાઈમાં શ્રમિકને ચૂકવવામાં આવતુ વેતનએ સીમાંત ભૌતિક ઉત્પાદકતાના મૂલ્ય બરાબર હોય છે.
2. સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત પૂર્ણ હરિફાઈની ધારણા પર આધારિત છે.
3. સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંત અનુસાર દરેક શ્રમિકની કામ કરવાની ગુણવત્તા અલગ-અલગ ધારવામાં આવી છે.
4. શ્રમએ ઉત્પાદનનું સજીવ સાધન છે.
5. સાધનોની માંગ પ્રત્યક્ષ ઉપભોગ માટે કરવામાં આવે છે.

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

1. સાચું
2. સાચું
3. ખોટું
4. સાચું
5. ખોટું

## ★ સંદર્ભ :


1) અર્થશાસ્ત્રનાસિધ્ધાંતો , એચ.કે.ત્રિવેદી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
2) Introductory Micro Economics, Pradeep Kumar4 Taxman Publication
3) Micro Economics, Paul Krugmen& Robin Wells, Worth Publishers, Mcmilan Education
4) Micro Economics, Roberts Pindyck and Daniel, Rubinfeld, pearson Publication
5) Micro Economics, Rajiv Bansal

એકમ 12

# સાધન કિંમતો – વેતન-2

## રૂપરેખા


12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 વેતનનો અર્થ

12.3 નાણાકીય વેતન અને વાસ્તવિક વેતન વચ્ચેનો તફાવત

12.3.1 શ્રમિક અને વેતન અંગે શિષ્ટ –પ્રશિષ્ટ વિચાર

12.4 વાસ્તવિક વેતનને અસર કરતાં પરિબળો 2. વેતનનો લોખંડી કાયદો (શિષ્ટ અર્થશાસ્ત્રીઓ અભિગમ

12.5 મજૂર મંડળો અને વેતન નિર્ધારણ

12.5.1 પૂર્ણ હરિફાઇમાં વેતન નિર્ધારણ

12.5.2 શ્રમ બજારમાં ખરીદનારનો ઇજારો અને વેચનાર વચ્ચે પૂર્ણ હરિફાઇ

12.5.3 શ્રમ બજારમાં વેચનારનો ઇજારો અને ખરીદનારમાં પૂર્ણ હરિફાઇ

12.5.4 ખરીદનાર અને વેચનાર બન્ને પ્રત્યે ઇજારો

12.6 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

★ સંદર્ભ


## 12.0 ઉદ્દેશો :

આ પ્રકરણના અભયાસ બાદ તમે-

1. વેતનના વ્યાપક અર્થનો ખ્યાલ મેળવશો.
2. નાણાકીય વેતન અને વાસ્વવિક વેતન વચ્ચેનો તફાવત વિગતે સમજી શકશો.
3. આ ઉપરાંત વાસ્તવિક વેતનને ક્યા પરિબળો અસર કરે છે તે સમજશો.
4. મજૂર મંડળોની વેતન નિર્ધારણમાં શું ભૂમિકા હોયછે, બજારમાં કઇ રીતે વેતન નિર્ધારણ થઇ શકે તે સમજશો.
5. સામુહિક સોદાશક્તિ એટલે શું? તેના દ્વારા વેતન નિર્ધારણ કઇ રીતે થતું હોય તેની ચર્ચા કરીશું.

## 12.1 પ્રસ્તાવના :

આગળના એકમમાં ચર્ચા કરી તે પ્રમાણે વ્યક્તિને તેના શારીરિક અથવા માનસિક શ્રમ કે બન્ને શ્રમના બદલમાં જે નાણાકીય કે બિનનાણાકીય વળતર પ્રાપ્ત થાય તેને વેતન કહેવામાં છે. પરંતુ વેતન દરેક સમયે નાણાકીય જ હોય એવું જરૂરી નથી. કોઇ વાર પ્રાપ્ત થતું વળતર બિનનાણાકીય પણ હોઇ શકે. દા.ત. કંપની દ્વારા ઘણીવાર નાણાકીય વેતન ઉપરાંત બીજી સુવિધાઓ પણ આપવામાં આવે છે જેથી વ્યક્તિને વધુ વળતર પ્રાપ્ત થતુ હોય તેવો અહેસાસ થાય છે. અહી આપણે એ નાણાકીય અને વાસ્તવિક વેતનનો તફાવત સમજીશું. આ ઉપરાંત બીજા અનેક પરિબળો છે, જેની અસર વાસ્તવિક વેતન પર થતી હોય છે. જેના આધારે વાસ્તવિક વેતન નક્કી થતું હોય છે. તે પરિબળોની ચર્ચા પણ આ એકમમાં કરવામાં આવશે.

આ ઉપરાંત બજારમાં વેતન નિર્ધારણ સમયે શ્રમિકોનું સંગઠન તથા ઉત્પાદકોના સંગઠનની ભૂમિકા મહત્વની છે.બન્ને પોતાની ક્ષમતા મુજબ ઓછું કે વધારે વેતન નક્કી કરવાનો પ્રયાસ કરે છે. આમ, મજૂર મંડળ કે સંગઠનો પણ શ્રમિકોના વેતન નક્કી કરવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. મજૂર સંગઠન વેતનનો એવો દર નક્કી કરવાનો પ્રયાસ કરે છે જેથી શ્રમિકોનું શોષણ ન થાય. જ્યારે બીજી બાજુ ઉત્પાદકો એવો વેતનદર રાખવાનો પ્રયાસ કરે છે કે જેથી પોતાને મહત્તમ નફો મળે. આમ, વેતન નિર્ધારણમાં બન્ને પક્ષકારોની ભૂમિકા રહેલી છે.

તેમજ સામુહિક સોદાશક્તિમાં શ્રમિકોની મૂલ્ય સાપેક્ષતા જુદાજુદા ક્ષેત્રોમાં જુદી જુદી હોય છે. આથી કોઇવાર ઉત્પાદકોના સંગઠનોનો તો કોઇ વાર મજૂર સંગઠનોનો હાથ ઉપર રહે છે. છતાં નિશ્ચિત રૂપે કેટલું વેતન નક્કી થશે તે ચોક્કસ પણે કહી શકાતું નથી. આ એકમમાં આપણે આ વેતન નિર્ધારણ અને સામુહિક સોદાશક્તિની ચર્ચા કરીશું.

## 12.2 વેતનનો અર્થ :

વેતન અંગે અર્થશાસ્ત્રીઓ આપેલ વ્યાખ્યા:

'વેતન' શબ્દનો વ્યહારમાં આપણે ઘણીવાર ઉપયોગ કરતા હોઇએ છીએ. સામાન્ય રીતે વ્યક્તિને મળતા પગાર કે શ્રમિકોને મળતી મજૂરીને આપણે વેતન તરીકે ઓળખીએ છીએ. પરંતુ અર્થશાસ્ત્રી વેતનને આટલા સિમિત અર્થમાં ન લેતાં વ્યાપક અર્થમાં લે છે.આર્થિક પ્રવૃતિના રૂપે એટલે કે વ્યક્તિ શારીરિક શ્રમ કરે છે અથવા માનસિક શ્રમ કરે છે અથવા બન્ને શ્રમ કરે છે. આ શ્રમના બદલામાં તેને નાણાકીય અથવા બિન નાણાકીય વળતર ચુકવવામાં આવે છે. આ વળતર વેતન તરીકે ઓળખવામાં આવે છે. તેવી જ રીતે વ્યક્તિને ઘણીવાર નાણાકીય ઉપરાંત બિન નાણાકીય લાભ પણ મળત હોય છે. દા.ત. રહેવાની સુવિધા, ટ્રાન્સપોર્ટેશનની સુવિધા, મેડીકલ સુવિધા આ પ્રકારની સુવિધા પણ વેતનનો જ એક ભાગ ગણાય છે. આવી સુવિધા મળતા ખરેખર જોવા જઇએ તો વેતનમાં વધારો થાય છે. આમ, સામાન્ય અર્થમાં વેતનને જે રીતે લઇએ છીએ તેના કરતાં અર્થશાસ્ત્ર વેતનને થોડા વ્યાપક અર્થમાં લે છે.

### 12.2.1 વેતનનો લોખંડી કાયદો (વેતનનો જીવનનિર્વાહનો સિધ્ધાંત )

વેતનના લોખંડી કાયદાના મૂળ ફ્રેન્ચ અર્થશાસ્ત્રીઓના વિચારોમાં જોવા મળે છે. જેનો વિચાર 19મી સદી દરમિયાન રજુ કરવામાં આવ્યો. જર્મન અર્થશાસ્ત્રી લાઝેલે તેને વેતનના લોખંડી કાયદા તરીકે ઓળખાવ્યો, કાર્લ માર્કસે પણ શોષણનો જે સિધ્ધાંત રજુ

કર્યો તેમાં પણ આ સિધ્ધાંતને પોતાની રજુઆતમાં ધ્યાનમાં રાખેલ રીકાર્ડો આ સિધ્ધાંત સાથે સહમત નહોતા છતાં તેમનું નામ પણ આ ખ્યાલ સાથે જોડાયેલું.

આ ખ્યાલ અનુસાર ઉદ્યોગ માલિકો મજૂરો કે શ્રમિકોને બને તેટલું ઓછું વેતન આપવાનો પ્રયાસ કરે છે. જયારે શ્રમિક પોતાને વધુ વેતન મળે તેવો પ્રયાસ કરે છે. બન્ને પક્ષે પોતાને વધુમાં વધુ ફાયદો મળે તેવો પ્રયાસ બન્ને કરે છે. પરંતુ અહી ઉદ્યોગ માલિકોનું પ્રભુત્વ વધારે જોવા મળે છે. જેથી વેતનના દરનું પ્રમાણ હંમેશા નીચે રહેવા પામે છે.

આ ખ્યાલ મુજબ શ્રમિકોને લાંબાગાળે માત્ર પોતાનો જીવનનિર્વાહ ચાલે તેટલું જ વેતન પ્રાપ્ત થાય છે. શ્રમિક અહી એટલુ જ વેતન પ્રાપ્ત કરે છે. જે રકમમાં તે પોતાની રોજબરોજની જરૂરીયાતો પુરી કરી શકે. જો શ્રમિકને તેના કરતાં વધુ વેતન મળે તો તેના પરિવારનો વિસ્તાર થાય, પરિવાર મોટો બને અને પરિણામે દેશની વસ્તી વધે જેથી શ્રમિકોના પુરવઠામાં પણ વધારો થાય. આમ, વેતન ફરી જીવનનિર્વાહ ચાલી શકે તે સ્તરે આવી જાય. જો વેતન આ સ્તરથી પણ નીચે જાય તો લગ્નનું પ્રમાણ ઘટે, વધુ બાળકો હોય તો કુપોષણનો ભોગ બને પરીણામે વસ્તીમાં ઘટાડો થાય, શ્રમિકોનો પુરવઠો ઘટે, જેથી ફરી વેતનમાં વધારો થાય અને શ્રમિકોનો જીવનનિર્વાહ ચાલી શકે તે સ્તરે પહોંચી જાય.

આમ, આ ખ્યાલ મુજબ શ્રમિક સંગઠનની અસર ન થતા ઉદ્યોગો માલિકોનું જ પ્રભુત્વ જોવા મળે છે. અને લાંબાગાળે શ્રમિકોને મળતુ વેતન જીવન નિર્વાહ ચાલી શકે તેટલુ જ પ્રાપ્ત થાય છે. તેને લોખંડી કાયદા અથવા વેતન જીવનનિર્વાહ સિધ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે

## 12.3 નાણાકીય વેતન અને વાસ્તવિક વેતન વચ્ચેનો તફાવત :

જ્યારે કોઇ શ્રમિકને તેના શારીરિક કે માનસિક શ્રમ પુરૂ પાડવા માટે અગાઉથી નક્કી થયેલ કરાર પ્રમાણે નાણાકીય સ્વરૂપમાં કે નાણામાં જે વળતર ચુકવવામાં આવે છે તેને નાણાકીય વેતન તરીકે ઓળખવામાં આવે છે. પ્રો. થોમસના મતે " જે વેતનને નાણાના માપદંડને આધારે માપવામાં આવે છે તેને નાણાકીય વેતન તરીકે ઓળખવામાં આવે છે." દા.ત. કારખાનામાં કામ કરતા એક કામદારને એક દિવસના શ્રમ માટે રૂ/. 100 ની ચુકવણી કરવામાં આવે છે તે નાણાકીય વેતન છે, તે શારીરિક શ્રમ બદલ પણ હોય શકે કે માનસિક શ્રમ બદલ પણ હોય શકે.

પરંતુ અહી ધ્યાનમાં લેવું જરૂરી છે તે કોઈપણ શ્રમિકના જીવનધોરણનો કે પછી આર્થિક પરિસ્થિતિનો સાચો ખ્યાલ નાણાકીય વેતન પરથી મળી શકતો નથી કારણ કે નાણાકીય વેતન એ નાણાના સ્વરૂપમાં ચુકવાય છે અને નાણુએ કોઇ પ્રત્યક્ષ વપરાશની વસ્તુ નથી કે જેનો વપરાશ કરી વ્યક્તિ પોતાની જરૂરિયાત સંતોષી શકે. આમ, જીવનધોરણનો ખ્યાલ ત્યારે મળી શકે કે જ્યારે એ ખ્યાલ આવે કે પોતાના નાણાકીય વેતનમાંથી તે કેટલી વસ્તુ ખરીદી શકે છે. વળી શ્રમિક પોતાના નાણાકીય વેતનમાંથી કેટલી વસ્તુ ખરીદી શકશે? તેનો આધાર નાણાની ખરીદશક્તિ પર સ્થિર ન રહેતા સતત બદલતી રહે છે.

એટલે કે એક વ્યક્તિનું વેતન રૂ/- 10,000/- હોય તો તે દરેક સમયે એ નાણામાંથી એક જ પ્રકારની વસ્તુ જુદા જુદા સમયે તેટલા જ પ્રમાણમાં ખરીદી શકતો નથી. જો ફુગાવાના કારણે ખરીદશક્તિ ઘટે તો રૂ/ 10,000/- માંથી પહેલાં કરતાં ઓછી વસ્તુ ખરીદી શકે છે જેથી શ્રમિકનું જીવનધોરણ નીચું જાય છે. દા.ત. આપણા દાદા કરતાં આપણું નાણાકીય વેતન વધારે હોવા છતાં આપણે તેમના જેટલી જ કે તેના

કરતાં ઓછી વસ્તુ ખરીદી કરી શકીએ છીએ કારણકે નાણાની ખરીદશક્તિમાં ઘટાડો થયો છે. આમ, નાણાકીય વેતન સ્થિર રહે પણ નાણાની ખરીદશક્તિમાં ઘટાડો થાય તો શ્રમિકોનું જીવનધોરણ નીચું આવી શકે. આમ, નાણાકીય વેતનને માત્ર નાણા સાથે સંબધ છે, નાણાની ખરીદશક્તિ સાથે નહીં. આમ, એક સરખું નાણાકીય વેતન હોવા છતાં જુદા જુદા સમય કે સ્થળ પ્રમાણે જીવન ધોરણ અલગ અલગ હોય શકે. આથી વાસ્તવિક વેતનનો ખ્યાલ સમજવો જરૂરી બને છે.

### 12.3.1 વાસ્તવિક વેતનઃ

નાણાકીય વેતનનો ખ્યાલ શ્રમિકનું જીવનધોરણ સમજવામાં અપૂરતો નીવડે છે. માટે વાસ્તવિક વેતનનો ખ્યાલ મદદરૂપ થાય છે. નાણાકીય વેતનની દ્રષ્ટિએ માત્ર નાણુ મહત્વનુ છે. જ્યારે વાસ્તવિક વેતનની દ્રષ્ટિએ માત્ર નાણુ નહી પરંતુ નાણાની ખરીદશક્તિ પણ મહત્વની છે. આમ, વાસ્તવિક વેતનમાં નાણા ઉપરાંત નાણાની ખરીદ શક્તિનો પણ વિચાર કરવામાં આવે છે. પ્રો.થોમસના શબ્દોમાં ''વાસ્તવિક વેતન એટલે શ્રમિકને પ્રાપ્ત થતો ચોખ્ખો લાભ એટલે કે પોતાની સેવાના બદલામાં પ્રાપ્ત થતી સુવિધાઓ અને અન્ય લાભો જે શ્રમિક મેળવે છે.'' પ્રો. સ્મિથના શબ્દોમાં ''શ્રમિક પોતાની સેવા, નાણા માટે નહીં પરંતુ તે નાણા દ્વારા પોતાની જરૂરિયાતની વસ્તુઓ કે સુવિધાઓ મેળવી શકાય છે માટે પુરી પાડે છે.''

નાણાકીય વેતનમાં માત્ર નાણાનો જ વિચાર કરવામાં આવતો હતો જ્યારે વાસ્તવિક વેતનમાં તેણે આપેલી સેવાના બદલામાં પ્રાપ્ત થતી સુવિધાઓ અને બિનનાણાકીય લાભોને પણ ધ્યાનામાં લેવામાં આવે છે. દા.ત. માલિક દ્વારા પુરી પાડવામાં આવતી રહેઠાણ, તબીબી કે પછી વાહન વ્યહારની સુવિધાઓ, આ ઉપરાંત ઘણીવાર શ્રમિકના બાળકોને મફત શિક્ષણ, પરિવાર સાથે પ્રવાસ કે મનોરંજનની સુવિધા, મફત કે સસ્તાદરે અપાતી વસ્તુઓ, સંદેશા વ્યહારની સુવિધાઓ , કર્મચારીના વ્યક્તિગત વિકાસ માટે અપાતી તાલીમ વગેરે પ્રકારની ઘણી સવલતો આપવામાં આવતી હોય છે. આથી શ્રમિક માટે નાણાકીય ઉપરાંત વાસ્તવિક વેતન પણ મહત્વનું છે. અહી નાણાકીય અને બિન નાણાકીય લાભ બન્ને મહત્વના હોવાથી એવું નોંધી શકાય કે '' વાસ્તવિક વેતન એટલે શ્રમિકને તેની સેવા બદલ પ્રાપ્ત થતા નાણાકીય વેતનની ખરીદશક્તિ અને બિનનાણાકીય લાભોના સરવાળાને વાસ્તવિક વેતન કહેવામાં આવે છે.'' આથી એડમ સ્મિથે નોંધ્યુ છે કે '' શ્રમિકના જીવનધોરણનો આધાર તેને મળતા વળતરના નાણાકીય મુલ્ય પર નહીં પરંતુ વેતનના વાસ્તવિક મૂલ્ય પર રહેલો છે.

આમ, શ્રમિકને મળતા નાણાની ખરીદશક્તિ વધુ અને મળતા લાભો પણ વધુ તો તેને પ્રાપ્ત થતુ વાસ્તવિક વેતન વધુ અને જો તેમને મળતા નાણાની ખરીદશક્તિ ઓછી અને મળતા લાભો પણ ઓછા તો વાસ્તવિક વેતન પણ ઓછું તેમ કહી શકાય. આમ, શ્રમિકના જીવનધોરણનો આધાર નાણાકીય વેતન ઉપરાંત બિનનાણાકીય લાભો પર પણ રહેલો છે. આથી કહી શકાય કે નાણાની ખરીદશક્તિ વધે તો વાસ્તવિક વેતન વધી શકે , માત્ર નાણાકીય વેતન વધવાથી જીવનધોરણ ઉંચું જતું નથી.

આથી, અહી વાસ્તવિક વેતનને અસર કરતાં પરિબળોનો અભ્યાસ કરવો જરૂરી બની રહે છે.

## 12.4 વાસ્તવિક વેતનને અસર કરતાં પરિબળોઃ

જીવનધોરણ નક્કી કરવામાં વાસ્તવિક વેતન અગત્યનો ભાગ ભજવે છે. માટે

હવે વાસ્તવિક વેતન ક્યા પરિબળો પર આધાર રાખે છે કે પછી વાસ્તવિક વેતનને ક્યા પરિબળો અસર કરે છે તેનો અભ્યાસ કરીએ.

### 12.4.1 નાણાની ખરીદશક્તિ

નાણાની ખરીદશક્તિ એટલે આપણી પાસે જે નાણા હોય તેમાંથી બજારમાંથી કેટલી વસ્તુ ખરીદી શકાય છે? કેટલી વસ્તુ ખરીદી શકાય તેનો આધાર બજારમાં વસ્તુના ભાવો પર રહેલો છે. જો વસ્તુના ભાવો વધારે હોય તો નાણાની ખરીદશક્તિ ઘટે છે અને ભાવ ઓછા હોય તો નાણાની ખરીદશક્તિ વધે છે અને ભાવ ઓછા હોય તો નાણાની ખરીદશક્તિ ઘટે તો વાસ્તવિક વેતન પણ ઘટે છે. આથી ઉલ્ટુ જો નાણાની ખરીદશક્તિ વધે તો સાથે વાસ્તવિક વેતન વધે છે.

### 12.4.2 વધારાની આવકની શક્યતા :

અમુક વ્યવસાયમાં  વધારાની આવકની શક્યતા રહેતી હોય છે, જેથી કુલ નાણાકીય આવક પણ વધી શકે છે. આવી તક દરેક વ્યસાયમાં મળી શકતી નથી. દા.ત. શિક્ષક પેપર મુલ્યાંકનથી કે પુસ્તક લખીને વધારાની આવક મેળવી  શકે, ડોકટર ઘર પર પોતાના પેશન્ટને તપાસી, ટાઈપીસ્ટ ઘરે ટાઈપીંગનું વધારાનું કામકાજ કરી વધારે આવક કમાઈ શકે છે. આમ, જે વ્યવસાયમાં વધારાની આવક મેળવી શકાય તેમ હોય ત્યાં વાસ્તવિક વેતન વધુ હોય છે.

### 12.4.3 કામનું સ્વરૂપ :

અમુક કામ સાથે જોખમ સંકળાયેલ હોય છે. જ્યારે અમુક કામ સાથે જોખમ સંકળાયેલ નથી હોતું. દા.ત. પાયલોટ, વહાણના કેપ્ટન, આર્મીમાં કાર્યરત સૈનિક અથવા ખાણમાં કામ કરતાં વ્યક્તિના કાર્ય સાથે સ્વાસ્થ્ય અથવા જીંદગીનું જોખમ પણ રહેલું હોય છે. આથી આવા કામમાં જોડાયેલ વ્યક્તિ માટે વાસ્તવિક વેતન ઓછું રહે છે. જ્યારે શિક્ષક , ક્લાર્ક કે ઘણા બીજા વ્યસાયમાં ઉપરોક્ત જોખમ હોતુ નથી માટે ત્યાં નાણાકીય વેતન કદાચ ઓછું હોવા છતાં વાસ્તવિક વેતન વધુ હોય છે કારણકે ત્યાં જીંદગીનું જોખમ રહેલ નથી.

### 12.4 .4 કાયમી અથવા મોસમી કામ :

ઘણા કામમા નિશ્ચિતતા જોડાયેલી હોય છે, જ્યારે અમુક કાર્ય ચોક્ક્સ મોસમ કે સમયગાળામાં જ મળી શકે છે. દા.ત. ક્લાર્ક કે ઓફિસ કામસાથે જોડાયેલ વ્યક્તિને કામની નિશ્ચતતા હોય છે એટલે કે આખુ વર્ષ  પ્રાપ્ત થઈ શકે છે જ્યારે ખેતી સાથે જોડાયેલ કે બાંધકામ સાથે જોડાયેલ મજૂરને કામની નિશ્ચિતતા હોતી નથી. માટે અમુક સમય દરમિયાન કામ મળી શકે છે, જ્યારે વર્ષનાં અમુક સમયમાં કામ મળી શકતુ નથી આમ, જ્યાં કામની નિશ્ચિતતા હોય ત્યાં વાસ્તવિક વેતન વધારે અને કામની અનિશ્ચિતતા હોય ત્યાં વાસ્તવિક વેતન ઓછું હોય છે.

### 12.4 .5 કામની પરિસ્થિતિ :

અમુક કાર્ય સાથે જોડાયેલ વ્યક્તિની કાર્યની પરિસ્થિતિ વધારે ખરાબ હોય ત્યારે વાસ્તવિક વેતન ઓછું રહે છે. દા.ત. સોની કામ સાથે જોડાયેલ વ્યક્તિ કે મજૂર માટે

અમુક કારખાનામાં હવા, ઉજાસ પુરતાં પ્રમાણમાં મળતા નથી. ઘણી વાર મજૂરો ખુબ ગરમીમાં કે વધુ પડતા અવાજમાં કાર્ય કરતાં કહોય છે. આવા સમયે વાસ્તવિક વેતન ઓછું રહે છે. જેની સામે સારી પરિસ્થિતિમાં કાર્ય કરનાર વ્યક્તિનું વાસ્તવિક વેતન વધારે છે.

### 12.4.6 કામની શરતો :

ઘણા વ્યવસાય કે નોકરીમાં કામની શરતો ખુબ જ કડક હોય છે. જેમાં કામના કલાકો વધુ હોય છે. તેમજ ઘણી વાર પુરતા પ્રમાણમાં રજાઓ પણ મળતી નથી. આવા સમયે નાણાકીય વેતન વધારે હોવા છતાં વાસ્તવિક વેતન ઓછું રહે છે. જેની સામે શ્રમના કલાકો પ્રમાણમાં ઓછા હોય તથા પુરતા પ્રમાણમાં રજાઓ મળી શકતી હોય ત્યારે નાણાકીય વેતન ઓછું હોવા છતાં વાસ્તવિક વેતન વધુ હોય છે.

### 12.4.7 તાલીમનો સમય અને ખર્ચ :

ડૉકટર કે એન્જિનિયર અથવા અન્ય વિશિષ્ટ કુશળતા ધરાવતા વ્યકિતઓને તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અન્ય વ્યવસાયની સરખામણીએ વધુ સમય તો આપવો જ પડે છે. સાથે સાથે આ બધી તાલીમ ખુબ મોંઘી હોય છે. ખર્ચ પણ વધુ કરવો પડે છે. આથી ત્યાં વાસ્તવિક વેતન ઓછું લાગે છે. દરેક વ્યવસાયમાં અમુક સમય કે ખર્ચની આવશ્યકતા હોતી નથી આથી ત્યાં વાસ્તવિક વેતન વધુ લાગે છે.

### 12.4.8 પ્રમોશનની શકયતા :

ઘણા વ્યવસાય કે નોકરીમાં આગળ વધવાની શકયતાઓ વધારે હોય છે. દાત. સરકારી ક્ષેત્રમાં કાર્ય કરનાર વ્યકિતને સમયાંતરે પ્રમોશન મળેવે છે. તેમજ ખાતાકીય પરિક્ષા આપી પ્રમોશન મેળવી શકે છે ત્યાં ખર્ચની આવશ્યકતા હોતી નથી આથી ત્યાં વાસ્તવિક વેતન વધુ લાગે છે. ઉંચા પદ પર પહોંચી શકે છે તેમજ વધુ નાણાકીય વેતન મળવાની શકયતા પણ છે. આથી ત્યાં વધુ વાસ્તવિક વેતન મેળવી શકાય છે. પરંતુ દરેક ખાનગી ક્ષેત્રમાં આ પ્રકારની શકયતાઓ પ્રમાણમાં ઓછી હોય છે. આથી ત્યાં વાસ્તવિક વેતન ઓછું લાગે છે.

### 12.4.9 સામાજિક પ્રતિષ્ઠા :

અમુક કાર્ય કે વ્યવસાય સાથે પહેલેથી જ સામાજિક પ્રતિષ્ઠા જોડાયેલી છે. દા.ત ડૉકટર, શિક્ષક કે પછી સી.એ આ બધા વ્યવસાય સામાજિક પ્રતિષ્ઠાવાળા વ્યવસાય છે. આ વ્યવસાયમાં કામ કરવાથી વ્યકિતને સમાજમાં પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત થાય છે. આથી ત્યાં વધારે વાસ્તવિક વેતનનો અનુભવ થાય છે. બધા જ કાર્યમાં આ પ્રકારની પ્રતિષ્ઠા જોડાયેલી હોતી નથી આથી ત્યાં ઓછું વાસ્તવિક વેતન અનુભવાય છે.

### 12.4.10 વ્યવસાયિક ખર્ચ :

અમુક વ્યવસાયો સાથે વ્યવહારિક ખર્ચ પણ સંકાળાયેલ છે. આથી વાસ્તવિક આવક ધ્યાનમાં ન લેતાં આવા સમયે નાણાકીય ખર્ચને તેમાંથી બાદ કરવો પડે છે. દા.ત ડૉકટર, શિક્ષક કે પછી એન્જિનિયર પોતાની કુશળતા જાળવવા કે સમયાંતરે જ્ઞાનમાં વધારો કરવા પુસ્તકો ખરીદીને, તાલીમ મેળવીને, સેમીનાર કે પછી કોન્ફરન્સમાં ભાગ

લેતા હોય છે. જેના માટે તેમણે ચોકકસ ખર્ચ કરવો પડે છે. ત્યારે અહીં વાસ્તવિક વેતન ઓછું અનુભવાય છે. આવી આવશ્યકતા દરેક ધંધા કે વ્યવસાયમાં હોતી નથી.

### 12.4.11 વધારાનું કામ :

ઘણા કામ એવા હોય છે જેમાં શ્રમિકે પોતે નક્કી કરેલા કામ સિવાય વધારાનું કામ પણ કરવું પડે છે. એ પણ વધારાના નાણાકીય વળતર વિના ત્યારે વાસ્તવિક વેતન ઓછું અનુભવાય છે. દા.ત પટાવાળા, પાસે ઘણી વાર ધંધાના કામ સિવાય ઘરના અમુક કામ સોંપવામાં આવે, આ ઉપરાંત કંપનીના ડ્રાઈવર ને કંપનીના કામ સિવાય ઘરના કામ માટે મોકલવામાં આવે. આવા વધારાના કામ માટે મોકલવામાં આવે. આવા વધારાના કામ માટે તેને વધારાનું કોઇ વળતર મળતું નથી. આથી તે ઓછા વાસ્તવિક વેતનનો અનુભવ કરે છે.

## 12.5 વેતન નિર્ધારણ :

કોઇ પણ બજારમાં વેતન નિર્ધારણ ખુબ જ અગત્યનો ભાગ ભજવે છે. શ્રમ ખરીદનાર (એટલે કે પેઢી અથવા ઉત્પાદકો) અને શ્રમ વેચનાર (એટલે કે શ્રમિકો) બન્ને માટે વેતન નિર્ધારણ એક અગત્યની ભુમિકા ભજવે છે. વેતન જેટલું નક્કી થાય તેને આધારે પેઢીઓ માટે વસ્તુનું ઉત્પાદન પડતર કિંમત નક્કી થાય છે. અને શ્રમિકો માટે કેટલુ વેતન મળશે તેને આધારે તેમનું જીવનધોરણ નક્કી થાય છે. આમ, શ્રમ ખરીદનાર (પેઢી/ઉત્પાદકો) તથા શ્રમ વેચનાર (શ્રમિકો) બન્ને પક્ષે વેતન નિર્ધારણની પ્રક્રિયા મહત્વનો ભાગ ભજવે છે.


બજારમાં શ્રમ ખરીદનાર અને શ્રમ વેચનાર કઇ સ્થિતિમાં છે. ? તેના આધારે વેતન નિર્ધારણ થાય છે. કોઈવાર બજારમાં શ્રમ ખરીદનાર (પેઢી/ઉત્પાદકો ) નો ઈજારો હોય છે. તો વળી કોઇ વાર કામદારોએ ભેગા મળી મંડળ બનાવ્યુ હોય કે સંઘ રચેલ હોય તો શ્રમબજારમાં વેચનારનો ઈજારો જોવા મળે છે.

આમ જુદી જુદી પરિસ્થિતિમાં વેતન નિર્ધારણની પ્રક્રિયા કઇ રીતે હોઇ શકે તે સમજાવવાનો પ્રયાસ કરીએ. મુખ્યત્વે નીચેની ત્રણ પરિસ્થિતિઓ ઉદભવી શકે જે આ પ્રમાણે સમજી શકાય.

### 12.5.1 પુર્ણ હરિફાઈમાં વેતન નિર્ધારણ :

જયારે શ્રમબજાર અને વસ્તુ બજારમાં પૂર્ણથી હરિફાઇ હોય ત્યારે વેતનનિર્ધારણ સીમાંત ઉત્પાદકતા આધારે નક્કી થાય છે. આ ખ્યાલને સીમાંત ઉત્પાદકતાનો સિધ્ધાંત અથવા સાધનદીઠ વહેંચણી માટેનો સામાન્ય સિધ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સિધ્ધાંત મુજબ શ્રમને પ્રાપ્ત થતા મૂલ્યનો આધાર શ્રમની સીમાંત ઉત્પાદકતા પર રહેલો છે. શ્રમના છેલ્લા એકમ દ્વારા ઉત્પાદનમાં જે વધારો કરવામાં આવે છે. તેને શ્રમના છેલ્લા એકમની સીમાંત ઉત્પાદકતા કહે છે. અહીં શ્રમની કેટલી માંગ રહેશે તેનો આધાર પણ શ્રમના છેલ્લા એકમ દ્વારા ઉત્પાદનમાં કેટલો ફાળો ( ઉત્પાદનના એકમો) ઉમેરાયો છે. તેના પર રહેલો છે. જો શ્રમના એકમનું સીમાંત ઉત્પાદકતા મૂલ્ય વધારે હશે તો તેને વધારે કિમંત પ્રાપ્ત થઇ શકશે. પરંતુ અન્ય સાધનોને સ્થિર રાખીને જયારે શ્રમના એકમો વધારવામાં આવે ત્યારે અમુક હદ પછી શ્રમની સીમાંત ઉત્પાદકતા ઘટે છે. કોઇપણ નિયોજક પેઢીમાં નવા શ્રમિકોને કે વધારે શ્રમિકોને રાખવા કે નહી તેનો નિર્ણય શ્રમની સીમાંત ઉત્પાદકતા અને તેને ચુકવાતી કિંમતને ( વેતનને)

આધારે કરે છે. જયાં સુધી શ્રમને ચુકવાતા વેતન કરતાં સીમાંત ઉત્પાદકતાનું મુલ્ય વધારે હોય ત્યાં સુધી પેઢી વધારે શ્રમિકોને રાખવાનું પસંદ કરે છે, કારણકે ત્યાં સુધીની સ્થિતિ પેઢી માટે નફાકારક રહે છે. આમ, નિયોજક માટે સમતુલામાં શ્રમના સીમાંત ઉત્પાદનનું મૂલ્ય અને શ્રમિકને આપતુ વેતન બન્ને સરખા થાય છે.




ઉપરોકત આકૃતિમાં OP જેટલા શ્રમના એકમો કામે લગાડવામાં આવે છે. અહી PQ જેટલું સરેરાશ વેતન તથા PR જેટલું સીમાંત વેતન છે. આમ, સ્વાભાવિક જ સરેરાશ વેતન એ સીમાંત વેતન કરતા નીચું જોવા મળે છે.

### 12.5.2 શ્રમબજારમાં ખરીદનારનો ઈજારો હોય પરંતુ વેચનારાઓ વચ્ચે પૂર્ણ હરિફાઈ હોય :

અહી શ્રમબજારમાં ખરીદનારો ઈજારો હોય ત્યારે વસ્તુ બજારમાં પૂર્ણ હરિફાઈ હોય અથવા વસ્તુ બજારમાં પણ પેઢીનો ઈજારો હોય તેવી બે શકયતાઓ રહેલી છે.

જયારે શ્રમબજારમા ખરીદનારનો ઈજારો હોય પરંતુ તે વસ્તુ બજારમાં પૂર્ણ હરિફાઈ હોય તથા વેચનાર ( શ્રમિકો) વચ્ચે પૂર્ણ હરિફાઈ હોય ત્યારે વસ્તુ બજારમાં જયારે પૂર્ણ હરિફાઈ હોય ત્યારે સીમાંત ઉત્પાદકનું મૂલ્ય તથા સીમાંત ઉત્પાદકતા સરખા હોય છે. બજારમાં જયારે પૂર્ણ હરિફાઈ હોય ત્યારે સરેરાશ આવક ( કિંમત ) અને સીમાંત આવક સરખા હોય છે. પરંતુ અહી શ્રમના પુરવઠાની રેખા પણ હરિફાઈની જેમ પાયાને સમાંતર હોતી નથી. આથી જ ઈજારદાર ખરીદનાર આપેલ વેતને જરૂરી શ્રમનો વધારે પુરવઠો મેળવી શકે નહી. માટે જ વધારે શ્રમના એકમો મેળવવા માટે પેઢીએ વધારે વેતન આપવું પડે માટે જ સરેરાશ વેતનદર રેખા શ્રમની પુરવઠા રેખા છે. અને તે ડાબી બાજુથી જમણી બાજુ પર જતી રેખા હોય છે. કારણકે શ્રમના વધારે એકમ મેળવવા ક્રમશ : વધારે વેતન ચુકવવુ પડે છે. તે શ્રમના બધા જ એકમો વચ્ચે વહેંચાય જતુ હોય છે. માટે જ સરેરાશ વેતન ઓછું રહે છે અને તેના કરતા સીમાંત વેતન વધારે હોય છે. પરંતુ જો શ્રમિકને તેની સીમાંત આવક ઉત્પાદકતા કરતાં પણ ઓછું વેતન મળે તો તેને શ્રમનું શોષણ કહેવાય.

પરંતુ જો વસ્તુ બજારમાં વેચનાર પેઢીનો ઈજારો હોય ત્યારે સીમાંત ઉત્પાદનનું મૂલ્ય સીમાંત આવક ઉત્પાદન કરતાં વધારે હોય છે. કારણકે ઈજારદાર પેઢી વસ્તુની કિંમત હંમેશા સીમાંત આવક કરતાં વધારે હોય છે. અહી શ્રમિકને પ્રાપ્ત વેતન એ સીમાંત આવક ઉત્પાદકતા અને સીમાંત ઉત્પાદન મૂલ્ય કરતાં ઓછુ હોય છે. અહી શ્રીમતી રોબીન્સન તેને શ્રમિકોનું શોષણ કહે છે અને આ શોષણને પણ 1) શ્રમબજારમાં પેઢીનો ઈજારો અને 2) વસ્તુ બજારમાં પણ પેઢીનો ઈજારો એમ બે ભાગમાં વહેંચે છે.

### 12.5.3 શ્રમબાજારમાં ખરીદનારાઓ વચ્ચે પૂર્ણ હરિફાઈ હોય પરંતુ વેચનારાઓનો ઈજારો હોય ( મજૂર સંઘ/લેબર યુનિયન ) :

જયારે શ્રમબજારમાં શ્રમિકો સંગઠિત હોય ત્યારે જ વેચનાર ( શ્રમિકો) નો ઈજારો જોવા મળે છે. પરંતુ વાસ્તવિક જગતમાં આ પરિસ્થિતિનું બહુ ઓછા કિસ્સાઓમાં જોવા મળે છે. જયારે મજૂરો એકબીજા સાથે જોડાય સંગઠિત થઇ મજૂર સંઘ બનાવે અને વધુ પેઢીઓ શ્રમના એકમો મેળવવા હરિફાઇ કરે ત્યારે આ પરિસ્થિતિ ઉદભવે છે. અને જો શ્રમિકો સંગઠિત હોય તો તેઓ ભેગા મળીને વેતનમાં વધારો મેળવી શકે છે. પરંતુ વેતનના આ વધારાની અસર કુલ રોજગારી પર પણ મળે છે. વેતનદર ઉંચો જવાને કારણે અમુક કામદારોને બેકાર થવુ પડે છે.

### 12.5.4 શ્રમબજારમાં વેચનાર અને ખરીદનાર બન્ને સાથે ઈજારો ( દ્વિપક્ષી ઈજારો/ સામુહિક સોદા શકિત )

જયારે શ્રમ ખરીદનાર પેઢી ઈજારો ભોગવતી હોય અને શ્રમ વેચનાર ( શ્રમિકો) પણ મજૂર સંઘના સ્વરૂપમાં ઈજારો ભોગવે ત્યારે આ પરિસ્થિતિમાં દ્વિપક્ષી ઈજારો અસ્તિત્વમાં આવે છે અહી એક બાજુ નિયોજકો ભેગા મળીને એસોશિએસન ઉભુ કરે છે ત્યારે એકબાજુ નિયોજકોનું સંગઠન અને બીજી બાજુ મજૂર સંગઠન ઉભુ થાય છે. આથી અહી એક ખરીદનાર અને એક વેચનારની (દ્વિપક્ષી ઈજારો) સ્થિતિ ઉભી થાય છે.

અહી બન્ને પક્ષે ઈજારાની પરિસ્થિતિ હોવાથી વેતનદર કેટલો નક્કી થશે ? તે અંગેની ચોકકસ ધારણા કરી શકાતી નથી કે માહિતી મેળવી શકાતી નથી. અહી નિયોજન સંઘ વેતનદરને શકય તેટલો ન્યુનત્તમ રાખવાનો તથા મજૂર સંઘ ( યુનિયન) તેને શકય તેટલો મહત્તમ કરવાનો પ્રયાસ કરે છે. એટલે ચોકકસ વેતનની સપાટીનો અંદાજ આવતો નથી. પરંતુ અહી અમુક મહત્તમ અને અમુક ન્યુનત્તમ આ બંન્નેની વચ્ચેના બિંદુએ વેતનદરની એક સપાટી નક્કી થાય છે. તેમ છતા એક ચોકકસ વેતનદર કે ચોકકસ રોજગારીની સપાટી વિશે અનુમાન કરવુ અઘરૂ છે. અહી પણ એક વસ્તુ ધ્યાને લેવા વર્તમાન સમયમાં જુદાં-જુદાં હેતુઓ માટે કાર્યરત હોય છે. અમુક મજૂર સંગઠનો તો માત્ર રાજકીય હેતુ ધરાવે છે. અથવા તો રાજકારણ પ્રેરીત પણ હોય શકે અમુક મજૂર સંગઠન મજૂરોના વાસ્તવિક હિત એટલે કે મજૂરોના વેતન તેમની રોજગારી તથા સંગઠનની સભ્ય સંખ્યા માટે પણ એકસાથે કામ કરતાં હોય છે. છતા આવા સંગઠનો પણ રાજકીય હેતુથી દુર હોય તેવું કહી શકાય નહી.

આવા મજૂર સંગઠનો જયારે નિયોજકોના સંગઠનો સાથે સોદા કરે ત્યારે મજૂર સંગઠનના સભ્યોના વેતનમાં વધારો થાય તેમજ સભ્યોની કુલ આવક ન ઘટે તેમજ સાથે સાથે રોજગારીમાં પણ ઘટાડો ન થાય તેનું ધ્યાન રાખે છે. આ ઉપરાંત રોજગારીમાં પણ વધારો થાય તેવા પ્રયાસ હાથ ધરે છે. મજૂર સંગઠન જયારે નિયોજકોના સંગઠન સાથે સોદા કરે ત્યારે વેતન વધારા માટે એક કરતાં વધારે પરિબળો ભાગ ભજવતા જોવા મળે છે.

ઘણીવાર અમુક પ્રકારના શ્રમિકની માંગ ઓછી મૂલ્ય સાપેક્ષ કે મૂલ્ય અનપેક્ષ પણ હોઇ શકે છે. એટલે કે જો આ પ્રકારના શ્રમિકોને વધારે વેતન ચુકવવુ પડે તેમ હોવા છતાં આવા શ્રમિકોની માંગમાં ઘટાડો થતો નથી. ખાસ કરીને ચોકકસ કુશળતા ધરાવતા શ્રમિકોના કિસ્સાઓમાં આવુ બને છે. આવા કિસ્સામાં શ્રમ ખરીદનારનો ઈજારો હોવા છતાં પણ શ્રમિકો વધારે વેતન મેળવવામાં સફળ રહે છે. જયારે બીજી

બાજુ, શ્રમિકોની માંગ જયારે મૂલ્ય સાપેક્ષ હોય એટલે કે વેતન વધારાની અસર શ્રમિકોની માંગ પર પણ પડતી હોય ત્યારે શ્રમિકોને વેતન વધારો મેળવવો મુશ્કેલ બને છે. આ ઉપરાંત ઘણીવાર શ્રમિકોની જગ્યાએ મૂડીને કામે લગાડી ઉત્પાદન થઇ શકતુ હોય એટલે કે મશીનને કામે લગાડી ઉત્પાદન થઇ શકતુ હોય ત્યારે શ્રમિકોની માંગમૂલ્ય સાપેક્ષ રહે છે. આવા સમયે સંઘ માટે વેતન વધારો મેળવવો મુશ્કેલ બની રહે છે. કોઈવાર નિયોજક સોદાશકિતમાં પ્રબળ રહે છે. આમ, બન્ને સાપેક્ષ સોદાશકિત કયા પ્રકારની છે તે મુજબ બે બિંદુઓની વચ્ચે વેતન નક્કી થાય છે. પરંતુ ચોકકસ કેટલુ વેતન નક્કી થશે ? તે કહેવુ મુશ્કેલ છે.

## 12.6 સારાંશ :

સામાન્ય અર્થમાં વેતનને સંકુચિત અર્થમાં જોયા પછી અર્થશાસ્ત્રના સંદર્ભમાં આપણે તેનો વ્યાપક અર્થ પણ સમજયા. તદઉપરાંત વેતનને માત્ર નાણાકીય વેતન તરીકે ન લેતા આપણે બિનનાણાકીય વેતનનો પણ અભ્યાસ કર્યો. વર્તમાન સમયમાં ઘણી બધી કંપનીઓ નાણાકીય વેતનની સાથે સાથે બિનનાણાકીય લાભ કે વળતર જુદા-જુદા સ્વરૂપમાં આપે છે. જેમાં મેડીકલ સુવિધા, અમુક સારી કંપનીઓ નિઃશુલ્ક કે સબસિડી ભાવે કેન્ટીંગ સુવિધા, કંપનીએ આવવા જવાની સુવિધા વગેરે પણ આપે છે. ઘણી બધી સોફટવેર કંપનીઓ પોતાના કર્મચારીઓને આ પ્રકારની સુવિધા આપતી હોય છે. તેમજ મજૂર સંગઠનો અને ઉત્પાદકોના સંગઠનો પણ વેતન નિર્ધારણમાં અગત્યની ભુમિકા ભજવે છે. શ્રમિકોનું શોષણ ન થાય અને ઉત્પાદકોને વધુ પડતર ન આવે તે રીતે વેતન નક્કી કરવામાં આવે છે. આમ, છતાં વેતન જુદા-જુદા જોવા મળે છે. જેને અસર કરતાં ઘણાં બધા પરિબળો છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

1. વાસ્તવિક વેતન : શ્રમિકને ઉત્પાદન પ્રવૃતિમાં ભાગ લેવા બદલ નાણાકીય વળતર ઉપરાંત બિનનાણાકીય વળતર સ્વરૂપે જે બીજી સુવિધાઓ પણ પ્રાપ્ત થાય છે. તેનો સમાવેશ વાસ્તવિક વેતનમાં થાય છે. આ ઉપરાંત અન્ય પરિબળો પણ વાસ્તવિક વેતન નક્કી કરે છે.

2. વેતન નિર્ધારણ : શ્રમિકોને તેના કાર્ય બદલ કેટલું વળતર મળવું જોઇએ ? તે નક્કી કરવાની પ્રક્રિયાને વેતન નિર્ધારણની પ્રક્રિયા કહે છે.

3. મજૂર મંડળો : એક સરખા હેતુ માટે એકઠા થયેલા શ્રમિકોના સમૂહને મજૂર મંડળ અથવા મજૂર સંગઠન અથવા મજૂર યુનિયન તરીકે ઓળખવામાં આવે છે.

4. સામુહિક સોદાશકિત : વેતન નિર્ધારણ પ્રક્રિયામાં શ્રમિકો પોતાનું શોષણ ન થાય તે માટે મજૂર સંગઠન બનાવી ઉત્પાદકો કે તેમના સંગઠન સાથે વેતન નિર્ધારણ પ્રક્રિયા કરે છે. તે સોદાની પ્રક્રિયા સામુહિક સોદાશકિત તરીકે ઓળખવામાં આવે છે.

5. નાણાની ખરીદશકિત : પોતાની પાસે રહેલા નાણામાથી કેટલી ચીજવસ્તુ ખરીદી શકાય છે. તેને નાણાની ખરીદશકિત કહે છે.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

**1.** વેતનનો અર્થ આપો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................

**2.** વેતનને અસર કરતા પરીબળોની ચર્ચા કરો

....................................................................
....................................................................
....................................................................
....................................................................

**3.** નીચેની પરિસ્થિતિમાં વેતન નિર્ધારણ સમજાવો

અ. શ્રમબજારમાં ખરીદનારનો ઈજારો પરંતુ વેચનાર વચ્ચે પૂર્ણ હરિફાઇ હોય

....................................................................
....................................................................
....................................................................
....................................................................

બ. શ્રમબજારમાં ખરીદનાર વચ્ચે પૂર્ણ હરિફાઇ પરંતુ વેચનારનો ઈજારો હોય

....................................................................
....................................................................
....................................................................
....................................................................

ક. શ્રમબજારમાં વેચનાર અને ખરીદનાર બન્ને પક્ષે ઈજારો હોય

....................................................................
....................................................................
....................................................................
....................................................................

★ **ખરા-ખોટા જણાવો**

1. વાસ્તવિક વેતનનો આધાર નાણાની ખરીદશકિત પર રહેલો છે.
2. ફુગાવાનો દર ઘટવાની સાથે વાસ્તવિક વેતન વધે છે.
3. જયારે શ્રમિકને કામની નિશ્ચિતતા હોય ત્યારે વાસ્તવિક વેતન નીચુ રહે છે.
4. જયારે શ્રમબજારમાં શ્રમિકો અસંગઠીત હોય ત્યારે શ્રમિકોનો ઈજારો જોવા મળે છે.
5. પૂર્ણ હરિફાઈમાં જયારે શ્રમિકની સીમાંત ઉત્પાદકતા અને વેતન સરખા થાય ત્યાર પછી નિયોજક નવા શ્રમિકોને ઉત્પાદ કાર્યમાં ઉમેરતો નથી

★ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

**ખરા ખોટા**

1. ખરું
2. ખરું
3. ખોટું
4. ખોટું
5. ખરું

★ **સંદર્ભ :**


1. Business Economics Dr. J.P. Mishra, Sahirya Bhavan Pub Location Area
2. અર્થશાસ્ત્રના સિધ્ધાંતો એચ.કે ત્રિવેદી યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
3. Micro Economic Theory M.L. Jhingan Knonwik Publishers New Delhi
4. Business Economics H.L.Ahuja S. Chand Publication

એકમ 13

# સાધન કિંમતો – વ્યાજ - 1

## રૂપરેખા

13.0 ઉદ્દેશો
13.1 પ્રસ્તાવના
13.2 વ્યાજનો અર્થ
13.3 કાચું વ્યાજ અને ચોખ્ખું વ્યાજ
13.4 ધિરાણ ભંડોળનો સિદ્ધાંત
13.5 સારાંશ
★ ચાવીરૂપ શબ્દો
★ તમારી પ્રગતિ ચકાસો
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો
★ સંદર્ભ

## 13.0 ઉદ્દેશો :

આ પ્રકરણના અભ્યાસના અંતે –

1. વ્યાજને વ્યાપક અર્થમાં સમજી શકીશું.
2. કાચા વ્યાજ અને ચોખ્ખા વ્યાજનો તફાવત જાણી શકાશે.
3. વ્યાજ અંગેનો ધિરાણ ભંડોળનો સિદ્ધાંત સમજી શકાશે.

## 13.1 પ્રસ્તાવના :

કોઈ પણ અર્થતંત્રના આર્થિક વિકાસની પ્રકિયા સાથે આર્થિક પ્રવૃત્તિનો વ્યાપ પ્રદેશ કે રાહ સુધી સીમિત ન રહેતા આંતરરાષ્ટ્રીય સ્તર સુધી વિકસે છે. આથી ઉત્પાદક એકમોએ પણ વધુ માંગને પહોંચી વળવા માટે વધારે ઉત્પાદન કરવાની આવશ્યક્તા ઊભી થાય છે. આવા મોટાપાયાના ઉત્પાદનને પહોંચી વળવા માટે ઉત્પાદન એકમોની સ્થાપના પણ મોટા પાયે કરવી પડે છે. જેમાં વિશાળ કદની

મશીનરી, પ્લાન્ટ, કાચો માલ, શ્રમિકો વગેરેની મોટા પ્રમાણમાં આવશ્યક્તા રહે છે. જો ઉત્પાદક કે નિયોજક પાસે તેટલા પ્રમાણમાં નાણાં ન હોય તો તે નાણાં બેંક અથવા અન્ય નાણાંકીય સંસ્થા કે ખાનગી ધિરાણકર્તા પાસેથી ઉછીનાં મેળવવાં પડે છે. આ ઉપરાંત ઘણી વ્યક્તિઓ પાસે આવડત, કુશળતા કે નવી વસ્તુના ઉત્પાદનનો વિચાર, સૂઝ કે ધંધો કરવાની ધગશ હોય પણ નાણાં ન હોય ત્યારે તે વ્યક્તિ અન્ય કોઈ પાસેથી અથવા બેંક કે નાણાંકીય સંસ્થા પાસેથી નાણાં ઉછીનાં મેળવે છે. પરંતુ આ નાણાં મેળવવાં અથવા મૂડીનો ઉપયોગ કરવા બદલ તેના માલિકને (મૂડી માલિકને) જે વળતર ચુકવાય છે તેને વ્યાજ કહે છે. જેમાં કાચું વ્યાજ અને ચોખ્ખું વ્યાજ કોને કહેવાય તથા ધિરાણ ભંડોળના સિદ્ધાંત દ્વારા વ્યાજ કેવી રીતે નક્કી થાય તેની ચર્ચા આ એકમમાં આપણે કરીશું.

## 13.2 વ્યાજનો અર્થ :

સમયની સાથે સાથે માંગમાં જે પ્રમાણે વધારો થયો તેમ જ અર્થતંત્રનો વિકાસ થતો ગયો તે પ્રમાણે ઉત્પાદન કરતાં એકમો (પેઢીઓ) ના કદમાં તેમ જ વિસ્તારમાં વધારો થતો ગયો. આથી મોટા પાયે ઉત્પાદન કરવાની જરૂરિયાત ઊભી થઈ સાથે સાથે આવી કંપનીઓની સ્થાપના પણ કરવામાં આવી.

મોટા ઉત્પાદનનાં એકમોમાં (પેઢીમાં) મોટા પ્રમાણમાં ઉત્પાદનનાં સાધનોની જરૂરિયાત ઊભી થાય છે. આથી ઉત્પાદનના બધાં સાધનોની માલિકી નિયોજકોની ન હોય અથવા નિયોજક જેટલા મોટા પ્રમાણમાં ઉત્પાદનનાં સાધનો જોઈએ તે બધાંની માલિકી ન ધરાવતો હોય ત્યારે તે ઉત્પાદનનાં સાધનો અન્ય વ્યક્તિ પાસેથી ભાડે મેળવવા પડે છે. દા.ત. અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે જમીનના માલિક પાસેથી જમીન ભાડે મેળવી તે જમીનના ઉપયોગ બદલ તેના માલિકને ભાડું ચૂકવવામાં આવે છે. આધુનિક સમયમાં કામની વહેંચણી તથા વિશિષ્ટતા અનુસાર ખૂબ મોટા પાયે ઉત્પાદન હાથ ધરવામાં આવે છે જેથી બહુ મોટા પ્રમાણમાં મૂડીની આવશ્યક્તા ઊભી થાય છે. આથી મૂડીના માલિક પાસેથી મૂડી વપરાશના હેતુ માટે ચોક્કસ સમય માટે ઉછીની મેળવવામાં આવે છે અને તેના વપરાશ બદલ મૂડીના માલિકને જે વળતર ચૂકવવામાં આવે છે તેને વ્યાજ કહેવામાં આવે છે.

જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ વ્યાજની વ્યાખ્યા આ પ્રમાણે આપેલ છે.

1. "વ્યાજ એ ફક્ત ત્યાગ કે આત્મસંયમ માટે ચૂકવાતું મહેનતાણું કે વળતર છે.
   – જે. એસ. મીલ
2. મેયર્સના મતે " ધિરાણપાત્ર ભંડોળના ઉપયોગ બદલ ચૂકવાતી કિંમત એ વ્યાજ છે."
3. લીપ્સેના શબ્દોમાં "નાણાંના ઉપયોગ બદલ ચૂકવવામાં આવતી કિંમત એ વ્યાજ છે."
4. જે. એમ. કેઈન્સના મતે "વ્યાજ એ ચોક્કસ સમય માટે તરલતાથી (રોકડ પ્રવાહ) અલગ પડવા માટેનું વળતર છે."
5. માર્શલના શબ્દોમાં "મૂડીનો ઉપયોગ કરવા બદલ મૂડી ઉછીની મેળવનાર વ્યક્તિ દ્વારા મૂડીના માલિકને જે ચોક્કસ સમયગાળા માટેનું વળતર ચૂકવાય છે તે વ્યાજ છે."

આમ, દરેક વ્યાખ્યાનો સારાંશ તો એ જ રહે છે કે ઉત્પાદનનાં સાધન તરીકે ઉત્પાદન પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે મૂડીને જે વળતર મળે છે તે વ્યાજ છે. અથવા મૂડીના વપરાશ બદલ મૂડીના માલિકને મળતી આવક એ વ્યાજ છે.

## 13.3 કાચું વ્યાજ અને ચોખ્ખું વ્યાજ :

### ● કાચું વ્યાજ :

વ્યવહારમાં આપણે જે 'વ્યાજ' શબ્દનો ઉપયોગ કરીએ છીએ તે કરારી વ્યાજ અથવા કાચું વ્યાજ હોય છે. આ કાચા વ્યાજની રકમ શુદ્ધ વ્યાજ કરતાં ઘણી વધારે હોય છે. કારણ કે કાચા વ્યાજમાં શુદ્ધ વ્યાજ ઉપરાંત બીજા વળતરનો પણ સમાવેશ થાય છે.

કાચા વ્યાજને સૂત્રમાં મુકવું હોય તો આ રીતે મૂકી શકાય.

કાચું વ્યાજ = શુદ્ધ વ્યાજ + જોખમ ઉઠાવવાનું વળતર + અગવડતાનું વળતર + વ્યવસ્થાખર્ચ પેટે વળતર

હવે સૂત્રના દરેક ભાગને વિગતવાર સમજવાનો પ્રયાસ કરીએ.

### 1. શુદ્ધ વ્યાજ :

મૂડી ઉછીની મેળવનાર વ્યક્તિ મૂડીના માલિકને માત્ર મૂડીની ઉત્પાદક્તાને ધ્યાનમાં રાખીને જે વળતર ચૂકવે છે તે શુદ્ધ વ્યાજ છે. આ શુદ્ધ વ્યાજમાં અન્ય કોઈ પણ પ્રકારના જોખમ કે વળતરનો સમાવેશ થતો નથી.

### 2. જોખમ ઉઠાવવાનું વળતર :

જ્યારે પણ મૂડીનો માલિક પોતાની મૂડી કોઈને ધિરાણ કરે છે ત્યારે તેમાં મૂડી પરત ન મળે તેનું જોખમ રહેલું હોય છે. આ જોખમ ઉઠાવવા બદલ મૂડીના માલિકને વળતર મળવું જોઈએ. અહીં આ જોખમ બે પ્રકારના છે. **1**. વ્યક્તિગત જોખમ અને **2**. ધંધાકીય જોખમ. વ્યક્તિગત જોખમનો આધાર મૂડી ઉછીની મેળવનાર વ્યક્તિની પ્રામાણિક્તા તથા તેની બજારમાં રહેલી પ્રતિષ્ઠા પર છે. જો વ્યક્તિની પ્રતિષ્ઠા સારી હોય અને તે પ્રામાણિક હોય તો વ્યક્તિગત જોખમ ઓછું રહે છે. અને પ્રામાણિક કે પ્રતિષ્ઠિત વ્યક્તિ ન હોય તો જોખમ વધી જાય છે. આ ઉપરાંત ધંધાકીય જોખમનો આધાર ધંધાનો પ્રકાર, બજારની પરિસ્થિતિ, નિયોજકની આવડત વગેરે પર રહેલો છે અને તેના આધારે પણ ધંધાકીય જોખમ નક્કી થાય છે. આમ, આ પ્રકારનું જોખમ ઉઠાવવા માટે મૂડીના માલિકને વળતર મળવુ જરૂરી છે.

### 3. અગવડતાનું વળતર :

મૂડીનો માલિક જ્યારે નાણાંનું ધિરાણ કરે ત્યારે તેને ચોક્કસ સમયગાળા દરમિયાન તેના નાણાં/મૂડી પાછી મળતી નથી ત્યારે તે અમુક અગવડતાઓનો સામનો કરે છે. જ્યારે ચોક્કસ સમય માટે ધિરાણ આપવામાં આવે ત્યારે તે સમય દરમિયાન મૂડીનો માલિક પોતાની જરૂરિયાત સંતોષવા તે નાણાંનો ઉપયોગ કરી શકતો નથી. ઘણી વાર મૂડીના માલિકને તે સમય દરમિયાન આકસ્મિક જરૂરિયાત પણ ઊભી થાય છે. છતાં તે નાણાંનો ઉપયોગ તે કરી શકતો નથી. આ ઉપરાંત ઘણી વાર કોઈ સારી તક રોકાણ માટે મળે તો પણ મૂડીનો માલિક તે તકનો લાભ મેળવી શકતો નથી. આમ, નાણાંનું વળતર પણ મૂડીના માલિકને મળવું જરૂરી છે.

### 4. વ્યવસ્થાખર્ચ પેટે વળતર :

જ્યારે મૂડીના માલિક કોઈને ધિરાણ કરે ત્યારે તેણે પોતે ધિરાણ કરેલ નાણાંના હિસાબો રાખવા દરેક વ્યવહારની નોંધ કરવી પડે છે. આ હિસાબો તૈયાર કરવા અને જાળવવા એક માણસની જરૂર પડે છે જેને વેતન આપવું પડે છે. આ ઉપરાંત સમયાંતરે

મેળવવાની થતી રકમની યાદીની નોટીસ કે સંદેશા ધિરાણ મેળવનારને મોકલવા પડે છે. જેના માટે વ્યક્તિએ ખર્ચ કરવો પડે છે. આ સિવાય અન્ય કર્મચારીઓનો પગાર, વાહનવ્યવહાર ખર્ચ, સ્ટેશનરી ખર્ચ, ઓફીસ ભાડું વગેરે જેવા વ્યવસ્થાકીય ખર્ચ મૂડીના માલિકે કરવા પડે છે. ઘણી વાર કાયદાકીય પ્રક્રિયામાં જવું પડે તો તેના માટે વકીલ રાખવાનો ખર્ચ તેમ જ બીજી અગવડતાઓનો સામનો મૂડીના માલિકને કરવો પડે છે. આમ, વ્યવસ્થાખર્ચ પેટે પણ વળતર મૂડીના માલિકને મળવું જરૂરી છે.

આમ, કાચા વ્યાજની રકમ શુદ્ધ વ્યાજ કરતાં વધુ હોય છે. પરંતુ તે કેટલી વધારે હશે કે હોવી જોઈએ તેનો આધાર તેમાં રહેલ જોખમ, પડતી અગવડતા અને થતા વ્યવસ્થાખર્ચ પર રહેલો છે. જો જોખમ, અગવડતા અને વ્યવસ્થાખર્ચ વધારે હોય તો કાચું વ્યાજ વધારે રહે છે અને તેનાં કરતાં ઊલટું જો તે જોખમ, અગવડતા કે વ્યવસ્થાખર્ચ ઓછું હોય ત્યારે કાચું વ્યાજ ઓછું હોય છે.

- **શુદ્ધ વ્યાજ :**

અગાઉ ચર્ચા કરી તે મુજબ શુદ્ધ વ્યાજ એટલે મૂડીની માત્ર ઉત્પાદકીય સેવાના વળતર રૂપે જે ચૂકવવામાં આવે છે તેને શુદ્ધ અથવા ચોખ્ખું વ્યાજ કહે છે. અહીં નોંધીએ કે શુદ્ધ વ્યાજની રકમ ખૂબ જ ઓછી હોય છે કારણ કે શુદ્ધ વ્યાજમાં માત્ર ઉત્પાદકીય સેવાને જ ધ્યાનમાં લેવામાં આવે છે તેમાં અન્ય કોઈ જોખમ કે વળતર ગણતરી કરવામાં આવતી નથી. આથી શુદ્ધ વ્યાજ એ માત્ર કાચા વ્યાજનો ભાગ છે. આમ, જ્યારે આપેલ ધિરાણ સલામત હોય અથવા મૂડીરોકાણ સલામત હોય ત્યારે તેમાંથી પ્રાપ્ત થતું વ્યાજ એ શુદ્ધ વ્યાજ હોય છે. દા.ત. સરકારી બોન્ડ, એન.એસ.સી, ટ્રેઝરી બીલ, કિસાન વિકાસ પત્ર કે પછી અન્ય સરકારી રોકાણ સૌથી વધુ સલામતી હોય છે. આથી તેમાં મળતુ વ્યાજએ શુદ્ધ વ્યાજની વધારે નજીક હોય છે. માની લઈએ કે કાચું વ્યાજ **20%** હોય તો તેમાં શુદ્ધ વ્યાજ **7%** + જોખમનું વળતર **4%** + અવગડનું વળતર **4%** તથા + વ્યવસ્થા ખર્ચ **5%** હશે. આમ, કાચા વ્યાજમાં અન્ય વળતરોનો પણ સમાવેશ થાય છે.

પ્રો. માર્શલ આ તફાવત સ્પષ્ટ કરતાં જણાવે છે કે "શુદ્ધ વ્યાજ માત્ર પ્રતીક્ષા કરવાનો બદલો છે, જ્યારે કાચા વ્યાજમાં પ્રતીક્ષાના બદલાં ઉપરાંત અન્ય તત્ત્વો પણ સમાયેલા હોય છે."

પ્રો. ચેપમેન શુદ્ધ વ્યાજને સ્પષ્ટ કરતાં જણાવે છે કે "મૂડીનું ધિરાણ કરનારને મૂડી ઉછીની આપનાર માટે કોઈ પણ પ્રકારનું જોખન ન લાગતું હોય અને કોઈ અગવડનો અનુભવ ન થતો હોય ત્યારે મૂડીના માલિકને ચૂકવવામાં આવતું વળતર એ શુદ્ધ કે ચોખ્ખું વ્યાજ છે."

## 13.4 ધિરાણ ભંડોળનો સિદ્ધાંત :

ધિરાણ ભંડોળનો સિદ્ધાંત રોકડ પસંદગીના વ્યાજના સિદ્ધાંતની મર્યાદા દૂર કરવા માટે રજૂ થયો છે. સૌ પ્રથમ આ સિદ્ધાંતની રજૂઆત નટ વિક્સેલ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ આ જ સિદ્ધાંતને થોડા ફેરફાર સાથે મીર્ડાલ, ઓહલીન તથા હેન્સન દ્વારા પુનઃ રજૂ કરવામાં આવ્યો. આ સિદ્ધાંતની રજૂઆત આ પ્રમાણે કરી શકાય.

વ્યાજના ધિરાણ ભંડોળના સિદ્ધાંત પ્રમાણે વ્યાજનો દર ધિરાણ ભંડોળની માંગ અને ધિરાણપાત્ર ભંડોળના પુરવઠા બંને દ્વારા નક્કી થાય છે. જે જગ્યાએ ધિરાણપાત્ર ભંડોળની માંગ અને પુરવઠો બંને એક સરખા થાય તે બિંદુએ વ્યાજનો

દર નક્કી થાય છે. ધિરાણપાત્ર ભંડોળની માંગ વેપારી દ્વારા, વ્યક્તિ દ્વારા અંગત વપરાશ માટે તથા સરકાર દ્વારા કરવામાં આવે છે. જ્યારે બીજી બાજુ ધિરાણ આપનાર વ્યક્તિઓ તથા જુદી જુદી સંસ્થાઓ દ્વારા ધિરાણ માટે પુરવઠો પ્રાપ્ય કરાવવામાં આવે છે. આ ભંડોળના ઉપયોગ બદલ ધિરાણ મેળવનારને જે વળતર ચૂકવવામાં આવે છે તેને વ્યાજ કહેવામાં આવે છે.

**અ. ધિરાણપાત્ર ભંડોળની માંગ નક્કી કરનાર પરિબળો :**

**1. વેપારી અને ઉત્પાદકો દ્વારા કરવામાં આવતી માંગ :**

ધિરાણપાત્ર ભંડોળની માંગ વેપારીઓ તથા ઉત્પાદકો દ્વારા સામાન્ય રીતે કરવામાં આવતી હોય છે. વેપારીઓ સામાન્ય રીતે માલ, દુકાન કે ફર્નિચર ખરીદી માટે કરતા હોય છે જ્યારે ઉત્પાદકો કાચો માલ, પ્લાન્ટ, મશીનરી કે ઉત્પાદકીય હેતુ માટે મિલ્કત ખરીદવા માટે કરતા હોય છે. જેનો હેતુ રોકાણ કરી તેમાંથી વળતર પ્રાપ્ત કરવાનો હોય છે. ધિરાણપાત્ર ભંડોળની માંગ કેટલી રહેશે તેનો આધાર વ્યાજદર કેટલો છે તેના પર રહેલો છે. જો વ્યાજનો દર વધુ હોય તો ધિરાણપાત્ર ભંડોળની માંગ ઓછી રહે છે અને વ્યાજદર ઓછો હોય તો ધિરાણ ભંડોળની માંગ વધુ રહે છે.

**2. ગ્રાહકો દ્વારા વપરાશની વસ્તુની ખરીદી માટે ધિરાણપાત્ર ભંડોળની માંગ :**

જ્યારે વ્યક્તિ પોતાની વર્તમાન આવક કરતાં વધુ ખર્ચ કરવા માંગતો હોય અને ટકાઉ વપરાશી વસ્તુ જેવી કે ફર્નિચર, વાહન વગેરેની ખરીદી કરવા માંગતો હોય ત્યારે ધિરાણપાત્ર ભંડોળની માંગ કરે છે. અહીં ગ્રાહક પોતાની ભવિષ્યમાં મળવાની આવકનો વર્તમાનમાં ઉપયોગ કરવા ઈચ્છે છે. માટે જ વ્યાજ ચૂકવવા તૈયાર થાય છે. આમ, વ્યક્તિ, પોતાની વપરાશની જરૂરિયાત ધિરાણ મેળવીને સંતોષે છે. જો વ્યાજના દર વધુ હોય તો આવી બધી વસ્તુઓ ખરીદવા માટે વ્યક્તિ ધિરાણપાત્ર ભંડોળની માંગ ઓછી કરે છે અને વ્યાજના દર ઓછા હોય તો વપરાશી વસ્તુ માટેની માંગ વધુ કરે છે.

**3. સરકાર દ્વારા માંગ :**

સરકારે જ્યારે આર્થિક વિકાસદરના લક્ષ્યાંક ઊંચા રાખ્યા હોય અને તેને પહોંચી વળવા જુદી જુદી યોજનાઓ અને નીતિઓ ઘડી હોય ત્યારે તેને પહોંચી વળવા માટે સરકારને મોટા પ્રમાણમાં નાણાંની જરૂર પડે છે. આ ઉપરાંત યુદ્ધના સમયે કે પછી આકસ્મિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે પણ સરકારને નાણાંની આવશ્યકતા ઊભી થાય છે. આમ, સરકાર દ્વારા પણ નાણાં ભંડોળની માંગ કરવામાં આવતી હોવાથી ધિરાણપાત્ર ભંડોળની કુલ માંગમાં વધારો થાય છે.

**4. સંગ્રહનો હેતુ :**

ઘણી વાર સંગ્રહના હેતુ માટે પણ ધિરાણ ભંડોળપાત્રની માંગ કરવામાં આવે છે. મોટા ભાગે લેવાતી સાવચેતીના હેતુ માટે પણ આ પ્રકારની માંગ કરે છે. વ્યાજના દર અને સંગ્રહના હેતુ માટે નાણાંની માંગની વિરુદ્ધ સંબંધ છે એટલે કે વ્યાજના દર વધુ હોય તો સંગ્રહના હેતુ માટે નાણાંની માંગ ઓછી રહે છે અને વ્યાજનો દર ઓછો હોય તો નાણાંની માંગ વધુ રહે છે.

આમ, ઉપરોક્ત જુદા જુદા પરિબળો ધિરાણપાત્ર ભંડોળની માંગ નક્કી કરે છે. જુદા જુદા વ્યાજના દરે ધિરાણપાત્ર ભંડોળની માંગ જુદી જુદી રહે છે. જો વ્યાજદર ઊંચા જતા રહે તો ધિરાણપાત્ર ભંડોળ કુલ માંગમાં ઘટાડો થાય છે જ્યારે બીજી બાજુ જો વ્યાજદર નીચા જાય તો ધિરાણપાત્ર ભંડોળની માંગમાં વધારો થાય છે.

આમ, વ્યાજનો દર અને ધિરાણપાત્ર ભંડોળની માંગ એકબીજા સાથે વિરુદ્ધ સંબંધ ધરાવે છે. આમ, ધિરાણપાત્ર ભંડોળની માંગરેખા ડાબી બાજુ ઉપર જમણી બાજુ નીચે તરફ ઢાળ ધરાવે છે.

**બ. ધિરાણપાત્ર ભંડોળનો પુરવઠો નક્કી કરનારાં પરિબળો :**

**1. લોકોની બચતો :**

સામાન્ય રીતે લોકોની તથા વેપારીઓની બચતો ધિરાણપાત્ર ભંડોળનો પુરવઠો નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

જ્યારે લોકો પોતાની આવકનો બધો ભાગ ખર્ચી ન નાખે તો તેઓ થોડી બચત કરી શકે છે. મોટા ભાગે આવા લોકો પોતાની બચત પર વળતર મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેનું ધિરાણ કરે છે. સામાન્ય રીતે જ્યારે વ્યાજ વધુ મળતુ હોય ત્યારે તેઓ વધુ બચત કરી વધુ ધિરાણ આપવાનો પ્રયાસ કરે છે. જ્યારે ઓછુ વ્યાજ મળતુ હોય ત્યારે ઓછી બચત કરવાનું કે ઓછું ધિરાણ આપવાનું પસંદ કરે છે. આમ, લોકો દ્વારા કરવામાં આવેલી બચતો પણ ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો કે ઘટાડો કરે છે.

**2. બેંક ધિરાણ :**

બેંકો દ્વારા જુદા જુદા સ્વરૂપે જે ધિરાણ આપવામાં આવે છે. તે ધિરાણ પણ ધિરાણપાત્ર ભંડોળના કુલ પુરવઠામાં અગત્યનો ભાગ ભજવે છે. સામાન્ય રીતે બેંક ઓ.ડી., સી.સી. તથા ટૂંકાગાળાની લોન સ્વરૂપે લોકોને ધિરાણ આપે છે. આ બેંક ધિરાણ પણ પણ ધિરાણ ભંડોળના પુરવઠામાં વધારો કરે છે. વ્યાજના દરની અસર પણ આ ધિરાણ ભંડોળના પુરવઠા પર થાય છે.

**3. નિષ્ક્રિય બચતોનું પ્રમાણ :**

જો લોકો નિષ્ક્રિય સ્વરૂપમાં પોતાની પાસે રોકડ સ્વરૂપમાં વધુ નાણાં રાખવાનું પસંદ કરે ત્યારે ધિરાણ આપવાનું કે રોકાણ કરવાનું પસંદ કરતા નથી. આવા સમયે ધિરાણ પાત્ર ભંડોળના પુરવઠામાં ઘટાડો થાય છે.


જો વ્યાજદર વધારે હોય તો લોકો પોતાની પાસે નિષ્ક્રિય સ્વરૂપમાં રોકડ રાખવાનું પસંદ ઓછું કરે છે માટે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થાય છે.

**4. નિવેશ અને વિનિવેશ (રોકાણ કરવું અને રોકાણ પાછું ખેંચી લેવું) :**

જો કોઈ વ્યક્તિ પોતાનો ધંધો ચલાવતો હોય અને તેને બજારમાં પ્રવર્તમાન (ચાલતા) વ્યાજદર કરતાં ઓછું વળતર પ્રાપ્ત થતું હોય ત્યારે સ્વાભાવિક જ વ્યક્તિ પોતાના ધંધામાંથી રોકાણ પાછુ ખેંચી તે નાણાંનો ઉપયોગ કોઈને રોકાણ કરવા માટે કરશે. આમ, જ્યારે લોકો આ રીતે ધંધામાંથી રોકાણ પાછું ખેંચી તેનો ઉપયોગ ધિરાણ

માટે કરે ત્યારે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થાય છે.

આમ, ઉપરોક્ત પરિબળો ધિરાણપાત્ર ભંડોળના પુરવઠો નક્કી કરે છે અને જુદા જુદા વ્યાજ દરે ધિરાણપાત્ર ભંડોળના આ પુરવઠામાં ફેરફાર થતો રહે છે. વ્યાજના દર વધવાની સાથે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થાય છે તથા વ્યાજદર ઘટવાની સાથે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં ઘટાડો થાય છે. આમ, વ્યાજ દર અને ધિરાણપાત્ર ભંડોળ વચ્ચે સીધો સંબંધ છે. આથી ધિરણપાત્ર ભંડોળના પુરવઠાનો વક્ર ડાબી બાજુ નીચેથી જમણી બાજુ ઉપર તરફ ઢાળ ધરાવે છે. ઘણી વાર લોકો પોતાની પાસે કોઈ પણ વ્યાજ કે વળતરની અપેક્ષાએ નાણું રાખે છે.




**નાણાંની માંગ અને પુરવઠો**

ઉપરોક્ત આકૃતિમાં OY ધરી પર વ્યાજદર અને OX ધરી પર ધિરાણભંડોળનો પુરવઠો દર્શાવામાં આવેલ છે પ્રથમ આકૃતિમાં CC, HH અને EE રેખાઓ મૂડી રોકાણ, સંગ્રહ અને વપરાશ માટેની ધિરાણ ભંડોળની માંગ દર્શાવે છે.જે વ્યાજદર સાથે વ્યસ્ત સંબંધ ધરાવે છે એટલે જેમ વ્યાજદર નીચો તેમ માંગ પણ વધારે હોય તેથી તે ઋણ ઢાળ ધરાવે છે. જ્યારે DD, KK, MM અને SS રેખાએ બચત, બેંક ધિરાણ, સંગ્રહ અને બિનમૂડીરોકાણ વગેરેથી થતો ધિરાણ ભંડોળનો પુરવઠો દર્શાવે છે જે વ્યાજદર સાથે સીધો ધન સંબંધ ધરાવે છે. જેમ વ્યાજદર વધારે તેમ પુરવઠો પણ વધારે હોય છે. તેથી ધિરાણ ભંડોળની પુરવઠા રેખા ધન ઢાળ જોવા મળે છે.

પ્રથમ આકૃતિના આધારે બીજી આકૃતિ સંયુક્ત ધિરાણભંડોળની માંગ અને પુરવઠો દર્શાવવામાં આવેલ છે. SL રેખા કુલ ધિરાણભંડોળની પુરવઠા રેખા છે. DLએ કુલ ધિરાણ ભંડોળની માંગ રેખા છે, જ્યાં બંને રેખાઓ એકબીજીને છેદે છે ત્યાં વ્યાજદર નક્કી થાય. જે આકૃતિમાં E બિંદુએ દર્શાવેલ છે. જ્યારે ધિરાણભંડોળની માંગ અને પુરવઠામાં ફેરફાર થાય છે જે ત્યારે વ્યાજદરમાં પણ ફેરફાર થાય છે.

## 13.5 સારાંશ :

આ એકમમાં આપણે વ્યાજનો માત્ર મૂડીના વળતર ઉપરાંત વ્યાપક અર્થમાં સમજવાનો પ્રયાસ કર્યો. આ જ રીતે કાચા વ્યાજ અને શુદ્ધ વ્યાજના તફાવતની ચર્ચા કરી. જેમાં શુદ્ધ વ્યાજ એ માત્ર મૂડીની ઉત્પાદક્તાને ધ્યાને લે છે. જેની સામે કાચું વ્યાજ એ માત્ર મૂડીના વપરાશ બદલ આપવામાં આવતું વળતર નથી પરંતુ તેમાં જોખમ ઉઠાવવાનું, અગવડનું તેમ જ વ્યવસ્થાખર્ચ પેટે જે કંઈ પણ ખર્ચ થાય છે તેનો પણ સમાવેશ કરવામાં આવે છે. આવી જ રીતે વ્યાજ નક્કી કરવા માટે ધિરાણ ભંડોળનો સિદ્ધાંતની ચર્ચા કરી જેમાં વ્યાજ નક્કી કરવા માટે ધિરાણ ભંડોળની માંગ અને ધિરાણ ભંડોળના પુરવઠાની ભૂમિકાની ચર્ચા કરી. જે રીતે કોઈ વસ્તુની કિંમત વસ્તુની માંગ અને વસ્તુના પુરવઠા દ્વારા નક્કી થાય છે તેવી જ રીતે મૂડીનું વ્યાજ પણ ધિરાણની માંગ અને ધિરાણનાં પુરવઠા બંને દ્વારા નક્કી થાય છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

**1. વ્યાજ :** મૂડીના માલિકને તેની મૂડીના ઉપયોગ બદલ જે વળતર ચૂકવવામાં આવે છે તેને વ્યાજ કહે છે.

**2. શુદ્ધ વ્યાજ :** મૂડીના ઉત્પાદકીય ઉપયોગ બદલ જે વળતર ચૂકવવામાં આવે છે તેને શુદ્ધ વ્યાજ કહે છે. તેમાં અન્ય કોઈ વળતરનો સમાવેશ થતો નથી.

**3. કાચું વ્યાજ :** કાચા વ્યાજમાં મૂડીના ઉપયોગ બદલનું વળતર, જોખમ ઉઠાવવાનું વળતર, મૂડીના માલિકને પડતી અગવડ તથા મૂડીના માલિકને જે વ્યવસ્થાખર્ચ થાય છે તે દરેક વળતરનો સમાવેશ થાય છે.

**4. ધિરાણપાત્ર ભંડોળની માંગ :** જુદા જુદા પક્ષકારો દ્વારા ધિરાણની જે માંગ કરવામાં આવે છે તેની કુલ માંગને ધિરાણપાત્ર ભંડોળની માંગ કહે છે. જે માંગ વ્યક્તિગત, વેપારી, ઉત્પાદકની કે પછી સરકારની હોય શકે.

**5. ધિરાણપાત્ર ભંડોળનો પુરવઠો :** ધિરાણ તરીકે આપી શકાય તેવા નાણાંભંડોળને ધિરાણપાત્ર ભંડોળનો પુરવઠો કહે છે. જેમાં વ્યક્તિગત બચતો, બેંકો તેમ જ નાણાંકીય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

1. વ્યાજનો અર્થ સમજાવો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

2. કાચું વ્યાજ એટલે શું ?

............................................................

............................................................

............................................................

..........................................................

**3**. શુદ્ધ વ્યાજની વ્યાખ્યા આપો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**4**. કાચા વ્યાજ અને શુદ્ધ વ્યાજ વચ્ચેનો તફાવત સમજાવો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**5**. વ્યાજના ધિરાણપાત્ર ભંડોળનો સિદ્ધાંત આકૃતિ સાથે સમજાવો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**6**. ધિરાણપાત્ર ભંડોળની માંગ કેવી રીતે ઉદ્દભવે છે ? ધિરાણપાત્ર ભંડોળની માંગ કોના દ્વારા કરવામાં આવે છે?

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**7**. ધિરાણપાત્ર ભંડોળના પુરવઠાને કયાં પરિબળો અસર કરે છે?

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**8**. ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વ્યક્તિગત બચતનું મહત્ત્વ સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**9.** ધિરાણપાત્ર ભંડોળના પુરવઠામાં નિવેશ અને વિનિવેશ ભૂમિકા સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**10**. સંગ્રહના હેતુ માટે નાણાં તથા વ્યાજને કેવો સંબંધ છે ?

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**11**. વ્યાજનો અર્થ આપી ધિરાણ ભંડોળના સિદ્ધાંતની આકૃતિ સાથે સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**12**. ધિરાણ ભંડોળની માંગ અને પુરવઠાને અસર કરતા પરિબળો જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## ★ નીચેની ખાલી જગ્યા પૂરો.

1. ધિરાણ ભંડોળના સિદ્ધાંત સૌ પ્રથમ રજૂઆત ........ કરી?

   A. નટ વિક્સેલ  B જે.એમ.કેઈન્સ

   C પ્રો.પીગું  D. અમર્ય જોન

2. ધિરાણ ભંડોળના સિદ્ધાંતના અનુસાર વ્યાજદર ..... દ્વારા નક્કી થાય છે?

   A. ધિરાણ ભંડોળની માંગ  B ધિરાણ ભંડોળનો પુરવઠો

   C રિઝર્વ બેંક  D. A & B

3. ધિરાણ ભંડોળનો પુરવઠો નક્કી કરતા પરિબળો .... છે?

   A. લોકોની બચતો  B બેંક ધિરાણ

   C નિષ્ક્રિય બચતો  D. ઉપરોક્ત બધા જ

4. ધિરાણ ભંડોળના સિદ્ધાંતના અનુસાર ધિરાણ ભંડોળની માંગ સ્થિર હોય તેવી સ્થિતિમાં દ્જિરાણા ભંડોળના પુરવઠામાં વધારો થવાથી વ્યાજદર ....... થાય છે.

   A. વ્યાજદર સ્થિર  B વ્યાજદર વધે

   C વ્યાજદર ઘટે  D. ઉપરોક્ત કોઇ નહી

5. ધિરાણ ભંડોળનો પુરવઠો સ્થિર હોય ત્યારે જો ધિરાણ ભંડોળની માંગમાં વધારો થતા વ્યાજદર ...... અસર જોવા મળે છે.

   A. વ્યાજદર સ્થિર  B વ્યાજદર વધે

   C વ્યાજદર ઘટે  D. ઉપરોક્ત કોઇ નહી

6. ધરાણ ભંડોળનો પુરવઠો સ્થિર હોય ત્યારે જો ધિરાણ ભંડોળની માંગ ઘટે તો વ્યાજદર ...... થાય છે?

   A. વ્યાજદર સ્થિર  B વ્યાજદર વધે

   C વ્યાજદર ઘટે  D. ઉપરોક્ત કોઇ નહી

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

- **ખાલી જગ્યા પૂરોના જવાબો**

  1. નટ વિક્સેલ
  2. A & B
  3. ઉપરોક્ત બધા જ
  4. વ્યાજદર ઘટે
  5. વ્યાજદર વધે
  6. વ્યાજદર ઘટે

★ **સંદર્ભ :**


1. H. L. Ahuja, Micro Economics, S. Chand Publishing.
2. H. L. Ahuja, Business Economics, S. Chand Publishing.
3. N. Gregory Mankiw, Principles of Micro Economics, Cengage Learning Publication.
4. Pradeep Kumar, Introductory Micro Economics, Tax man Publication.
5. એચ. કે. ત્રિવેદી, અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

એકમ 14

# સાધન કિંમતો – વ્યાજ - 2

## રૂપરેખા

14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 વ્યાજનો અર્થ
14.3 વ્યાજને અસર કરતાં પરિબળો
14.4 કેઈન્સનો વ્યાજ નિર્ધારણનો સિદ્ધાંત
14.5 સારાંશ
★ ચાવીરૂપ શબ્દો
★ તમારી પ્રગતિ ચકાસો
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો
★ સંદર્ભ

## 14.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી –

1. વ્યાજનો અર્થ ખ્યાલ આવશે.
2. વ્યાજ તથા વ્યાજને અસર કરતાં પરિબળો કે જેના આધારે વ્યાજ નક્કી થાય છે તેનો ખ્યાલ આવશે.
3. કેઈન્સના વ્યાજ નિર્ધારણ સિદ્ધાંતને જાણી શકાશે.

## 14.1 પ્રસ્તાવના :

જ્યારે વ્યક્તિ પાસે પોતાની આવશ્યક્તા કરતાં ઓછાં નાણાં હોય ત્યારે પોતાની વર્તમાન જરૂરિયાતો સંતોષવા તે નાણાંની માંગ કરે છે. આવી જ રીતે વેપારી કે ઉત્પાદકોને પણ પોતાની વર્તમાન મૂડી કરતાં વધારે મૂડીની આવશ્યક્તા પોતાના ધંધાને વિકસાવવા માટે જરૂરી બની રહે ત્યારે તે બેંક કે નાણાંકીય સંસ્થા પાસેથી કે બેંક પાસેથી નાણાં ઉછીનાં મેળવે છે. આ ઉપરાંત સરકારને પણ જ્યારે આવક કરતાં ખર્ચ વધારે હોય ત્યારે નાણાં ભંડોળની આવશ્યક્તા ઊભી થાય છે. ત્યારે લોકો, બેંક કે નાણાંકીય સંસ્થા પાસેથી સરકાર ઉછીનાં નાણાં મેળવે છે. અને આ મૂડી મેળવી લીધા બાદ તેના ઉપયોગ બદલ મૂડીના માલિકને તેનું વળતર ચુકવવાનું થાય છે. જે વળતર મૂડીના માલિકને ચૂકવવામાં આવે છે તેને વ્યાજ કહે છે. પરંતુ આ વ્યાજ નક્કી કરનારા કે વ્યાજને અસર કરતાં ઘણાં બધાં પરિબળો છે. એ પરિબળોને સમજવા પણ

જરૂરી છે. કારણ કે વ્યાજના દરો સતત એકસરખા રહેતા નથી એટલે કે સ્થિર રહેતા નથી પરંતુ તેમાં પરિવર્તન આવે છે. જ્યારે લોકો પોતાની પાસે કેટલી રોકડ રાખે છે તેના આધારે પણ અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો પરિવર્તન પામતો રહે છે અને તેથી જ વ્યાજમાં પણ ફેરફાર થાય છે. જેની ચર્ચા આપણે આ એકમમાં કેઈન્સના રોકડ પસંદગીના સિદ્ધાંત દ્વારા કરીશું.

## 14.2 વ્યાજનો અર્થ :

પ્રો. માર્શલ નોંધે છે કે " મૂડીનો ઉપયોગ કરવા બદલ મૂડી ઉછીની મેળવનાર વ્યક્તિ દ્વારા મૂડી માલિકને જે ચોક્કસ સમયગાળા માટેનું વળતર ચુકવાય છે તે વ્યાજ છે.

પ્રો. માર્શલે આપેલ વ્યાખ્યા વાસ્તવિક્તા કે વ્યવહારમાં આપણે વ્યાજનો જે અર્થ કરીએ છીએ તેની ખુબ નજીક છે. કારણ કે સામાન્ય રીતે વ્યક્તિ બેંકમાંથી નાણાં ઉછીના લે ત્યારે તે નાણાંનો પોતાના ચોક્કસ હેતુ માટે અને ચોક્કસ સમયગાળા માટે ઉપયોગ કરે છે ત્યારે તેના બદલમાં બેંકમાંથી લીધેલ મૂડી કરતાં જે વધારાની રકમ ચુકવવા તૈયાર થાય તેને વ્યાજ કહે છે. આમ, આ વ્યાખ્યા પણ વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા અર્થની ઘણી નજીક છે.

પ્રો. જે. એમ. કેઈન્સના મતે " વ્યાજ એ ચોક્કસ સમય માટે તરલતા (રોકડ પ્રવાહ) થી અલગ પડવા માટેનું વળતર છે."

અહીં પણ મૂડીનો માલિક જ્યારે અન્ય કોઈને પોતાની મૂડીનો ઉપયોગ કરવા માટે આપે એટલે કે ઉછીની આપે ત્યારે તે રોકડ તેની પાસે રહેતી નથી. આમ, મૂડીનો માલિક પોતાના રોકડ પ્રવાહથી અલગ પડે છે. આથી અમુક ચોક્કસ સમય માટે મૂડીનો માલિક પોતાની મૂડીનો ઉપયોગ કરી શકતો નથી. આમ, મૂડીના માલિકને પોતાના રોકડ પ્રવાહથી અલગ પડવા માટે જે વળતર ચુકવવામાં આવે છે તે વ્યાજ છે.

## 14.3 વ્યાજને અસર કરતાં પરિબળો :

પહેલાના સમયમાં ધંધા નાના પાયા પર ચાલતા હોવાથી નિયોજક પાસે જરૂરિયાત પૂરતી મૂડી મળી રહેતી પરંતુ હવેના સમયમાં ધંધાનું કદ મોટું થતું જાય છે. જેથી ઉત્પાદન ખૂબ મોટા પાયા પર શરૂઆત થઈ ગઈ આથી નિયોજક પાસે રહેલી મૂડી અપૂરતી લાગે છે. માટે નિયોજક મૂડીના માલિક પાસેથી જરૂરિયાત પ્રમાણે મૂડી ઉછીની મેળવી ધંધામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે અને આ મૂડીના વપરાશ બદલ મૂડીના માલિકને જે વળતર ચુકવવામાં આવે છે તેને વ્યાજ તરીકે ઓળખવામાં આવે છે.

મોટા ભાગે જ્યારે વ્યાજની ચર્ચા કરવામાં આવે ત્યારે અર્થશાસ્ત્રીઓના મંતવ્ય એક અથવા બીજી રીતે એકસરખા રહ્યા છે અથવા તેમના દ્વારા આપેલી વ્યાખ્યાઓનો સારાંશ મોટા ભાગે એક સરખો જોવા મળ્યો છે. જે અગાઉ વ્યાજની વ્યાખ્યાઓની ચર્ચા કરી તેમાં જોઈ શકાય છે. આમ, વ્યાજ અંગે અર્થશાસ્ત્રીઓની સહમતી બને છે પરંતુ જ્યારે વ્યાજને અસર કરતાં પરિબળો અથવા કઈ બાબતોને આધારે વ્યાજ નક્કી થાય છે તેની ચર્ચા કરવામાં આવે ત્યારે આ બાબતમાં જુદા જુદા અર્થશાસ્ત્રીઓ પોતાના અલગ અલગ મંતવ્ય ધરાવે છે અને મોટાભાગે તેને ત્રણ જુદા જુદા ભાગમાં દર્શાવવાનો પ્રયાસ થયો છે.

1. બિનનાણાંકીય પરિબળો
2. નાણાંકીય પરિબળો

3. અન્ય પરિબળો

### 14.3.1 બિનનાણાંકીય પરિબળો :

વ્યાજ નક્કી કરવામાં બિનનાણાંકીય પરિબળો ભાગ ભજવે છે તેવી રજૂઆત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવી. તેમના મત પ્રમાણે વ્યાજ નક્કી કરવામાં નાણું પોતે સ્થિર રહે છે અથવા તટસ્થ રહે છે. અને વ્યાજ નક્કી કરવામાં બિનનાણાંકીય પરિબળો અગત્યનો ભાગ ભજવે છે.

**અ. આત્મસંયમ :**

કોઈ પણ વ્યક્તિને પોતે એકઠી કરેલ રકમ પર વ્યાજ મળી શકે છે અને આ એકઠી કરેલ રકમ એટલે બચત. પણ જરા વિચારીએ કે વ્યક્તિ બચત ક્યારે કરી શકે જ્યારે તે પોતાની વર્તમાન જરૂરિયાતો પૂરી ન કરે અથવા જે વર્તમાન ઉપયોગ છે તેનો ત્યાગ કરવા તૈયાર થાય ત્યારે તે વ્યક્તિ બચત કરી શકે છે. સામાન્ય રીતે વ્યક્તિના હાથમાં નાણાં આવે ત્યારે તેને પોતાની અનેક જરૂરિયાતો પૂરી કરવાની ઈચ્છા થાય છે પરંતુ બચત કરવા માટે વર્તમાન જરૂરિયાતો પર આત્મસંયમ જરૂરી બને છે. એટલે કે તેનો ત્યાગ કરવો પડે છે, તો જ બચત થઈ શકે. જો તેને બચત પર વ્યાજ ન મળે તો તે વર્તમાન જરૂરિયાતનો ત્યાગ કરવા તૈયાર ન પણ થાય.

આમ, જ્યાં આત્મસંયમ ઓછું હોય ત્યાં લોકોની બચત ઓછી રહે છે જેથી વ્યાજ વધારે રહે છે. તેના કરતાં ઊલટું જે જગ્યાએ લોકોનો આત્મસંયમ વધારે હશે ત્યાં બચત પણ વધારે હશે. જેથી સ્વાભાવિક જ ત્યાં વ્યાજના દર નીચા હશે.

**બ. સમયની પસંદગી :**

આપણી આજુબાજુ નજર કરીએ તો એવા ઘણા માણસો મળશે જે વર્તમાનને જ બધુ ગણતા હોય અને વર્તમાનમાં જીવી લેવા માંગતા હોય. આથી વર્તમાન વપરાશને પાછો ઠેલીને બચત કરી ભવિષ્યમાં વપરાશ કરવા માટે રાજી થતા નથી. આથી આવા લોકોના વર્તમાન વપરાશને રોકવા કે અટકાવવા માટેનું વળતર એ વ્યાજ છે. પ્રો. બવર્ક તેમજ પ્રો. ઈરવીંગ ફીશરે આ જ ખ્યાલને રજૂ કર્યો છે. જો આ વ્યક્તિ વર્તમાન ઉપભોગને બદલે ભવિષ્યના ઉપભોગને પસંદગી આપે તો જ બચત કરી શકે પરંતુ તેના માટે તેની બચત પર જો વધુ રકમ (વ્યાજ) મળતું હોય તો કદાચ આવું કરવા તૈયાર થાય.

આમ, જ્યાં લોકો વર્તમાન ઉપભોગને પસંદ કરતા હોય ત્યાં બચત ઓછી રહેવાથી વ્યાજ વધુ હોય શકે જેની સામે જ્યાં લોકો ભવિષ્યના ઉપભોગ માટે તૈયાર થાય ત્યાં બચત વધુ હોવાથી વ્યાજના દર નીચા રહી શકે.

**ક. પ્રતીક્ષા :**

પ્રો.આલ્ફ્રેડ માર્શલના મત અનુસાર અર્થતંત્રમાં કે બજારમાં બીજાને નાણાં ઉછીનાં આપનાર વ્યક્તિ ધનિક હોય છે. આથી તેઓની મોટાભાગની જરૂરિયાતો પૂરી થઈ ગયા પછી પણ તેમની પાસે વધારાનાં નાણાં હોવાથી તેઓ ધીરાણ કરે છે. આથી તેમણે મુદ્દા (અ) માં ચર્ચા કરી તે મુજબ ત્યાગ કરવો પડતો નથી. તેઓએ માત્ર રાહ જોવાની હોય છે કે પ્રતીક્ષા કરવાની હોય છે. તેઓ કદાચ પણ ત્યાગ કરે તો તે થોડા સમયનો જ હોય છે. માટે તેમણે એટલો સમય માત્ર પ્રતીક્ષા કરવાની રહે છે. આ પ્રતીક્ષા કરવા માટે જે વળતર ચુકવાય તે વ્યાજ છે.

જે જગ્યાએ લોકોની પ્રતીક્ષા કરવાની વૃત્તિ વધારે હશે ત્યાં બચતો વધારે હશે ત્યાં

બચતો વધારે પ્રમાણમાં થશે આથી ત્યાં બચત વધારે હોવાથી વ્યાજ ઘટશે તેના કરતાં ઊલટું જ્યાં પ્રતીક્ષા કરવાની વૃત્તિ ઓછી હશે ત્યાં બચત ઓછી થશે માટે વ્યાજના દર ઊંચા રહેશે.

**ડ. માંગ અને પુરવઠા :**

આલ્ફ્રેડ માર્શલ તથા ડેવીડ રિકાર્ડો જેવા અર્થશાસ્ત્રીઓના મત મુજબ નાણાંની માંગ અને પુરવઠામાં ફેરફાર થતો રહે છે જેથી વ્યાજના દરમાં પણ પરિવર્તન આવે છે. કોઈ વાર નાણાંની માંગ બજારમાં વધી જાય અને સામે જો બજારમાં નાણાંનો પુરવઠો ઓછો હોય તો વ્યાજના દર ઊંચા રહે છે. જેની સામે મૂડીરોકાણ માટે નાણાંની માંગ ઓછી અને નાણાંનો પુરવઠો વધુ હોય તો વ્યાજના દર નીચા રહે છે. આમ, જ્યારે માંગ અને પુરવઠામાં સ્થિરતા આવે ત્યારે વ્યાજના દરોમાં પણ તે સમયગાળા દરમિયાન સ્થિરતા જોવા મળે છે.

## 14.3.2. નાણાંકીય પરિબળો :

પ્રશિષ્ટ અથવા પહેલાના અર્થશાસ્ત્રીઓના મત મુજબ વ્યાજનો દર નક્કી થવામાં નાણું તટસ્થ અથવા સ્થિર રહે છે અને બિનનાણાંકીય પરિબળો દ્વારા વ્યાજ નક્કી થાય છે. પરંતુ આધુનિક અર્થશાસ્ત્રીઓના મત મુજબ વ્યાજનો દર નક્કી કરવામાં નાણુ પોતે પણ અગત્યની ભૂમિકા ભજવે છે માટે આ નાણાંકીય પરિબળોને ધ્યાનમાં લેવા આવશ્યક બને છે.

**અ. ધીરાણપાત્ર ભંડોળની માંગ અને પુરવઠો :**

ધીરાણપાત્ર ભંડોળ એટલે ધીરાણ તરીકે લઈ શકાય અને ધીરાણ તરીકે આપી શકાય તેવુ ભંડોળ. આમ, વ્યાજ એ આવા ભંડોળ દ્વારા નક્કી થાય છે. જે જગ્યાએ આ ધીરાણપાત્ર ભંડોળનો માંગ અને પુરવઠો એક સરખા થાય ત્યાં વ્યાજનો દર નક્કી થાય છે. વ્યક્તિઓ કે ધંધાઓ ધીરાણપાત્ર ભંડોળની માંગ કરે છે જેની સામે અમુક વ્યક્તિઓ, બેંકો કે અન્ય નાણાંકીય સંસ્થાઓ ધીરાણપાત્ર ભંડોળનો પુરવઠો પૂરો પાડે છે. મોટા ભાગે આ માંગ અને પુરવઠામાં સમતોલન જોવા મળતું નથી. જ્યારે ધીરાણપાત્ર ભંડોળના પુરવઠા કરતાં તેની માંગ વધી જાય ત્યારે વ્યાજના દર વધે છે અને જો ધીરાણપાત્ર ભંડોળના પુરવઠા કરતાં માંગ ઓછી રહે ત્યારે વ્યાજના દરમાં ઘટાડો નોંધાય છે.

**બ. લોકોની રોકડ પસંદગી :**

લોકો જે નાણાં હાથ પર રાખવાનું પસંદ કરે છે તેને રોકડ પસંદગી અથવા લોકોની તરલતા માટેની પસંદગી તરીકે ઓળખાય છે. મોટાભાગે લોકો **1**. વિનિમયનો હેતુ (રોજીંદા ખર્ચ માટે) **2**.સાવચેતીનો હેતુ (અનિશ્ચિતતાને પહોંચી વળવા) **3**. સટ્ટાકીય હેતુ (સટ્ટો કરવા માટે) હાથ પર નાણાં રાખવાનું પસંદ કરે છે. પહેલા બે હેતુ માટે રાખવામાં આવતી રોકડ મોટા ભાગે સ્થિર રહે છે. જેની સામે સટ્ટાની પ્રવૃત્તિ માટે રાખવામાં આવતી રોકડ અનિશ્ચિત હોય છે. આમ, લોકોની રોકડ પસંદગી જેટલી વધારે હશે. (હાથ પર વધુ નાણાં રાખશે) તેટલુ વ્યાજ વધારે રહે છે અને રોકડ પસંદગી જેટલી ઓછી તેટલું વ્યાજ ઓછું રહે છે.

## 14.3.3. અન્ય પરિબળો :

**અ. મધ્યસ્થ બેંકની નાણાંકીય સ્થિતિ :**

દરેક દેશમાં નાણાંના પુરવઠાને અંકુશમાં રાખવા, નિશ્ચિત દિશા આપવા તેમ

જ અર્થતંત્રમાં દેશનું તેમ જ લોકોનું હિત જાળવી ધાર્યા પરિણામ મેળવવા મધ્યસ્થ બેંક કામ કરતી હોય છે. મધ્યસ્થ બેંકનું મુખ્ય કામ નાણાંના પુરવઠાને સુનિશ્ચિત કરી દિશા આપવાનો હોય છે. જો અર્થતંત્રમાં નાણુ જરૂરિયાત કરતાં વધી જાય તો મધ્યસ્થ બેંક બેંકદરમાં વધારો કરી વ્યાજ દરો વધારે છે અને ફુગાવાની સ્થિતિને કાબુમાં લે છે. તેનાથી ઊલટું જો નાણાંનો પુરવઠો જરૂરિયાત કરતાં ઓછો થઈ જાય તો મધ્યસ્થ બેંક બેંકદરમાં ઘટાડો કરી વ્યાજદરો ઘટાડે છે. આમ, મધ્યસ્થ બેંક પરિમાણાત્મક અને ગુણાત્મક સાધનોનો ઉપયોગ નાણાંકીય નીતિ હેઠળ કરે છે.

**બ. દેશમાં નાણાંનો પુરવઠો :**

કોઈપણ દેશમાં નાણાંનો પુરવઠો દેશની મધ્યસ્થ બેંક અને કેન્દ્ર સરકાર સાથે મળીને નાણાંકીય નીતિ દ્વારા નક્કી કરે છે. જો નાણાંનો પુરવઠો વધારે હોય સામે અર્થતંત્રની આવશ્યક્તા ઓછી હોય તો વ્યાજદરમાં ઘટાડો આવે છે. તેનાથી ઊલટું આવશ્યક્તા કરતાં પુરવઠો ઘટે તો વ્યાજદરમાં વધારો આવે છે.

**ક. વિશ્વસ્તરે તરલતા :**

વિશ્વસ્તરે નાણાંની તરલતાની અસર હવેના સમયમાં દેશની તરલતા ઉપર પણ જોવા મળે છે. જો વૈશ્વિક મંદી ચાલતી હોય અને વિશ્વસ્તરે નાણાંની તરલતા (રોકડ પ્રવાહ) માં ઘટાડો થાય તો જે તે દેશને વધતા કે ઓછા અંશે પોતાના દેશના અર્થતંત્રની તરલતામાં ઘટાડો જોવા મળી શકે જેની સીધી અસર દેશમાં રહેલા નાણાંના પુરવઠા પર અને વ્યાજના દરો પર થાય છે.

**ડ. મૂડીની સીમાંત કાર્યક્ષમતા :**

વ્યાજના દરનો આધાર મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર પણ છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે “મૂડીના એકમમાં એક એકમનો વધારો કરવાથી જે ચોખ્ખું વળતર (ખર્ચ બાદ કર્યા પછીનું) પ્રાપ્ત થાય છે તેને મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહે છે. જો અર્થતંત્રમાં તેજી હોય કે હકારાત્મક્તા હોય તો મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધુ રહે છે. અર્થતંત્ર નિરાશાવાદી વાતાવરણમાં હોય તો મૂડીની સીમાંત કાર્યક્ષમતા નીચી રહે છે. જો મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધુ તો વ્યાજનો દર વધારે રહે છે અને જો મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઓછી હોય તો વ્યાજનો દર પણ નીચો રહે છે.

## 14.4 કેઈન્સનો વ્યાજ નિર્ધારણનો સિદ્ધાંત :

રોકડ પસંદગીના સિદ્ધાંતની રજૂઆત જે. એમ. કેઈન્સ દ્વારા 1936માં તેમના પુસ્તક “The General Theory” માં કરવામાં આવી. તેમણે વ્યાજનો રોકડ પસંદગીનો સિદ્ધાંત રજૂઆત કરતાં પહેલા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આપેલ સિદ્ધાંતની અમુક ટીકાઓ રજુ કરી.

1. વ્યાજ એ બચત કરવાનું કે રાહ જોવાનું વળતર નથી.
2. વ્યાજનો દર બચત નક્કી કરતો નથી.
3. નાણાંની માંગ વ્યાજદરના આધારે નક્કી થતી નથી.

જે. એમ. કેઈન્સ પોતાના રોકડ પસંદગીના સિદ્ધાંતમાં નોંધે છે કે “વ્યાજ એ રોકડની તરલતાથી અલગ પડવાનું વળતર છે.” સરળ શબ્દોમાંકહીએ તો વ્યાજ એ વર્તમાન વપરાશ કે ચોક્કસ સમય માટે મૂડીની માલિકીથી અલગ પડવા માટેનું વળતર છે. કેઈન્સના મતે વ્યાજ એ બચત કરવા માટેનું નહીં પરંતુ પોતાની બચતથી અલગ

પડવાનું વળતર છે.

કેઈન્સના મતે વ્યાજનો દર નાણાંની માંગ અને નાણાંના પુરવઠા દ્વારા નક્કી થાય છે. પરંતુ અહીં નોંધીએ કે નાણાંનો પુરવઠો મધ્યસ્થ બેંક (RBI) દ્વારા પૂરો પાડવામાં આવે છે. માટે નાણાંનો પુરવઠો તેના દ્વારા નક્કી થાય છે. આમ, ટૂંકાગાળામાં આ પુરવઠામાં ફેરફાર થતો નથી. જેની સામે નાણાંની માંગમાં સતત ફેરફાર થતો રહે છે. આમ, ટૂંકાગાળામાં જોવા જોઈએ તો નાણાંનો પુરવઠો સ્થિર રહે છે અને માત્ર નાણાંની માંગ દ્વારા વ્યાજનો દર નક્કી થાય છે. અહીં નોંધીએ કે લોકો હાથ પર રોકડ રાખવા માટે નાણાંની માંગ કરે છે. આથી નાણાંની માંગને ''રોકડ પસંદગી'' એવું નામ પણ આપવામાં આવ્યું છે. અને સરળ ભાષામાં કહીએ તો હાથ પર રોકડ રાખવાની પસંદગી.

સામાન્ય રીતે લોકોની આવકને બે ભાગમાં વહેંચી શકાય (1) ખર્ચ અને (2) બચત. જો વ્યક્તિની ખર્ચવૃત્તિ વધારે હોય અથવા બીજા શબ્દોમાં ખર્ચાવૃત્તિ ઊંચી હોય તો બચત ઓછી રહે છે અને જો ઓછી ખર્ચવૃત્તિ હોય તો વધારે બચત કરી શકે. આથી અહીં કહી શકાય કે વ્યાજનો દર બચત સાથે નહીં પરંતુ આવક સાથે સંબંધિત છે. કારણ કે બચતનો જન્મ આવકમાંથી થાય છે. લોકો પોતાની બચતનો ઉપયોગ બે હેતુ માટે કરે છે. વ્યક્તિએ પોતાની બચત પોતાની પાસે રાખી શકે અથવા તે બચતનું અન્યને ધીરાણ કરી શકે. જો વ્યક્તિ પોતાની બચતનો ઉપયોગ અન્યને ધીરાણ કરવા માટે કરે તો વ્યક્તિ પોતાનો વર્તમાન વપરાશ અથવા ચોક્કસ સમય માટે મૂડીની માલિકી જતી કરવી પડે છે. વ્યક્તિ પોતાની માલિકી ત્યારે જતી કરવા તૈયાર થાય છે જ્યારે જો તેણે ધીરાણ કરેલી રકમ કરતાં વધુ રકમ મેળવી શકે. જો તેણે ધીરાણ કરેલી રકમ કરતાં વધુ રકમ તે મેળવે તો તે વધારાની રકમને વ્યાજ તરીકે ઓળખવામાં આવે છે. જો રોકડ પસંદગીનું પ્રમાણ વધારે હોય એટલે કે લોકો હાથ પર વધુ રોકડ રકમ રાખવાનું પસંદ કરતા હોય તો વ્યાજના દર ઊંચા રહે છે અને જો લોકોની રોકડ પસંદગી ઓછી હોય તો વ્યાજનો દર નીચો રહે છે.

લોકોની રોકડ પસંદગીનો આધાર મુખ્ય નીચે દર્શાવેલ ત્રણ હેતુઓ કે પરિબળો પર રહેલો છે.

**1. વિનિમયનો હેતુ :**

વ્યક્તિએ કરવાના થતા ખર્ચા આખા મહિના દરમિયાન કરવાના થતા હોય છે. સામાન્ય લોકોના રોજીંદા વ્યવહારોની જેમ જ વેપારી અને ઉત્પાદકોએ પણ પોતાના રોજબરોજના વ્યવહારો ચલાવવા માટે હાથ પર રોકડ રાખવી પડે છે. આમ, રોજીંદી લેવડદેવડ માટે લોકો અને ઉત્પાદકો-વેપારીઓ હાથ પર રોકડ રાખવાનું પસંદ કરે છે. જેને વિનિમયના હેતુ માટેની નાણાંની માંગ કહેવામાં આવે છે.

જો ધંધામાં આવકનું પ્રમાણ ઊંચુ હોય, રોકડ નાણું ઝડપથી ફરતું હોય, માલ ઉધાર પર મેળવી શકાતો હોય એવા સંજોગોમાં સામાન્ય રીતે હાથ પર રોકડ રાખવાની જરૂરિયાત ઓછી ઊભી થાય છે. સામાન્યતઃ ઉત્પાદકોને વેપારીઓ કરતાં વધુ રોકડ હાથ પર રાખવાની જરૂરિયાત રહે છે.

**2. સાવચેતીનો હેતુ :**

ભવિષ્યની અનિશ્ચિતતાઓને ધ્યાને રાખી મોટાભાગના લોકો સાવચેતીના હેતુ માટે હાથ પર નાણાં રાખવાનું પસંદ કરે છે. સામાન્ય રીતે લોકો માંદગી, અકસ્માત કે પછી અન્ય સામાજિક જવાબદારી પૂરી કરવા હાથ પર નાણાં રાખવાનું પસંદ કરે છે. આ જ રીતે વેપારીઓ અને ઉત્પાદકો પણ આગ લાગવાના, ચોરી થવાના કે અન્ય

કુદરતી કે માનવસર્જિત જોખમોને પહોંચી વળવા માટે સાવચેતીના હેતુ માટે અમુક નાણાં હાથ પર રાખે છે.

સાવચેતીના હેતુ માટે કેટલાં નાણાં રાખવામાં આવશે તેનો આધાર વ્યક્તિના પોતાના વલણ પર આધારિત છે. જો વ્યક્તિ નિરાશાવાદી કે નકારાત્મક વલણ ધરાવતો હોય તો સાવચેતીના હેતુસર હાથ પર વધુ રોકડ રાખવાનું પસંદ કરે છે. જ્યારે વ્યક્તિ સકારાત્મક કે આશાવાદી હોય તો તે હાથ પર ઓછી રોકડ રાખવાનું પસંદ કરે છે.


### 3. સટ્ટાનો હેતુ :

ઘણી બધી વાર વ્યક્તિગત રીતે વ્યક્તિ વેપારી ઉત્પાદક સટ્ટાનો લાભ લેવા સટ્ટાબજારમાં રોકાણ કરવા હાથ પર રોકડ રાખવાનુ પસંદ કરે છે. સટ્ટાબજર એટલે કોઈ વ્યક્તિ જામીનગીરી (શેર) કે વસ્તુઓ (ખેતપેદાશ, સોનુ-ચાંદી) ઓછા ભાવે ખરીદી કરી અને ભાવ વધે ત્યારે ફરી વધુ ભાવે બજારમાં વેચી નાંખે છે. આવા હેતુથી જ્યારે ખરીદ-વેચાણ થાય ત્યારે આ બજારને સટ્ટાબજર તરીકે ઓળખવામાં આવે છે અને આવાં હેતુથી કરવામાં આવતી પ્રવૃત્તિને સટ્ટાકીય પ્રવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે.

અમુક લોકો ભવિષ્યમાં બજારમાં શું બની શકે તેનો અંદાજ અગાઉથી મેળવી શકતા હોય છે. આથી તેઓ આ કુશળતાનો ઉપયોગ સટ્ટાકીય પ્રવૃત્તિ કરવામાં કરે છે. આમ, બજારમાં ભવિષ્યમાં થઈ શકે તેવા લાભનો અંદાજ મેળવવા માટે હાથ પર વધુ નાણાં રાખવાનું પસંદ કરે છે.

જો ભવિષ્યમાં બજારમાં તેજી આવવાનો અંદાજ હોય તો લોકો હાથ પર ઓછા નાણાં રાખી બજારમાં વધુ રોકાણ કરવાનું પસંદ કરે છે. એની સામે જો બજારમાં મંદી આવવાની શક્યતા હોય તો બજારમાંથી રોકાણ પાછું ખેંચી હાથ પર વધુ પ્રમાણમાં રોકડ રાખવાનું પસંદ કરે છે.

આમ, લોકો ઉપરોક્ત ત્રણેય જુદા જુદા હેતુ માટે હાથ પર રોકડ રાખવાનું પસંદ કરે છે. આ સિદ્ધાંતની આકૃતિની મદદથી આ પ્રમાણે રજૂઆત કરી શકાય.




**નાણાંની માંગ અને પુરવઠો**

ઉપરોક્ત આકૃતિમાં OX પર નાણાંની માંગ અને પુરવઠો તથા OY પર વ્યાજનો દર દર્શાવવામાં આવ્યો છે. અગાઉ કરેલ ચર્ચા મુજબ ટૂંકાગાળામાં નાણાંનો

પુરવઠો સીમિત રહે છે. જ્યારે સમયાંતરે માંગમાં ફેરફાર થતો રહે છે. આમ, જુદા જુદા વ્યાજદરે માંગ જુદી જુદી રહે છે. નાણાંની માંગ અને વ્યાજદરને વિરુદ્ધ સંબંધ હોવાથી નાણાંનો માંગવક્ર ડાબી બાજુ ઉપરથી જમણી બાજુ નીચે તરફ ઢાળ ધરાવે છે.

1. માંગરેખા DD અને પુરવઠા રેખા SS, એકબીજાને N બિંદુએ છેદે છે. અહી નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો OS રહે છે જ્યારે વ્યાજદર OP નક્કી થાય છે.
2. જો નાણાંની માંગ DDથી વધીને $D_2D_2$ થાય ત્યારે પણ નાણાંનો પુરવઠો સ્થિર એટલે કે OS જ રહે છે એટલે કે નાણાંના પુરવઠા કરતા નાણાંની માંગ વધુ હોવાથી વ્યાજનો દર OPથી વધીને $OP_2$ નક્કી થાય છે.
3. જો નાણાંની માંગ DDથી ઘટીને $D_1D_1$ થાય ત્યારે પણ નાણાંનો પુરવઠો તો સ્થિર જ રહે છે. અહી નાણાંની માંગ ઓછી $OS_1$ અને તેનાં કરતાં તેનો પુરવઠો વધુ એટલે કે OS હોવાથી વ્યાજદર ઘટીને OP માંથી $OP_1$ થઈ જાય છે.

આમ, સિદ્ધાંત પ્રમાણે નાણાંનો પુરવઠો ટૂંકાગાળામાં સ્થિર રહેતો હોવાથી વ્યાજનો દર માત્ર નાણાંની માગમાં થતા ફેરફારને આધારે નક્કી થાય છે.

- **સિદ્ધાંતની ટીકાઓ :**

**1. નાણાંના પુરવઠાની સ્પષ્ટતા :**

કેઈન્સે અહીં નાણાં પુરવઠાની કોઈ ચોક્કસ સ્પષ્ટતા આપી નથી. કોઈ એક બિંદુએ કેઈન્સ માત્ર રોકડ નાણાંનો જ નાણાંના પુરવઠામાં સમાવેશ કરે છે. જ્યારે અન્ય બિંદુએ બેંક નાણાંનો પણ સમાવેશ કરે છે. આમ, આ સિદ્ધાંતની ટીકા થઈ છે.

**2. નાણાં પુરવઠાની અવગણના :**

કેઈન્સે આ સિદ્ધાંતમાં માત્ર માંગને જ વ્યાજદર નક્કી કરવાનું પરિબળ ગણ્યું છે. જ્યારે પુરવઠાને સ્થિર ગણ્યો છે. જ્યારે વાસ્તવિકતામાં નાણાંનો પુરવઠો એ સ્થિર રહેતું પરિબળ નથી. આમ, વ્યાજનો દર એ ખરેખર માંગ અને પુરવઠા બંને દ્વારા નક્કી થાય છે.

**3. ટૂંકાગાળાનો વ્યાજદર :**

આ સિદ્ધાંત માત્ર ટૂંકાગાળાના વ્યાજદરની ચર્ચા કરે છે. લાંબાગાળામાં વ્યાજદર કઈ રીતે નક્કી થાય છે તેની કોઈ સ્પષ્ટતા કરતો નથી.

**4. સિદ્ધાંત અને વાસ્તવિક્તા વચ્ચે વિરોધાભાસ :**

સિદ્ધાંત મુજબ ઓછી રોકડ પસંદગીમાં વ્યાજનો દર ઓછો રહે છે. જ્યારે રોકડ પસંદગી વધુ હોય તો વ્યાજનો દર વધુ રહે છે. પરંતુ વાસ્તવિક્તા જોઈએ તો મંદીમાં લોકોની રોકડ પસંદગી વધુ હોય છતાં પણ વ્યાજનો દર મંદીમાં નીચો જોવા મળે છે. આમ, સિદ્ધાંત અને વાસ્તવિક્તા વચ્ચે વિરોધાભાસ જોવા મળે છે.

## 14.5 સારાંશ :

ઉત્પાદનના ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજક ઉત્પાદન પ્રક્રિયામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે છે. એટલે જ ઉત્પાદન પ્રક્રિયા બાદ ઉત્પાદનના વેચાણ બાદ જે આવક ઊભી થાય તેની વહેંચણી ચારેય સાધનો વચ્ચે કરવામાં આવે છે. જેમાંથી મૂડીના માલિકને મૂડીના ઉપયોગ બદલ જે વળતર ચુકવાય છે તે વ્યાજ છે. વર્તમાન સમયમાં મોટા ભાગના ઉત્પાદનનાં એકમો ઉછીની મેળવેલી મૂડી દ્વારા પોતાનો ધંધો કરવાનું પસંદ કરે છે. જે મૂડી બેંક, વ્યક્તિ અથવા અન્ય નાણાંકીય સંસ્થા પાસેથી પ્રાપ્ત કરેલી હોય છે. આ ઉપરાંત વર્તમાનમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠામાં પણ ઘણાં બધાં પરીવર્તન આવે છે. જેથી વ્યાજના દરમાં પણ ફેરફાર થતા રહે છે. આ ઉપરાંત લોકોની રોકડ પસંદગીમાં પણ ભૂતકાળની સરખામણીએ પરિવર્તન આવ્યું છે. એટલે કે વર્તમાનમાં લોકો નાણાં હાથ પર રાખવાનું ઓછુ પસંદ કરે છે. એટલ કે પોતાની પાસે રહેલા નાણાં વર્તમાનની જરૂરિયાતો પૂરી કરવા માટે ઉપયોગ કરે છે. જેથી અર્થતંત્રમાં નાણાં વધુ ફરે છે. જો કે આ બાબત કાયમી આજ પ્રમાણે રહે તેવું પણ જરૂરી નથી. આથી વ્યાજમાં પણ તે પ્રમાણે ફેરફાર થતો રહે છે. આમ, વ્યાજ કોઈ એક પરિબળ દ્વારા નહીં પરંતુ અનેક પરિબળો એવા છે જે વ્યાજને અસર કરે છે અને આ પરિબળોમાં થતાં પરિવર્તનો વ્યાજમાં પણ પરિવર્તન લાવે છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

**1. વ્યાજ :** મૂડીના માલિકને તેની મૂડીના ઉપયોગ બદલ જે વળતર ચુકવવામાં આવે છે તેને વ્યાજ કહે છે.

**2. સમયની પસંદગી :** પોતાની પાસે રહેલા નાણાંનો ઉપયોગ વર્તમાન જરૂરિયાતો પૂરી કરવા માટે કરવો કે ભવિષ્ય માટે નાણાં સાચવી ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવો તેની પસંદગી કરવી એ સમય પસંદગી છે.

**3. તરલતા :** રોકડ પ્રવાહ અથવા અર્થતંત્રમાં ફરતું નાણું કે પછી વ્યક્તિ પાસે રહેલ નાણું એ તરલતા છે.

**4. મૂડીની સીમાંત કાર્યક્ષમતા :** મૂડીના એકમમાં એક એકમનો વધારો કરવાથી જે ચોખ્ખુ વળતર પ્રાપ્ત થાય છે તેને મૂડીની સીમાંત કાર્યક્ષમતા કહે છે.

**5. આત્મસંયમ :** પોતાની પાસે રહેલ નાણાં અથવા બચતનો ઉપયોગ હાલમાં કે તુરંત જ કે પછી વર્તમાનમાં ઉપયોગ કરવાની ઈચ્છાનો ત્યાગ કરવો એટલે આત્મસંયમ.

**6. વ્યાજ નક્કી કરનાર બિનનાણાંકીય પરીબળ :** જે પરિબળો વ્યાજ નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે પરંતુ તેને નાણાં સાથે સંબંધ નથી અથવા કહો કે શુદ્ધ રીતે નાણાંકીય નથી તે પરિબળો બિનનાણાંકીય છે.

★ **તમારી પ્રગતિ ચકાસો :**

**1.** વ્યાજ એટલે શું ?

...........................................................

...........................................................

...........................................................

...........................................................

**2.** વ્યાજને અસર કરતાં પરિબળો વિગતે સમજાવો.

...........................................................

...........................................................

...........................................................

...........................................................

...........................................................

**3.** વ્યાજને અસર કરતાં નાણાંકીય પરિબળો જણાવો.

...........................................................

...........................................................

...........................................................

...........................................................

...........................................................

**4.** વ્યાજને અસર કરતાં બિનનાણાંકીય અને અન્ય પરિબળોની ચર્ચા કરો.

...........................................................

...........................................................

...........................................................

...........................................................

...........................................................

**5.** રોકડ પસંદગી અથવા તરલતા એટલે શું ?

...........................................................

...........................................................

...........................................................

...........................................................

**6.** ધીરાણપાત્ર ભંડોળની માંગ અને ધીરાણપાત્ર ભંડોળનો પુરવઠો સમજાવો.

...........................................................

...........................................................

...........................................................

...........................................................

...........................................................

**7**. મૂડીની સીમાંત કાર્યક્ષમતા એટલે શું ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**8**. વ્યાજ નક્કી કરનાર કેઈન્સનો રોકડ પસંદગીનો સિદ્ધાંત સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ★ નીચેના વિધાનો ખરા છે કે ખોટા છે તે જણાવો.

**1**. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ અનુસાર વ્યાજદરેએ બિન નાણાકીય પરિબળો દ્વારા નક્કી થાય છે.

**2**. આલ્ફ્રેડ માર્શલ અનુસાર ધનીક લોકો નાણાંનું ધિરાણ કરવા વધારે ત્યાગ કરે છે.

**3**. વ્યાજનો સમય પસંદગીનો ખ્યાલ ફિશર દ્વારા આપવામાં આવ્યો.

**4**. માર્શલના મત અનુસાર વ્યાજદરએ નાણાંની માંગ અને પુરવઠાના સંયુક્ત પરિબળો દ્વારા નક્કી થાય છે.

**5.** જનરલ થિયરી પુસ્તકનાં લેખક જે.એમ કેઈન્સ છે.

**6.** લોકોને ભવિષ્યમાં તેજી આવવાની અપેક્ષા હોય તો હાથ પર રોકડ પસંદગી ઓછી કરે છે.

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**ખરા ખોટા**

1.ખરું 2.ખોટું

3.ખરું 4.ખરું

5.ખરું 6.ખરું

## ★ સંદર્ભ :


1. Pradeep Kumar, Introductory Micro Econmics, Taxman Publication.
2. એચ. કે. ત્રિવેદી, અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. Rajiv Bansal, Micro Economics.
4. Yadav, Mishra, Business Economics, Mathw, Vyas, R.S.B.A. Publication.

## વિભાગ

# 5

# સાધન કિંમતો અને કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર


| | |
|---|---|
| એકમ-15 સાધન કિંમતો – ભાડું | 231 |
| એકમ-16 સાધન કિંમતો – નફો | 241 |
| એકમ-17 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર | 251 |

એકમ 15

# સાધન કિંમતો – ભાડું

## રૂપરેખા


15.0 ઉદ્દેશો
15.1 પ્રસ્તાવના
15.2 ભાડાંનો અર્થ
15.3 કરારી ભાડું અને આર્થિકભાડું
15.4 ભાડું ઉદ્દભવવાના કારણો
15.5 આભાસી ભાડું અને તફાવતી ભાડું
15.6 સારાંશ
★ ચાવીરૂપ શબ્દો
★ તમારી પ્રગતિ ચકાસો
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો
★ સંદર્ભ


## 15.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ –

1. ભાડાંનો વ્યાપક અર્થ ખ્યાલમાં આવશે.
2. કરારીભાડાં અને આર્થિકભાડાંનો તફાવત સમજી શકાશે.
3. ભાડું ઉદ્દભવવાના કયા કારણો ભાગ ભજવે છે તેને વિગતે સમજી શકાશે.
4. આભાસી ભાડું વ્યવહાર ઉદાહરણ સાથે અભ્યાસ કરીશું.
5. તફાવતી ભાડું એટલે શું ? તે સમજીશું.

## 15.1 પ્રસ્તાવના :

જ્યારે કોઈ વ્યક્તિ અથવા કોઈ કંપની પાસે આવશ્યક હોય તેવી વસ્તુ અથવા તો ટૂંકાગાળા માટે ઉપયોગમાં આવે તેવી વસ્તુની આવશ્યક્તા ઉભી થાય ત્યારે તે વસ્તુ અન્ય કોઈ વ્યક્તિ પાસેથી મેળવવામાં આવે છે. ત્યારે તે વસ્તુના ઉપયોગ બદલ તે વસ્તુના માલિકને જે વળતર ચુકવવામાં આવે છે તેને ભાડું કહે છે. સામાન્ય રીતે

એ મકાન, વાહન કે જમીનનો પ્લોટ પણ હોય શકે. આમ, વ્યવહારીક ભાષામાં કોઈ વસ્તુના ઉપયોગ બદલ તે વસ્તુનાં માલિકને ચુકવવામાં આવતું વળતર એ ભાડું છે. ઘણી બધી વાર કંપની અથવા બેંક દ્વારા લાંબાગાળા માટે પણ દુકાન, મકાન કે પછી જમીન ભાડાંપટ્ટે મેળવવામાં આવે છે. જેને લીઝ તરીકે ઓળખવામાં આવે છે. અહીં આ એકમમાં ભાડાંને વિગતે સમજીએ.

## 15.2 ભાડાંનો અર્થ :

સામાન્ય ભાષામાં જમીન, મકાન, બસ, મશીન વગેરે વસ્તુઓનો ઉપયોગ કરવા બદલ તે વસ્તુના માલિકને જે વળતર ચુકવવામાં આવે છે તેને ભાડું કહેવામાં આવે છે. પરંતુ અર્થશાસ્ત્રમાં જમીનનો ઉપયોગ કરવા બદલ જમીનના માલિકને ચુકવણી કરવામાં આવે છે તેને ભાડું કહે છે.

ડેવીડ રીકાર્ડોના મતે "ભાડું એટલે જમીનના મૂળ અને અવિનાશી તત્વોનો ઉપયોગ કરવા બદલ જમીનના માલિકને કુલ ઉત્પાદનનો જે અમુક ભાગ ચુકવવામાં આવે છે, તે ભાડાં તરીકે ઓળખાય છે.

આલ્ફ્રેડ માર્શલના શબ્દોમાં "ભાડું એટલે જમીન અથવા અન્ય કુદરતી સાધનોની માલિકી ધરાવવાથી પ્રાપ્ત થતુ વળતર"

આમ, અર્થશાસ્ત્રની પરિભાષામાં ભાડુંએ જમીન અથવા અન્ય કુદરતી સાધનોની માલિકી દ્વારા પ્રાપ્ત થતુ વળતર છે પરંતુ આ પ્રશિષ્ટ ખ્યાલ છે.

## 15.3 કરારી ભાડું અને આર્થિક ભાડું :

- **કરારી ભાડું :**

આપણે વ્યવહારમાં જે રીતે જોઈએ છે તે રીતે કોઈ વાર વસ્તુ ખરીદવી શક્ય ન હોય અથવા મોંઘી હોય કે પછી આપણે તેનો ઉપયોગ એક જ વાર કે થોડો સમય માટે જ કરવાનો હોય ત્યારે આપણે તે ખરીદવાને બદલે તેને ભાડે લઈ આવીએ છીએ. દા.ત. લગ્ન પ્રસંગે મંડપ સર્વિસમાંથી લાવવામાં આવતી વસ્તુઓ કે ટ્રાવેલ એજન્સી પાસેથી કોઈ વાર ભાડાં પર લઈ આવવામાં આવતી કાર અથવા બસ. અહીં વસ્તુ ભાડે મેળવનાર વ્યક્તિઅગાઉથી વસ્તુના માલિક દ્વારા નક્કી થયેલ ભાડું, વસ્તુના માલિકને ચુકવે છે. જેને કરારી ભાડાં તરીકે ઓળખવામાં આવે છે. આમ, સામાન્ય ભાષામાં ઉપયોગમાં લેવાતો શબ્દ "ભાડું" એ કરારી ભાડું છે. બીજા શબ્દોમાં "વસ્તુના વપરાશ બદલ કરાર મુજબ (અગાઉથી નક્કી થયેલ) વસ્તુના માલિકને જે વળતર ચુકવાય તે કરારી ભાડું છે."

પરંતુ અહીં નોંધવુ જોઈએ કે કરારીભાડુંએ કાચુંભાડું છે. કારણ કે કરારીભાડાંમાં શુદ્ધ (આર્થિક) ભાડાં ઉપરાંત બીજી ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે. દા.ત. એક કાર ભાડે રાખનાર તેના માલિકને કારના વપરાશ બદલ રૂા.3000/- ચુકવે છે તો આ રૂા.3000/- માં કારમાં કરેલ રોકાણ, આ ઉપરાંત તેની પાછળ થતો ખર્ચ, અન્ય ખર્ચ કે તેના નફાનો પણ સમાવેશ થઈ જાય છે. અહીં આર્થિકભાડું એ કરારી ભાડાંનો માત્ર એક ભાગ છે. બીજી રીતે કહીએ તો કરારીભાડાંનો ખ્યાલ આર્થિક ભાડાં કરતાં વધારે વિસ્તૃત કે વ્યાપક છે.

● **આર્થિક ભાડું :**

સામાન્ય અર્થમાં આપણે "ભાડાં" શબ્દનો જે ઉપયોગ કરીએ છીએ તે કરારી ભાડું છે, પરંતુ તેનું અર્થઘટન ઘણું વ્યાપક છે. જ્યારે અર્થશાસ્ત્રમાં આર્થિક ભાડાંનો ખ્યાલ કરારીભાડાંનો એક ભાગ છે. અર્થશાસ્ત્રના મતે કુદરતી સાધનની માલિકીને કારણે તે સાધનોની માલિકી ધરાવનારનેજે આવકનો સ્ત્રોત મળે છે તેને આર્થિક ભાડાં તરીકે ઓળખવામાં આવે છે.

લીટ્રાસનના મતે "ભૂમિની ફળદ્રુપતા સૃષ્ટિના સર્જકનું શક્તિનું પરિણામ છે અને તેના આશિર્વાદથી નિરંતર ધનનો પ્રવાહ વહેતો રહે છે. મનુષ્ય ભૂમિની અવિનાશી શક્તિનો ઉપયોગ કરીને ભાડું કમાય છે." આમ, કુદરતી સાધનોના અવિનાશી તત્વના ઉપયોગ બદલ તેના માલિકને જે વળતર મળે છે. તેને આર્થિકભાડું અથવા શુદ્ધ ભાડું અથવા ચોખ્ખુ ભાડું કહે છે. માટે આર્થિકભાડુંએ કરારીભાડાંનો એક ભાગ છે.

પરંતુ અહીં ધ્યાનમાં રાખવુ જરૂરી છે કે આર્થિક ભાડાં અંગે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી તથા આધુનિક અર્થશાસ્ત્રી અલગ અલગ મંતવ્ય ધરાવે છે અને આર્થિકભાડાં અંગેની બે જુદી જુદી વિચારધારાઓની રજુઆત પ્રશિષ્ટ અને આધુનિક અર્થશાસ્ત્રીઓએ જુદી જુદી રીતે કરી છે. જેથી બે અલગ ખ્યાલોની રજુઆત થઈ છે.

## 15.4 ભાડું ઉદ્દભવવાના કારણો :

★ **ભાડું ઉદ્દભવવાના કારણો નીચે મુજબ છે.**

### 15.4.1 તફાવતી ભાડું (Differential Rent) :

તફાવતી ભાડાંનો ખ્યાલ સૌથી પહેલા ડેવીડ રિકાર્ડો દ્વારા તેમના જ પુસ્તક "Principles of Political Economy and Taxation" માં રજુ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ડેવીડ રિકાર્ડો એ તફાવતી ભાડાંની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.


"જમીનના મૂળભૂત અને અવિનાશી તત્વોના વપરાશ બદલ જમીનની ઉપ જમાંથી જે ભાગ જમીનના માલિકને આપવામાં આવે છે તે ભાડું છે."

અહીં રિકાર્ડોના મત મુજબ જમીનને મળતુ ભાડું એ તેના મૂળભુત અને અવિનાશી તત્વને કારણે છે બીજા શબ્દોમાં કહીએ તો તેની ફળદ્રુપતાને કારણે છે. રિકાર્ડોના મત મુજબ જમીનના જુદા જુદા ટુકડાઓની ફળદ્રુપતા જુદી જુદી હોય છે. કોઈ ટુકડો વધારે ફળદ્રુપ હોય તો કોઈ ટુકડો ઓછો ફળદ્રુપ હોય છે. સ્વાભાવિક જ વધારે ફળદ્રુપ જમીનના ટુકડાને વધારે ભાડું મળે છે, ઓછા ફળદ્રુપ ટુકડાને સરખામણીમાં. જેને તફાવતી ભાડાં તરીકે ઓળખવામાં આવે છે. કારણ, વધારે ફળદ્રુપ જમીન વધારે ઉપજ આપી શકે છે માટે તેને મળતુ ભાડું પણ વધારે છે. રિકાર્ડોએ તફાવતી ભાડાંને વિશિષ્ટતા ભાડાં તરીકે પણ ઓળખાવ્યું છે કારણ કે જમીનની વિશિષ્ટતા તેને ભાડું અપાવે છે. આમ, રિકાર્ડોના મત મુજબ માત્ર જમીનમાં જ આ ફળદ્રુપતા કે વિશિષ્ટતા હોવાથી માત્ર જમીનને જ ભાડું પ્રાપ્ત થાય છે. આથી, તફાવતી અથવા વિશિષ્ટ ભાડું જમીન સિવાયના ઉત્પાદનના અન્ય કોઈ સાધનને મળતુ નથી.

ધારો કે એક નવા પ્રદેશમાં અમુક કુટુંબો વસવાટ કરે છે. સૌ પ્રથમ વસ્તી મર્યાદિત હોવાના કારણે માત્ર તે પ્રદેશની ફળદ્રુપ જમીન પર જ ખેતી માટે ઉપયોગમાં લેવામાં આવે. આ સ્થિતિમાં ફળદ્રુપ જમીનને ભાડું મળતું નથી. પરંતુ જેમ જેમ વસ્તીમાં વધારો થાય તેમ વધતી વસ્તીની માંગને પુરી કરવા નવી બીનફળદ્રુપ જમીન પર પણ ખેતી કરવી પડે છે. કારણકે ફળદ્રુપ જમીન મર્યાદિત છે તેથી ઓછી ફળદ્રુપ જમીન પર ખેતી

કરવામાં આવે છે. જેમ જેમ વસ્તી વધતી જાય તેમ તેમ ઓછીને ઓછી ફળદ્રુપ જમીન ખેડાણ નીચે આવે છે. આપણે જાણીએ છીએ બીનફળદ્રુપ જમીન પર ઉત્પાદન ખર્ચ વધે છે. જેના કારણ ફળદ્રુપ જમીને ભાડું મળે છે. જ્યારે બીનફળદ્રુપ જમીન એટલે કે સૌથી છેલ્લે ખેડાતી સીમાંત જમીન ભાડાં વિનાની જમીન તરીકે ઓળખવામાં આવે છે સીમાંત જમીનને ભાડું મળશે નહિ. પરંતુ તેનાથી ઊંચી કક્ષાની બધીજ જમીનને ભાડું મળે છે. આમ રિકાર્ડો ભાડાંને જમીનની ફળદ્રુપતામાં રહેલા તફાવતના પરિમાણ રૂપ ગણે છે.

આકૃતિ દ્વારા સમજૂતીઃ




ઉપરોક્ત આકૃતિમાં OX ધરી પર જમીનના એકમો અને OY ધરી પર જમીનને મળતું ભાડું દર્શાવવામાં આવેલ છે જ્યારે A, B, C અને D એ ફળદ્રુપતા અનુસાર જમીનનાં વિવિધ ટુંકડાઓ દર્શાવવામાં આવેલ છે. સૌ પ્રથમ જ્યારે મર્યાદિત વસ્તી હોય ત્યારે માત્ર OA સુધી જ જમીન પર ખેતી કરવામાં આવે છે. અને લોકોની બધીજ જરૂરિયાત પૂરી કરવામાં આવે. આ સ્થિતિ A પ્રકારની જમીનને ભાડું મળતું નથી. પરંતુ હવે વસ્તુમાં વધારો થતા ઓછી ફળદ્રુપ જમીન પણ ખેડાણ હેઠળ લાવવામાં આવે છે. જે AB તરીકે દર્શાવેલ છે. હવે ઓછી ફળદ્રુપ જમીન ખેડાણ હેઠળ આવતા ફળદ્રુપ જમીન ભાડું મળે છે. જે આકૃતિમાં A પ્રકાર તરીકે દર્શાવેલ છે.

આમ જેમ જેમ વસ્તીમાં વધારો થતો રહે તેમ તેમ ઓછી ફળદ્રુપ જમીન ખેડાણ હેઠળ લાવવામાં આવે છે. આકૃતિમાં જ્યારે BC પર ખેતી કરવામાં આવે ત્યારે A પ્રકારની જમીન $P_3P_1$ ભાડું મળે છે અને B પ્રકારની જમીનને $P_2P_1$ જેટલું ભાડું મળે છે. આ પ્રક્રિયા જેમ જેમ ઓછી ફળદ્રુપ જમીન ખેડાણ હેઠળ લાવવામાં આવે તેમ આગળ ચાલે છે. તેથી ભાડું માત્ર પૂર્વ સીમાંત જમીનને જ મળે છે. સીમાંત જમીનને નહિ.

### ★ ભાડાં અને કિંમત વચ્ચેનો સંબંધઃ

રિકાડોના સિદ્ધાંતની એક બીજી મહત્વની બાબત ભાડું અને કિંમત વચ્ચેનો સંબંધ છે. રિકાડો એવી માન્યતા ધરાવતા હતા કે ભાડું વધારાની આવક છે. ભાડાંનો ઉત્પાદન ખર્ચમાં સમાવેશ કરવામાં થતો નથી. વેચાણ આવકમાંથી ઉત્પાદન ખર્ચ (વેતન, વ્યાજ અને નફો) બાદ કરતાં બાકી રહેલી બધીજ રકમએ ભાડું છે આથી ભાડુંએ ભાવનિર્ણો છે. ભાવનિર્યાયક નથી. એટલે કે ભાડુંએ કિંમત પર અસર કરતું નથી. અને જેમ જેમ

કિંમત વધશે તેમ તેમ ભાડાંમાં વધારો થાય છે. એટલે કે ભાડુંએ કિંમતનું પરિણામ છે.

રિકાડોનો ભાડાંનો સિદ્ધાંત અમુક જમીનને ભાડું મળતું નથી અને અમુક જમીનને બીજી જમીન કરતાં વધુ ભાડું મળે છે. એમ જણાવી જુદી-જુદી જમીનો વચ્ચે ભાડાંના તફાવતની સમજૂતી આપે છે. પરતું ભાડું કેમ ઉદ્દભવે છે તે અંગેની પૂરેપૂરી સમજણ આપતો નથી.

### 15.4.2 અછતલક્ષી ભાડું (Scarcity Rent) :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના એક બીજા વર્ગ દ્વારા આર્થિકભાડાંના ખ્યાલને અછતલક્ષી ભાડાં તરીકે રજુ કરવામાં આવે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના આ વર્ગ દ્વારા રિકાર્ડોએ રજુ કરેલ તફાવતી ભાડાંના ખ્યાલની ટીકા કરી એવી રજુઆત કરી છે કે જમીનને ભાડું ફળદ્રુપતાના તફાવત કારણે નથી મળતું પરંતુ જમીનની અછતના કારણે જમીનને ભાડું મળે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીના આ વર્ગે એ સ્વીકાર કર્યો છે કે ભાડું માત્ર જમીનને જ મળી શકે છે. કારણ કે ઉત્પાદનના અન્ય સાધનો કિંમત કે માંગમાં વધારો થાય ત્યારે તે સાધનના પુરવઠામાં વધારો કરી શકાય છે, જ્યારે જમીનના પુરવઠામાં વધારો કરવો શક્ય નથી માટે જમીનને અછતલક્ષી ભાડું મળે છે. કારણ કે કિંમત વધારો થાય તો પણ જમીનનો પુરવઠો નિશ્ચિત કે સ્થિર છે, તેમાં ફેરફાર થઈ શકતો નથી આથી અછતલક્ષી ભાડું મળી શકે છે.

સ્ટેનિયર અને હેત્ર અનુસાર ''જમીનને લાંબાગાળે પણ વધારાની આવક મળી રહે છે પરંતુ અન્ય સાધનને મળતુ નથી કારણ કે અન્ય સાધનને માંગના વધારાને પહોંચી વળવા તેના પુરવઠામાં વધારો થઈ શકે છે. ''અન્ય સાધનોની જેમ જ જમીનના પુરવઠામાં પણ જો આપણે વધારો કરી શકતા હોત તો જમીનને અછતલક્ષી ભાડું પણ ન મળે. પરંતુ હાલમાં જમીનની માંગમાં સતત વધારો થતો રહે છે જ્યારે જમીનના પુરવઠામાં વધારો ન થઈ શકતો હોવાથી અછતલક્ષી ભાડું ઉદ્દભવે છે. પ્રો. માર્શલે એવી પણ રજુઆત કરેલી છે કે જમીનમાં વિશિષ્ટતાનું તત્ત્વ પણ છે અને અછતનું તત્વ પણ છે માટે જેને વિશિષ્ટ કે તફાવતી ભાડું કહીએ છીએ તે જ અછતલક્ષી ભાડું છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત અલગ હોવા છતાં પણ બન્ને વર્ગ દ્વારા એક સામાન્ય સ્વીકૃતી ઓ છે જ કે ભાડું માત્ર જમીનને જ મળી છે.

## 15.5 આભાસી ભાડું અને તફાવતી ભાડું :


- **આભાસી ભાડું :**

આભાસી ભાડાંનો ખ્યાલ પ્રો. માર્શલે રજુ કર્યો છે. પ્રો. માર્શલના મત અનુસાર જમીનનો પુરવઠો સ્થિર રહેતો હોવાથી તેને કાયમી અથવા લાંબાગાળા સુધી ભાડું મળે છે પરંતુ ઉત્પાદનના અન્ય સાધનો જેવા કે પ્લાન્ટ, મશીનરી કે પછી મકાન વગેરેની માંગ વધે તો પણ ટુંકાગાળામાં આ બધા સાધનોનો પુરવઠો સ્થિર રહે છે. આમ, તેની માંગ સામે ટુંકાગાળામાં પુરવઠો ન વધતાં તે સાધનની અછત ઉભી થાય છે. આથી આવા ટુંકાગાળા માટે તેને ભાડું પ્રાપ્ત થાય છે. પરંતુ પુરવઠો વધતાં આવી આવક અદ્રશ્ય થઈ જતી હોવાથી તેને ''ભાડાં જેવી આવક'' કે ''આભાસી ભાડાં'' તરીકે ઓળખવામાં આવે છે.

અહીં માર્શલની રજુઆત પ્રમાણે જમીનનો પુરવઠો ટુંકાગાળામાં અને લાંબાગાળે પર સ્થિર રહે છે. આથી તેને કાયમી ભાડું મળી રહે છે. તેની સામે મકાન, મશીનરી વગેરેનો પુરવઠો લાંબાગાળે વધી શકે છે. આમ, નવો પુરવઠો બજારમાં ન આવે ત્યાં

સુધી આવી આવક પ્રાપ્ત થાય છે. જેવો બજારમાં નવો પુરવઠો આવે તેની સાથે જ માંગ અને પુરવઠા વચ્ચે સમતુલા બની જવાથી ભાડાં જેવી આવક અદ્રશ્ય થઈ જાય છે. આથી માર્શલે તેને ભાડાંને બદલે ''ભાડાં જેવી આવક'' કહી છે. સિલ્વરમેનના મત મુજબ પણ ''આભાસી ભાડું તે ભાડાંને કહેવામાં આવે છે કે જે ઉત્પાદનના એવા સાધનોને પ્રાપ્ત થાય કે જેનો પુરવઠો ટુંકાગાળામાં સ્થિર હોય પરંતુ લાંબાગાળે પરિવર્તનશીલ હોય છે, જેની સામે જમીનનો પુરવઠો ટુંકા અને લાંબાગાળે સ્થિર હોવાથી તેને સમાન આવક પ્રાપ્ત થાય છે. તેમાં ટુકા કે લાંબા ગાળે કોઈ તફાવત નથી.

દા.ત. જામનગર પાસે જ્યારે રિલાયન્સ રિફાઈનરીની શરૂઆત થઈ ત્યારે તેમના કર્મચારીઓ માટે રહેઠાણની સુવિધા ઉભી કરવાની આવશ્યક્તા ઉભી થઈ. ટુંકાગાળામાં કંપનીની ટાઉનશીપ ઉભી થઈ શકે તેમ ન હોવાથી કર્મચારીઓને જામનગરમાં રહેઠાણની સુવિધા ઉભી કરવામાં આવી. આથી જામનગરમાં ભાડે આપી શકાય તેવા મકાનના પુરવઠા કરતાં માંગ વધી ગઈ. જેથી જામનગરમાં અચાનક ''ભાડાં'' માં વધારો થઈ ગયો. પરંતુ લાંબાગાળે રિલાયાન્સની ટાઉનશીપ બની જવાથી મકાનનો પુરવઠો તેની માંગ જેટલો થઈ જવાથી ફરી મકાનને મળતી આવક પહેલા જેટલી થઈ ગઈ. આવું જ ઉદાહરણ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વહાણનું પણ છે. વહાણની અછત ટૂંકાગાળા માટે થતાં તેની આવકમાં આકસ્મિક વધારો થયો પરંતુ લાંબાગાળે પુરવઠો વધતાં આવી આવક અદ્રશ્ય થઈ ગઈ. આમ, આ આવક લાંબાગાળે આ આવક અદ્રશ્ય થઈ જતી હોવાથી તેને ''આભાસી ભાડું'' પણ કહે છે.




અહીં OX પર સાધનોની માંગ અને પુરવઠો દર્શાવેલ છે. જ્યારે OY પર કિંમત દર્શાવેલ છે. DD માંગરેખા SS પુરવઠા રેખાને બિંદુ E પર છેદે છે. આથી સાધનોને OP જેટલુ ભાડું મળે છે. પરંતુ સાધનોની માંગમાં અચાનક વધારો થતો DD માંગરેખા હવે DD1 માંગરેખા બની જાય છે. જે પુરવઠા રેખાને E1 બિંદુ પર છેદે છે. અહીં માત્ર માંગમાં વધારો થયો છે. ટુંકાગાળામાં સાધનોના પુરવઠામાં વધારો થતો નથી.

આથી આ સાધનોને હવે ભાડું OP ને બદલ OP1 મળે છે આથી OP1-OP=PP1 જેટલુ ભાડું વધારે મળે છે. પરંતુ આ ટુંકાગાળા માટે છે. કારણ કે લાંબાગાળે સાધનોના ઉત્પાદનમાં પણ વધારો થાય છે કારણ કે હવે OP ના બદલે OP1 કિંમત મળતી હોવાથી સાધનોના ઉત્પાદકો ઉત્પાદન વધારે છે.

ઉત્પાદનના સાધનોના ઉત્પાદનમાં વધારો થવાથી સાધનોનો પુરવઠો OS થી વધી OS1 થાય છે. માટે માંગ અને પુરવઠામાં સમતુલા આવે છે જેથી ફરીથી વધુ આવક (વધારે ભાડું) પ્રાપ્ત થતી હતી તે ઘટી OP1 માંથી ફરી OP પર આવી જાય છે. આમ, લાંબાગાળે ''ભાડાં જેવી આવક'' અદ્રશ્ય થઈ જાય છે.

| | |
|---|---|
| અહીં, કુલ આવક | = સાધનનો જથ્થો × સાધનની કિંમત |
| | = OS × OP1 |
| | = OSE1P1 |
| ભાડાં જેવી આવક | = કુલ આવક – નિભાવખર્ચ |
| | = OSE1P1 – OSEP |
| | = PEE1P1 |

જેટલી ભાડાં જેવી આવક અથવા આભાસી ભાડું પ્રાપ્ત થાય છે. જે લાંબાગાળે અદ્રશ્ય થઈ જાય છે. અહીં બેનહામના શબ્દોને પણ નોંધીએ તો તેમના મતે ''માત્ર ઉત્પાદનના સાધનોને જ નહીં પરંતુ અમુક નિષ્ણાંત લોકો જેવા કે સી.એ., એન્જિનિયર કે પછી ડોક્ટરોના પુરવઠામાં પણ જલ્દી વધારો કે ઘટાડો થઈ શક્તો ન હોવાથી તેમને પણ ભાડાં જેવી આવક પ્રાપ્ત થાય છે.''

## 15.6 સારાંશ :

આ એકમમાં ભાડાંને માત્ર વ્યવહારૂ સ્વરૂપમાં સમજવાને બદલે વ્યાપક રૂપ માં અભ્યાસ કર્યો. આ ઉપરાંત કયા કારણોસર ભાડું ઉદ્દભવે છે કે જમીનને ભાડું મળે છે તેની ચર્ચા કરી, જેના પરથી તફાવતી ભાડું અથવા અછતલક્ષી ભાડાંના ખ્યાલની ચર્ચા કરી. અછતલક્ષી ભાડાંના સંદર્ભમાં એ પણ ચર્ચા કરી કે ભાડું માત્ર જમીનને જ નહીં પરંતુ ઉત્પાદનના અન્ય સાધનો કે જેની માંગ તેના પુરવઠા કરતાં વધારે હોય એટલે કે અછત હોય તેવા દરેક સાધનને ભાડું મળવાપાત્ર છે. આ ઉપરાંત અગાઉથી થયેલા કરાર મુજબ જો ભાડું ચુકવવામાં આવે તો તેને કરારી ભાડાં તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત ભાડું ઉદ્દભવવામાં સાધનોનો પુરવઠો મુલ્ય સાપેક્ષ છે કે મુલ્ય નિરપેક્ષ તેના આધારે પણ ભાડું નક્કી થતુ હોય છે. આ ઉપરાંત ટુંકાગાળા માટે પ્રાપ્ત થતુ ભાડું એ આભાસી ભાડું છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

1. **કરારી ભાડું :** વસ્તુના વપરાશ બદલ કરાર મુજબ વસ્તુના માલિકને જે વળતર ચુકવાય છે તે કરારી ભાડું છે.

2. **અછતલક્ષી ભાડું :** ઉત્પાદનના જે સાધનોની માંગ વધારે હોય અને પુરવઠો ઓછો હોય એટલે કે જેની અર્થતંત્ર કે બજારમાં અછત હોય તેવા સાધનને અછતલક્ષી ભાડું કહે છે.

**3. આભાસી ભાડું :** ટૂંકાગાળા માટે જ્યારે સાધનોની અછત હોય ત્યારે તે સાધનના માલિકને સામાન્ય કરતાં થોડુ વધારે ભાડું મળે છે, જે અમુક સમય બાદ મળતુ નથી. આમ, જે વધારે ભાડું પ્રાપ્ત થાય છે તે આભાસી ભાડું છે.

**4. તફાવતી ભાડું :** જમીનને તેની ફળદ્રુપતા અલગ હોવાના કારણે અથવા તો બીજી જમીન કરતાં વધુ ફળદ્રુપ હોવાને કારણે જે વધારાનું ભાડું પ્રાપ્ત થાય છે તેને તફાવતી ભાડું કહે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો :**

1. ભાડાંનો અર્થ આપો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

2. કરારી ભાડું એટલે શું ? તે ક્યારે મળવાપાત્ર છે ?

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

3. તફાવતી ભાડું એટલે શું ? તફાવતી ભાડું સામાન્ય રીતે જમીનને શા માટે પ્રાપ્ત થાય છે ?

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

4. ભાડું ઉદ્દભવવા માટેના કયા કારણો હોય છે ?

..........................................................
..........................................................

..........................................................
..........................................................
..........................................................
..........................................................

**5**. આભાસી ભાડાંનો ખ્યાલ આકૃતિ સહીત સમજાવો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

**6**. અછતલક્ષી ભાડું કોને અને ક્યારે પ્રાપ્ત થાય છે ?

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

★ **નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો.**

1. રિકાડૌના મતે ભાડું એટલે "જમીનના મૂળભુત અવિનાશી તત્વોના ઉપયોગ બદલ જમીન માલીકને મળતું વળતર".
2. તફાવતી ભાડાંનો ખ્યાલ રિકાડૌ દ્વારા આપવામાં આવ્યો.
3. આભાસી ભાડાંનો ખ્યાલ માર્શલ દ્વારા આપવામાં આવ્યો.
4. આભાસી ભાડુંએ માંગ ટૂંકાગાળા માટેજ ઉદ્દભવે છે.
5. ભાડુંએ માંગ પૂર્વસીમાંત જમીનને જ મળે છે.

★ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

1. ખરું
2. ખરું
3. ખરું
4. ખરું
5. ખરું

## ★ સંદર્ભ :

1. Principles of Micro Economics, N. Gregory, Mankiw, Cengage Learning.
2. Micro Economics, H. L. Ahuja, S. Chand Publishing.
3. Business Economics, Dr. J. P. Mishra, Sahitya Bhavan Publication, Agra.
4. Business Economics, K. P. M Sundaram, E. N.Sundaram, Sultan Chand & Sons.

એકમ 16

# સાધન કિંમતો – નફો

## રૂપરેખા


16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 નફાનો અર્થ

16.3 હિસાબી નફો અને આર્થિક નફો

16.4 નફાનો નવપ્રવર્તનનો સિદ્ધાંત – શુમ્પીટર

16.5 નફાનો અનિશ્ચિતતાનો સિદ્ધાંત – પ્રો. નાઈટ

16.6 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

★ સંદર્ભ


## 16.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ દ્વારા –

1. નફાના અર્થને સમજવામાં સરળતા થશે.
2. હિસાબી નફા અને આર્થિક નફાના તફાવતને જાણી શકાશે.
3. શુમ્પીટરના નફાના નવપ્રવર્તનના સિદ્ધાંતને સમજવામાં સરળતા થશે.
4. પ્રો. નાઈટના નફાના અનિશ્ચિતતાના સિદ્ધાંતની ચર્ચા કરીશું.
5. નફાનો આધાર કોઈ એક પરિબળ નહીં પરંતુ અનેક પરિબળો પર રહેલો છે તે વિગતે સમજી શકાશે.

## 16.1 પ્રસ્તાવના :

ઉત્પાદન કરવા માટે ઉત્પાદનના ચાર સાધનોની જરૂરિયાત ઊભી થાય છે, જમીન, મૂડી, શ્રમ તથા નિયોજક. અહીં મુખ્ય ભૂમિકા નિયોજકની રહે છે. કારણ કે નિયોજક જમીન, મૂડી અને શ્રમ એમ ત્રણ સાધનોનું સંયોજન કરે છે. જે રીતે ઉત્પાદનનાં અન્ય ત્રણ સાધનો જમીન, મૂડી અને શ્રમને ઉત્પાદન પ્રવૃતિમાં ભાગ લેવા માટે વળતર મળે છે તેવી જ રીતે નિયોજકને મળતું વળતર નફા તરીકે ઓળખાય છે. પરંતુ અન્ય સાધનોને મળતાં વળતર કરતાં નિયોજકને મળતું વળતર અલગ છે. કારણ કે અન્ય ત્રણ સાધનોને મળતું વળતર નિશ્ચિત છે અને તેને મળતી રકમ પણ મોટા

ભાગે નિશ્ચિત હોય છે. જેની સામે નિયોજકને નફો મળશે કે કેમ ? અને જો મળશે તો કેટલો મળશે તે નક્કી હોતું નથી. આ ઉપરાંત જમીન, મૂડી, શ્રમને વળતર મળશે જ તે નક્કી હોય છે પરંતુ નિયોજકને ધંધો ચલાવવા પોતાના ઘરના રૂપિયા નાખવા પડે એટલે કે ખોટ જાય તેમ પણ બને. આ ઉપરાંત જમીન, મૂડી અને શ્રમને મળતી રકમ પૂર્વ નિર્ધારીત હોય છે અથવા તો કરાર નિર્ધારીત હોય છે. આથી બજરમાં થતાં ફેરફારની અસર જમીન, મૂડી અને શ્રમને મળતા વળતર પર પ્રમાણમાં ઓછી થાય છે. તેની સામે નિયોજકને વળતર સ્વરૂપે મળતા નફા પર બજારમાં થતા ફેરફારની અસર થાય છે. આમ, નિયોજકને મળતું વળતર અન્ય સાધનોને મળતાં વળતર કરતાં અલગ પડે છે.

## 16.2 નફાનો અર્થ :

વ્યવહારમાં જ્યારે આપણે નફો શબ્દનો ઉપયોગ કરીએ ત્યારે આપણે નફો એટલે આવકમાંથી ખર્ચ બાદ કરતાં વધતી રકમ એવો કરીએ છીએ. અથવા તો કુલ આવકમાંથી કુલ ખર્ચ બાદ કરતાં જે રકમ મળે તેને નફો કહીએ છીએ પરંતુ અર્થશાસ્ત્રમાં નફાનો વ્યાપક કે વિસ્તૃત અર્થ કરવામાં આવે છે. જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા નફાની અલગ અલગ વ્યાખ્યાઓ આપેલી છે તેનો અભ્યાસ કરીએ.

1. પ્રો. વોન થુમેનના શબ્દોમાં "જોખમ માટેનાં વીમાની રકમ, મૂડીનું વ્યાજ અને વ્યવસ્થા કે સંચાલન માટેનું વેતન કુલ આવકમાંથી બાદ કરતાં જે રકમ રહે તેને નફો કહે છે."

2. પ્રો. જે. કે. મહેતાના શબ્દોમાં "ગતિશીલ કે પરિવર્તનશીલ વિશ્વમાં ઉત્પાદકીય પ્રવૃતિમાં અનિશ્ચિતતાનું તત્ત્વ ઉમેરાય છે. આ અનિશ્ચિતતાનો સામનો કરવા કે જોખમ ઉઠાવવા માટેનું વળતર એ નફો છે. "

3. પ્રો. જે. બી. કલાર્કના મતે "નફો એ તો ગતિશીલતાનું પરિણામ છે."

4. પ્રો. એફ. એ. વોકરના શબ્દોમાં "નફો એ નિયોજકની કુશળતા માટે ચૂકવાતું ભાડું છે."

5. પ્રો. હેનરી ગ્રેસાનના મતે "નફામાં આ ત્રણ તત્ત્વોનો સમાવેશ થાય છે જેના કારણે નફો પ્રાપ્ત થાય છે. (1) નવપ્રવર્તનનું વળતર (2) જોખમ અને અનિશ્ચિતતા માટેનું વળતર (3) બજાર માળખાની અપૂર્ણતાનું પરિણામ."

આમ, જુદાજુદા અર્થશાસ્ત્રીઓએ નફાના સંદર્ભમાં જુદાજુદા મુદ્દાઓની ચર્ચા કરી છે અને દરેક અર્થશાસ્ત્રીઓ પોતાના દષ્ટિકોણને આધારે કોઈને કોઈ મુદ્દા પર ભાર આપ્યો છે પરંતુ અહીં ધ્યાનમાં લેવું જરૂરી છે કે કોઈ એક વ્યાખ્યાને સંપૂર્ણ સ્વીકૃત કે સર્વસ્વીકૃત ગણવામાં આવી નથી કારણ કે નિયોજકને મળતો નફો એ ઘણા બધા મુદ્દાઓનું પરિણામ છે.

## 16.3 હિસાબી નફો અને આર્થિક નફો :

### 16.3.1 હિસાબી નફો :

જ્યારે કોઈ વ્યક્તિ ધંધો ચલાવે ત્યારે તે ધંધાકીય પ્રવૃત્તિ પાછળ થતા ખર્ચ અને તેમાંથી પ્રાપ્ત થતી આવક જાણવા માટે તેના હિસાબો તૈયાર કરે છે અને એ તૈયાર થયેલા હિસાબોને આધારે ધંધામાંથી થયેલ નફાની માહિતી મળે છે. સામાન્ય રીતે કોઈપણ ધંધામાં વેચાણમાંથી થતી આવકમાંથી તે પ્રવૃત્તિ પાછળ થયેલ ખર્ચને બાદ

કરવામાં આવે છે અને તે હિસાબો પ્રમાણે જે રકમ પ્રાપ્ત થાય છે તેને હિસાબી નફા તરીકે ઓળખવામાં આવે છે.

અહીં હિસાબી નફામાં માત્ર સ્પષ્ટ ખર્ચાઓ કે દેખીતા ખર્ચાઓ કે પછી વ્યક્તખર્ચાઓ (Explicit Cost) ને જ ધ્યાનમાં લેવામાં આવે છે. દા.ત. સ્ટેશનરી ખર્ચ, વીજળી બીલ, ભાડું , પગાર વગેરે જેવા જે દેખાતા ખર્ચાઓને જ કુલ આવકમાંથી બાદ કરી નફાની ગણતરી કરવામાં આવે છે. આવા નફાને હિસાબી નફા તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ સમગ્ર ધંધાકીય પ્રવૃત્તિને ધ્યાનમાં લઈએ તો ધંધામાં માત્ર આવા સ્પષ્ટ કે દેખીતા ખર્ચાઓ જ હોય તેવું નથી. ધંધામાં અમુક ગર્ભિત ખર્ચાઓ (Implicit Cost) પણ થતા હોય છે જેને હિસાબો તૈયાર કરતી વખતે ધ્યાને લેવાતા નથી. આથી અર્થશાસ્ત્રીઓ હિસાબી નફાને પૂરતો ન ગણતા આર્થિક નફાના ખ્યાલને રજૂ કરે છે. અર્થશાસ્ત્રીઓના મતે આવા ગર્ભિત ખર્ચાઓ હિસાબી નફામાં સમાયેલા હોય છે. જેને બાદ કરવા જરૂરી છે. આ ગર્ભિત ખર્ચા બાદ કરતાં જે રકમ પ્રાપ્ત થાય તેને આર્થિક નફા તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. નિયોજક ધંધો કરવાં માટે જે મકાનનો ઉપયોગ કરે છે તે મકાનની માલિકી નિયોજકની પોતાની છે, આથી નિયોજકે તે જગ્યા માટે કોઈ ભાડું ચૂકવવાનું થતું નથી. આથી હિસાબો તૈયાર કરતી વખતે પણ તેને ખર્ચ તરીકે દર્શાવવામાં આવતા નથી. અર્થશાસ્ત્રીઓના મત મુજબ આ ગર્ભિતખર્ચ છે જે નફાની ગણતરી સમયે બાદ થવો જોઈએ. કારણ જો આ મકાન અન્યની માલિકીનું હોત તો નિયોજકે ભાડું ચૂકવવું પડે અથવા નિયોજક આ જગ્યા કોઈ અન્યને ભાડે આપેલ હોત તો તેમાંથી નિયોજકને કોઈ આવક પણ મળી શકે.

આથી અર્થશાસ્ત્રની દૃષ્ટિએ હિસાબી નફામાંથી જયારે આ પ્રકારના ગર્ભિતખર્ચાઓ બાદ કરવામાં આવે ત્યારે જ ધંધાની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે. આમ, હિસાબી દૃષ્ટિકોણથી કુલ આવકમાંથી સ્પષ્ટ ખર્ચાઓ (Explicit Cost) બાદ કરી જે રકમ પ્રાપ્ત થાય તેને હિસાબી નફો કહે છે.

### 16.3.2 આર્થિક નફો :

અર્થશાસ્ત્રીઓના મત મુજબ હિસાબી નફાનો ખ્યાલ અપૂરતો છે. આથી તેમણે આર્થિક નફાના ખ્યાલની રજૂઆત કરી છે. આર્થિક નફાનો ખ્યાલ હિસાબી નફા કરતાં અલગ પડે છે.

અગાઉ ચર્ચા કરી તે મુજબ ઉત્પાદનનાં ચાર સાધનો છે. જમીન, મૂડી, શ્રમ અને નિયોજક ઉત્પાદન પ્રવૃત્તિ હાથ ધરવા માટે નિયોજકની ભૂમિકા વધારે મહત્ત્વની છે. કારણ કે નિયોજક અન્ય ત્રણ સાધનોનું સંયોજન કે સંકલન કરે છે અને આ સંકલન કરવા માટે નિયોજકને વળતર સ્વરૂપે જે કંઈ મળે છે તે નફો છે. આ ઉપરાંત ઉત્પાદનનાં અન્ય ત્રણ સાધનોને નિશ્ચિત વળતર મળે છે જેની સામે નિયોજક જોખમ અને અનિશ્ચિતતાનો સામનો કરે છે. આથી તેના માટે પણ વળતર મળવું આવશ્યક છે. આમ, નિયોજકનું વળતર મુખ્યત્વે (1) સાધનોના સંયોજન માટે (2) જોખમ અને અનિશ્ચિતતાનો સામનો કરવા તેમ જ (3) નવપ્રવર્તન (કંઈક નવુ કરવા) માટે પ્રાપ્ત થાય છે.

ખરી રીતે જોવા જઈએ તો આર્થિક નફો એ ધંધાની કાર્યક્ષમતા કે નફાકારક્તાનું માપદંડ બને છે. કારણ કે હિસાબી નફાની ગણતરી સમયે માત્ર દેખીતા ખર્ચા જ બાદ કરવામાં આવે છે. પરંતુ ગર્ભિતખર્ચા બાદ કરવામાં આવતા નથી. આથી ઘણી વાર હિસાબી નફામાંથી ગર્ભિતખર્ચા બાદ કરતાં ધંધો ખોટ કરતો હોય તેવું પણ બને.

અહીં અમુક ગર્ભિતખર્ચાઓ સમજાવેલ છે જે હિસાબી નફામાં સમાયેલ હોય છે. આર્થિક નફાની ગણતરી સમયે તે બાદ થવા જોઈએ.

**1. નિયોજકની જગ્યાનું ભાડું :** નિયોજક ઉત્પાદન કે વેચાણ માટે પોતાની માલિકીની જગ્યાનો ઉપયોગ કરતા હોય તો તે જગ્યા અન્ય વ્યક્તિને ભાડે આપવાથી જે ભાડું મળી શકે તેમ હોય તે ગર્ભિત ખર્ચ (Implicit Cost) છે. જે હિસાબી નફામાં સમાયેલ હોય છે.

**2. નિયોજકની મૂડી પર વ્યાજ :** નિયોજક ધંધામાં પોતાની માલિકીની મૂડી લઈ આવે તો તે મૂડી અન્ય જગ્યાએ રોકાણ કરી જે વ્યાજ મળે તેમ હોય તે હિસાબી નફામાં સમાયેલ હોય છે.

**3. આકસ્મિક લાભ :** ઘણી વાર નિયોજકને આકસ્મિક રીતે કે ટૂંકાગાળા માટે લાભ થાય છે. ઘણી વાર યુદ્ધ અથવા સરકારી નિયમોમાં ફેરફાર અથવા ઋતુગત ફેરફારને કારણે વેચાણ વધી જાય છે પરંતુ તે લાભ જ્યારે કાયમી ન હોય પરંતુ આકસ્મિક જ હોય ત્યારે તે ધંધાની કાર્યક્ષમતાને કારણે નથી માટે હિસાબી નફામાંથી તે બાદ કરવું જોઈએ.

**4. સંચાલક તરીકેનું વળતર :** કોઈ વાર ધંધાનું સંચાલન નિયોજક પગારદાર વ્યક્તિને ન રાખતા પોતે જ કરે ત્યારે આવી વ્યક્તિને જે વળતર ચૂકવવું પડે તેમ હોય તે રકમ આર્થિક નફાની ગણતરી સમયે હિસાબી નફામાંથી બાદ કરવી જોઈએ.

**5. ઈજારાની કમાણી :** ધંધો કોઈ વાર જે તે વસ્તુ કે સેવા બાબતે ઈજારો ભોગવે ત્યારે વધુ કિંમત રાખી શકે કે વધુ વેચાણ કરી શકે ત્યારે વધારે નફો મળે છે. તે ધંધાની યોગ્યતા કે કાર્યક્ષમતાને કારણે વધારે નફો નથી પણ ઈજારાનું પરિણામ હોવાથી હિસાબી નફામાં સમાવિષ્ટ ગર્ભિતખર્ચ છે.

**6. નિયોજકને નિયોજન કરવાનું વળતર :** નિયોજકનું મુખ્ય કાર્ય ઉત્પાદનના અન્ય ત્રણ સાધનોનું નિયોજન કરવાનું છે અને તેનો સમાવેશ હિસાબી નફામાં થયેલો હોય છે.

અહીં હિસાબી નફા અને ચોખ્ખા નફાને સૂત્રમાં આ રીતે સમજાવી શકાય.

હિસાબી નફો = કુલ આવક – કુલ ખર્ચ (દેખીતા/સ્પષ્ટ ખર્ચા)

આર્થિક નફો = હિસાબી નફો – ગર્ભિતખર્ચ

આમ, હિસાબી નફામાંથી ગર્ભિતખર્ચ બાદ કરતાં આર્થિક નફો ધન પણ હોય શકે. આર્થિક નફો શૂન્ય પણ હોય શકે અથવા તો ગર્ભિતખર્ચ હિસાબી નફા કરતાં પણ વધારે હોય તો આર્થિક નફો ઋણ પણ હોય એટલે કે હિસાબી નફા પ્રમાણે નફો દેખાતો હોય પણ ગર્ભિતખર્ચ બાદ કરતાં પેઢી ખોટ કરતી હોય તેવું પણ બને. આમ, અર્થશાસ્ત્રીઓના મત મુજબ પેઢીની સાચી કાર્યક્ષમતાનો ખ્યાલ આર્થિક નફા પરથી મળી શકે.

## 16.4 નફાનો નવપ્રવર્તનનો સિદ્ધાંત – પ્રો. શુમ્પીટર

નફાના નવપ્રવર્તનના સિદ્ધાંતની રજૂઆત ઓસ્ટ્રીયન અને અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો. જોસેફ શુમ્પીટરે પોતાના પુસ્તક "Theory of Economic Development" માં કરી છે. પ્રો. જે.બી.ક્લાર્કે નફાનો ગતિશીલતા અંગેનો જે સિદ્ધાંત મળતો આવે છે. તે સિદ્ધાંતને નવપ્રવર્તનનો સિદ્ધાંત મળતો આવે છે. પ્રો. ક્લાર્કના મતે સમાજ સ્થિર રહેતો નથી પરંતુ ગતિશીલ હોય છે અને આ ગતિશીલતા કે પરિવર્તનને કારણે નફો ઉદ્ભવે

છે. આ હકીકતને સ્વીકારી પ્રો. શુમ્પીટરે ગતિશીલ પરિવર્તનોનું અર્થઘટન પોતાના દૃષ્ટિકોણથી કરેલ છે. જેથી પ્રો. શુમ્પીટરના નવપ્રવર્તનની ખ્યાલનો ઉદ્દભવ થયો છે.

પ્રો. શુમ્પીટરના મતે સમાજ સતત ગતિશીલ છે. એટલે કે સમાજમાં વારંવાર ફેરફારો અથવા પરિવર્તનો થયાં કરે છે. આ પરિવર્તનો માટેનાં અનેક કારણો હોય છે. જેમ કે લોકોની રુચિ, સરકારની નીતિ, વસ્તી, ફેશન વગેરે. પરંતુ અમુક પરિવર્તનનો દીર્ઘદૃષ્ટિ કે કુનેહ ધરાવતા નિયોજકો બજારમાં પોતાની કુશળતાનો ઉપયોગ કરી લાવતા હોય છે.

નીચે જણાવ્યા અનુસાર એક અથવા એક કરતા વધારે ઘટનાઓ એક સાથે બને ત્યારે શુમ્પીટરના મત અનુસાર નવપ્રવર્તન ગણાયઃ

અ. નવી વસ્તુઓ બજારમાં મૂકવી.

બ. ઉત્પાદનની નવી પધ્ધતિ અમલમાં મૂકવી.

ક. નવા બજારોની શોધ થવી.

ડ. કાચા માલનાં નવાં પ્રાપ્તિસ્થાનોની શોધ થવી.

ઈ. કોઈ પણ ઉદ્યોગના વ્યવસ્થાતંત્રમાં કે પછી વેપારી સંગઠનના પ્રકારમાં પરિવર્તન થવું

ઉપર જણાવેલ ઘણાં પરિવર્તનો નિયોજક પોતાની આવડતથી લાવે છે અને પેઢીના વેચાણમાં વધારો કરે છે. જેથી નફામાં પણ વધારો થાય છે. આથી જ શુમ્પીટર નોંધે છે કે "નફો એ નવપ્રવર્તન કે સંશોધનનું વળતર છે." આવા સંશોધનોમાં સફળ થનાર નિયોજક પોતાનું ઉત્પાદન ખર્ચ ઘટાડી શકે છે કે પછી આવકમાં વધારો કરી શકે છે. જેથી નફામાં વધારો થાય છે. આથી જ શુમ્પીટર નોંધે છે કે નિયોજકનું ખરું કાર્ય ધંધાને ચલાવવો કે ઉત્પાદનનાં સાધનો ભેગાં કરવાં એ નથી પણ કયા ક્ષેત્રમાં શું સંશોધન થઈ શકે તે જોવાનું છે.

છતાં અહીં યાદ રાખવું જરૂરી બને કે આવાં સંશોધનોમાંથી પ્રાપ્ત થતો નફો મોટા ભાગે ટૂંકાગાળાનો હોય છે. કારણ કે જો કોઈ નિયોજક કોઈ સંશોધન લાવી બજારમાં સફળ થાય તો તેને બીજા કરતાં વધારે નફો મળશે પરંતુ તેની સાથે સાથે બીજા વેપારીઓ કે નિયોજકો પણ તે પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરી બજારમાં હરીફાઈ ઉભી કરશે. આથી, નિયોજકનો નવાં સંશોધનમાંથી મળતો વધારાનો નફો અદશ્ય થઈ જશે. આમ, જ્યાં સુધી બીજી કોઈ કંપની વસ્તુ ન બનાવે ત્યાં સુધી તે નફો પ્રાપ્ત થાય છે અને નફો અદશ્ય થઈ ગયા બાદ પણ ગતિશીલ સમાજમાં સંશોધનો અવિરત થતાં રહે છે ત્યાં નફો થાય છે, અદ્રશ્ય થાય છે અને પુનઃઅસ્તિત્વમાં આવે છે.

- **સિદ્ધાંતની ટીકાઓ :**

**1. નવપ્રવર્તન એ કામચલાઉ ઈજારો જ છે :**

અર્થશાસ્ત્રીઓના મત મુજબ નવપ્રવર્તન એ કામચલાઉ ઈજારો માત્ર છે. કારણ કે નવા સંશોધનથી ટૂંકાગાળામાં ઈજારો ઊભો થાય છે જ્યાં સુધી અન્ય પેઢી આવા નવા સફળ સંશોધન પ્રમાણે વસ્તુ બનાવી વેચાણ ન કરે ત્યાં સુધી નિયોજકને નફો પ્રાપ્ત થાય છે. આમ, નફોએ ટૂંકાગાળા માટે જ મળે છે. આથી નવપ્રવર્તન એ બીજુ કંઈ નહીં પણ કામચલાઉ ઈજારો છે.

### 2. વિવિધતા એ નવપ્રવર્તન નથી :

વર્તમાન સમયમાં કંપનીએ કંઈક નવું કર્યુ એ બતાવવા વસ્તુમાં વિવિધતા લાવવામાં આવે છે. દા.ત. પેકીંગ આકર્ષક બનાવવું પરંતુ આ નવપ્રવર્તન નથી. કોઈ વાર રંગ કે આકારમાં ફેરફાર કરવામાં આવે. દા.ત. સાબુ. આમ, વિવિધતાને નવપ્રવર્તન ન કહી શકાય. હા, ગ્રાહકોમાં નવપ્રવર્તન કે સંશોધનનો ભ્રમ ઊભો કરી વધારે પ્રમાણમાં નફો ચોક્કસ કમાઈ શકાય પરંતુ એ સંશોધન ન કહી શકાય.

### 3. માત્ર શોધખોળ એ નિયોજકનું કાર્ય નથી :

નિયોજકે માત્ર શોધખોળ જ કરવાની રહેતી નથી પરંતુ વહીવટી કાર્ય, સાધનો એકઠાં કરવાં અને કુશળ સંચાલન પણ કરવું. આવાં ઘણાં કાર્યો કરવાનાં હોય છે અને જે નિયોજક શોધખોળ નથી કરતાં તેઓને પણ નફો તો મળે જ છે. આમ, એ સ્પષ્ટ નથી થતું કે નફો ખરેખર શાનું વળતર છે ?

### 4. નફો માત્ર શોધખોળના કારણે જ નથી :

શોધખોળને પરિણામે નફો પ્રાપ્ત થાય તે સાચું છે પરંતુ બીજી ઘણી બાબતોના કારણે નિયોજક નફો મેળવી શકે છે. માત્ર શોધખોળ એ એક જ કારણ નફા માટે ન હોય શકે પરંતુ આ સિદ્ધાંતમાં અન્ય બાબતો કે પરિબળોને અવગણી માત્ર શોધખોળને જ નફાનું જવાબદાર કારણ ગણાવેલ છે જે બરાબર નથી.

## 16.5 નફાનો અનિશ્ચિતતાનો સિદ્ધાંત – પ્રો. નાઈટ :

અમેરીકન અર્થશાસ્ત્રી પ્રો. ફ્રેંક નાઈટ દ્વારા તેમના પુસ્તક Risk Uncertainty and Profit માં રજૂ કરવામાં આવેલ છે. પ્રો. નાઈટે અગાઉ પ્રો. એફ. બી. હોલી દ્વારા રજૂ કરેલાં જોખમો, સિદ્ધાંતની ટીકા કરી નવેસરથી પોતાના અનિશ્ચિતતાના સિદ્ધાંતની રજૂઆત કરેલી છે. પ્રો. નાઈટના મત મુજબ બધાં જ પ્રકારના જોખમ માટે નિયોજકને નફો મળતો નથી અને બધાં જ જોખમ નિયોજકે ઉઠાવવાં પડતાં પણ નથી. આ પ્રકારની રજૂઆત બાદ પ્રો. ફ્રેંક નાઈટે પોતાની અનિશ્ચિતતાના સિદ્ધાંતની રજૂઆત પોતના પુસ્તક દ્વારા કરે છે. પ્રો. ફ્રેંક નાઈટની દૃષ્ટિએ ''નફો એ અનિશ્ચિતતાઓનો સામનો કરવાનું કે વહન કરવાનું વળતર છે.''

પ્રો. ફ્રેંક નાઈટે જોખમના બે પ્રકાર રજૂ કર્યા છે.

1. જ્ઞાત અથવા અગાઉથી જાણી શકાય તેવાં જોખમ.
   (Known Risk & Insurable Risk)
2. અજ્ઞાત અથવા અગાઉથી ન જાણી શકાય તેવાં જોખમ.
   (Unknown & Uninsurable Risk)

### 1. જ્ઞાત અથવા વીમાપાત્ર જોખમ :

(Known Risk & Insurable Risk)

પ્રો. ફ્રેંક નાઈટના શબ્દોમાં કહીએ તો ધંધો કરતાં સમયે નિયોજકે અનેક પ્રકારના જોખમોનો સામનો કરવો પડે છે જેના વળતર સ્વરૂપે નિયોજકને વળતર મળવું આવશ્યક છે. પરંતુ પ્રો. નાઈટના મતે દરેક પ્રકારના જોખમ નિયોજકે ઉઠાવવાં પડતાં નથી. અમુક પ્રકારના જોખમને નિયોજક અગાઉથી જાણી શકે છે અથવા તેની ધારણા કરી શકે છે.

આ ઉપરાંત આ પ્રકારનાં જોખમો સામે વીમો પણ ઉતરાવી શકે છે. દા.ત. ગોડાઉનમાં આગ લાગી જવી કે પછી ધંધામાં ચોરી થવી અથવા ભૂકંપથી મકાનને નુકસાન થવું વગેરે આ પ્રકારનાં જોખમ સામે નિયોજક વીમો ઉતરાવી શકે છે. આથી ખરા અર્થમાં આવાં જોખમ સામે વીમો ઉતરાવી પોતે જોખમમાંથી મુક્ત થઈ તે જવાબદારી કે જોખમ વીમા કંપની ઉઠાવે છે. આમ, નિયોજક આવા જોખમમાંથી મુક્ત થઈ શકે છે. આમ, આવા વીમાપાત્ર જોખમના વળતર રૂપે નિયોજકને નફો પ્રાપ્ત થતો નથી.

## 2. અજ્ઞાત અથવા બિનવીમાપાત્ર જોખમો :

(Unknown & Uninsurable Risk)

પ્રો. નાઈટના મતે ધંધામાં અમુક પ્રકારનાં જોખમ એવાં પણ હોય છે જેને નિયોજક અગાઉથી જાણી શક્તો નથી. દા.ત. અર્થતંત્રમાં મંદીનો માહોલ ઉદ્દભવે, બજારમાં ટેક્નોલોજીમાં ઝડપથી ફેરફાર થાય અને જોખમ ઊભું થાય, સરકાર નીતિનિયમોમાં ફેરફાર કરે કે કોઈ દેશમાં થતી નિકાસ અટકાવે, લોકોની પસંદગી કે ફેશનમાં ફેરફાર થતા માંગમાં ઘટાડો થાય. આવા બધા સંજોગોમાં નિયોજકને અગાઉથી જોખમનો ખ્યાલ આવતો નથી. આ ઉપરાંત વીમા કંપનીઓ પણ આવાં જોખમ સામે વીમો આપતી નથી. આથી પ્રો. નાઈટે આવા બિનવીમાપાત્ર જોખને અનિશ્ચિતતા તરીકે ઓળખાવેલ છે. જે ખરા અર્થમાં નિયોજક જ ઉઠાવે છે. જો તેના અનુમાન સાચા પડે તો તે નફો મેળવી શકે છે. આમ, પ્રો. ફ્રેંક્ર નાઈટના મતે નિયોજકને અનિશ્ચિતતાનું વહન કરવા કે સામનો કરવા માટે જે વળતર પ્રાપ્ત થાય છે તે નફો છે. પ્રો. નાઈટના મતે દરેક વ્યક્તિ આવી સાહસિક હોતી નથી. આથી બધાં લોકો સહેલાઈથી આવું કરી શક્તા પણ નથી. જેથી નિયોજકોનો પુરવઠો પણ અર્થતંત્રમાં મર્યાદિત છે. આમ, જો કોઈ દિધદૃષ્ટિ, કુશળતા અને સાહસિક વ્યક્તિ આવું મુશ્કેલ કાર્ય કરવા તૈયાર થાય તો આવું કાર્ય કરવા બદલ તેને નફો પ્રાપ્ત થવો જરૂરી છે નહીં તો આવું કાર્ય કરવા કોઈ તૈયાર થશે નહીં.

- **સિદ્ધાંતની ટીકાઓ :**

**1. શેરહોલ્ડરના નફા વિશેની સ્પષ્ટતા :** આ સિદ્ધાંતમાં સંયુક્ત મૂડી કંપની વર્તમાન સમયમાં તેના શેર હોલ્ડરોને ડિવિડન્ડ સ્વરૂપે નફો આપે છે. ખરી રીતે ધંધાની અનિશ્ચિતતા કે જોખમનો સામનો કંપનીમાં ડીરેકટર કરે છે જેને વેતન મળે છે તો પછી શેરહોલ્ડર આવી અનિશ્ચિતતાથી દૂર હોય તો તેને નફો કેવી રીતે મળે તેની સ્પષ્ટતા પ્રો. નાઈટે કરેલ નથી.

**2. ઈજારદારને નફો કેવી રીતે પ્રાપ્ત થાય :** જો અનિશ્ચિતતાનો સામનો કરવાનું વળતર નફો હોય તો ઈજારો ભોગવતી પેઢીને નફો શા માટે મળવો જોઈએ ? ઉદાહરણ... રેલ્વે, પીજીવીસીએલ. આ પેઢીને અનિશ્ચિતતા ન હોવા છતાં તેમને મળતો નફો ખૂબ વધારે છે. આમ, ઈજારો ભોગવતી પેઢીને નફો કેવી રીતે મળે છે તેના અંગે પ્રો. નાઈટે સ્પષ્ટતા કરેલ નથી.

**3. નિયોજકના ઘણાં કાર્યોનું વળતર નફો છે :** પ્રો. નાઈટના મત મુજબ અનિશ્ચિતતાનો સામનો કરવાનું વળતરએ નફો છે. પરંતુ વાસ્તવિક્તામાં નિયોજક આ સિવાય ઘણાં બધાં કાર્યો કરે છે. જેમ કે, ઉત્પાદનનાં સાધનો એકઠાં કરવાં, સંચાલન

કરવું, ખરીદી તથા વેચાણની પ્રવૃત્તિ કરવી, વહીવટી કામગીરી પર ધ્યાન આપવું. આમ, નિયોજકને મળતો નફો આવી ઘણી બધી કામગીરી બદલ મળતું વળતર નફો છે.

**4. અનિશ્ચિતતાનો સામનો કરવાથી હંમેશા નફો મળતો નથી :** પ્રો. નાઈટના મતે ''અનિશ્ચિતતાનો સામનો કરવાનું વળતર એ નફો છે.'' વાસ્તવિક્તામાં દરેક નિયોજક એક યા બીજી રીતે નાની કે મોટી અનિશ્ચિતતાનો સામનો કરે જ છે પરંતુ દરેક નિયોજકને નફો મળતો નથી. અમુક નિયોજકને ખોટ પણ જાય છે. આમ, અનિશ્ચિતતા ઉઠાવવાથી નફો મળશે જ તેવુ સ્પષ્ટ રીતે કહી શકાતું નથી.

**5. અનિશ્ચિતતાને કારણે જ નિયોજક ઓછા છે તેવું નથી :** જો દેશમાં નિયોજકો ઓછા હોય તો તેનું કારણ માત્ર અનિશ્ચિતતા નથી. કારણ કે નિયોજકને ધંધો શરૂ કરવા માટે પૂરતાં પ્રમાણમાં મૂડી, વહીવટી કુશળતા, ધંધા અંગેનું જ્ઞાન, બજાર વિશે માહિતી આવી ઘણી બધી જરૂરિયાત રહે છે. જો તે ન હોય તો કોઈ નિયોજક બનવા તૈયાર ન પણ થાય તે સ્વાભાવિક છે. આમ, માત્ર અનિશ્ચિતતાને જ જવાબદાર ન ગણાવી શકાય.

## 16.6 સારાંશ :

સામાન્ય રીતે નફો એ નિયોજકને પ્રાપ્ત થાય છે. એટલે કે વસ્તુના વેચાણમાંથી પ્રાપ્ત થયેલી આવાકમાંથી ખર્ચ બાદ કરતાં જે આવક મળે છે તેને નફો કહે છે. પરંતુ દરેક નિયોજકને નફો મળતો નથી એટલે કે ખોટ પણ જતી હોય છે. આ બાબતને આધારે જ નફાના અનિશ્ચિતતાના સિદ્ધાંતની રજૂઆત કરવામાં આવી. એટલે કે જે જોખમને નિયોજક ટાળી શક્તો નથી તે જોખમ ઉઠાવવાં માટે નિયોજકને નફો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત દરેક નિયોજક આ જોખમ ઉઠાવતો હોવા છતાં તેને નફો પ્રાપ્ત થતો નથી. એટલે નફાના નવપ્રવર્તનના ખ્યાલની રજૂઆત કરવામાં આવી તે પ્રમાણે બજારની માંગને ધ્યાનમાં રાખીને જે નિયોજક વસ્તુમાં આવશ્યક ફેરફારો કરી બજારમાં રજૂ કરે તેને નફો મળવાની શક્યતા વધી જાય છે. આમ, જે નિયોજક નવપ્રવર્તન કરે તેને વધુ નફો પ્રાપ્ત થઈ શકે છે.

## ★ ચાવીરૂપ શબ્દો :

**1. હિસાબી નફો :** જ્યારે હિસાબોમાં દર્શાવેલા એટલે કે દેખીતા ખર્ચા પેઢીની આવકમાંથી બાદ કરવામાં આવે તેને હિસાબી નફો કહે છે.

**2. જ્ઞાત અને અજ્ઞાત જોખમ :** જે જોખમોને અગાઉથી જાણી શકાય તેને જ્ઞાત જોખમ કહે છે. જ્યારે અમુક જોખમો જેને અગાઉથી ન જાણી શકાય તેને અજ્ઞાત જોખમ કહે છે.

**3. બિનવીમાપાત્ર જોખમો :** જે જોખમ સામે ધંધો ઉત્પાદન એકમને વીમા કંપની પાસેથી વીમો ન મળી શકે તેવા જોખમને બિનવીમાપાત્ર જોખમ કહે છે. દા.ત. વ્યાપારચક્રના તબક્કાના ભાગરૂપે મંદી, સરકારી નીતિઓમાં થતા ફેરફાર, લોકોની પસંદગીમાં થતા ફેરફાર કે પછી ટેક્નોલોજીમાં આવતાં પરિવર્તનો સામે વીમો મેળવી શકાતો નથી.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

**1.** નફાનો અર્થ સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

**2.** હિસાબી નફા અને આર્થિક નફા વચ્ચેનો તફાવત સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

**3.** પ્રો. શુમ્પીટરનો નફાનો નવપ્રવર્તનનો સિદ્ધાંત સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

**4.** પ્રો. નાઈટના નફાના અનિશ્ચિતતાના સિદ્ધાંતની ચર્ચા કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

**5.** જ્ઞાત અથવા વીમાપાત્ર જોખમ ઉદાહરણ સાથે સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

**6.** અજ્ઞાત અથવા બિનવીમાપાત્ર જોખમની ચર્ચા કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

7. નવપ્રવર્તન સમજાવી નિયોજકની નવપ્રવર્તનમાં ભૂમિકા સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

8. આર્થિક નફાની ગણતરી સમયે ધ્યાને લેવાતા ગર્ભિતખર્ચાઓ સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

★ નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો.

1. હેનરી ગ્રેસાના મતે નફો એ નવપ્રવર્તન જોખમ/અનિશ્ચિતતા અને બજાર અપૂર્ણતા કારણે ઉદભવે છે.
2. નવપ્રવર્તનનો સિધ્ધાંત પ્રો.શુંમ્પીટર દ્વારા આપવામાં આવ્યો.
3. ક્લાર્કના મત અનુસાર નફો સ્થિર સમાજમાં જ ઉદભવે છે.
4. પ્રો.નાઈટના મતે બધા જ પ્રકારના જોખમોથી નફો ઉદભવે છે.
5. Risk Uncertainty and Profit પુસ્તકના લેખક પ્રો.નાઈટ છે.

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**1**.ખરું

**2**.ખરું

**3**.ખોટું

**4**.ખોટું

**5**.ખરું

## ★ સંદર્ભ :


- C. M. Gupta, Business Economics, R.S.B.A Publisher.
- **એચ. કે. ત્રિવેદી, અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.**
- H. L. Ahuja, Business Economics, S. Chand Pulishing.
- H. L. Ahuja, Micro Economics, S. Chand Pulishing.

એકમ 17

# કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર

## રૂપરેખા


17.0 ઉદ્દેશો

17.1 પ્રસ્તાવના

17.2 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર વિભાવના

17.3 સામાજિક કલ્યાણના ખ્યાલો

17.4 વ્યક્તિગત કલ્યાણ અને સામાજિક કલ્યાણ

17.5 સામાન્ય કલ્યાણ અને આર્થિક કલ્યાણ

17.6 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર અને મૂલ્યનિર્ણયો

17.7 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર અંગે પ્રશિષ્ટ વિચારધારા

17.8 પીગુનું કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર

17.9 પેરેટોનો ઈષ્ટ અવસ્થાનો સિદ્ધાંત

- 17.9.1 સમાજની ઈષ્ટ અવસ્થાનો ખ્યાલ
- 17.9.2 સિદ્ધાંતની આકૃતિ દ્વારા સમજૂતિ
- 17.9.3 ઉત્પાદન અને ઉપભોગની બાહ્ય અસરો

17.10 વળતરનો સિદ્ધાંત

17.11 સ્કીટોવ્સ્કી કોયડો

17.12 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્વ

17.13 સારાંશ

★ ચાવીરૂપ શબ્દો

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

★ સંદર્ભ

## 17.0 ઉદ્દેશો :

- કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો ખ્યાલ સમજવો.
- આર્થિક કલ્યાણ અને કુલ કલ્યાણ વચ્ચેનો ભેદ તપાસવો.
- કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં મૂલ્ય નિર્ણયોનું મહત્વ તપાસવું.
- કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર વિવિધ કસોટીનો અભ્યાસ કરવો.
- કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્વ જાણવું.

## 17.1 પ્રસ્તાવના :

કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રએ આદર્શલક્ષી છે. તેમાં એ તપાસવામાં આવે છે કે, વહેંચણી કાર્યક્ષમ છે કે નહીં. અર્થશાસ્ત્રમાં કાર્યક્ષમતા એટલે તમામ સાધનોની વહેંચણી એવી રીતે થાય છે કે જેથી સામાજિક કલ્યાણ મહત્તમ થાય. અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રો એકબીજા સાથે સંકળાયેલા છે. જો કોઈ એક ક્ષેત્રમાં સાધનોની વહેંચણીમાં ફેરફાર થાય તો તેની અસર બીજા ક્ષેત્ર પર થાય છે. આથી કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો મહત્વનો પ્રશ્ન એ છે કે સાધનોની વહેંચણીમાં ફેરફાર થવાથી સામાજિક કલ્યાણમાં વધારો થશે કે ઘટાડો જ્યારે કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્વનું કાર્યસામાજિક કલ્યાણને મહત્તમ સપાટીએ પહોંચાડવાનું છે. જેમા મુખ્યત્વ નીચેની બાબતોનો અભ્યાસ કરે છે.

1. આર્થિક કાર્યક્ષમતાની વ્યાખ્યા કરવી.
2. જુદી જુદી આર્થિક પદ્ધતિમાં થતી ઉત્પાદનનાં સાધનોની ફાળવણીની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવું.
3. સામાજિક-આર્થિક કલ્યાણમાં સુધારો સૂચવતી શરતો નિર્ધારિત કરવી.

વીસમી સદીમાં અર્થશાસ્ત્રની એક શાખા તરીકે તેનો વિકાસ થયો છે અને સામાજિક કલ્યાણના સદર્ભમાં વૈકલ્પિક આર્થિક વ્યવસ્થાનું નિરૂપણ કરતાં વિવિધ સિદ્ધાંતોનો કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં સમાવેશ કરવામાં આવે છે. જેમ કે, કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની ગ્રાહકોની અધિક સંતોષ જેવી કેટલીક પાયાની વિભાવનાઓ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ 19મી સદીમાં રજૂ કરી હતી. પરંતુ એ. સી. પીગુના 1912માં લખાયેલાં "Wealth and Welfare" તથા 1932માં લખાયેલા "The Economics of Welfare" પુસ્તકોથી કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો ઉદય થયો એમ મનાય છે.

## 17.2 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની વિભાવના :

1. પ્રો. રેડર :

"કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની એવી શાખા છે કે જે આર્થિક નીતિઓને માટે ઔચિત્યના માપદંડની સ્થાપના તથા પ્રયોગ કરવાનો પ્રયત્ન કરે છે."

2 પ્રો. ઓસ્કર લૈંગ :

"કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર એ બાબતો સાથે સંબંધ ધરાવે છે કે જે કોઈ એક સમાજના કલ્યાણને નક્કી કરે છે.

3. પ્રો. સ્કીટોવ્સ્કી :

"કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર આર્થિક સિદ્ધાંતનું એક અંગ છે જે મુખ્યત્વે નીતિ સાથે સંબંધ ધરાવે છે.

## 17.3 સામાજિક કલ્યાણના ત્રણ ખ્યાલો :

પ્રો. ગ્રાફ તેમના પુસ્તક "Theoretical Welfare Economics" માં સામાજિક કલ્યાણના ત્રણ ખ્યાલો સમજાવેલ છે.

1. સામાજિક કલ્યાણનો પહેલો ખ્યાલ પિતૃ સત્તાવાદ સાથે સંકળાયેલો છે. તેમાં કોઈ એક વ્યક્તિને નહીં પરંતુ પિતૃ સત્તા અથવા રાજ્યના વિચારોને મહત્વ આપવામાં આવે છે. અહીં વ્યક્તિની પસંદગીઓને દબાવવામાં આવે છે. તેમને મહત્વ આપવામાં આવતું નથી. રાજ્ય પોતાના સામાજિક કલ્યાણના વિચારોને જ ધ્યાનમાં લેવામાં આવે છે.

2. સામાજિક કલ્યાણનો બીજો ખ્યાલ પરેટો નામના અર્થશાસ્ત્રી સાથે સંકળાયેલ છે. આ ખ્યાલ મુજબ સામાજિક કલ્યાણ એટલે સમાજમાં રહેલાં દરેક વ્યક્તિના કલ્યાણનો સરવાળો. જો અમુક લોકો વધારે સુખી બને અને કોઈ પણ વ્યક્તિની સ્થિતિ પહેલાં કરતાં ન બગડે તો સામાજિક કલ્યાણમાં વધારો થયો છે. જો કેટલાક લોકોની સ્થિતિ બગડે અને કોઈ પણ વ્યક્તિની પરિસ્થિતિમાં સુધારો ન થાય તો સામાજિક કલ્યાણ માં ઘટાડો થયો છે તેમ કહેવાય. આનો અર્થ એમ થાય કે સમાજમાં બીજાની પરિસ્થિતિ બગાડ્યા વગર જો અમુક લોકોની પરિસ્થિતિમાં સુધારો થાય તો તે સારી બાબત છે. પરંતુ લગભગ મોટાભાગનાં કિસ્સાઓમાં કે જ્યારે આર્થિક સંગઠન અને નીતિઓમાં ફેરફાર થાય તો કેટલાક લોકોની પરિસ્થિતિ બગડે છે.

3. સામાજિક કલ્યાણનો ત્રીજો ખ્યાલ તુષ્ટિગુણ આંતરવૈયક્તિક તુલના આધારિત છે. આ તુલના નિશ્ચિત મૂલ્ય નિર્ણયોને દાખલ કરવાથી થાય છે. સામાજિક કલ્યાણનો આ સિદ્ધાંત બર્ગસન અને સેમ્યુલસન સામાજિક કલ્યાણ વિધેય દ્વારા સમજાવે છે. આ ખ્યાલ મુજબ જો સામાજિક કલ્યાણમાં થતાં ફેરફારો જાણવા હોય તો તુષ્ટિગુણની આંતરવૈયક્તિક તુલના કરવી ખૂબ જ મહત્વની છે અને આ તુલના કરવા માટે મૂલ્ય નિર્ણયો ખૂબ જરૂરી છે. જ્યારે આર્થિક સંગઠન કે નીતિમાં ફેરફાર થવાથી અમુક લોકોની સ્થિતિમાં સુધારો થાય અને કેટલાંકની સ્થિતિ બગડે ત્યારે આ ખ્યાલ દ્વારા સામાજિક કલ્યાણનો ખ્યાલ મેળવી શકાય છે.

## 17.4 વ્યક્તિગત કલ્યાણ અને સામાજિક કલ્યાણ :

વ્યક્તિગત કલ્યાણએ વ્યક્તિની પસંદગીઓ પર આધાર રાખે છે, પરંતુ સામાજિક કલ્યાણએ સામાજિક પસંદગીઓ પર આધાર નથી રાખતું. કારણ કે સમાજ અનેક વ્યક્તિઓનો બનેલો છે. કે જેમની પસંદગીઓ જુદી જુદી છે. જો કોઈ આર્થિક નીતિના કારણે કેટલાક વ્યક્તિઓની સ્થિતિ સુધારે અને બીજા કેટલાકની બગડે તો સામાજિક કલ્યાણમાં શું ફેરફાર થાય છે તે જાણી શકાતું નથી.

બીજો મહત્વનો પ્રશ્નએ ઊભો થાય છે કે તુષ્ટિગુણ કે સંતોષ માપવો કેવી રીતે ? અથવા તો તેની ગણતરી કેવી રીતે કરવી ? માર્શલના મતે સંખ્યાવાચક અભિગમ દ્વારા દરેક વ્યક્તિના તુષ્ટિગુણનો સરવાળો કરીને સામાજિક કલ્યાણ જાણી શકાય છે. પરંતુ સંખ્યાવાચક અભિગમ ખોટો છે. કારણ કે દરેક વ્યક્તિનો તુષ્ટિગુણ માપવો શક્ય જ નથી. આથી ક્રમ વાચક અભિગમ અપનાવવો જરૂરી છે.

## 17.5 સામાન્ય કલ્યાણ અને આર્થિક કલ્યાણનો ખ્યાલ :

કલ્યાણનો ખ્યાલ ઘણો પેચીદો છે. પ્રો. પીગુએ સામાન્ય અને આર્થિક કલ્યાણને અલગ પાડયાં છે. સામાન્ય કલ્યાણમાં શાંતિ, સુખ, આનંદ, મજા, સન્માન, આદર વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ બધી બાબતોને માપી શકાતી નથી. એ આત્મલક્ષી અને વ્યક્તિલક્ષી બાબત છે. કોઈ વ્યક્તિને આઈસક્રીમ ખાવાથી સુખ મળે પણ ખરું અને કોઈકને ના પણ મળે. વળી, કોઈ વ્યક્તિને આઈસ્ક્રીમ ખાવાથી જેટલું સુખ મળે એટલું સુખ બીજી વ્યક્તિને ના પણ મળે. તેનાથી વધારે કે ઓછું પણ મળે એટલે એને માપી શકાય નહીં. આંકડમાં કે જથ્થામાં તેને દર્શાવી શકાય નહીં.

પ્રો. પીગુના મંત મુજબ, આર્થિક કલ્યાણ એ કુલ કલ્યાણનો એવો ભાગ છે. જેને સીધી કે આડકતરી રીતે નાણાંરૂપી માપદંડના સંપર્કમાં લાવી શકાય છે. આમ, જે ચીજ વસ્તુઓ અને સેવાઓને નાણાકીય મૂલ્ય હોય છે અને જે વિનિમયક્ષમ છે તેના ઉપયોગો દ્વારા આવક કલ્યાણ વધે છે અને તેનો અભ્યાસ થઈ શકે છે. જ્યારે બિનઆર્થિક પરિબળો માનવીને સંતોષ અવશ્ય આપે છે જેવા કે દયા, ત્યાગ, પ્રેમ વગેરે આત્મલક્ષી પરિબળોનો અભ્યાસ કરવો મુશ્કેલ છે. તેથી કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં આર્થિક પરિબળો પર ધ્યાન કેન્દ્રીત કરી તેનો જ અભ્યાસ કરવામાં આવે છે.

## 17.6 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર અને મૂલ્ય નિર્ણયો :

કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં સમાજના આર્થિક કલ્યાણમાં થતાં વધારા કે ઘટાડા માટે વિવિધ કસોટીઓ રજૂ કરવાનો પ્રયત્ન થાય છે. તેમાં વ્યક્તિના કલ્યાણનો કે તેની સુખાકારીમાં થતાં ફેરફારોનો અભ્યાસ કરવામાં આવે છે. વ્યક્તિના કલ્યાણના આધારે સમાજના કલ્યાણને તારવામાં આવે છે. પરંતુ સામાજિક કલ્યાણ તારવવાની આ પ્રક્રિયામાં 'મૂલ્યનિર્ણયો' નો આશ્રય લેવામાં આવે છે.

'મૂલ્ય નિર્ણયો' કેટલાંક સ્વીકૃત વિધાનો તે વિધાનો હકીકતને અવી રીતે વર્ણવે છે કે જેથી લોકોનું હકીકત તરફનું વર્ણન બદલાય જાય છે અને તેનો લોકોના વર્તન પર પ્રભાવ પડે છે. બુદ્ધિ કરતાં વધારે લાગણી સ્પર્શતા વિધાનો હોય છે. આવા મૂલ્ય નિર્ણયો વગર કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર ટકી શકે નહીં. લાયોનેલ રોબિન્સે અર્થશાસ્ત્રમાં આવા મૂલ્ય નિર્ણયોને કોઈ જ અવકાશ નથી તેવી રજૂઆત કરી હતી. પરંતુ આજે કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં મૂલ્ય નિર્ણયો આવશ્યક જ નહીં અનિવાર્ય મનાય છે. 'કોઈનાય સંતોષમાં ઘટાડો કટાડો કર્યા વગર જો એકના સંતોષમાં વધારો થઈ શકે તો એ સારી બાબત છે. આ એક મૂલ્ય નિર્ણય છે. આની કોઈ સાબિતી નથી. તેને સ્વીકારીને અર્થશાસ્ત્રી કેટલાંક ઉપયોગી તારણો કાઢી શકે છે. નોબેલ પ્રાઈઝ વિજેતા અમર્ત્ય સેન પણ મૂલ્ય-નિર્ણયોને સ્વીકારે છે.

## 17.7 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર અંગે પ્રશિષ્ઠ વિચારધારા :

એડમ સ્મિથનાં લખાણોમાંથી આર્થિક કલ્યાણ માટે કુલ ઉત્પાદનને માપદંડ માને છે. તેઓ માને છે કે જેમ જેમ દેશમાં ઉત્પાદન વધતું જાય, તેમ તે દેશમાં સમૃદ્ધ અને લોકોના કલ્યાણમાં વધારો થતો રહે છે. જેમને ઉત્પાદન વધારવા માટે શ્રમની ભૌતિક ઉત્પાદક્તા વધારવા સમગ્ર આર્થિક પ્રવૃતિ વધારવા નીતિવિષયક સૂચનો આપેલ છે. તેમાં મુક્ત-અર્થતંત્રનો હિમાયતનો સમાવેશ જોવા મળે છે. તેના કારણે જ વ્યક્તિને બચત, મૂડીરોકાણ અને પરિશ્રમ કરવા પ્રોત્સાહન મળી રહે.

પ્રશિષ્ઠ વિચારધારામાં જેવોન્સ, વોલરાસ મેન્જર વગેરે તુષ્ટિગુણ વિશ્લેષણને

દાખલ કર્યુ તેને માર્શલે વ્યાપક ઉપયોગ કર્યો છે. સંપતિના ભૌતિક ખ્યાલને સ્થાને તેમણે ઉપભોક્તાઓની જરૂરિયાતોના સંતોષનો ખ્યાલ રજૂ કર્યો અને તેઓ માનતા કે સંતોષને નાણાંના માપદંડથી માપી શકાય છે. એક સફરજન ખાવાથી કેટલો તુષ્ટિગુણ મળે તે દર્શાવવાનો પ્રયત્નો કર્યો. આના લીધે કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની ચર્ચા ભૌતિક સપાટી પરથી વ્યક્તિગત સંતોષની સપાટી પર આવી અને સંતોષની ઈષ્ટ-સપાટીની શોધ શરૂ થઈ.

## 17.8 પીગુનું કલ્યાલક્ષી અર્થશાસ્ત્ર :

નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓમાં કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની ચર્ચા કરનારમાં પીગુનું સ્થાન મોખરે છે. તેઓ માને છે કે દરેક વ્યક્તિ પોતાના સંતોષ કે તુષ્ટિગુણને મહત્તમ બનાવવા પ્રયત્ન કરે છે. તેઓ સંખ્યાવાચક તુષ્ટિગુણના ખ્યાલને સ્વીકાર કરતા નથી. પણ તેઓ આંતરવ્યક્તિ સરખામણી એટલે કે ગુણવાચક તુષ્ટિગુણના સ્વીકાર કરે છે. આ માટે તેમની એક ધારણા છે કે, સરખી વાસ્તવિક આવક ધરાવતી અલગ અલગ વ્યક્તિઓ સરખો સંતોષ અનુભવે છે. આનો અર્થ એવો થાય છે કે જેમની વાસ્તવિક આવક વધારે છે તે ઓછી આવકવાળા કરતાં વધારે સંતોષ અનુભવશે. શ્રીમંતો પાસેથી આવક લઈને ગરીબો વચ્ચે વહેંચવાથી કુલ સામાજિક કલ્યાણમાં વધારો થશે. આમ પીગુની ધારણામાંથી આવકની પુનઃ વહેંચણીને લગતી નીતિનું તારણ કાઢી શકાય.

જો વાસ્તવિક આવક અસંખ્ય ભિન્ન ભિન્ન વસ્તુઓની બનેલી હોય તો એક વ્યક્તિની વાસ્તવિક આવક સાથે અન્યવ્યક્તિની વાસ્તવિક આવક સાથે સરખામણી કરી શકાતી નથી. તેથી તેઓ વાસ્તવિક આવકને નાણાકીય મૂલ્યમાં દર્શાવે છે. નાણાકીય આવકની સરખામણી કરે છે. પીગુની ધારણા પ્રમાણે નાણાકીય આવકની પુનઃ વહેંચણી કરી સંપૂર્ણસરખી આવક પ્રાપ્ત કરવાથી જ મહત્તમ સામાજિક કલ્યાણ પ્રાપ્ત થાય છે. દરેક વ્યક્તિઓની નાણાકીય આવક સરખી થતાં નાણાંનો સીમાંત તુષ્ટિગુણ સરખો થઈ જશે અને તે સ્થિતિમાં મહત્તમ સામાજિક કલ્યાણ પ્રાપ્ત થશે.

પીગુના આવકની પુનઃ વહેંચણીના અમલથી સમાજની ઉત્પાદનશક્તિ પર વિપરિત અસર કરે અને કુલ ઉત્પાદનમાં ઘટાડો થાય તો કુલ સામાજિક કલ્યાણમાં વધારો થયો એમ કેવી રીતે કહી શકાય ? આ પ્રશ્ન ‘ઉત્પાદન વિરૂદ્ધ વહેંચણીને’ લગતો છે. જો વ્યક્તિની કમાયેલી આવકનો મોટો ભાગ કરવેરા દ્વારા સરકાર લઈ લે અને તેનો ઉપયોગ ગરીબોના વિકાસ માટે કરે તો સામાજિક કલ્યાણ વધે ખરૂ ? પણ આ આવક પરિવર્તને કારણે રાષ્ટ્રીય પેદાશમાં ઘટાડો થાય તો લાંબાગાળે તે લાભદાયી બની શકે નહીં. પ્રો. પીગુ જણાવે છે કે આવકની પુનઃ વહેંચણીનો અમલ એવી રીતે થવો જોઈએ કે કુલ રાષ્ટ્રીય ઉત્પાદન પર વિપરીત અસર થાય નહીં. તો જ કુલ સામાજિક કલ્યાણ મહત્તમ બની શકે.

પીગુની ‘માનવીના સરખો સંતોષ મેળવવાની શક્તિ’ ની ધારણા વૈજ્ઞાનિક નથી પણ એક મૂલ્ય નિર્ણય છે. એવી ટીકા રોબિન્સ નામના અર્થશાસ્ત્રી દ્વારા કરાઈ છે. આમ છતાં નીતિના ઘટતર માટે માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવતા વૈજ્ઞાનિક અભ્યાસી તરીકે પ્રો. પીગુના કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્વ આધુનિક અર્થશાસ્ત્રી સ્વીકારતા નથી.

## 17.9 પેરેટોનો ઈષ્ટ અવસ્થાનો સિદ્ધાંત :

પેરેટોએ પોતાના સિદ્ધાંતમાં તુષ્ટિગુણને નાણાંના માધ્યમથી માપી શકાય છે તે ધારણાનો ત્યાગ કરી તટસ્થરેખા દ્વારા માત્ર સરખામણી કરી શકાય તેમ માને છે.

પરેટોના મત મુજબ ''કોઈ સમાજમાં સીમાંત શરતોનું પાલન થાય તો સમાજ ઈષ્ટ અવસ્થાએ પહોંચે અને ઈષ્ટ અવસ્થાએ રાષ્ટ્રનું ઉત્પાદન મહત્તમ હોય છે માટે સમાજનું કલ્યાણ સિદ્ધ થાય છે તેમ કહી શકાય.''

### 17.9.1 સમાજની ઈષ્ટ અવસ્થાનો ખ્યાલ :

પરેટોના મતે ''ઈષ્ટસંતોષ એક એવી સપાટી છે. જ્યાં સમાજના કોઈ એક વ્યક્તિના સંતોષમાં ઘટાડો કર્યા સિવાય અન્ય વ્યક્તિના સંતોષમાં વધારો કરી શકાય નહીં.'' બીજી રીતે કહીઓ તો સાધન ફાળવણીમાં ફેરફાર કરીને એક વ્યક્તિ કે સમૂહને વધારે સારી સ્થિતિમાં લઈ જતાં અન્ય વ્યક્તિ કે સમૂહને વધારે ખરાબ સ્થિતીમાં મુકવો પડે, આમ પેરેટો ઈષ્ટ અવસ્થાયી સપાટી સમાજ માટે સંતોષની સર્વોચ્ચ સપાટી દર્શાવે છે.


પરેટોના મત ''કોઈ વ્યક્તિ પોતાને પસંદ હોય તેવી સ્થિતિએ જાય છે. ત્યારે અન્ય વ્યક્તિઓને તેની ઓછી પસંદગીની સ્થિતિએ ખસેડયા વિના જઈ શકતી નથી આવી સ્થિતિને સમાજની ઈષ્ટ અવસ્થા કહેવામાં આવે છે.''

ટૂંકમાં સમાજની ઈષ્ટ અવસ્થા પ્રાપ્ત થઈ ગયા પછી કોઈ પણ વ્યક્તિ અન્ય વ્યક્તિનાં સંતોષના ભોગે જ વધુ સંતોષ પ્રાપ્ત કરે છે.

પરેટોની ઈષ્ટ સપાટી એક જ હોય તેવું નથી. મહત્તમ સંતોષ દર્શાવતી જુદી જુદી અનેક ઈષ્ટ સપાટી હોય શકે. આ દરેક સપાટીએ સમાજને પ્રાપ્ત થતો સંતોષ મહત્તમ હોય પણ સરખો જ હોય એવું નથી. આ જુદી જુદી સપાટીએ સરખામણી શક્ય નથી. કારણ કે પરેટોએ આંતરવ્યક્તિક સરખામણીનો પ્રશ્ન ટાળ્યો છે. આથી જ કોઈ એક અને અદ્વીત્તિય ''સમાજિક કલ્યાણની ઈષ્ટ સપાટી'' પરેટોની શરતો દ્વારા દર્શાવી શકાતી નથી. પરેટોની ભિન્ન ભિન્ન ઈષ્ટ સપાટીઓ આવકની જુદી જુદી વહેંચણી સાથે સંકળાયેલ છે.

### 17.9.2 સિદ્ધાંતની આકૃતિ દ્વારા સમજુતી :

પરેટોએ રજૂ કરેલ કસોટીને સેમ્યુલસનની તુષ્ટિગુણ શક્યતા રેખા દ્વારા સમજાવી શકાય. સમાજની બધી જ વસ્તુઓ બે જ વ્યક્તિ કે વર્ગો વચ્ચે વહેંચાય છે. તેમ માનીને બે વ્યક્તિઓ X અને Y ના ક્રમવાચક તુષ્ટિગુણને અનુક્રમે X અને Y ધરી પર દર્શાવીએ. તુષ્ટિગુણ શક્યતા રેખા એક એવી હદ દોરી આપે છે. જેની અંદર આ બે વ્યક્તિઓ (X અને Y) ના તુષ્ટિગુણના જુદા જુદા સંયોજનો સંભવી શકે. તુષ્ટિગુણ શક્યતા રેખા પરનું દરેક બિંદુ પરેટો ઈષ્ટ સપાટી દર્શાવે છે.




આકૃતિમાં જોઈ શકાય છે કે જ્યારે X નો તુષ્ટિગુણ વધે ત્યારે Yનો તુષ્ટિગુણ ઘટે છે અને Y નો તુષ્ટિગુણ વધે ત્યારે X નો તુષ્ટિગુણ ઘટે છે. બે પૈકી એકના તુષ્ટિગુણમાં ઘટાડો કર્યા સિવાય બીજાના તુષ્ટિગુણમાં વધારો કરી શકાતો નથી. આથી તુષ્ટિગુણ શક્યતા રેખા (MN) પરનું દરેક બિંદુ પરેટો ઈષ્ટ સપાટી દર્શાવે છે. MN રેખા પર જમણી બાજુએ ખસતાં X ને વધારે તુષ્ટિગુણ મળે છે અને Y ને ઓછો, ડાબી બાજુએ ખસતાં Y ને વધારે અને X ને ઓછો તુષ્ટિગુણ મળે છે. C બિંદુ MN રેખાના નીચે આપવામાં આવેલ CA અને CB અનુક્રમે Y અને X ધરીને દોરેલી સમાંતર રેખાઓ છે. ધારો કે X અને Y વ્યક્તિઓ C બિંદુએ છે. C બિંદુથી ખસીને તે A બિંદુએ આવે તો શું થાય ? A બિંદુએ Y નો તુષ્ટિગુણ વધારે છે અને X નો તુષ્ટિગુણ અગાઉ જેટલો જ રહે છે. આથી C ની સરખામણીમાં A બિંદુ બન્ને વ્યક્તિઓ માટે સુધારો સુચવે છે. આવુ જ B બિંદુ વિષે કહી શકાય. આમ, A અને B ની વચ્ચે આવેલું કોઈ પણ બિંદુ C ની સરખામણીમાં સુધારો દર્શાવે છે. આવો કોઈ પણ ફેરફાર પેરેટોની દ્રષ્ટિએ કલ્યાણમાં વધારો કરનાર છે. આ ફેરફાર કાર્યક્ષમતા વધારનાર ફેરફાર છે.

C બિંદુએથી ખસીને X અને Y વ્યક્તિએ D બિંદુએ જાય તો તે સુધારારૂપ છે ખરૂ ? આ પ્રશ્નોનો જવાબ પેરેટો વિશ્લેષણના આધારે આપી શકાશે નહીં. D બિંદુએ C બિંદુની સરખામણીમાં Y વ્યક્તિને વધારે સંતોષ મળે છે. પણ X વ્યક્તિનો મળતો સંતોષમાં ઘટાડો થાય છે. વળી તુષ્ટિગુણ શક્યતા રેખા પરના A, B અને D બિંદુમાંથી કયું બિંદુ પસંદ કરવું. તે તો કહી શકાય તેમ છે જ નહી.

પેરેટો કસોટીના આધારે કલ્યાણની ઈષ્ટ સપાટી દર્શાવતી 'સીમાંત શરતો' રજૂ કરવામાં આવી છે. જો ઉત્પાદન અને ઉપભોગમાં બાહ્ય લાભો કે ગેરલાભો સર્જાતા ન હોય તો પૂર્ણ હરિફાઈમાં સામાજિક કલ્યાણ માટેની આદર્શ સ્થિતિ છે એવી રજૂઆત થઈ.

### 17.9.3 ઉત્પાદન અને ઉપભોગની બાહ્ય અસરો :

પૂર્ણ હરીફાઈની સ્થિતિમાં જો દરેક વ્યક્તિની નાણાકીય આવકમાંથી પ્રાપ્ત થતો સી.તુ સરખો હોય તો વસ્તુનો ખાનગી સી. ખ. અને સામાજિક સી.ખ. સરખા થશે અને ખાનગી સી.તુ અને સામાજિક સી.તુ પણ સરખા થશે. આથી સામાજિક કલ્યાણ

સર્વોચ્ચ સપાટી પર હશે. પરંતુ જો ઉત્પાદન કે ઉપભોગમાં ''બાહ્ય અસરો'' ઉદ્દભવતી હશે તો બન્ને વચ્ચે તફાવત ઊભો થશે.

બાહ્ય અસરોને બાહ્ય લાભ કે ગેરલાભ તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે તેને વસ્તુના મૂલ્ય નક્કી કરવામાં ધ્યાનમાં લેવામાં આવતી નથી. આગળ આપણે તેને એકમ વિકાસના લાભ કે ગેરલાભ તરીકે ભણ્યા હતા. જેમાં એક પેઢીનો વિકાસ થવાથી તેનો લાભ અન્ય પેઢીની પણ મળે છે. આવા લાભોને નાણાકીય મૂલ્યમાં સમાવેશ કરવામાં આવતો નથી. કારણ કે તેની ઓળખ કરવી મુશ્કેલ છે.

- **ઉત્પાદનની બાહ્ય અસરો :**

કોઈ એક પેઢીના ઉત્પાદનમાં વધારો થવાથી અન્ય પેઢીને લાભ કે ગેરલાભ થાય તેવું જોવા મળે છે. દા.ત. સફરજનની વાડીનો વિકાસ થવાથી તેની બાજુમાં આવેલા 'મધમાખી કેન્દ્ર' નું ઉત્પાદન વધે છે. સફરજનની વાડીનો માલિક તેના ઉત્પાદનમાં માત્ર સફરજનના વધારાના ઉત્પાદને જ લક્ષમાં લે છે. પણ સમાજને તો સફરજન ઉપરાંત મધ પણ વધુ પ્રમાણમાં ઉત્પાદન મળે છે. સફરજનના માલિકની ખર્ચની ગણતરી વધારે થાય છે. કારણ કે પોતાના ખાનગી ખર્ચની સામે જે વધારાનું મધનું ઉત્પાદન થયું તેને તે લક્ષમાં લેતો નથી. મધમાખી કેન્દ્રનો માલિક સફરજનની વાડીના માલિકને કાંઈ ચૂકવણી કરતો નથી. આ કિસ્સામાં સફરજનનું સીમાંત સામાજિક ખર્ચ તેના સીમાંત ખાનગી ખર્ચ કરતાં ઓછુ છે. આવા ઉત્પાદનમાંથી 'બાહ્ય લાભ' થાય છે. તેવી જ રીતે કોઈ ફેકટરીનું ઉત્પાદન વધતાં તેમાંથી નીકળતાં ધુમાડાથી આજુબાજુના લોકોના આરોગ્ય પર પ્રતિકૂળ અસર થાય છે. આ 'ગેરલાભો' ને પેઢી તેના ખર્ચની ગણતરીમાં લેતા નથી. પરિણામે તેનું ખાનગી સીમાંત ખર્ચ સામાજિક સીમાંત ખર્ચ કરતાં ઓછું જણાય છે.

- **ઉપભોગની બાહ્ય અસરો :**

ઉત્પાદન જેમ બાહ્ય અસરો જોવા મળે છે તેમ ઉપભોગમાં પણ જોવા મળે છે. જેમ કે પોતાના ઘરની આજુ બાજુમાં સુંદર બગીચો બનાવનાર વ્યક્તિના પડોશીને પણ બગીચાનો લાભ મળે છે. આ ઉપભોગને બાહ્ય લાભ તરીકે ગણાવી શકાય. આવા કિસ્સામાં સીમાંત સામાજિક સંતોષ સીમાંત ખાનગી સંતોષ કરતાં વધારે હોય છે. વધારામાં સંતોષ મેળવવા કોઈ વધારાની કિંમત ચૂકવવી પડતી નથી. જે જે વસ્તુઓના ઉપભોગમાંથી બાહ્ય લાભો થતાં હોય તે વસ્તુનું બજાર મૂલ્ય ઓછું અંકાય છે. જો તેમના સામાજિક સંતોષના ફાળાને પણ લક્ષમાં લેવામાં આવે તો તેનું મૂલ્ય બજાર મૂલ્ય કરતાં વધારે અંકાય છે.

ઉપભોગમાં જેમ લાભો જોવા મળે છે તેમ ગેરલાભો પણ જોવા મળે છે. જેમ કે પોતાની પડોશમાં રહેતા દારૂડીયા કે મોટે અવાજથી રેડિયો વગાડનાર પોતાના પાડોશીઓ માટે કેવી આફત સર્જે છે તે આપણે જાણીએ છીએ આવા કિસ્સામાં સીમાંત ખાનગી સંતોષ સીમાંત સામાજિક સંતોષ કરતાં વધારે હોય છે.

આમ જો ઉત્પાદન અથવા ઉપભોગમાં બાહ્ય અસરો પેદા થતી હોય તો સામાજિક કલ્યાણ મહત્તમ બનાવવા માટે સરકારી હસ્તક્ષેપ જરૂરી બને છે. પૂર્ણ હરીફાઈની સ્થિતિમાં પણ જો બાહ્ય અસરો હોય તો સામાજિક કલ્યાણની ઈષ્ટ સપાટી પ્રાપ્ત થઈ શકતી નથી. કરવેરા અને આર્થિક સહાયની નીતિ આ પરિસ્થિતિમાં સુધારો કરી શકે છે. જે ઉત્પાદનક્ષેત્રમાં 'બાહ્ય લાભો' થતા હોય તેમને આર્થિક સહાય અને જ્યાં બાહ્ય ગેરલાભો થતા હોય તેને કર નાંખવા જોઈએ. એવી જ રીતે ઉપભોગમાં પણ આ નીતિનો અમલ કરવો જોઈએ. આમ કરવાથી ઉત્પાદના સાધનોની ફાળવણી બદલશે અને સામાજિક કલ્યાણમાં વધારો થશે.

## 17.10 વળતરનો સિદ્ધાંત :

કોઈ આર્થિક ફેરફારથી અમુક વ્યક્તિઓને લાભ થતો હોય અને બીજી વ્યક્તિઓને ગેરલાભ થતો હોય તો તે ફેરફાર કરવા યોગ્ય છે કે નહીં ? તે પ્રશ્નનો જવાબ પેરેટો વિશ્લેષણમાં જોવા મળતું નથી. કાલ્ડોર અને હિકસ નામના અર્થશાસ્ત્રી આ સમસ્યાના સમાધાન માટે કેટલાક અનુમાનોના આધારે કસોટી રજૂ કરેલ છે. તેને આપણે વળતરના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

- **સિદ્ધાંતની ધારણાઓ :**

1. ઉપભોક્તાઓની અભિરૂચિ સ્થિર છે.
2. ઉત્પાદન અને ઉપભોગમાં બાહ્ય અસરોનો અભાવ.
3. તુષ્ટિગુણને માપી શકાય નહીં, પણ સરખામણી કરી શકાય.
4. વ્યક્તિનું વર્તન તર્કબદ્ધ છે.
5. ઉત્પાદન અને વહેંચણીની કલ્યાણ પરની અસરો અલગ પાડી શકાય છે અને ઉત્પાદનમાં ફેરફારની કલ્યાણ પર થતી અસરો પર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

આર્થિક સ્થિતિ A આર્થિક સ્થિતિ B કરતાં ત્યારે સુધારારૂપ ગણાય. જ્યારે A સ્થિતિમાં લાભ મેળવનારાઓ જેમને ગેરલાભ થયો હોય તેમને વળતર ચૂકવી આપ્યા પછી પણ અગાઉ કરતાં વધારે સારી સ્થિતિમાં હોય. આવા સંજોગોમાં B સ્થિતિમાંથી A સ્થિતિમાં સમાજને લઈ જવાથી સામાજિક કલ્યાણ વધી શકે છે.

હિકસે રજૂ કરેલી કસોટી કાલ્ડોરની કસોટી જેવી જ છે. પરંતુ તે જુદી રીતે રજૂ થયેલી છે.

"આર્થિક સ્થિતિ A આર્થિક સ્થિતિ B કરતાં ત્યારે સુધારારૂપ ગણાય, જ્યારે A સ્થિતિમાં જેમને ગેરલાભ થાય છે તેઓ જેમને લાભ થયો હોય તેમને 'વળતર' આપીને B સ્થિતિમાંથી A સ્થિતિમાં થતાં ફેરફારને અટકાવવામાં સફળ ન થાય."

કાલ્ડોર અને હિકસની કસોટીઓ એકજ કસોટીના બે પાસાઓ છે. આથી તેને આપણે કાલ્ડોર-હિકસની કસોટી તરીકે ઓળખાયે છીએ આ કસોટીમાં ખરેખર 'વળતર' ચૂકવવાની આવશ્યક્તા સ્વીકારવામાં આવી નથી, જો લાભ મેળવનારાઓ વળતર ચૂકવ્યા પછી પણ અગાઉ કરતાં સંતોષની ઊંચી સપાટી પર શક્તા હોય અથવા ગેરલાભ થાય છે તે લોકો લાભ થાય છે તે લોકોને ફેરફારોને અટકાવવામાં નિષ્ફળ રહે તે સુધારો સૂચવે છે તેમાં ઉત્પાદન પર ભાર મૂકવામાં આવ્યો છે. આવકની વહેંચણી પર નહીં.

## 17.11 સ્કીટોવ્સ્કી કોયડો :

કાલ્ડોર-હિકસ કસોટીનાં પરસ્પર વિરોધી પરિણામો દર્શાવે છે એવું સ્કીટોવ્સ્કી નિર્દેશ કરે છે. એવુ બની શકે કે આપેલી B સ્થિતિ માંથી A સ્થિતિમાં આવવું. કાલ્ડોર-હિકસ કસોટી પ્રમાણે સુધારારૂપ ગણાય. પણ એ જ કસોટી મુજબ A સ્થિતિમાંથી B સ્થિતિમાં જવું પણ સુધારા રૂપ ગણાય. આનુ કારણ એ છે કે A અને B સ્થિતિમાં વાસ્તવિક આવકથી ચિત્ર બદલાઈ જશે અને વાસ્તવિક આવકની બદલાયેલી વહેંચણીની સ્થિતિમાં સરખામણી કરતાં ભિન્ન ભિન્ન હશે. સ્કીટોવ્સ્કીએ દર્શાવ્યુંકે જો 'વળતો ફેર-ફાર' પણ સુધારારૂપ ગણાતો હોય તો કાલ્ડોર-હિકસ કસોટી અધુરી છે. આથી તેમણે કલ્યાણની દ્રષ્ટિએ આર્થિક ફેરફાર સુધારા રૂપ છે કે કેમ તે દર્શાવવા માટે દ્વિમુખી કસોટી રજૂ કરી :

1. કાલ્ડોર-હિક્સ કસોટીનો અમલ થવો જોઈએ.

2. ‘વળતા ફેરફાર’ ના અમલનો અભાવ.

આને સ્કીટોવ્સ્કીની દ્વિમુખી કસોટી તરીકે ઓળખવામાં આવે છે. આ કસોટી મુજબ B સ્થિતિમાંથી A સ્થિતિમાં આવવું જો સુધારારૂપ હોય તો ફરીને A સ્થિતિમાંથી B સ્થિતિમાં જવાનું સુધારારૂપ ન હોય શકે.

## 17.12 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્વ :

કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મુખ્યકાર્ય વૈકલ્પિક આર્થિક નીતિઓમાંથી સામાજિક કલ્યાણ મહત્તમ બનાવે તેવી નીતિઓની પસંદગીમાં સહાયક બનાવે છે. આ દ્રષ્ટિએ જોતાં આધુનિક સરકારોને આર્થિક નીતિના ઘડતરમાં ઉપયોગી બને છે. સામાજિક લાભ અને ગેરલાભ કે સામાજિક ખર્ચના ખ્યાલોના આધારે કરવેરા અને આર્થિક સહાયની નીતિઓની પસંદગીમાં માર્ગદર્શન મળે છે. કેટલાક જાહેર સાહસોમાં મોટા પ્રમાણમાં ‘બાહ્યલાભ’ સર્જતા હોવાથી સામાજિક દ્રષ્ટિએ ઈષ્ટ ગણાય. કેળવણી, સંશોધન, પ્રાકૃતિક સાધનોનો વિકાસ, કલ્યાણલક્ષી પેન્શન યોજના વગેરેનો અમલ ખાનગી સાહસ પર છોડવામાં આવે તો કદાચ પૂરતા પ્રમાણમાં તેમના પર ખર્ચ થાય નહીં અને લાંબાગાળે સમાજની પ્રગતિ અટકે.

સરકારના પ્રશ્નોના ઉકેલ માટે પણ વધુને વધુ કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો ઉપયોગ થાય છે. લાભ-ખર્ચ વિશ્લેષણ આનું ઉદાહરણ છે. લાંબાગાળાનું આયોજન કરી મોટા પાયા પરની જાહેર-વિકાસનો યોજનાઓનો અમલ જાહેર લાભના ખ્યાલથી દોરવાય છે. છેવટે તઓ કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો પ્રયાસ ‘કાર્યક્ષમતા’ ના ધોરણો રજૂ કરવાનો હોવાથી આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે ઉપયોગી નીવડે છે.

જાહેર સાહસોની ભાવનીતિ ઘડવામાં આંતરરાષ્ટ્રીય વ્યાપારના પરિણામે દેશોના લોકોના કલ્યાણ પર થતી અસરો તપાસવા અને સમગ્ર રીતે સમાજવાદી વિચારસરણી માટેની પૂર્ણભૂમિકા પૂરી પાડવામાં કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ મહત્વનો છે.

જ્યારે કોઈ એક આર્થિક નીતિને લીધે વ્યક્તિઓ અને સામાજિક વર્ગોના અંદરો અંદરના લાભો વિતરણ પર અસર થતી હોય ત્યારે તે નીતિ ખરેખર સામાજિક કલ્યાણમાં વધારો કરશે કે કેમ તે અંગે અર્થશાસ્ત્રી સંપૂર્ણ સ્પષ્ટ અને આધારભુત અભિપ્રાય આપી શકતા નથી. પરંતુ કેટલીક બાબતો કે પરિસ્થિતિ જ્યાં કાર્યક્ષમતાના ધોરણો જ મહત્વનું હોય ત્યાં અર્થશાસ્ત્રીનો અભિપ્રાય ઘણો મહત્વનો બની શકે છે. દાખલા તરીકે મહામંદીના સમયગાળામાં અર્થશાસ્ત્રીઓ રોજગારી આવક વધારવા જાહેર ખર્ચમાં વધારો કરવાની હિમાયત કરે, કે તદ્દન પછાત અર્થતંત્રમાં વ્યક્તિ દીઠ આવક વધારવા માટેના આર્થિક પગલાંને ટોચનો અગત્યનું ક્રમ આપે ત્યારે અર્થશાસ્ત્રીઓને તેની ભલામણો માટે બચાવ કરવાની ભાગ્યે જ કોઈ જરૂર રહે છે.

અર્થતંત્રમાં ફુગાવો તીવ્રગતિએ વધી રહ્યો હોય ત્યારે ફુગાવો અટકાવવા માટેની વિવિધ વૈકલ્પિનીતિઓ પૈકી કઈ નીતિ પ્રવર્તમાન સ્થિતિમાં વધુ ઈષ્ટ ગણાશે તે અંગે અર્થશાસ્ત્રીનો અભિપ્રાય ઉપયોગી બને છે.

આમ છતાં આર્થિક નીતિની અસર કાર્યક્ષમતા અને આવકની વહેંચણી બન્ને પર થતી હોય ત્યારે તેની કલ્યાણલક્ષી ચોખ્ખી અસરો અંગે ચોક્કસ અભિપ્રાય આપવો અર્થશાસ્ત્રીઓ માટે પણ મુશ્કેલ બને છે.

## 17.13 સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રના વિવિધ પાસાઓનો અભ્યાસ કર્યો જેમાં આર્થિક નિર્ણયોની સાથે મૂલ્ય નિર્ણયોને સાંકળીને માનવીના મહત્તમ કલ્યાણને માપવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર વર્તમાન સમયમાં સરકારને નીતિ-નિર્ધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતો પુરા પાડ્યા છે. ટૂંકમાં એટલું કહી શકાય કે ઉત્પાદનનાં સાધનો, આવકની વહેંચણી અને ઉપભોગમાં એવા ફેરફારો કરવા જોઈએ કે જેથી સમાજના કુલ કલ્યાણમાં વધારો થાય.

## ★ ચાવીરૂપ શબ્દો :

**આર્થિક કલ્યાણ :** આર્થિક કલ્યાણએ કુલ કલ્યાણનો એવો ભાગ છે કે નાણાંના માધ્યમથી અભ્યાસ કરી શકાય તેને.

**બાહ્ય લાભ :** કોઈ પેઢીના વિસ્તાર થવાથી તેનો લાભ આડકતરી રીતે અન્ય કોઈ પેઢીને કિંમત ચૂકવ્યા વિના થાય તેને.

**પેરેટાની ઈષ્ટ સપાટી :** જ્યાં સમાજની કોઈ એક વ્યક્તિનાં સંતોષમાં ઘટાડો કર્યા સિવાય અન્ય વ્યક્તિના સંતોષમાં વધારો કરી શકાય નહીં તેવી સ્થિતિ.

**મૂલ્ય નિર્ણયો :** આ એક આત્મલક્ષી ખ્યાલ છે. જેમાં બુદ્ધિ કરતાં વધારે લાગણીને સ્પર્શતા સારા-નસારા ખ્યાલો સાથે સંબંધ ધરાવતા વિધાનોને દા.ત. પ્રેમ, દયા, ક્ષમા.

## ★ તમારી પ્રગતિ ચકાસો :

● **નીચેના પ્રશ્નોનો વિસ્તારથી જવાબ આપો.**

**1**. વૈયક્તિક કલ્યાણમાંથી સામાજિક કલ્યાણ કેવી રીતે તારવી શકાય ?

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**2**. પ્રો. પીગુના કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**3**. પરેટોએ દર્શાવેલી ઈષ્ટ સપાટી સમજાવો.

.................................................................
.................................................................

............................................................

............................................................

............................................................

............................................................

**4**. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્વ જણાવો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

**5**. કાલ્ડોર-હિક્સને વળતર માટેની કસોટીની ચર્ચા કરો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

**1**. આર્થિક કલ્યાણએ કુલ કલ્યાણનો એક ભાગ છે સમજાવો.

............................................................

............................................................

............................................................

**2**. સ્કીટોવ્સ્કીનો કોયડો સમજાવો.

............................................................

............................................................

............................................................

**3**. બાહ્ય અસરો એટલે શું ? ઉત્પાદન અને ઉપભોગની બાહ્ય અસરો જણાવો.

............................................................

............................................................

............................................................

**4**. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં મૂલ્ય નિર્ણયોનું મહત્વ જણાવો.

..............................................................

..............................................................

..............................................................

**5**. વૈયક્તિક કલ્યાણ અને સામાજિક કલ્યાણ સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

## ★ નીચેના વિધાનો ચકાસો

1. Wealth and welfare પુસ્તકના લેખક એડમ સ્મિથ છે.
2. પેરેટો પોતાના સિદ્ધાંતમાં તુષ્ટિગુણને નાણાં દ્વારા માપી શકાય છે તે ધારણાનો અસ્વિકાર કરે છે.
3. પ્રો. પીગુના આવકની પુનઃ વહેંચણીના અમલથી જો રાષ્ટ્રીય પેદાશમાં વધારો થાય તો કુલ કલ્યાણમાં વધારો થાય છે.
4. કોઈ વ્યક્તિ પોતાને પસંદ હોય તેવી સ્થિતિએ જાય છે. ત્યારે અન્ય વ્યક્તિઓને તેની ઓછી પસંદગીની સ્થિતિએ ખસેડયા વિના જઈ શકતી નથી આ વિધાન પ્રો. પીગુનું છે.
5. પ્રો. પેરેટોના મત અનુસાર મહત્તમ સંતોષ દર્શાવતી ઈષ્ટ સપાટી હમેંશ એક જ હોય છે.
6. તુષ્ટિગુણ શક્યતા રેખા પરનું દરેક બિંદુ પેરેટો  ઈષ્ટ સપાટી દર્શાવે છે.
7. કોઈ પણ પેઢી પોતાની વસ્તુની કિંમત નક્કી કરતા સમયે બાહ્ય અસરોને ધ્યાનમાં લેવામાં આવતી નથી.
8. વળતરની કસોટી વિકાસ અને કાલ્ડોર દ્વારા વિકસાવામાં આવી.

## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

| | | | |
|---|---|---|---|
| 1.ખોટું | 2.ખરુ | 3.ખરુ | 4.ખોટું |
| 5.ખોટું | 6.ખરુ | 7.ખરુ | 8.ખરુ |

## ★ સંદર્ભ :


1. શ્રી. એચ. કે. ત્રિવેદી, અર્થશાસ્ત્રના સિદ્ધાંત, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
2. ભરત ચૌધરી, એકમલક્ષી અર્થશાસ્ત્ર, ભારત પ્રકાશન, અમદાવાદ.
3. પ્રો. હેમંત શાહ, એકમલક્ષી અર્થશાસ્ત્ર, નીરવ પ્રકાશન, અમદાવાદ.

BAOU
Education for all

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93- 92139-07-9